# પ્રાણહારક વિષ

યાને

# ભયંકર ખુન

ભાગ ૨ જો.

લેખકઃ—ચત્રભુજ ભીમજી ત્રિવેદી.

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]
अनुक्रमांक वर्गांक
पुस्तकनु नाम
विषय

II/1924

# પ્રાણહારક વિષ

યાને

# ભયંકર ખુન

## ભાગ ૨ જો.

લેખક અને પ્રકાશક
ચત્રભુજ ભીમજી ત્રિવેદી સરપદડવાળા.
જોડીઆ બજાર,—કરાચી

(સર્વ હક કર્તાને સ્વાધીન)

વિક્રમાબ્દ ૧૯૮૦ પ્રથમાવૃતિ ઇ૦ સ૦ ૧૯૨૪

"તરૂણ-સાગર" પ્રેસમા ગિરિજાશંકર બી ત્રિવદીએ છાપ્યુ,
ન્યુ સ્મોલકોઝ કોર્ટની સામે કેમ્પબેલ સ્ટ્રીટ કરાચી

કીંમત રૂા ૨-૮-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કાપીરાઈટ સંગ્રહ
૧૧૩૧૭

સૃષ્ટિનો એ નિયમ છે  નેકીનો બદલો નેક
કૌચ વાવે ન ડોલર મળે  યુક્તિ કરો અનેક

# નિવેદન

આ પુસ્તકનો દ્વિતિય ભાગ બહાર પડતા ઘણો વિલબ થયો છે તેના માટે અમારા માનવતા ગ્રાહક ગ્રહસ્થો દરગુજર કરશે, એવી આશા છે, જે ગક્ષ્મી યુરોપી યુદ્ધ જગતમા ત્રાસ વર્તાવી મુકયો હતો ત પ્રચડ યુદ્ધની જો કે પુર્ણાહુતી થઇ ગઇ છે, તો પણ તેના પરિણામે ઉત્પન્ન થયેલ અસહ્ય મોઘવારી ઓછી થવાને બદલે દિન પ્રતિદીન વૃદ્ધિ પામતી રહી છે, આની અવસ્થામા મારા જેવા ધન હીન સહાય વિહિન રક લેખકો અને પ્રકાશક મહાશયો શુ કરી શકે એટલુ છતા અત્રેના ઉદારચિત વપારી મહાશયો મારા જેવા અલ્પજ્ઞ લેખકના પ્રયાસને પ્રકાશમા લાવવાની જે ઉદારતા બતાવી રહ્યા છે, તેને માટે હુ તેમનો અતકરણ પુર્વક આભાર માનુ છુ

હુ મોટો ગ્રથકાર કે વિદ્વાન નથી એ હુ મારા દરેક પુસ્તકોમા લખી જણાવુ છુ, પરતુ હુ તો મહાન પુરૂષોની પ્રસાદીનો ક્ષુધિત સાધારણ માણસ છુ તેવા મહાન પુરૂષોની સચિત જ્ઞાનની પ્રસાદી પણ મને પુરતી મળી નથી તદપિ જે કાઇ મળી છે, તેના પ્રતાપે કાઇક ગતિ કરી શકુ છુ

મારા શ્રીમાન શેઠ મેઘજી ગોકળદાસ અને પ્રમાનદ ગોકળ નામના મારા પર ઘણા ઉપકારો છે, તેમની ઉદાર છાયા નીચે હુ બાલ્યાવસ્થાથીજ ઉછર્યો છુ સાધનહીન રખડતા આ રક સેવકમા પ્રથમ છુટથી બોલવાની શકિત પણ નહોતી, એક વરસ સુધી અબોલ પ્રાણીની માફક આજીવિકા માટે અન્યની પાછળ છુપાતો નોકરી માટે અનેક સ્થળે રખડયો હતો, પરતુ દુર્દૈવ મારા પહેલા ત્યા પહોચતુ હોવાથી, તેમજ ગરીબીથી કરમાયેલા મારા ચહેરા પર જોઇએ તે લાલિત

નો આવિર્ભાવ અવલોકન કરનારને દ્રષ્ટિગોચર થતો ન હોવાથી નોકરી માટે દરેક સ્થળે નિરાશ થવુ પડતુ આવી સ્થિતિમા પણ મારા સ્વર્ગસ્થ વડીલ બધુ વજેશકર નારણજી ત્રિવેદીની સહજ ભલામણ માત્રથી મારા એ ઉદાર શેઠીઆઓએ મને નોકરી દ્વારા આશ્રય આપ્યો, પરતુ મારી દબાએલી લાગણીને ખીલવવાનો પણ સાથે સાથેજ એ ઉદારાત્માઓએ પ્રયત્ન કરવા માડયો આજે લગભગ વીશ વરસથી તેમનાજ અન્નથી આ શરીર પોષાય છે, તેમની કૃપા વડેજ હુ કાઇક ગતિ કરતા શીખ્યો છુ ગરીબ અને સાધનહીન મનુષ્યોની લાગણી હમેશા દબાએલીજ હોય છે, એ સુત્રને એ શ્રીમાનો બરાબર જાણતા હોવાથી, મારી એ મદ ગતિ પણ અટકી ન પડે એટલા માટે દ્રવ્ય આદિ સાધનો દ્વારા મને સહાયતા આપી મારા વિકાસ માટે પોતાનાથી બનતુ કરે છે, તેમના લવુ બધુ ધરમશી ગોકુળદાસ પણ તમના જેવાજ ઉદાર અને નિખાલસ હૃદયના છે, હુ તેમનો નોકર છતા મારા પર તેઓ ભ્રાતૃવત સ્નેહ રાખે છે, એ માટે હુ તેમનો જન્મ ભરનો રૂણી છુ ઇશ્વર મારા એ ઉદાર શેઠીયાઓને દીર્ધાયુષ આપે અને સુખી રાખે, એજ નિયતા પાસે મારી નિરતર યાચના છે

સમયની પ્રતિકુળતાને લઇ બીજા ભાગની ઉતાવળે થતી માગણીઓને પહોચી વળવા હુ અસમર્થ હતો, પરતુ મારી એ મુશ્કેલી મારા ઉદાર મિત્ર જગજીવન પ્રધાનના જાણવામા આવતા તેમણે કેટલીક સમયોચિત સુચનાઓ કરવા ઉપરાત, ગ્રફ કોપી સુધારવામા તેમજ ચિન્હો મુકવામા, અને નવીન વિષયો દાખલ કરવાના વિચારો આપવામા પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી મને ઉત્સાહિત કરી મારા

પર જે ઉપકાર કર્યો છે, તેનો બદલો હુ મારી જીંદગી ભર વાળી શકુ તેમ નથી, તેમનાજ રાત્રિ દીવસના સતત શ્રમ અને પ્રેમાળ માહનથી મારો આ પ્રયત્ન સફળ થયો છે, એમ કહુ તો એમા કાઇ પણ અતિશયોક્તિ નથી,

અત્રેના ઉદાર ચિત વેપારીયો અને અન્ય સુજ્ઞ ભ્રાતાઓ, મારી અલ્પ બુદ્ધિ અનુસાર લખાએલા પુસ્તકોનો યોગ્ય સત્કાર કરી, હોશથી મને ઉતેજન આપે છે, તેઓનો હુ જેટલો ઉપકાર માનુ તેટલો થોડો છે

આ સસારમા કોઇપણ વસ્તુ યાતો કાર્ય દોષ વિનાના નો નથી અને તેથીજ સુજ્ઞ વાચકવૃન્દને મારી નમ્ર વિનતી છે કે દોષો તરફ દુર્લક્ષ કરી આ નવલકથામાના ગુણ ગ્રહણ કરી સદાચારી થાઓ પ્રભુ કૃપાએ સદાચારી જનો સુખી થાય છે, અને દુરાચારી જનોના હેતુઓ તથા યત્નો નિષ્ફળ નીવડે છે, આ નવલ કથાનો ઉદ્દેશ પણ એજ છે સુજ્ઞેષુ કિ બહુના —

લી કર્તા

**ચત્રભુજ ભિમજી ત્રિવેદી.**

# અર્પણ પત્રિકા.

**સદ્ વિદ્યા વિલાસી, સદ્‌ગુણાલંકૃત, સરપદડ નિવાસી**
**શ્રીયુત્ પંડીત પ્રભાશંકર કાળીદાસ રાવળ**

ધર્મ અને પરમાર્થના શ્રેયસ્કર કાર્યમાં અડગ શ્રધા, સ્વજ્ઞાતિના અનાથ નિરાશ્રિત બંધુઓપર અતિશય અનુકંપા સાર વસ્તુને સાધ્ય કરવામાં પરિપકવ વિચારો. તેમજ વિદ્યાના ઉત્કર્ષ અને વિકાસ માટે આપની નિસ્વાર્થ અને ઉદાર યોજનાઓ અવર્ણનિય છતાં સાદા સદાચરણિય સંપુર્ણ વિવકી વિદ્વાન અને નિરાભિમાની છો તદપરાંત આપના મારા પર અનેક ઉપકારો છે આ ધનહીન અને વિદ્યાહિન કંગાલ સેવક કરાચીમાં આવ્યો તે વખતે નોકરીના અભાવે નડતી મુશ્કેલીઓ દુર કરવા આપે મારા પર જે દયા વર્ષાવી હતી, તે હું ભુલું એવો નગુણો નથી જેને ગ્રહ દશાએ ચારે તરફથી ઘેર્યો હોય, તેના લાગણી પ્રગટ કરવાના અને ઉપકાર દર્શાવવાના માર્ગો પણ બંધ હોય છે, મારે માટે પણ તેમજ છે, તો પણ મારી પાસે જે સાધનો હોય તે દ્વારા મારી લાગણી પ્રદર્શીત કરવાની તક હું જોતો હતો, અનાયાસે આજે મને એ તક મળી છે, જો કે હું એવા વિદ્વાન નથી, એટલે મારા આ પુસ્તક સાથે આપના જેવા વિદ્વાનનું નામ જોડું એ કદાચ આપને નહિ ગમે તો પણ મને વિશ્વાસ છે કે, જેમ સોનાની નગરીના માલિક શ્રીકૃષ્ણે સ્નેહી સુદામાના પઉંઆ પ્રેમથી સ્વીકાર્યા હતા તેવાજ સ્નેહ ભાવથી મારી આ પ્રમાદીને પ્રેમથી સ્વીકારશો આપ સ્વદેશ સિધા વ્યા તે વખતે આપની પરવાનગી લેવા મારી હિંમત ન ચાલી, તેથી આપની પરવાનગી સિવાયજ આ મારૂં દ્વિતિય પુષ્પ આપના કર કમળમાં સમર્પીત કરૂં છું આશા છે કે આ સુદામાની ભેટ સમજી પ્રેમથી સ્વીકારી આપે કરેલા અનંત ઉપકારોમાં ઉમેરો કરશો અસ્તુ

લી. તાબેદાર સેવક
**ચત્રભુજ ભિમજી ત્રિવેદી—કર્તા,**

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય. | પૃષ્ટ |
|---|---|---|
| ૧લુ | સ્નેહી કે શયતાન' | ૧ |
| ૨જુ | અફસોસ આ મે શુ કર્યું ? | ૧૬ |
| ૩જુ | પાપીઓની પ્રપચ જાળ | ૨૪ |
| ૪થુ | અરે? આશુ? આતો મોતીનાથ!. | ૩૪ |
| ૫મુ | મહાધ માલિક અને માયાળુ નોકર | ૪૭ |
| ૬ઠુ | પતિ પત્નિનો અચાનક મેળાપ | ૫૬ |
| ૭મુ | કરીમબક્ષની કર્મ કથા | ૬૬ |
| ૮મુ | હરિસિહની મુશ્કેલીઓ | ૭૯ |
| ૯મુ | સકાગમ પકડાયો | ૯૬ |
| ૧૦મુ | શરાબી પતિ અને સાધ્વી પત્નિ | ૧૨૪ |
| ૧૧મુ | કાઇક નવુ | ૧૦૪ |
| ૧૨મુ | કોકડુ ગુચવાઇ ગયુ | ૧૪૮ |
| ૧૩મુ | મરીયમની બહાદુરી | ૧૫૭ |
| ૧૪મુ | મરીયમની મુલાકાત | ૧૬૪ |
| ૧૫મુ | ધાર્યું ધરણી ધરનુજ થાય છે | ૧૭૮ |
| ૧૬મુ | શરાબીઓની સભામા | ૧૯૪ |
| ૧૭મુ | મરીયમને અચાનક થયેલી ચપળાની ભેટ | ૨૦૯ |
| ૧૮મુ | ગરીબના મનની મોટાઇ | ૨૨૧ |
| ૧૯મુ | સવિતાની પતિ ભક્તિ | ૨૩૦ |
| ૨૦મુ | શયતાનોની સોબતનુ પરિણામ | ૨૫૦ |
| ૨૧મુ | પાતકી પતિ પત્નિનો એકરાર અને અન | ૨૬૨ |
| ૨૨મુ | સુદરરાય શયતાનોના સપાટામા | ૨૭૭ |
| ૨૩મુ | પિતા પુત્રીનો અચાનક મેળાપ અને છુટકારો | ૨૯૦ |
| ૨૪મુ | શરાબીની ખાના ખરાબી | ૩૦૪ |
| ૨૫મુ | પાપીઓનો અત. | ૩૧૬ |
| | ઉપસહાર | ૩૨૭ |

# નવા મકાનો

## બાંધવાના કોન્ટ્રાક્ટને લગતું તમામ કામ

### અમો કરીએ છીએ.

એટલે

## સુંદર મકાનો બાંધવાની ઈચ્છાવાળા

અને પત્થર, મજુરી, લાકડું વગેરે ઇમારત સાધવાને લગતા સાધનોની મોંઘવારીને લઇ મન માનતા નમુનાની બીલ્ડીંગો બાંધવામાં નિષ્ફળ થયેલા શેઠીયાઓને પોતાના મકાનનો કોન્ટ્રાક્ટ આપવા પહેલાં અમારી મુલાકાત લેવાની અમો ખાસ ભલામણ કરીએ છીએ

સીમેન્ટ બ્લોકનું કામ પણ અમો ઘણુંજ સફાઇદાર અને સસ્તામાં કરીએ છીએ

વિશેષ ખુલાસા માટે મળો અથવા લખો —

| | |
|---|---|
| ઓફીસ<br>જુની ફારબસ ઓફીસ,<br>બંદર રોડ,—કરાંચી, | **જેશંકર અ. હરજી ત્રિવેદી.**<br>જનરલ કન્ટ્રાક્ટર,<br>રહેઠાણ-નાનકવાડા, કરાંચી |

# પ્રાણહારક વિષ

યાને

# ભયંકર ખૂન.

## (ભાગ ૨ જો.)

( લખનાર—ચત્રભુજ ભીમજી ત્રિવેદી )

## પ્રકરણ ૧લું.

---

### સ્નેહી કે શયતાન!

સૂર્યાસ્તનો સમય છે ક્રોફર્ડ મારકીટ સામેના મેદાનમાં એક મદારીની ચાલતી રમત જોવામાં માણસોનું એક ટોળું મદારીની આસપાસ ટીચોટીચ ઉભેલું છે મદારીની હાથ ચાલાકીએ લોકોને વિસ્મય પમાડી દીધા છે. વાહ! વાહ! શાબાશ! શાબાશના પોકારોથી પ્રેક્ષકો પોતાના ખીસાઓમાંથી પૈસા, આની, બે આની, જેને જેવું ફાવ્યું તે પ્રમાણે ફેંકી મદારીને વધાવી લે છે. મુંબઈમાં આવા ટોળાઓમાં બદમાશો પોતાના શિકારને શોધવા ફરે છે અને એજ રીતે ચાલાક ખિસ્સાકાતરૂઓ પણ એવા બદમાશોને પોતાના આવા સાથેજ

બારીક અવલોકન કરતા ઉભા રહે છે અત્યારે આપણે એક છુપી પોલીસમા નવાજ દાખલ થયેલા એક યુવાન ડિટેક્ટીવને એક નાની દિવાલ પર બેસી આ રમત નિહાળતો જોઇએ છીએ, તેનુ ધ્યાન મદારીની રમત કરતા ત્યા ઉભેલા પ્રેક્ષકો તરફ વધારે છે તે વારવાર પોતાની તિક્ષણ દ્રષ્ટિ આસપાસ ગોળાકાર ઉભેલા દરેક શખ્સો પર ફેરે છે. એકાએક તેની દ્રષ્ટિ એક માણસના પર પડી, તે ચમકયો, અને તે સાથે તે મદારીની રમત જોવા નહિ પરતુ પોતાના શિકારની શોધમા ઉભેલો છે, એમ પણ તે તેના વર્તન પરથી સમજી ગયો તેની બાજુમાજ એક ગ્રહસ્થ જેવો જણાતો સખ્સ ઉભેલો હતો, તે મદા રીની રમતમા એટલો તો લિન થયેલો હતો કે પોતાની આસપાસ શુ બને છે તેનુ પણ તેને ભાન નહોતુ તેની આ સ્થિતિ જોઇ બદમાશ એ તકનો લાભ ન લે, એ માટે આપણા ડિટેકટીવે તેના પર નજર રાખવાનું યોગ્ય વિચાર્યુ કેટલીકવારે એ બદમાશે પોતાની બાજુમા ઉભેલા એક માણસના કાનમા કાઇક કહ્યુ અને પોતે ત્યાથી થોડે દુર ખસી ગયો હવે પેલો માણસ કે જેને પેલા બદમાશે સુચના કરી હતી તેણે ત્યા ઉભેલા ગ્રહસ્થના કોટના ઉપલા ખીસામાથી એક કાગળનુ બડલ ખેચી કાઢયુ પોતાનુ એ કૃત્ય કોઇના જાણવામા તો નથી આવ્યુ એ જાણવાને તેને આસપાસ પોતાની દ્રષ્ટિ ફેરવી સર્વને મદારીની રમતમા લિન થયેલા જોયા અને બદમાશ એ મુર્ખાઓના વર્તન પર હસ્યો પરતુ સામેની દિવાલપર દ્રષ્ટિ પડતાજ તેના ચહેરાનો રગ બદલાઇ ગયો, કારણકે તેણે જોયુ કે દિવાલપર બેઠેલા માણસની દ્રષ્ટિ તેના પર ઠરેલીજ હતી તે ચમકયો કપ્યો, ભયભિત થયો, તે પોતાની પાછળ ઉભેલા સોબતી તરફ દ્રષ્ટિ ન કરતા કાઇક બબડયો. સોબતી તેનો સકેત સમજી ગયો. તેણે પોતાનો હાથ લબાવ્યો, બહુ-

મારો બડલ પકડેલો હ ર પી ી પાછળ લઇ તે બડલ પોતાના સોબતીના હાથમા સેરવી દીધુ. એક પગનો પણ વિલબ ન કરતા તેના સોબતીએ ત્યાથી ચાલતી પકડી અને બદમાશે છુટકારાનો દમ ખેચ્યો. પરતુ તેને કયા ખબર હતી કે તે બન્નેનુ કૃત્ય થોડે દુર ઉભેલી એક ભિખારી જેવી જણાતી બાઇ જોઇ રહી હતી નોટો લઇ જનારો શખ્સ જેવો રસ્તે પડ્યો, તેજીજ પેલી બાઇએ પણ તેની પુઠ પકડી અને તેનાથી થોડે દુર ચાલવા લાગી સોબતીના ચાલી જવા પછી, કેટલીકવારે તેણે જોયુ કે દિવાલપર બેઠેલો માણુસ તેની પાછળ ઉભેલો છે તેની નજર ચુકાવી નાસી જવાનુ હવે બની શકે તેમ નથી, એમ તે સમજી શકયો, છતા તેના ચહેરા પર ભયનુ એક પણ ચિન્હ જણાતુ નહોતુ

કેટલીકવારે મદારીની રમત પુરી થઇ, ઉભેલા માણુસો વિખરાવા લાગ્યા પેલા ગૃહસ્થે મદારીને કાઇ આપવા પોતાના ખીસામા હાથ નાખ્યો, હાથ નાખતાજ તે પોકારી ઉઠયો હાય લુટાયો ! કોઇ બદમાસે મારા ખીસ્સામાથી ચાલીસ હજારની નોટો ચોરી લીધી. તેના આ પોકાર સાથેજ આપણા યુવાને પેલા બદમાશનુ કાડુ પકડી લીધુ. બદમાશે તેમાથી છુટવાને ઘણો પ્રયત્ન કર્યો, પરતુ તેમા તે નિષ્ફળ ગયો. એટલામા પોલીસ પણ આવી પહોચી, આપણા યુવાને એ બદમાશને પોલીસના હાથમા આપતા કહ્યુ કે આ ગ્રહસ્થની ચોરી કરનાર આજ શખ્સ છે, પોલીસો તેને ગેટ પર લઇ ગયા અને ગ્રહસ્થને પણ ત્યા આવવા ભલામણ કરી, બદમાસની જડતી લેતા કાઇ નીકળ્યુ નહિ, પરતુ પોલીસની કેટલીક ધમકી પછી ચોરેલી નોટો પોતાના સોબતીને આપી દેવાનુ તેણે કબુલ કર્યું. તેના સોબતીનુ નામ કેશણ

વગેરે જાણી લીધા પછી તે મળે ત્યા સુધી ધીરજ પકડવાનુ ગ્રહસ્થને સમજાવી વિદાય કર્યો અને કેટલાક માણસોને એ કાર્યમા રોકી દીધા

બીજી બાજુ પેલો નોટો લઇ પસાર થએલો માણસ રામબાગ ગાડીખાતામા આવેલી ડોકટર રતિલાલની ડિસ્પેન્સરી પાસે થોભ્યો, અને બંધ દરવાજા પર ત્રણ ટકોરા કર્યા થોડીજવારમા દ્વાર ખુલી ગયા અને બદમાશ તેમા દાખલ થયો, આ મકાનને બે દરવાજા હતાં, એટલે અંદર દાખલ થયેલો માણસ બીજે રસ્તેથી પસાર થઇ ન જાય તેની સભાળ રાખતી, તેની પાછળ પડેલી પેલી ભીખારણ બાઇ આમ તેમ ફરવા લાગી આ વખતે બિલકુલ અધારૂ થઇ ગયુ હતુ લગભગ દોઢેક કલાક પછી એ બદમાશ એક બીજા માણસને પોતાની સાથે લઇ ન્યુ હાઇસ્કુલ તરફ જવાના રસ્તા પર વળ્યો બાઇએ પણ એજ પથ લીધો કેટલેક દુર જવા પછી પોતાની સાથે લાવેલા માણ-સને હાઇસ્કુલના ખુણા પર ઉભો રાખી, તે બદમાશ સીવીલ હોસ્પી-ટલ તરફ જતા રસ્તા પર વળ્યો, અને નજીકના એક મકાનમાં દાખલ થયો આ મકાન પોલીસ કોર્ટના હેડ કલાર્ક ચુનીલાલનુ હતું આવી અધારી રાત્રે એ બદમાશને ચુનીલાલ સાથે શું કામ હશે ? શું ચુની-લાલ પણ આવા બદમાશોને ઉત્તેજન કરવામા સામેલ હશે ? નહિં, ચુનીલાલ એવો અધર્મ કરેજ નહિ તેના જેવા સાધુ પુરૂષ અનીતિના માર્ગે ચડેજ નહિ. આ ઘટનામા જરૂર કાઇ રહસ્ય હોવુ જોઇએ, એવા અનેક તરંગોમા અથડાતી એ પણી ભીખારીબાઇ હવે શુ કરવુ તેના વિચારમા થોડો સમય ત્યા ઉભી રહી, કેટલીકવારે કાઇ વિચાર આવતા તેણીએ પણ ધીમે પગલે તે મકાનમાં પ્રવેશ કર્યો સામેજ એક નાની કોટડી જોવામા આવી, તેમાં એક માણસ સાથે પેલો બદમાશ કાઇ વાતચીત કરી રહ્યો હતો પરતુ તે એવા ધીમાં

અવાજે બોલતો હતો કે આપણી ભીખારીબાઇથી તેનો એક શબ્દ પણ સંભળાતો નહોતો આથી તે ધીમે પગલે ને કોટડીની બાજુમાં આવેલા એક ખાચામા ઉભી રહી, અહી તે બન્ને વચ્ચે ચાલતી વાતચીતનો ધીમો પણ સ્પષ્ટ અવાજ આવતો હતો વળી એ સ્થાન પણ એવુ નિર્ભય હતુ કે મકાનમા પ્રવેશ કરનાર કે મકાનથી બહાર જનાર એમાથી કોઇની દ્રષ્ટિ તેના પર પડે નહિ, પરતુ પોતે દરેકનુ નિરક્ષણ કરી શકે

મનુષ્ય પ્રકૃતિમા લોભ, એ મોટો દુર્ગુણ છે લાખની કીમતના મનુષ્યને લોભ એક ક્ષણમા કોડીની કીમતનો બનાવી મુકે છે, લોભે એક વખત માણસના શરીરમા વાસ કર્યો કે પછી તે પોતાના સોબતી જુઠ, વિશ્વાસઘાત, ક્રુરતા, પાપ, અન્યાય, અધર્મ તથા અશાતિ વગેરેને બોલાવ છે અને તે સર્વ સાથે મળી પોતાનુ પરાક્રમ દેખાડે છે લોભથી વિચાર શક્તિ તદન શીથિલ થઇ જાય છે. કેટલેક પ્રસગે પ્રમાણિક માણસ દુર્જનની સોબતથી અપ્રમાણિક થાય છે તેના ખોટા દમામ આગળ પોતે એક બાળક જેવો રક બની જાય છે. કાજળની કોડી પાસે બેસવાથી ઉજવળ કપડે પણ કાળા ડાઘ પડવાનાજ, સ્વચ્છ પાણીને કીચનો સગ થતા પાણી તો કાળુ થવાનુજ, લોભીનો ગુરૂ દુર્જન છે જો બે દુર્જન સાથે મળ્યા તો પછી ગમે તેવી ઉથલ પાથલ, કાળા ધોળા એક પળમા કરી નાખે છે આ જનુ દ્રશ્ય કાઇક તેવુ જ હોવાથી પ્રિય વાચક, આવો આપણે પણ પેલી ભિખારીબાઇની માફક છુપાઇને એ બન્ને વચ્ચે ચાલતી વાતચીત સાંભળીએ અને તેનુ પરિણામ પણ જાણીએ.

"લધો, ચુનીલાલ ઘરમાં છે કે ?" કેટલીકવારે પેલા બદમાશે તે માણસ કે જેનું નામ લધો હતું તેને ઉદેશીને પૂછ્યુ

'નહિ, એ તો સવિતાગૌરી સાથે આણુદલાલને ત્યા ગયા છે બિચારાં મુકતા બહેન પણ હમણાજ તેની રાહ જોઇને ગયા." લધાએ જવાબ આપ્યો

"આણુદલાલને ત્યા શામાટે ગયા છે"

"વાત એમ હતી કે મુકતા બહેન સવારથી આણુંદલાલને ત્યા ગયેલા તે છેક સુર્યાસ્ત સુધી પાછા ફરેલા નહિ હોવાથી તેઓને ચિંતા થઇ કારણકે તમો તો જાણો છો કે આજ કાલ મુકતા બહેનના દુસ્મનો બહુ વધી ગયા છે, અને તેથી આણુદલાલે ચુનીલાલના આશ્રયમા તેને રાખ્યા છે. મુકતા બહેનને બહુવાર થવાથી તેમની તપાસ કરવા તેઓ ત્યા ગયા, તેમના જવા પછી થોડીવારે મુકતા બહેન અહી આવ્યા એટલે હું ધારૂં છુ કે તેમને મુકતાની મુલાકાત તો નહિજ થઇ હોય" લધાએ ખુલાસો કરતા કહ્યુ

"ત્યારે મુકતા બહેન ઘરમાજ હશે" બદમાશે કાંઇક ઉદેશથી એ પ્રશ્ન કર્યો.

"નહિ, એપણ ચુનીલાલ અને સવિતાગૌરીને અહી ન જોતા ફરીને આણુદલાલને ત્યાજ ગયા છે કાંઇ કામ હોય તો ગુલાબને બોલાવું, તેણી ઉપરજ બેઠેલી છે"

"નહિ ,તેણીને બોલાવવાની કાંઇ જરૂર નથી આજની આપણી મુલાકાત કોઇના જાણવામા ન આવે એમાજ લાભ છે"

બદમાશના બોલો સાભળી લધો તો આભોજ બની ગયો, અને તે સમજી ગયો કે તે કાંઇ ખરાબ નેમથી અહીં આવેલો છે. કેટલીક વારે આસપાસ દ્રષ્ટિ કરી તે બદમાશ બોલ્યો, "લધા ? હુ મારૂ એક

કામ કરશે! એ કામમા કાંઇ વિશેષ કરવાનુ નથી, જો તુ કરવા ધારે તો માત્ર પાચ દશ મીનિટની રમતછે"

"પણુ તેટલી પાચ દશ મીનિટ એક પવિત્ર માણસને અપવિત્ર બનાવવાને પૂરતી છે જો તમારૂ કામ તેવુંજ હોય તો તે મારાથી બનવુ મુશ્કેલ છે'

"પહેલા તુ મારી વાત સાભળી લે પછી તું ડહાપણની વાતો પર આવજે લધા? આ કાર્ય તને એકદમ ધનવાન બનાવે તેવુ છે"

"મને ધનની કાંઇજ દરકાર નથી. સાચી કમાણીથી મેળવેલો પૈસો જરશે ને મ્હે પુરશે ખોટી રીતે મેળવેલો નહિ જરતા પારાની માફક ફુટી નીકળશે" લધાએ તિરસ્કાર યુક્ત ભાવે કહયુ.

લધાના બોલવા પરથી આવનારને કામ પાર પડવું ઘણું મુશ્કેલ જણાયું પણુ તે હિંમત હારે તેવો નહોતો તેને પોતાની દલીલ રજુ કરી, સામાનો પક્ષ નબળો પાડવાના આત્મબળ ઉપર સપૂર્ણ વિશ્વાસ હતો તે પોતાની વકૃત્વ શકિતના પ્રહારે ગમે તેવાને પણ મહાત કરી દેતો હતો, ક્ષણુ ભર વિચાર કરી તે બોલ્યો, "માફ કરજે લધા, માફ્રુ ના લગાડતો જે કામ કરવા હું તને કહુ છુ તે તુ ધારે છે તેટલુ અને તેવુ વિકટ નથી. આજે એક ગ્રહસ્થના ખીસામાથી મેં ચાલીસ હજારની નોટો ચોરેલી છે, પરતુ તે દરેક હજાર હજારની હોઇ તેને વટાવવાનો કોઇ પણુ રસ્તો નથી, કારણુ તેમ કરતા પકડાઇ જવાની ધાસ્તી રહે છે એટલે એ રકમ હું થોડા સમયને માટે તારી પાસેજ રાખવા ઇચ્છું છુ અને તેમાથી અરધો હિસ્સો હુ તને પણુ આપવા માગું છું અને—

"' _ ્યુ, હુ આપની બધી મતલબ સમજી ગયો, માફ કરજો સાહેબ, હુ એવા અધર્મથી મળેલા પૈસા પર થુકુ છુ, એવા અધમ કાર્યથી હુ બદનામ થવા માગતોનથી'

"એમા બદનામ થવા જેવુ કાઇજ નથી, કામ પણ પાપિષ્ટ કે ખરાબ નથી, ચોરી મે કરી છે તારે તો ફકત તે સંભાળવાના છે લખા,? તુ મુર્ખ છે તારી બારીક સ્થિતિનો તને જરા પણ ખ્યાલ નથી વીશ હજાર જેવી મોટી રકમ શામાટે જતી કરે છે ? માનીજા તારી દુર્બળ અવસ્થામા ઘણીજ કામ આવશે'

' પણ મારાથી એવુ અધમ કાર્ય નહિજ થાય હુ નર્કનો અધિકારી થાઉ "

"અધર્મ નર્ક એ શુ ? છટ, છટ, એ તો બધી જુના જમાન ની ફીલોસોફી. સ્વર્ગ કે નર્ક કોણ જોઇ આવ્યુ છે ? દુનિયામા પ્રત્યક્ષ પ્રમાણ વગરની સર્વ વસ્તુઓ ફકત ઢોંગીના બહેકેલા મનની કલ્પનાજ છે "લક્ષ્મી વિના નર પશુ"ની કહેવત પ્રમાણે આજ કાલ તો પૈસાવાળા-નેજ માન છે આ પ્રારબ્ધવાદીનો જમાનો નથી પણ કર્મવાદીનો છે કોઇ પણ રીતે પુરૂષાર્થ કરવો અને તે કરનારનોજ ડંકો જય છે." આવનારે રુવાબથી પોતાની દલીલો જણાવી તે લખાના જવાબની રાહ જોતો તથા પોતાના બોલવાની તેના મન ઉપર શી અસર થય છે તેનુ બારીકીથી અવલોકન કરતો, તેની સામે એકી નજર જાણે ચોગ બળથી તેને પોતાના કબજામા લેવા માગતો હોય તેમ જોઇ રહયો, તેના બોલવાની અમર જાદુ જેવી થઇ, લખો પીગળ્યો. તેને પોતાની વર્તમાન સ્થિતિનું ભાન થયુ. શુ જવાબ દેવો તેના વિચારમા તે પડી ગયો, એક બાજુ પવિત્રતા નીમકહલાલી, માન, આબરૂ, ધર્મ અને

સત્ય તેને પોતાની ભણી ખેંચતા હતા જ્યારે બીજી બાજુ પોતાનો વીશ હજારનો વિજય બાવટો લઇ રાક્ષસી લોભ બનાવી દીલને પોતાની તરફ લોહચુંબકની માફક આકર્ષતો હતો હવે કઇ બાજુ લેવી તેના વિચારમા નંદો મુંઝાવા લાગ્યો અને તેનુ મન આમ તેમ ડોલવા લાગ્યુ

"કેમ નંદા, આટલો બધો વિચારના વમળમા શું વિંટળાયો છે ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તે વખતે મ્હો ધોવા જવું એ મુર્ખાઇ ભરેલું છે જો આવડી મોટી રકમ, તારી પાસે રાખવાથી તને ભય લાગતો હોય તો એક બીજો રસ્તો છે" બદમાશે પોતાનો નેમ સાધી લેવાની તક લીધી.

"બીજો કયો રસ્તો છે ?" નંદાએ ધીરેથી પૂછ્યું

"આ બધી રકમ આપણે થોડા સમયને માટે ચુનીલાલના ઘરમા કોઇ સ્થળે છુપાવી રાખીએ અને જ્યારે એ માટેની તપાસ બંધ થાય, ત્યારે અહીંથી મુંબઇ અથવા એવાજ બીજા કોઇ શહેરમા જઇ વસીએ"

"શું એમ કરી હું માલિકથી બેવફા બનું ? તેઓએ મારા પર મુકેલા વિશ્વાસનો હું દુરૂપયોગ કરૂં? નહિ મારાથી એ પાપ નહિ થાય"

"પણ આમા કયા તારે વિશ્વાસઘાત કરવો છે ?"

"કેમ નહિ ! યોગ્ય ઓળખી રકમ તેના ઘરમા છુપાવવી એ વિશ્વાસઘાત નહિ તો બીજું શું ?"

"મુર્ખ છે, છુપાવીને કયા આપણે તેના પગ ચોગીનુ તહોમત મુકવુ છે એ ચાર માસ પછી તો પાછી એ નોટો આપણા સ્વાધીનમા લઇ તેના બોકના આપણેજ થવુ છે સમજ્યો ?"

"હા મમજ્યો, પરંતુ કરાચીની છુપા પોલીસને તમો જાણો છો તેની ચાલાકી પાસે આ ચોરી છુપી નહિ રહી શકે !"

"આ તારો મિથ્યા ભ્રમ છે. પરંતુ ઘડીભર માની લઇએ કે પોલીસે પતો મેળવ્યો અને આજ સ્થળે એ રકમ છુપાવેલી છે, એમ પણ જાણી લીધુ, તોપણ મુદ્દા માલ મેળવ્યા શિવાય એ કોઇના પર આરોપ શી રીતે મુકી શકે ?"

"આરોપ ભલે ન મુકી શકે પરંતુ બાગ માલિકના મકાનની જડતી તો લઇ શકે કે નહિ ?"

"નહિ એ બનવુ ઘણુજ મુશ્કેલ છે કારણ કે ચુનીલાલ પોલીસ કોર્ટમા હેડ કલાર્ક છે, અને સાહેબની પાસે તેનો માન મરતબો પણ સારો છે, એટલે પોલીસો ગમે તેટલો શક જવા છતા ચુનીલાલના ઘરની જડતી લેવાનુ સાહસ કરીજ ન શકે'

"હા એ તમારૂ ધારવુ કેટલેક અંશે ખરૂ છે, તો પણ હાલ હુ આ બાબત ઉપર ચોક્સ નિર્ણય પર આવી શકુ તેમ નથી, આવતી કાલે તમે આવજો તે વખતે હુ આપને મારો નિશ્ચય જણાવીશ"

'આવી અગત્યની બાબતોને કાલ ઉપર રાખવી એ મુર્ખાઇ છે બધા' જો ખરૂ પુછે તો આપણા કાર્ય માટે આ સમય અનુકુળ છે

ચુનીલાલ અને સવિતાગૌરી ઘરમા નથી, ચુનાભ પણ આજુ બાજુના પાડોશમા આથડતી હશે એટલે આવતી કાલે આવો અનુકુળ સમય મળે કે ન મળે માટે આજેજ આ કામ કરી લેવાય તો વધારે સારૂ તુ ધગનો જાણીતો હોવાથી ચાવી વગેરે કયા રહે છે એ તાના ધ્યાનમાજ હશે '

"હા, એ તમારૂ કહેવુ ખરૂ છે તોપણ આવા કામમા ઉતાવળ કરવાથી વખતે પરિણામ ભયકર આવે મને હજુ વિચાર કરવાનો પુરતો વખત જાઇએ"

"ખેર જો તારી એવીજ ઇચ્છા છે તો હુ તને અગ્ધો કલાક સમય આપુ છુ, પણ તેટલો સમય આ નોટો તારી પાસેજ રહેવા દે મારા જવા પછી કદાચ તુ કાઇ નિશ્ચય પર આવે અને તેનો અમલ કરવાની અગત્ય જણાય, તો તે તારી પાસે હોય તે ઠીક છે" એમ કહી તે માણસે પોતાના ખીસામાથી એક નોટોનુ બડલ બ્હાર કાઢી લધાના હાથમા મુકયુ અને થોડી વાગ્તે નધાની સામે જોઇ રહ્યો વળી કાઇ વિચાર આવતા તે બોલ્યો 'લધા ' કદાચીત તુ એમ ધારતો હોઇશ કે હુ મારો સ્વાર્થ સાધ્ય થયા પછી આ રકમ એકનોજ પચાવી જઇશ અને પૈસો એવીજ વસ્તુ હોવાથી તને એવી શકા થાય' એ સ્વભાવિક છે લાવ કાગલ અને ખડીઓ હુ તને હમણાથીજ લખી આપુ છુ," એમ કહેતોજ તે લધાના પ્રત્યુત્તરની કાઇ પણ રાહ નહિ જોતા બેઠો હતો ત્યાથી ઉઠયો, અને એક નાની જાળીમા પડેલો ખડીઓ કલમ ઉપાડી, પોતાના ખીસામાથી પેકિટ ડાયરી બહાર કઢી, તેમાથી એક પાનુ ફાડી, તે પર ગન્નેની ભાગીદારીનુ કરાર નામુ લખી લધાના હાથમા મુકયુ અને હુ અગ્ધા કલાકમા પાછો આવુ છુ તેટલા સમયમા વિચાર કરી તુ તારૂ કામ પુરૂ કરજે એમ કહેતોજ તે બહાર નીકળ્યો

આ બન્ને વચ્ચેની ચાલતી વાતચીત છુપાઇને સાભળનાર પેલી ભિખારીબાઇ પણ ધીમે પગલે તેની પાછળ ચાલતી થઇ, અને તે ક્યા જાય છે, શુ કરે છે, એ વગેરે જાણી લેવાના ઇરાદાથી બારણાની આડમા છુપાઇને જોવા લાગી, બદમાશ જે માણસને પોતાની સાથે લાવેલો હતો, તે હજુ બહાર ઉભેલોજ હતો તેની સાથે વાતચીત કરી ને પાછો ફર્યો, શુ વાતચીત કરી તે જો કે પેલી ભિખારીબાઇના સાભળવામા આવી નહિ, તોપણ આ કારસ્થાનનુ કેવુ ભયકર પરિણામ આવશે તેનુ તેણીએ અનુમાન કરી લીધુ

તે મનુષ્યના જવા પછી લધાનુ મન લોભની ભરતીના વમળમા ગોથા ખાવા લાગ્યુ, અધર્મ કરવા જતા પવિત્ર આત્મામા ધ્વશ થવા લાગ્યો, પોતે આ ભયકર ભૂલ કરતો હતો તે માટે તેનો આત્મા તેને ઠપકો આપવા લાગ્યો, પણ લોભ રૂપી પવનના ઝપાટાથી બુદ્ધિ રૂપી દીપ બુઝાવા લાગ્યો, બુદ્ધિ દીપથી ઝળકતો ધર્મ નષ્ટ થવા લાગ્યો ને સર્વત્ર લોભ રૂપી તોફાની પવનના સુસવાટ થવા લાગ્યા અને લોભના ભારે બોજા તળે સર્વ સદગુણો પણ દબાવા લાગ્યા

"હા, એજ ઠગવા એજ કામમા પણ કાલે કરૂ તે કરતા આજેજ અને અત્યારેજ કરી નાખુ તો ? " તો ઘણુજ ઉત્તમ, ભટકતુ મન ઘડી પછી ભમી જાય ને રખડી જાઉ માટે એ તો "વિધ્યુ તે મોતી" આજના જેવો કાલે સમય ન મળે તો મોઢે આવલો કોળીગો પાછો મુકવો પડે " એ મુજબ બબડતો લધો બેઠો હતો ત્યાથી ઉઠ્યો, અને ધીમે પગલે ચુનીલાલના ઓફીસ રૂમમા દાખલ થયો ત્યાથી કુચીઓનો ઝુમખો ઉપાડી બાજુના રૂમમા ગયો

અને એક પુરાણી પેટી ખોલી પેલું નોટોનુ બડલ તેમા મુકી બંધ કરી દીધી, અને કુંચીઓનો ઝુમખો પાછો હતો ત્યાજ રાખી, ગુલાબે પોતાનુ કૃત્ય જોયુ તો નથી, એ જાણવાને તે આખુ ઘર ફરી વળ્યો, પરંતુ ગુલાબ ઘરમા હતીજ નહિ. કયા ગઈ હશે એ વિચારવાનો સમય નહોતો, પોતાનુ કાર્ય કોઇએ જોયુ નથી એટલુજ તેના માટે પુરતુ હતુ તે ધીમે પગલે પાછો ફર્યો જે વખતે તે પોતાની કોટડીમા આવ્યો તે વખતે પેલો મનુષ્ય ત્યા બેઠો હતો તેને જોતાજ ન બોલી ઉઠ્યો, "કેમ તમો જલદી પાછા આવ્યા ?"

"હા, કારણકે મને ખાત્રીજ હતી કે મારા જવા પછી તુ એ કામ જરૂર કરશે, એમ ધારી હુ બહાર નહિ જતા એક બાજુ છુપાઇને તારૂ વર્તન જોતો હતો. જે વખતે તુ ઉપર ગયો તે વખતે હુ તારી પાછળજ હતો તે એ રકમ બરાબર સલામત જગ્યાએ મુકી એ પણ મે જોયુ, અને તારા સાહસની તારીફ કરતો હુ તારા પહેલા નીચે આવ્યો" બદમાશ સરાસર જુઠ્ઠુ બોલ્યો

'જ્યારે તમે સઘળુ જોયુ છે ત્યારે હવ એ રકમ કયા છુપાવી કે એ સબધી વિશેષ ખુલાસો આપવાની જરૂર જણાતી નથી, તોપણ એટલું નો કહેવુ જોઇએ કે તીજોરીની બાજુમા પડેલી પેટી ચુનીલાલ ભાગ્યજ ઉઘાડે છે કારણ કે તેમા જુના પુસ્તકો શિવાય બીજુ કાંઇ પણ રાખવામા આવતુ નથી એટલે બેચાર મહિના એ પેટી ખુલવાની ધાસ્તી નથી અને કદાચ ખૂલે તોપણ નોટો સર્વથી નીચે રાખેલી છે તેથી પકડાઇ જવાની પણ ધાસ્તી નથી"

બધાએ નોટો કયા છુપાવી છે તે જાણી લેવાને બદમાશે વાપરેલી યુકતીથી છુપાઇને સાંભળનાર કગાળ યુવતી તો દગજ થઇ ગઇ

અત્યાર સુધી ચાલેલી વાતચીત પરથી તે એટલુ સમજી શકી કે ચુનીલાલને ફસાવવાની બદમાશોએ આ એક યુક્તિ રચી છે. લધાને હથીઆર બનાવી પોતે કરેલી ચોરી તેનાજ પર ઢોળી પાડી ચોરાએલી નોટો છુપાવનાર તરીકે ચુનીલાલનેજ ગુન્હેગાર બનાવવાનો બદમાશોનો ઇરાદો છે પણ તેઓની સઘળી બાજી ધુળમા મેળવવાનો હવે માત્ર એકજ રસ્તો છે તે એ કે આ બદમાશને પકડવા અને લધાને લખી આપેલો પત્ર હાથ કરવા જો આ બન્ને કામો ત્વરિત કરવામા નહિ આવે તો આ બદમાશો જરૂર બિચારા ચુનીલાલને ફસાવશે શુ કરવુ? કેવી રીતે તેને પકડવો? આવા તર્ક વિતર્ક કરતી અબળા કાઇ પણ નિશ્ચય પર આવે તે પહેલા તેને નીચેના શબ્દો કાને પડયા

"લધા! જાજે સભાળજે, આપણી અત્યારની મુનાકાત ચુનીલાલના જાણુવામા ન આવે. ભોળપણુમા કાઇ ભૂલ ન કરતો નહિ તો પરિણામ ભયકર આવશે"

"અરે! એમ તે કેમ બને, શુ તમે મને કાઇ મુર્ખ સમજો છો? પણ આપણા આ કૃત્યથી ચુનીલાલને તો કાઇ નુકશાન નહિ પહોચેના?"

"ગાડો છે, આમા ચુનીલાલને નુકશાન પહોચે એવુ શુ છે? વળી ચુનીલાલ જેમ તારા શેઠ છે, તેમ મારા પાડોશી અને સ્નેહી છે, એટલે તેને ફસાવવાને હુ કે તુ કાઇ થોડોજ પ્રયત્ન કરવાના છીએ"

હે! શુ આ બદમાશ ચુનીલાલનો પાડોશી અને સ્નેહી છે? અરે ધિકકાર! ધિકકાર! આવા સ્નેહીને સહસ્રાવધિ ધિકકાર!!! છુપાઇ રહેલી અબળાના મુખમાથી એકા એક એ ઉદગારો નીકળી પડયા પરતુ સદભાગ્યે બન્ને જણા વાત ચીતમા ગુથાએલા હોવાથી તેઓના સાભળવામા ન આવ્યા

—

કેટલીક વારે તે ઉઠયો પણ જતા પહેલા પોતે લધાને લખી આપેલી ચીઠી પાછી લઇ લેવાનો એકવાર તેને વિચાર આવ્યો, પરતુ બીજીજ પળે તે બદલાઇ ગયો કારણ કે પુખ્ત વિચાર પછી તેને જણાયુ કે લધો એ ચીઠીનો કાઇ ઉપયોગ કરી શકે તેમ છેજ નહીં અને કરે તો તે પોતે ફસાય તેમ છે વળી હમણા થોડાજ સમયમા આ કાર્યનુ પરિણામ પણ આવી જશે એમ ધારી તે બહાર નીકળયો, પરતુ હજુ તો તે બે પગલા આગળ ગયો નહિ હોય એટલામા કોઇએ એવા તો જોરથી તેના માથાપર આઘાત કર્યો કે તે બેશુદ્ધ થઇ જમીન પર ઢળી પડયો. તેના પડવાનો અવાજ સાભળી શુ છે' શુ છે' કરતો લધો પણ બહાર આવ્યો પડનાર તરફથી કાઇ પણ પ્રત્યુતર મળે તે પહેલા લધાની પણ એજ દશા થઇ, બન્નેને ઘસડીને લધાની કોટડીમાં લઇ જવામા આવ્યા અને કોટડીમાથી એક રસી શોધી કાઢી બંન્નેને મુસ્કેટાટ બાધી લીધા શુદ્ધિમા આવ્યા પછી બુમો પાડે નહિ એટલા માટે બન્નેના મોઢામા કપડાનો ડુચો નાખી તેને કપડાવતી મજબુત બાધી લીધુ, આટલુ કર્યા પછી લધાના ખીસ્સામાથી પેલી ચીઠી અને બદમાશના ખીસામાની પોકેટ ડાયરી કાઢી લઇ એ બહાદુર ભિખારી અબળાએ પોતાની પાસે છુપાવી લીધી અને પછી તાળુ શોધી કાઢી બન્નેને કોટડીમા બધ કરી, ને ભિખારીબાઇ બહાર નીકળવાનો યત્ન કરતી હતી એટલામા બહાર કોઇ ગાડી ઉભી રહેવાનો અવાજ સભળાયો અબળા પાછી વળી પોતાની જગ્યાએ પુર્વવત છુપાઇ ગઇ કેટનીકવારે એક સ્ત્રી અને એક પુરૂષે એ મકાનમા પ્રવેશ કર્યો ભિખારીબાઇએ તે બન્નેને ચુનીલાલ અને સવિતાગૌરી તરીકે ઓળખી લીધા. બન્નેના ચહેરા નિરાશાથી નિસ્તેજ બનેલા જણાતા હતા, મકાનમા દાખલ થતાજ તેણે ગુલાબ અને લધાને બુમો મારી

પરંતુ બેમાંથી કોઇએ કાંઇ જવાબ આપ્યો નહિ આશ્ચર્ય અને સંદેહભરી દ્રષ્ટિ ફેરવતા ફેરવતા બન્નેએ પોતાના ઓરડામાં પ્રવેશ કર્યો તેઓને અંદર ગયાને બહુ વાર થઇ નહિ હોય, એટલામાં બહાર કાંઇ કોલાહલ સંભળાયો, છુપાએલી ભિખારી અબળા એ શું છે ! એ જાણવાને ધીમે પગલે બહાર નીકળી તેણીએ દુરથી જોયું તો બે બદમાશો સાથે હરિસિંહ બે ત્રણ પોલીસો સાથે આવતો જણાયો. એ બદમાશો પૈકી એક તો થોડો સમય પહેલાં પેલા બદમાશ સાથે આવેલો હતો તેજ હતો ચુનીલાલનાજ એક પાડોશી અને સ્નેહીની આવી બેવફાઇ જોઇ તે ભિખારીબાઇના મુખમાંથી એ ઉદ્દગારો નીકળી ગયા કે આને "સ્નેહી કે શયતાન ! ! "

# પ્રકરણ ૨ જું.

## અફસોસ ? આ મેં શું કર્યું ?

અંદર જવા પછી પોલીસો અને પેલા બદમાશોને બહાર ઉભા રાખી હરિસિંહ અંદર ગયો આ વખતે ચુનીલાલ મુક્તાનાજ વિચારમાં ઘરમાં આમ તેમ આંટા મારતો હતો, સવિતાગૌરી ખિન્ન હૃદયે બાજુના ઓરડામાં બેઠી હતી, હરિસિંહને અચાનક પોલીસો સાથે આવેલો જોઇ ચુનીલાલના ચહેરાનો રંગ બદલાઇ ગયો તે સમજ્યો કે મુક્તાના સંબંધમાં કાંઇ અનિષ્ટ બન્યું છે, અથવા તો કોઇ બદમાશોએ મુક્તાનું ખુન કર્યું છે અને એટલા માટેજ હરિસિંહનું આવવું થયું છે એમ ધારી ગમગિન બનેલા ચુનીલાલે હરિસિંહને પ્રશ્ન કર્યો એમ હરિસિંહ

અપમાન તેણીને અસહ્ય જણાયુ જ્યારે તેણીએ દુરથી જોયુ કે હરિસિહ ચુનીલાલને પરહેજ કરવા પોતાનો હાથ લબાવે છે ત્યાર તે કોમળાગીનુ હ્રદય કપી ઉઠયુ એ દ્રશ્ય તેણીનાથી ન જોઇ શકાયુ હા ! પ્રભુ આજે તે શુ કરવા ધાર્યુ છે ! એમ બોલતાજ તે અચેત ભૂમી પર ઢળી પડી. પણ સત્યના બેલી સર્વેશ્વરે એક અપરિચિત અબળા દ્વારા ચુનીલાલનો ઉદ્ધાર કર્યો છે એ બિચારી સવિતાથી અજાણ રહ્યુ તેણીની આવી સ્થિતિમા તેને આશ્વાસન આપે એવુ કોઇ નહોતુ ગુલાબ પણ કોણ જાણે કયા ચાલી ગઇ હતી લઘો નીચ પોતે કરેલા કાર્ય માટે પસ્તાતો માથે હાથ મુકી રડતો હતો બનેલા બનાવથી શોક ગ્રસ્ત ચુનીલાલનુ ચિત પણ સ્વસ્થ નહોતુ તેનુ મન અનેક વિચાર વમળમા ગોથા ખાતુ હતુ અચાનક શોકનો વેગ વધી જવાથી તે શોક શબ્દ દ્વારા બહાર નિકળવાનો પ્રયત્ન કરતો હોય તેમ દુખાતિશયથી વ્યાકુળ થયેલો ચુનીલાલ વચ્ચે વચ્ચે કાઇ બબડતો હતો એકાએક બચાવો, બચાવો, હરિસિહ, મારા પતિ નિર્દોષ છે એવા શબ્દો તેના કાને અથડાયા તે શોક નિદ્રામાથી જાગ્રત થયો તેણે ઓરડા તરફ દ્રષ્ટિ કરી જોયુ તો સવિતા બેશુદ્ધ પડેલી હતી હરિસિહના અવિચારીપણાનુ આ પરિણામ છે એમ તે સમજી ગયો સવિતાને ભૂમીપરથી ઉપાડી પલગ પર સુવાડી ઘડી ભર તે તેણીના સામુ જોઇ રહ્યો સવિતાની આખો અશ્રુથી ભીંજાયેલી હતી સવિતાની આ સ્થિતિ જોઇ તેને ઘણુ લાગી આવ્યુ હરિસિહના પર તેને બહુજ ગુસ્સો આવ્યો "હા એજ? એજ? મારી આપતિનુ મુળ એજ છે? બસ હરિસિહ! આજથી તુ મારો દુશ્મન છે પ્રસગ આવતા તારી પાસેથી આ વૈરનો બદલો વ્યાજ સાથે વસુલ કરીશ? તેમ કરવામા કદાચ મારે નોકરી છોડવી પડશે તો

તેમ પણ કરીશ પરંતુ તારા આ કાર્યનો બદલો પુરેપુરો આપીશ ! ” સવિતાની અત્યંત અનુકંપા ઉંપજાવે તેવી સ્થિતિ જોઇ આવેશમાં આવેલા ચુનીલાલના મુખમાંથી એકાએક એ ઉદગારો નીકળી ગયા આ ઉદગારોના ધ્વનિનો પડઘો તેને પોતાનેજ સંભળાય તે પહેલાં 'શાંત થાઓ! ચુનીલાલ! શાંત થાઓ! પોલીસ ખાતામાં તો આવી અનેક આપતિઓ આવવાનીજ” આ વાકયોનો પ્રતિધ્વનિ થયો ચુનીલાલે સામે દ્રષ્ટિ કરી તો એક પુરૂષ તેના તરફ આવતો જણાયો

પ્રિય વાચક, આ પુરૂષ બીજો કોઇ નહિ પરંતુ આપણો પુર્વ પરિચિત મહાદેવજ હતો પહેલા ભાગમાં આપણે જોયું કે આણંદલાલના ખુનની તપાસ કરતાં તેના સંબંધમાં મહાદેવ કાંઇક જાણે છે એવા હરિસિંહને શક જતાં હુસેનખાને તેના પર નજર રાખવાની ઇશારત કરી હતી, પરંતુ એ લુચ્ચાનો પીર પોતાને માટે થયેલો સંકેત સમજી જઇ સાવધ થઇ ગયો હતો અને ત્યાંથી નાસવાનો લાગ શોધતો હતો સમય મળતાં હુસેનખાની નજર ચુકાવી તે નાઠો અને મહાદેવની ગેર હાજરીથી ગભરાયેલા હુસેનખાએ પણ કેટલોક સમય પસાર થવા પછી તેનો પીછો લીધો.

હમેશાં એક માણસ જ્યારે બીજા માણસોનો પીછો લે છે, ત્યારે તે માણસ જ્યાં જાય ત્યાં તેની પાછળ પાછળ જાય છે તેથી તે જે માણસની પાછળ લાગેલો હોય છે તે માણસના જીવને શાંતિ વળતી નથી દોષિત મનુષ્યોની પાછળ જ્યારે કોઇ માણસ તેની પુંઠ પકડી ફર્યા કરે છે, ત્યારે દોષિત મનુષ્યના મનમાં એક પ્રકારનો ભય ઉત્પન્ન થાય છે અને તેના મનની શાંતિનો નાશ થાય છે મહાદેવના સંબંધમાં

પણ તેમજ બન્યુ, હુસેનખા પોતાની પાછળ આવશેજ એવો તેને ભય હતો, આથી તે ગલી કુચીઓ પસાર કરી ઉતાવળો એક મકાનમા પેઠો અને એ મકાનના માલિક સાથે કાઇ વાતચીત કરી તરતજ તે પાછો ફર્યો અને ચુનીલાલના મકાનમા આવી પહોચ્યો અહીં પણ તે કાઇ હેતુસર આવેલો છે એ મારા સુજ્ઞ વાચકોને આગળ જતા સમજાશે

ચુનીલાલે તેને ઓળખ્યો અને તે કાઇ ભયકર આફતમા હોય એમ પણ તેના ચહેરા પર સ્પષ્ટ જણાતા ભાવોથી તે જાણી ગયો, તે બોલ્યો 'કેમ મહાદેવ? તારો ચહેરો ઉતરેલો કેમ જણાય છે? શુ કાઇ માઠા સમાચાર છે?"

ચુનીલાલના આ પ્રશ્નથી પ્રથમ તો મહાદેવ ગભરાઇ ગયો શુ જવાબ આપવો તેના વિચારમા તે થોડો સમય ચુપ રહ્યો, પરતુ એકાએક કાઇ યાદ આવતા તે બોલ્યો, હરિસિહે આપનાપર ચલાવેલા વર્તનથી મારૂ હૃદય વ્યથિત થયુ છે ચુનીલાલ? હરિસિહના વિચીત્ર સ્વભાવનો તો મને આજેજ અનુભવ થયો જાણે કે બધી વાત પોતે જાણતો હોય એવા ભાવથી મહાદેવે ચુનીલાલના પ્રશ્નનો પ્રત્યુતર આપ્યો

ચુનીલાલ મહાદેવના જવાબથી આશ્ચર્ય પામતો બોલ્યો, મહાદેવ આજના બનાવની તને કોણે ખબર આપી શુ તે વખતે તુ પણ હાજર હતો?

મહાદેવ આ શ્નનો જવાબ આપવામા મુઝાયો પરતુ તેને કાંઇ યાદ આવતા તે બોલ્યો, નહિ હુ હાજર નહોતો, પરંતુ ગુલાબને એક બદમાશ સાથે વાતચીત કરતી—

"શુ ગુલાબ પણ બદમાશો સાથે સામેલ છે' ચુનીલાલે મહાદેવને બોલતો ર ટકાની વચ્ચેજ કહ્યુ"

હા એણેજ આ સઘળુ કારસ્થાન રચ્યુ હતુ? એનીજ મેત્રકીનુ આ પરિણામ હતુ' ' મહાદેવ સરાસર જુઠુ બોલ્યો

જે મહાદેવ ગુનાબને પોતાનુ પ્રિય પાત્ર સમજતો હતો અને કેસર મારફતે મળતી રકમ ગુનાબના એશઆરામ માટે ખર્ચતો હતા તેજ મહાદેવને ગુલાબની વિરૂદ્ધ બોલતો જોઇ મારા સુજ્ઞ વાચકોને આશ્ચર્ય લાગે એ સ્વાભાવિક છે પરતુ આ સ્થળે જણાવવુ જોઇએ કે જ્યારથી મુક્તા સવિતાગૌરીના આશ્રયમા આવી અને ગુલાબ તેની સાથે રહેવા લાગી ત્યારથી માધવી સવિતાના શુદ્ધાચરણની અસર ગુલાબને થવા લાગી, પોતે એક ચાકરડી હોવા છતા સવિતા-ગૌરી તેના પર જે સ્નેહ અને માયા દર્શાવતી હતી તે અકથ્ય હતી ટુકામા આ સ્થળે મુક્તાની માફક તેણીનુ પણ પુત્રીવત્ પાલન થતુ હતુ ગુલાબ ગમે તેવી તો પણ સ્ત્રીજ હતી સ્ત્રીઓના હૃદય હમેશા કોમળ હોય છે તેના પર જેવી છાપ પાડવા માગીએ તેવી સહેલાઇથી પડી શકે છે સવિતાગૌરીના સહવાસ પછી ગુલાબે મહાદેવની સાથે મળવાનુ બિલકુલ છોડી દીધુ હતુ એટલુજ નહિ પરતુ પોતાના પાપોને સભાળતી આસુ સારતી અને પશ્ચાતાપના પારાવાર સમુદ્રમા ડુબી જતી, ગુલાબ સમયના વહેવા સાથે સાધુવૃત્તિની બની ગઇ હતી હવે તેણીએ પરોપકાર દ્વારા પોતાના પાપનો પશ્ચાતાપ કરવાનો નિશ્ચય કર્યો હતો, બદમાશોની ગમે તેવી લાલચોને તેણીએ અનેકવાર ઠોકરે મારી હતી ચુનીલાલને ફસાવવા બદમાશોએ મોટી રકમની લાલચ આપી ગુના

બને ફોડવા ઘણુ કર્યું પરતુ તેમા તેઓને નિરાશાજ મળી હતી, આથી બદમાશોએ પોતાના કાર્યમા આડે આવતા એ કટકને સદાને માટે દુર કરવાની દરેક ગોઠવણો કરી હતી, એ આપણે આગળ જતા જાણીશુ

ગુલાબને હલકી પાડવા મહાદેવે વાપરેલી યુકિતની અસર ચુનીલાલને ધારવા કરતા વિશેષ થઇ તે બોલ્યો "મહાદેવ ? જે તુ કહે છે તે ખરૂ હોય.તો આવતી કાલેજ હુ ગુલાબ અને લધાને મારા મકાનમાથી બહાર કાઢીશ અત્યારે ભલે તે કયાય નાસી ગઇ છે પરતુ તેણીને હું જોઇ લઇશ તે સાથે પેલા હરિસિહને પણ તેના વિચિત્ર વર્તનનો સ્વાદ પ્રસગ આવતા બરાબર ચખાડીશ

'ચુનીલાલ? શાન્ત થાઓ ગઇ ગુજરીને ભુલી જાઓ પોલીસ ખાતામા તો આવી અનેક આપતિઓ આવવાનીજ" મહાદેવે ચુનીલાલના જખમપર નીચકનુ પાણી છાટવા માડયુ

"મહાદેવ? હુ આપત્તિઓ સહન કરી શકુ, પરતુ અપમાન મારાથી સહન નથી થતુ જે વાતે મારા પગની પાનીથી શિખાની અણી સુધી અગાર પેદા કીધો છે, તે બાબતને હુ કેમ ભુલી શકુ? હલકા દીલના માણસો સમક્ષ થયેલા અપમાનથી મને તો જાણે એમ થાય છે કે જો ધરતી માર્ગ આપે તો સમાઇ જાઉ "આત્મઘાત મહા પાપ" હોઇને તેમ કરવા હુ ઇચ્છતો નથી તો પણ જીવતા રહીને મરણ આવે એવુ કોઇ વિષ હોય તો હુ જરૂર પીઉ" ચુનીલાલે સદિગ્ધ હૃદયે કહ્યુ.

શિકાર સાણસામા આવ્યો જોઇ ચાલાક મહાદેવે ચુનીલાલના છેલ્લા શબ્દો પકડી લીધા અને બોલ્યો 'ચુનીલાલ? એવુ ઝેર તો નહિ પરતુ દુનિયામા એવુ અમૃત છે"

"મહાદેવ? એવુ કયુ અમૃત છે? કહે, કહે, જલદી કહે! જો ત લેવાથી મારા જીવને આનદ થતો હશે તો હુ જરૂર લઇશ" ચુનિલાલે અધિરાઇથી પૂછ્યુ

"એ લેવાથી આપને આનદ મળશે એમા તો જરા પણ શક નથી, સેકડો મોટા મોટા પુરૂષોએ એ અજમાવેલી દવા છે"

"ત્યારે તો જલદી બોલ એ કઇ દવા છે ?"

"મને કહેવામા જરાએ વાધો નથી પણ આપ ગુસ્સો કરો તો નાહક મારે જીવ બાળવો પડે." મહાદેવ વાતમા મોણુ નાખવા માડ્યુ

"ગુસ્સે નહિ થાઉં જે હોય તે કહી દે"

"કહુ, ત્યારે જરા થોડો સહજ પીને આરામ લો તો આ બધુ ભુલી જવાશે."

"અરે! પણ પીવાનુ શુ? એ ભસી મરને જલદી?'

"ચુનીલાલ? થોડો દારૂ પીને આરામ લો અને પછી જુઓ એની અસર"

હે! શુ દારૂ! મહાદેવ? તુ શુ બોલે છે ' દારૂ! .. દારૂ!

"ચમકવાનુ કાઇ કારણુ નથી, વ્યસન તરીકે દારૂ ભયકર અને નિદ્ય છે પણ આપને તો દવા તરીકે લેવાનો છે. અને તે પણ કેટલો . સહેજ અમથોજ . લગાર .. તમે કાઇ બીજા જેવા નાદાન નથી. કે આપને બીજાની માફક એકદમ વ્યસન થઇ જાય "

"ના, તેવુ તો કાંઇ નથી પણ આ સવિતાગૌરી અને મુક્તાનુ મન માગથી એ બાબતમા નહી મનાવાય તો  તો

"પણ અત્યારે ક્યા કોઇ જુએ છે? સવિતા બા બેશુદ્ધ પડેના છે અને મુક્તા બહેન તો ઘરમા નથી, વળી દવા તરીકે લેવામા કંઇ વાધો પણ નથી."

"કાંઇ નહી એતો જોઇ લેવાશે, આગળ ઉપર બધુ થઇ રહેશે પણ એ પીવાથી મારા વ્યગ્ર મનને કાંઇ શાતિ મળશેને? હૃદય આનદિત થશેને? આજે તો મને આરામની જરૂર છે"

"આનદનુ તો એ ધામ છે, પીધો કે તુર્ત આરામ થયો સમજો એમ ન હોય તો હુ આપને નામ પણ સુચવુ ખરો કે?"

"વારૂ પણ અહી તે ક્યાથી મળશે?"

"માફ કરજો, સાહેબ? મને હમેશા થોડો થોડો લેવાની ટેવ હોવાથી એકાદ બોટલ મારા ખીસામાજ રાખુ છુ. આજ્ઞા હોય તો આપુ"

"લાવ ત્યારે થોડો હુ કાંઇ એવા નબળા મનનો નથી કે મને તેની ટેવ પડે હુ એવો બેવકુફ નથી કે જરા લેવાથી વ્યસની બની જાઉ વળી મારે ક્યા મોજ શોખને ખાતર લેવો છે ફક્ત દવા તરીકે લેવામા શુ વાધો છે? લાવ? ત્યારે મહાદેવ? થોડો લાવ" ચુનીલાલ કહ્યુ

મહાદેવ તો એજ તકની રાહ જોતો હતો. પોલીસ ખાતામા તેમજ આખા કરાચી શહેરમા જેને માટે સારૂ માન છે એવો એક મોટો મહાન મરગળ, આબરૂદાર ઐરાવત, મદિરાને તાંતણે બધાય છે હજારો આખો જેની સામે તાકી રહી છે તે વિદ્વાન નર આજે

અમૂન ગ્રહણ કરે કે હુ [illegible] છુ એનુ [illegible] મગરૂરીથી માથુ ઉચ્ચુ કરનાર આ અમલદારોને ઠઠ્ઠા મશ્કરીમા ઉડાવનાર આજે આ મદિરાનો સત્કાર કરે છે એથી આનદના આવશમા આવેલા મહાદેવ પોતાના ખીસામાથી એક બોટલ બહાર કાઢી અને તેમાનો શરાબ એક નાના ગ્લાસમા નાખતો તે મનમાજ બબડ્યો, પોલીસ ખાતાનુ નાક વિદ્વાનોનુ ભુષણ, યુવકોનો નાયક, પોતાની જીદગીમા આજે પહેલીજ વાર મદિરાને પોતાના મુખમા રેડે છે, મદિરાની બાબતમા મોટા મોટાઓને ધડો આપે એવી વ્યકિતની જીદગીમા આજે કાઈ અવનવા ફેરફાર થાય છે મદિરા' મદિરા' તુ આજે તારો પ્રભાવ પાડજે અને આ નવા થતા ઉમેદવારને તુ હમેશને માટે તારો બનાવજે ? તે ધીમે ધીમે ચુનીલાલ પાસે ગયો? અને દારૂથી ભરેલો પ્યાલો તેના સામે ધરતા બોલ્યો, લ્યો'

"બહુજ થોડો આપજે હો, મારે કાઈ મોજ શોખ માટે નથી પીવો"

"ના, ના, હુ વધારે નથી આપતો આપને માટે તો એકજ પ્યાલો બસ છે" એમ કહેતાજ તેણે તે પ્યાલો ચુનીલાલના હાથમા આપ્યો ચુનીલાલ તે ગટગટાવી ગયો.

બસ થઈ ચુકયુ સેકડોને શીખામણ આપનારો, શાણો, ઉપરી અમલદારોને પણ સત્ય કહેનારો, સત્ય વકતા, પ્રજાના વ્યસનોને તોડવા અને દુર્ગુણોને દુર કરવાની ઇચ્છા વાળો પોલીસ કર્મચારી ચુનીલાલ પોતેજ આજે મદિરાનો ભકત બન્યો, કુસગીના સસર્ગથી આજે તે દુમાર્ગમા દોરાયો અને પોતાના વિનાશને પોતેજ બોલાવી લીધો.

મહાદેવના કાર્યની પુર્ણાહુતી થતાની સાથેજ ત્રીજી શ્યામ વસ્ત્ર ધારિણી ત્રણ વ્યક્તિઓએ તે ઓરડામા પ્રવેશ કર્યો, ત્રણેએ મોઢા પર બુરખા નાખેલા અને આખા શરીરને શ્યામ વસ્ત્રોથી આચ્છાદિત કરેલુ હોવાથી એ કોણ છે એ જાણવુ મુશ્કેલ હતું એટલુ જ નહિ પરંતુ તે સર્વ સ્ત્રીઓ છે કે પુરૂષ, એનુ પણ અનુમાન થઇ શકે તેમ નહોતુ તે ત્રણ પૈકી એકે મહાદેવને ગરદનથી પકડયો અને બીજીએ તેના મોઢાને કપડાવતી બંધ કરી લીધું ચુનીલાલ કાંઇ પણ બુમ પાડે તે પહેલાં ત્રીજી વ્યક્તિએ રિવોલ્વર તેની સામે તાકી દીધી. બનેલો ચુનીલાલ હવ શુ કરવુ તેના વિચારમાં આમ તેમ દ્રષ્ટિ ફેરવતો જરા દુર ખસ્યો. અને પાસેના ટેબલના ખાનામાથી પોતાની રિવોલ્વર લેવા હાથ લબાવ્યો, પરતુ તેના એ લબાવેલા હાથને પાછળથી કોઇએ એવાતો જોરથી દબાવ્યો કે તેનાથી દુઃખની એક ઝીણી ચીચીઆરી પડાઇ ગઇ તે સમજી ગયો કે પોતે આજે શયતાનોના સપાટામા સપડાયો છે, બદમાશોએ તેનું આખુ મકાન ઘેરી લીધુ છે તે સ્થિર નેત્રે તે ત્રણે વ્યક્તિઓ તરફ જોઇ રહ્યો, એકાએક કોઇએ તેના મોઢા પર રૂમાલ દાબી દીધો. બસ, એજ ક્ષણે તે બેશુદ્ધ થઇ જમીન પર ઢળી પડયો તેની પણ મહાદેવના જેવીજ દશા કરી જે ઓરડામા સવિતા બેશુદ્ધ પડેલી હતી તેમાં ફેંકી દીધો અને બહારથી સાંકળ ચડાવી દીધી. આટલુ કર્યા પછી બાજુની એક નાની કોટડીનુ દ્વાર ખોલ્યુ અને તેમાથી એક મુશ્કેટાટ બાંધેલી સ્ત્રીને બહાર કાઢી તેણીને તેઓ કાંઇ પણ ઇજા કરે તે પહેલા બાજુનુ એક દ્વાર ખુલી ગયુ અને ખબરદાર એવો એક ધ્વનિ સભળાયો પરિચિત ધ્વનિ સાભળી મહાદેવ ચમકયો તેણે તે ત્રણ વ્યક્તિ પૈકી એકને જમીન પર પડયા પડયા

આંખની ઇશારત કરી ધીમે પગલે તે વ્યકિત થોડે દૂર ખસી અને બતીની ચાપ દાબી બતીની ચાપ દાબતાજ આખા ઓરડામા અંધકારનો અધિકાર વ્યાપિ રહ્યો આવનારે પોતાની પાસેની ચોરબતીની ચાપ દાબી અને તેના પ્રકાશ વડે જોયુ તો ઓરડો શુન્યકાર જણાયો જે સ્થળે પેલી વ્યકિતઓ ઉભેલી હતી તે સ્થળે જવા સારૂ જેવો તે આગળ વધ્યો તેવાજ તે બેશુદ્ધ થઇ જમીન પર ઢળી પડયો

પ્રિય વાચક બંધુ, આવો, આપણે પણ હવે આ ઓરડાનો ત્યાગ કરીએ અને એ શયતાનો કાઇ પણ અનર્થ કરે તે પહેલા બની શકે તો કાઇ મદદ પહોચાડીએ.

# પ્રકરણ ૪થું.

## અરે! આ શુ! આતો મોતીલાલ!

આ વખતે મધ્યરાત્રિ વીતી ગઇ હતી, સર્વત્ર અંધકાર વ્યાપી રહેલો હતો, ચારે તરફ શુન્યકાર જણાતુ હતુ, કુદરત શાંતિ શુષુપ્તિમા પડી હતી આ વખતે એક યુવક સીવીલ હોસ્પિટલના એક નાથા પર કાઇ ઉંડા વિચારમા બેઠો છે, અંતરની વ્યથા અને વિચારોના વમળમા ગુથાવાથી તેને શ્રમ ઉત્પન થયેલો હોય એમ તેના ચહેરા પરથી સ્પષ્ટ માલુમ પડતુ હતુ. તે બેઠો હતો ત્યાથી ઉઠયો હજુ તો તે દશેક કદમ આગળ ચાલ્યો નહિ હોય એટલામા ન્યુ હાઇસ્કુલની બાજુમા આવેલા એક વૃક્ષની નીચે એક મનુષ્યાકૃતિ તે યુવકની દ્રષ્ટિએ પડી

કેટલીક ક્ષણ પર્યંત અસ્થિરજ રહેલી આકૃતિએ જાણે કોઇની સાથે કાંઇ સંકેત ન કર્યો હોય, તેવુ સુચન કરતી એક સીસોટી વગાડી, સીસોટીનો સ્વર સાભળતાજ યુવક ત્યાથી પાછો હઠયો અને નાકાની આડમા છુપાઇ શુ થાય છે તે જોવા લાગ્યો થોડીજવારમા એક બીજી સીસોટી સભળાઇ તે સાભળતાજ યુવાવસ્થામા જાણે હમણાજ પ્રવેશી ચુકી હોય એવી એક બાળા વૃક્ષની નીચે ઉભેલી મનુષ્યાકૃતિ પાસે આવી પહોચી કોણ જાણે તે મનુષ્યાકૃતિએ તેણીને શુ કહ્યુ કે તે ત્યાથી સદ્ય પાછી ફરી, તેણીએ એક શ્યામ વર્ણની ચાદરથી પોતાના આખા શરીરને આચ્છાદિત કર્યું હતુ તેણીએ એક મકાનમા પ્રવેશ કર્યો યુવક આશ્ચર્ય ચકિત દ્રષ્ટિએ તે તરફ જોઇ રહ્યો, આ મકાન ચુનીલાલનુંજ હતુ, આ દ્રશ્યથી આવનાર વ્યક્તિઓ કોણ છો ચુની-લાલના ઘરમા તે શા માટે જાય છો અને શુ કરે છો એ જાણવાની જિજ્ઞાસાથી આપણો યુવક બેઠો હતો ત્યાથી ઉઠયો અને ઝાડની આડમા છુપાએલી મનુષ્યાકૃતિ કે જેની સાથે પેલી શ્યામવસ્ત્રધારિણી વાત કરી ગઇ હતી તે કોણ છે એ પ્રથમ જાણી લેવા આગળ વધ્યો. પરતુ આ શુ ! એ મનુષ્યાકૃતિ એટલી વારમા ક્યા અદ્રશ્ય થઇ ગઇ ! યુવકના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, તે હિમમુઢ જેવો ત્યાજ સ્થભી ગયો એકાએક ચુનીલાલના મકાનમા બહુ તીક્ષ્ણ સ્વરે કોઇ રડતુ હોય એવો અવાજ તેને કાને પડયો. બીજીજ પળે કોઇ મોટેથી બુમ પાડી કહેતુ હોય કે-દોડો, દોડો, બચાવો, બચાવો, ખુન, ખુન, એવા ભયંકર શબ્દો સભળાયા

આસપાસ વસનારા સઘળા મનુષ્યો મીઠી નિદ્રામા મહાલતા હતા અને આજુ બાજુ સઘળે શાતિનુ સામ્રાજય સ્થપાઇ ગયુ હતુ, ફક્ત

ઉપર જણાવ્યા તેજ પ્રમાણેના ચોંકાવનારા શબ્દો એક વખત બોલાયા અને તે પણ બીજી પળે બંધ થઇ ગયા. શબ્દ શ્રવણે અચકાતાજ યુવક એક પગલું પણ આગળ નહિં વધતા તેજ સ્થળે ઉભો રહ્યો. શબ્દની ગુમ સાંભળતા તે ભયભિત બની ગયો હતો. તેનાં ગાત્રાં શિથિલ થઇ ગયાં હતાં, છતાં શરીરમાં રહેલું બળ એકત્ર કરી સમયની કીંમત વિચારી ચુનીલાલના મકાનમાંથીજ એ શબ્દ આવેલો હોવાથી ત્યાં જઇ તપાસ કરવા તૈયાર થયો. અંતર ભયથી કંપતુ હતુ છતા મને અવનવિન બનાવ અવલોકવા ઉદ્દમાત કરવા માંડયો. તેણે પોતાની દ્રષ્ટિ ચારે તરફ ફેરવવા માંડી, આખા મોહોલામા કોઇ પણ ઘર ખુલુ હોય તેવું દેખાયુ નહિ. એટલામાં પોતાની પાછળ કાંઇક ખખડાટ થતો હોય તેવો ભાસ થયો, તત્કાળ તેણે તે તરફ દ્રષ્ટિ કરી તો પોતાની પાછળ એક ઘરનો દરવાજો ઉઘડતો હોય તેવુ માલુમ પડયું. ઉઘડેલા દરવાજાની અંદરથી આશરે સોળેક વરસની ઉંમરની એક સ્વરૂપા સુંદરી એકદમ બહાર રસ્તા પર નીકળી આવી ચારે તરફ નજર ફેરવી કોઇને નહિ નિહાળતા તે દોડવાનો પ્રયત્ન કરવા લાગી, બહાર આવેલી રમણીને ગભરાએલી અને નાસવાને માટે વિચાર કરતી વિલોકી આપણા યુવકે એકદમ દોડી જઇ તેને પોતાની બાથમા પકડી લીધી, સીરીલ હોસ્પી ટલથી કેટલેક દુર વેશાપીર જવાના રસ્તા પર મધ્યોમધ્ય રહેલી ગ્યાસની બતીના ઝાંખા પ્રકાશમા યુવકની નજર પોતાનાં હાથમા સપડાએલી યુવતીના મુખ પર પડી, તેનુ ફીકુ અને ભય પ્રદ બની ગયેલુ મુખ જોતાજ તે અતિશય ભયભિત થયો. એટલુજ નહી પરંતુ તે યુવતિના હાથમા રહેલુ એક રક્તથી રગદોળાએલુ ખંજર નિહાળતાજ તેના મોતીયા મરી ગયા, તે થરથર કંપવા લાગ્યો તેમજ યુવતિએ તેના હાથમાંથી છટકવાને ભગીરથ પ્રયત્ન કરવા માંડયો આથી તે ભય

પામેલા યુવકના હાથમાનુ કૌવત કમી થયું અને તે મહિલા સહજમા મુક્તિ મેળવી શકી, અને તે હાથમાથી મુક્ત થએલી યુવતીને પુન પકડવાનો કાઇ પણ પ્રયત્ન કરી શકયો નહિ. કોઇપણ સમયે નહિ જોએલો બનાવ જોવાથી તે દિગમુઢ બની યુવતીના મુખ સામેજ એકી દ્રષ્ટિએ જોઇ રહયો., યુવતી પણ તેના મુખ સામુ નિહાળી રહી અને પાષાણની પ્રતિમાની માફક જડવત બની ગઇ, બન્નેએ પરસ્પરને ઓળખી લીધા અને તે યુવતિના ખભાપર લટકેલા શ્યામ ઝભાને નિહાળી આપણા યુવકે થોડા સમય પુર્વે શ્યામ વસ્રોથી ઢકાએલી જે યુવતિને જોઇ હતી તે એજ હતી એમ અનુમાન પણ કરી લીધુ કેટલીકવારે તે યુવતિને પોતાની સ્થિતિનુ ભાન આવ્યુ, તેણી એકદમ સતેજ બની ગઇ, યુવકની સાથેની બળજોરીમા પોતાના મુખપરથી સરી પડેલો મુખવટો જમીન પરથી ઉઠાવી લઇ પુર્વવત પોતાના મુખ-પર ઢાકી દીધો. તેના તે વખતના હનન ચક્ષન તરફ યુવક એકી દષ્ટે જોઇ રહયો. તે યુવતી પોતાની નજર યુવકના તરફ ગખી વક્ર દ્રષ્ટિએ બીજી દિશાઓ તરફ નજર ફેરવી રહી હતી, આ વખતે તેણીના માથાના વાળ એની પીઠ પર પથરાઇ રહેલા હતા. તેણે પહે-રેલા સફેદ વસ્રો પર કોઇ કોઇ ઠેકાણે લોહીના ગતા ડાઘા તાજાજ પડેલા હોય તેવું જણાતું હતુ તેના હાથની આંગળી પર એક હીરાથી જડેલી સોનાની વીટી શોભી રહી હતી. ચારે તરફ નજર નાખતી તે યુવતી કેટલીક વારતો ત્યાં ઉભી રહી, પરંતુ બીજીજ પળે તે ત્યાથી ચાલી જવાના વિચારે ઉતાવળે પગલે આગળ વધી. તેનુ તેજો મય પણ ફીકુ પડી ગએલું મુખ મડળ, તેમજ ચાલવાની ચપળ ગતિથી વિલોકી યુવક મોહ પામ્યો અને તેથી તે ઉભો હતો ત્યાથી આગળ વધી શકયો નહી.

યુવક બુદ્ધિમાન તથા કાર્યદક્ષ હોવા છતા તેને કાંઇ પણ સુઝ પડી નહી તે માર્ગના મોહમા એટલો તો મુગ્ધ બની ગયો હતો કે તે ખુની યુવતીને પકડવા જેટલી તેની હિંમત ચાલી નહિ મળેલી તકનો લાભ લઇ તે યુવતી ત્યાથી પલાયન કરી ગઇ, જતા જતા પોતાના હાથમાનુ રકતથી રગદોળાએલુ ખજર તેણીએ ત્યા આગળજ પડતુ મુકી દીધુ યુવતીના ચાલ્યા જવા પછી યુવકને કાંઇક ભાન આવ્યુ ભાન આવતાજ પોતે હવે શુ કરવુ એ વિશેની ઘટના ગોઠવી કાઢી શવાનુ હતુ તે થઇ ગયુ, ખુની ખુલ્લી રીતે હાથમાથી છટકી ગઇ છે, છતા શુ થયુ છે ત્યા કોનુ ખુન થયુ છે તે અવશ્ય તપાસવુ જોઇએ જો જીવ હોય તો તેને બચાવવાનો પ્રયત્ન પણ કરવો જોઇએ. પલાયન કરી ગએલી રમણીના ખુની ખજરનો ભોગ થએલી વ્યકિત હજુ પીડાતી હશે, દુખી મનુષ્યને દુખના સમયે સહાય કરવી એ મનુષ્ય માત્રનો ધર્મ છે માટે તેને ચુકી મારે મારનાર યુવતીને પકડવા તેની પાછળ પડવુ એ યોગ્ય નથી, તેમ કરવા કરતા જખમી થએલાને બચાવવા પ્રયત્ન કરૂ તો તે ઓછુ સ્તુતિપાત્ર કહેવાશે નહી, એ મહાન્ સુત્રને અનુસરી યુવકનુ હૃદય દયાની વૃતિ તરફ દોરાયુ, તેણે તરતજ ઘરની અંદર જવાનો વિચાર કર્યો, તે એકાદ બે પગલા આગળ વધ્યો, એટલામા પુન તેના મનમા વિચાર ઉદભવ્યો, વખતે નિમાજ પડતા મસીદ કોટે વળગવા જેવુ થશે, અન્યને બચાવવા જતા મારે પોતાનેજ આફતમા આવી પડવાનો સમય આવશે તો ખુની તરીકે કોઇ મનેજ માની લેશે આ વિચાર થતા તેણે પ્રથમથીજ પોતાના બચાવ માટે બદોબસ્ત કરી લેવાનુ યોગ્ય વિચાર્યું, બીજીજ પળે બીજો વિચાર આવ્યો, પેલી નાસી જનાર યુવતીએ રસ્તામાજ પોતાના હાથમાંનુ રકતથી રગદોડાએલુ ખજર ફેકેલુ છે તે જો પોલીસના હાથમા

આવશે તો મુદ્દા માલ તરીકે તેનો સંગ્રહ કરશે, વળી તેના પર નામ નિશાન હશે તો તરતજ બારીક તપાસ કરી, તે યુવતીને પકડી પાડશે તેમ ન થાય એ માટે પ્રથમ એ ખંજરને ઠેકાણે પાડવું જોઇએ એમ કહી તેણે તે ખંજર ઉપાડયું વળી કાંઇ વિચાર આવતા તે પુન જમીન પર ફેંકી દીધું, પરંતુ આમ કરવાથી તે ખંજર પર લાગેલા લોહીથી તે યુવકનો હાથ રંગાઇ ગયો, તેનું તેને ભાન રહયું નહિ હવે તે મકાનની અંદર જવા તૈયાર થયો પોલીસના કર્મચારીઓ પોતાના સંગી જનોને સમય પરત્વે જેવી રીતે સીટી મારી સચેત બનાવે છે તેવીજ રીતે આ યુવકે પણ સીટીના એક પછી એક ત્રણ અવાજ કરી તે સાભળનાર વ્યક્તિઓને પોતાની સહાયે આવવા સુચ ના આપી યુવક બુદ્ધિશાળી અને કાર્યદક્ષ હોવા છતા તેણે જે સીટી નો ઉપયોગ ખુની યુવતીને પકડતી વખતે કરવો જોઇતો હતો તે પાછળથી કેમ કર્યો ? ખુને મુદ્દા માલ મળવાથી પોલીસ ખુનીનો પતો મેળવી લેશે, માટે તે છુપાવવાનો યત્ન તે યુવકે કેમ કર્યો? એ વિગેરે અનેક શંકાઓ આ સ્થળે મારા સુજ્ઞ વાચકોને થાય. એ સ્વભાવિક છે. પરંતુ આમ કરવામા એ યુવકનો કાંઇ અંગત સ્વાર્થ સમાએલો હતો એ આપણને આગળ જતા જણાશે

સીટીનો અવાજ કર્યા પછી કોઇ પોલીસ કર્મચારી આવે છે કે નહિ એ જાણવાને યુવકે આસપાસ જોવા માડયું એકાએક તેની દ્રષ્ટિ ન્યુ હાઇસ્કુલના ખુણા પર આવેલા એક વૃક્ષ નીચે ઉભેલી બે મનુષ્યાકૃતિ પર પડી, તેમાની એક તો પુર્વે જોયેલી તેજ હતી અને બીજી કોઇ બેશુદ્ધ બનેલી સ્રીના જેવી જણાતી હતી, યુવક તે બન્નેને પકડી પાડવાના ઉદ્દેશથી આગળ વધ્યો, પરંતુ તે ત્યા જઇ પહોચે

તે પહેલા એક -વિકટોરીયા ત્યા આવી પહોચી, અને તેમા બેઠેલા માણસે તે બેશુદ્ધ બનેલી સ્ત્રીને ઉચકી લીધી. અને તે સ્ત્રીની સભાળ માટે ઉભેલી મનુષ્યાકૃતિએ પણ અંદર બેઠેલા માણસની બાજુમાજ જગા લીધી યુવક ત્યા પહોચે તે પહેલા ગાડી ત્યાથી ત્વરિત ગતિથી ચાલી ગઇ, પરતુ એ ગાડીમાથી નીકળેના આ શબ્દો આપણા યુવકના શ્રવણ પુટ પર અથડાયા

'કાળીદાસ, સાવચ રહેજે, પોલીસ કર્મચારીઓની દ્રષ્ટિએ તમારા હાથની અદર પડેલા લોહીના ડાઘ દેખાશે તો તેમને તમારા ઉપર ખુનનો વહેમ લાવવાનુ કારણ મળશે"

સુજ્ઞ વાચકો, સમજી ગયા હશે કે આ યુવક તે બીજો કોઇ નહિ પરતુ કાળીદાસજ હતો હરિસિહની સહાયથી તે છુપી પોલીસમાં જોડાયો હતો આજે નિહાળેલા દ્રશ્યથી તેના હૃદય પર એટલો બધો આઘાત થયેલો હતો કે તે પોતાનું સઘળુ ભાન ભૂલી ગયો હતો ગાડીમા બેસનારના મોઢામાથી પોતાનુ નામ સાભળતાજ તે ચમકયો ગાડીમા બેઠેલા પોતાને ઓળખે છે તદપિ એ કોણ છે એ પોતે જાણતો નથી આ આશ્ચર્ય ઘટનાથી યુવકના હૃદયમા અનેક તર્ક વિતર્ક થવાં લાગ્યા, પરતુ અત્યારે એ તર્ક વિતર્ક કરવાનો અવકાશ ન હતો તેણે પોતાના હાથ તરફ દ્રષ્ટિ કરી તો ખરેખર તે લોહીથી રંગાએલો હતો, કટાર ઉપાડતા એ ડાઘ પડેલા છે એમ યુવકે જાણી લીધુ, હવે તેને ત્વરિત સાફ કરી નાખવા જોઇએ એવા ઇરાદાથી તે હાઇસ્કુલની બાજુમા આવેલા બહાર નળ પાસે ગયો, પરતુ નળમા પાણી હતુંજ નહિ. આથી તે ગભરાયો, મકાનમા જવા પછી કાંઇક રસ્તો કરી લઇશ એવો વિચાર કરી તે મકાન તરફ ફર્યો વળી કાઇ વિચાર આવતાં

પોતે જે સ્થળે કટાર ફેંકી હતી. ત્યા ગયો કટારને કાંઇ સ્થળે છુપાવવાના ઇરાદાથી તે ઉપાડવા નીચે નમ્યો, પરંતુ આ શું ! કટાર ક્યા ગઇ! તે આસપાસ જોવા લાગ્યો હજુ તો તેની તપાસ પૂરી થાય તે પહેલા ગુલાબ, ગુલાબ, એવા શબ્દો તેને સભળાયા યુવકે પાછું વાળી જોયુ તો મકાનની પાસે એક ગાડી ઉભેલી જણાઇ, ગાડીની પાસેજ એક પોલીસ કર્મચારી જેવો દેખાતો માણુસ ઉભેલો હતો, દુરથી પણુ કાળીદાશે એ માણુસને હરિસિંહ તરીકે ઓળખી લીધા

હરિસિંહ આ સ્થળે ક્યાથી, એ શકાને સ્થાનજ નથી, કારણકે આણુંદલાલના મકાન પરથી મુકતાને તેણીના મકાન પર પહોચાડવા નીકળેલા હરિસિંહને આપણે જોયો છે, અને તે આવી પહોચે તે પહેલા મુકતાના મકાન પર કાંઇ અવનવો બનાવ બની ગયો હોય. એવુ દ્રસ્ય આપણે જોયુ છે હવ શુ થાય છે એ જાણુવાને સુજ્ઞ વાચક તારી દ્રષ્ટિને આગળ લબાવ

પોતે કરેલી સીટીનો અવાજ સાભળીનેજ તે અત્રે આવેલો હશે. એમ ધારી કાળીદાસ આનદના આવેશમા દોડતો જ્યા હારસિંહ ઉભો હતો ત્યા આવી પહોચ્યો, અને બોલ્યો, “અહો ! કોણ હરિસિંહ, તમે આવી પહોચ્યા કે? હુ તો ક્યારનો પોલીસ કર્મચારીઓની રાહ જોઇ રહ્યો છુ. પરંતુ કોઇનો કાંઇ પતો નથી ”

“ કોણુ કાળીદાસ, તમો અત્યારે અહીં ક્યાથી? તમારે પોલીસ કર્મચારીઓનુ વળી શુ કામ છે ?” હરિસિંહે કાળીદાસને આ સ્થળે જોતાજ એ પ્રશ્ન કર્યો

૬

"આશરે અરધા કલાક અગાઉ આ મકાનમાંથી ખૂન, ખૂન, બચાવો, બચાવો, એવા હ્રદય ભેદક શબ્દો કોઇ વ્યકિતના મુખમાંથી નીકળતા સંભળાયા હું એકલોજ હોવાથી ઉપર જવાની મારી હિંમત ચાલી નહિ, આથી મે સીટી મારી પોલીસ કર્મચારીઓને મારી મદદે આવવાની સુચના આપી, તદપિ અદ્યાપિ કોઇ આવ્યુ નહિ, છતા ખુની નાસી ન જાય એવા હેતુથી હુ ચોકી કરતો અને પોલીસોની રાહ જોતો આટલામાજ આંટા મારવા લાગ્યો, એટલામા તમે આવી પહોચ્યા હજુ સુધી મકાનમાંથી કોઇ નીકળ્યુ જોવામા આવ્યુ નથી" કાળીદાસ સરાસર જુઠુ બોલ્યો

"શુ ખરેખર, આ મકાનમા ખૂન થયુ છે? કાળીદાસ તમો ઠગાયા તો નથી ને?" હરિસિંહે કેટલીકવારે કાંઇક વિચાર કરીને એ પ્રશ્નો કર્યા

"નહિ, મને વિશ્વાસ છે કે હુ ઠગાયો નથી, હજુ પણ એ કરૂણાજનક શબ્દો મારા હ્રદયને કપાવે છે"

કાળીદાસની વાત સાંભળી હરિસિંહ અજાયબ થયો, પાચ કલાક પહેલા બનેલો બનાવ તેની દ્રષ્ટિ સમીપ ખડો થયો, સર્વનો સર્વાળો કરતા તેને સમજાયુ કે બદમાસોથી ઘેરાએલા ચુનીલાલ પર કાંઇ આફત આવી હોય તો એમા કાંઈ શક જેવુ નથી એવા અનેક વિચારો તેના હ્રદયમાંથી પસાર થઇ ગયા, તે બોલ્યો, "કાળીદાસ, જો તમે કહો છો તે ખરૂ હોય તો આપણે ઉપર જઇ જલદી તપાસ કરવી જોઇએ"

"હા મને પણ એમજ લાગે છે ચાલો, હા પણ સબુર, સામેથી કોઇ આવે છે એમ કહેતોજ કાળીદાસ બે પગલા પાછો હઠયો,"

પરતુ હરિસિહે જોયુ કે અદર ગયેલી મુકતા નિરાશ થઇ પાછી ફરે છે

"હરિસિંહ ઉપરથી કાઇ જવાબ મળતો નથી તમે ભલે કહો છો કે ચુનીલાલને મે જોયા છે, પરતુ તમારા બોલવા પર મને વિશ્વાસ નથી. હુ માનુ છુ કે એ સઘળુ તમો મને ધીરજ આપવા ખાતરજ કહો છો, કારણ કે જો તેમ ન હોય તો મારા રક્ષક ચુનીલાલ ઘરમા કેમ ન હોય? હાય હવે હુ શુ કરીશ, કોને આશ્રયે રહીશ, પિતા ચાલી ગયા, પાળક પિતા સ્વર્ગે સિધાવ્યા, રક્ષકનો પણ પત્તો નથી અરે! હરિસિહ મારૂ હવે શુ થશે? મારી સભાળ કોણ લેશે?" ગભરાએલી મુકતા ચોધાર આસુ રડવા લાગી

"મુક્તા, મુક્તા, ગભરા નહિ તુ સમજુ છે, રડવાથી કાઇ વળવાનુ નથી હુ તને સમજાવી ગયો તેમ ચુનીલાલનો આજે દુશ્મનોએ પીછો લીધો છે જો તુ આમ હિમત હારી જશે તો એ દુષ્ટો તને પણ પજવશે શાન્ત થા અને આ કાળીદાસ કહે તે સાભળી લે."

'હે! કોણ મુક્તા બ્હેન?" કાળીદાસ સાનંદાશ્ચર્ય ભાવે મુકતા તરફ દ્રષ્ટિ કરતા બોલ્યો

"અરે! કોણ કાળીદાસ? મને એક વખત પ્રાણદાન આપનાર મારો વહાલો ભાઇ! કહે કહે, તુ આ અભાગણી મુક્તાને શુ કહેવા માગે છે?"

"બ્હેન, શુ ઉદારાત્મા આણદલાલની ઉદાર છાયા તળે ઉછરતી મુકતા પોતાને અભાગણી કહે છે?"

"ભાઇ, જે ઉદારાત્માના આશ્રયમા મુકતા રહેતી હતી તે આણદલાલ આજે આ દુનિયામા નથી, તેઓ સદાને માટે મુકતાને છોડી

ચાલ્યા ગયા છે, ચુનીલાલ અને સવિતાગૌરી પણ ઘરમા નથી, અત્યારે મારે કયા પણ આશ્રયનુ સ્થાન નથી કહે, કહે, ભાઇ હવે આ તારી બહેન અભાગણી ખરીકે નહિ ?"

"હે શુ આણદલાલ આ દુનિયામા નથી ?"

"હા ભાઇ, તેનુ કોઇ બદમાશોએ તેનાજ બનાવેલા પ્રાણહારક વિષથી ખુન કર્યું છે," મુકતા રડવા લાગી

"ગભરા નહિ બહેન, આ તારો ધર્મનો ભાઇ તને દરેક વખતે મદદ કરશે હિમત રાખ, ઇશ્વર સર્વ સારૂ કરશે, ધીરજના ફળ મીઠા છે, મુકતા બદમાસો અહી પણ પહોચી ગએલા જણાય છે'

"એટલે શુ ? મારા રક્ષક ચુનીલાલ અને સવિતાગૌરીને પણ એજ બદમાશો ઉપાડી ગયા હોય એમ તમે ધારો છો ?"

"હા ઉપાડી ગયા હોય એટલુ જ નહિ પરતુ તે બન્નેનુ આજ મકાનમા ખુન થયુ હોય એમ કાળીદાસનુ માનવુ છે" હરિસિહે કહયુ

"ઓહ! જો કદાચ એમ થયુ હોય તો મારૂ શુ થાય? હરિસિહ તો હુ કયા જાઉ ? કોનો આશ્રય લઉ ' મુકતાએ રડતા રડતા કહયુ "

"ઇશ્વર સર્વને માટે આશ્રયનુ સ્થાન મેળવી આપે છે, કલ્પાત કરવાનો આ સમય નથી, અત્યારે તો તારે તારા પાળક પિતાના ખુનીને શોધી કહાડવામા સાહસ અને ઉત્સાહ મેળવવાની ખાસ જરૂર છે ચાલ, ઉપર ચાલ, આપણે જરા તપાસ કરીએ કે શુ મામલો છે, હા પણ હમણા તુ જેને બોલાવતી હતી તે ગુલાબ કોણ છે?"

મારા પાળક પિતાએ સોંપેલી મારી અંગ રક્ષક છે દાસી છે —મારો તેના પર પુર્ણ વિશ્વાસ છે . મને લાગે છે કે બદ માશોએ

હજુ તો મુક્તાનુ બોલવુ પુરૂ થાય તે પહેલા ધડીંગ દેતો ભારે વસ્તુ પડવાનો ઉપર અવાજ થયો, હરિસિંહે પોતાના ખીસામાથી પીસ્તોલ બહાર કાઢી મુક્તા અને કાળીદાસને ચુપ રહેવા જણાવી, પોતાની પાછળ આવવાની ઇશારત કરી, ત્રણે જણ ધીમે ધીમે દાદરો ચડવા લાગ્યા, ઉપર જવા પછી હરિસિંહે બતીની ચાપ દાબી બતીના પ્રકાશમા જોયુ તો ઉપરના ઓરડાના તમામ દ્વારો ખુલ્લા પડયા હતા એક પછી એક એમ દરેક ઓરડામા ત્રણે જણ ફરી વળ્યા કોઇપણ મનુષ્ય દ્રષ્ટિગોચર થયુ નહિ આખુમાજ એક દીવાનખાનુ ખુલ્લું પડયુ હતુ તેમા પ્રથમ હરિસિંહે પ્રવેશ કર્યો અને તે ઓરડાને પોતે પકડેલી બતીના પ્રકાશ વડે બારીકીથી તપાસ્યો, એક બાજુ ઇલેકટ્રીક બતીની ચાપ નજરે પડતાજ તેણે તે દબાવી, આખુ મકાન દીપજ્યોતિથી પ્રકાશીત થઇ રહયુ દીવાનખાના ની વચ્ચોવચ્ચ એક કબાટ ઉંધો પડેલો હતો તેમાથી કોઇ તરલ પદાર્થના ટપકા પડતા હોય એમ જણાતુ હતું અને બતીના પ્રકાશ થી તેને સાફ જણાયુ કે તે ટપકાનો પદાર્થ બીજો કાંઇ નહિ પણ લોહીજ છે. કાળીદાસની એ તરફ નજર પડતાંજ તે ચમકયો, કંપ્યો ભયભિત થયો, પોતાના હાથપર લોહીના ડાવ છે તેનુ તેને સ્મરણ થયુ, સાગભાગ્યે હરિસિંહ કે મુક્તાની તેના હાથ પર નજર પડેલી નહોતી, નહિ તો પરિણામ કાંઇ વિપરીતજ આવત, આ સ્થળે કાળીદાસે સમયસુચકતા વાપરીને એ લોહીમા પોતાનો હાથ તરબોળ

કરી હરિસિંહને બતાવતા બોલ્યો, "હરિસિંહ મને લાગે છે કે આ કબાટમા કોઇની લાશ હોવી જોઇએ નહિ તો આ લોહી કબાટમા ક્યાથી આવે?"

"હા, મને પણ એમજ જણાય છે" હરિસિંહે કાળીદાસને જવાબ તો આપ્યો પરંતુ તેની દ્રષ્ટિ તે કબાટની બાજુમાજ નાખેના મચ્છરદાની જેવા ઝીણા પડદા તરફ હતી કેમકે તેની પાછળ એક મનુષ્યાકૃતી હાથમા કટાર લઇ ફાટી આખે હરિસિંહ તરફ જોઇ રહી હતી

હરિસિંહના આવા વિચિત્ર વર્તનથી ગભરાએલી મુકતા અશ્રુપૂર્ણ નેત્રે ઘડીમા હરિસિંહની સામે તો ઘડીમા કબાટ તરફ જોતી ઉભી રહી એટલામા કાળીદાસે મહા મહેનતે કબાટ ઉંચો કર્યો, ઉંચો કરતાની સાથેજ બહુ ભયંકર દેખાવ તેના જોવામા આવ્યો એક મનુષ્યનુ મૃત શરીર તે કબાટની નીચે પડેલુ હતુ, મુકતાની નજર તે શબ ઉપર પડી અને તરતજ તે લધાના મૃત શરીર તરીકે ઓળખી લીધુ લધાની આ સ્થિતિ થયેલી જોઇ ચુનીલાલ અને સવિતાગૌરીની પણ એજ સ્થિતિ થયેલી હોવાનુ તેણીએ અનુમાન કરી લીધુ હાય! આ હુ શુ જોઉ છુ' એમ કહેતાની સાથેજ તે જમીન પર પછડાઇ પડી હરિસિંહ એ દ્રશ્ય તરફ દ્રષ્ટિ ન કરતા પડદા તરફ વળ્યો અને ત્વરિત ગતિથી પડદાને દુર કર્યો, કાળીદાસ પણ ત્યા ગયો બન્નેએ ત્યા જોયુ તો મોતીલાલ હાથમા કટાર લઇ ફાટી આખે બન્ને તરફ જોઇ રહ્યો છે, તેના સફેદ વસ્ત્રો પર લોહીના ડાઘ પડેલા છે, જે કટાર પેલી રમણીએ બહાર ફેંકી હતી તેજ કટાર મોતીલાલના હાથમા જોઇ કાળીદાસના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, પરંતુ એ સબધી એક શબ્દ પણ ન બોલી જવાય તેના માટે તે સાવધ બન્યો છતા પણ તેના મુખમાથી એ ઉદ્‌ગારો સરી પડયા કે, 'અરે આ શુ! આતો મોતીલાલ"

# પ્રકરણ ૫મું.

## મહાંધ માલિક અને માયાળુ નોકર.

સુજ્ઞ વાચક, હવ આપણે પેલી ભિખારી બાઇ તરફ વળીએ નિર્દોષ ચુનીલાલને દોષ મુક્ત કરાવવાથી તેણીને આનદ તો થયો પરતુ આખો દિવસ એ કાર્યમા રોકાવાથી આજે તેણી કાઇ ખાવાનુ મેળવી શકી નહોતી એથી પોતાના નિર્દોષ પુત્રને આજે પણ ઉપવાસી રહેવુ પડશે, એ વિચારથી તેણીનુ હૃદય કપવા લાગ્યુ રસ્તે જતા એકાદ બે ગ્રહસ્થો પાસે તેણીએ અત્યત અનુકપા ઉપજાવે તેવા શબ્દોમા યાચના કરતા હાથ લબાવ્યો, પરતુ ધનના મદમા અધ બનેલા એ ધનવાનોએ એ ગરીબ બાઇની કશી પણ પરવા કરી નહિ આથી નિરાશ હતાશ બનેલી તે પોતાના નિવાસ સ્થાન તરફ વળી મગનવાદીની પોલીસ ચોકી પસાર કર્યા પછી સ્મશાન તરફ જવાના રસ્તા ઉપર ગાયો માટે બધાયેલુ શાતિ સ્થાન એજ આ ગરીબબાઇનુ નિવાસ સ્થાન હતુ દિવસે ભીખ માગી રાત્રી એજ સ્થાનમા ગુજારતી હતી કેટલીકવારે તેણી ત્યા જઇ પહોચી એ દિવસનો ઉપવાસી બાળક માતા હમણાજ આવશે અને મારા માટે ખાવાનુ લાવશે એવા વિચારમા વરસાદની માફક ગહ જેનો રસ્તામાંજ ઉભેલો હતો, પરતુ માતા આજે પણ ખાલી હાથે આવી છે એવું જ્યારે તેના જાણવામા આવ્યુ ત્યારે તે રડી પડયો, અને રડતા રડતા બોલ્યો "અમા, આજે પણ તુ મારા માટે ખાવાનુ કાઇ ન લાવી અમા મારાથી હવે ભૂખનુ દુખ નથી સહેવાતુ, ચાર ચાર દિવસના ઉપવાસી આ તારા નિર્દોષ

બાળક પર તને જરા પણ દયા નથી આવતી? રહમ, અમા, રહમ કર ખુદાની ખાતર, તારા બચ્ચાની ખાતર મને કાઇ ખાવાનુ આપ"

ખુદા, ઓ ખુદા, ઓ પરવર દિગાર, આ મારા મહાસુમ બચ્ચાને હુ શી રીતે સમજાવુ, તેને શુ ખાવાનુ આપુ, ખુદા રહમ કર, એમ કહેતી તે પોતાના બાળકને ગોદમા લઇ પોક પોક રડવા લાગી માતાને રડતી જોઇ દીગમુઢ બનેલો બાળક પણ ધ્રુસકા મુકી રડવા લાગ્યો, પરંતુ તે શુન્યકાર જણાતા સ્થાનમા તેના રડવાનો અવાજ કોઇએ સાભળ્યો નહિ ભુખથી અશક્ત બનેલા માતા પુત્ર રડતા રડતા અચેત હાલતમા ભૂમી પર ઢળી પડયા

એકાએક એક વિક્ટોરીયા ત્યા આવી ઉભી રહી, બતીના પ્રકાશમા કોચમેને જોયુ તો બે અચેત મનુષ્યાકૃતિ રસ્તાની બરોબર વચ્ચે પડેલી છે આથી તેણે ગાડીને થોભાવી પોતે નીચે ઉતરવાનુ કરતો હતો એટલામા અંદર બેઠેલા મિજાજી માલિકે તેને તેમ કરતો અટકાવી ગાડી આગળ ચલાવવા હુકમ કર્યો

"પણ સાહેબ, રસ્તામા બે માણસો સુતેલા છે તેને તો જગાડવા દો, રસ્તામાથી દુર ખસેડવા દો?" કોચમેને નમ્રતાથી કહ્યુ

"નહિ તેમ કરવાની કાઇપણ જરૂર નથી વિશેષ સમય જવાથી આપણી પાછળ પડેલા પોલીસો આવી પહોચશે અને જો એમ થયુ તો સર્વ બાજી બગડી જશે ચલાવ એ સુતેલા માણસોના ઉપરથી ગાડી ચલાવ"

બેશુદ્ધ પડેલા બાળકના શ્રવણના પુટ પર ઉપરના શબ્દો અથડાતાજ તે એબાકળો ઉઠયો, અને બોલ્યો ભલે, ભલે, ખુશીથી ચલાવો,

અન્નના અભાવે ચાર ચાર દિવસથી ઉપવાસી રહેલા આ બાળકનો એમ કરી જલદીથી અંત લાવો."

"નહિ, નહિ, મારા માહસુમ બચ્ચાપર ગાડી ચલાવશો નહિ બિચારો ચાર દીવસનો ભુખ્યો છે તેનામા ચાલવાની બિલકુલ શક્તિ નથી, ઉભા રહો, દમબાજ હુ તેને બાજુ પર ખસેડી લઉ છુ" એમ કહી ભુખના દુ ખથી અશક્ત થએલી માતા પગુ બેબાકળી ઉઠી પોતાના બાળકને ખસેડવા પ્રયત્ન કરવા લાગી, પરતુ મરણીઓ થએલો બાળક માતાના ગમે તેટલા પ્રયત્ન છતા ત્યાથી એક ઇંચ પણ ખસ્યો નહિ આથી થાકી ગએલી માતા અત્યત આક્રદ કરતી રડવા લાગી, તેના કરૂણાજનક કલ્પાતથી કોચમેનનુ હૃદય પીગળી ગયું, તેણે પોતાના માલિકના સામે જોયુ અને આ બન્ને ગરીબ માતા પુત્રને કાઇ આપવાની યાચના કરી, પરતુ ભવના ભયકર દુતો થી ઘેરાએલા માલિકે તેની એ કરૂણા ભરી યાચનાની કાઇ પણ દરકાર કર્યા શિવાય ગાડીને આગળ ચલાવવાનો હુકમ આપ્યો

"પોતાના માલિકની એ ભયકર આજ્ઞા સાભળતાંજ આવેશમા આવેલો કોચમેન લાલપીળો થતો બોલ્યો, "શુ આ ગરીબ કગાલ અને ચાર ચાર દીવસના ઉપવાસી, માતા પુત્ર પર ગાડી ચલાવુ, એ નિર્દોષ અને અજ્ઞાન અવસ્થામા પડેલા પ્રાણીઓનો જીવ લઇ હુ પાપ ભાગી થાઉ, નહિ કદી નહિ મારાથી એવુ અધમ કૃત્ય નહિજ થાય' મારાથી એ નિર્દોષ પર ગાડી નહિ ચલાવાય' એમ કહેતોજ તે ગાડી પરથી ઉતરી પડયો અને એ ગરીબ માતા પુત્ર પાસે જઇ ગદગદિત કઠે બોલ્યો "માતા તમારા ગમે તેવા કલ્પાત થી આ પાપીઓનુ હૃદય પીગળે તેમ નથી, હુ ગરીબ છુ આપની

સેવા થઇ શકે તેવુ મારી પસે કાઇ નથી અને જે કાઇ છે તે તમારા ઉપયોગમા આવે તેમ નથી કારણ કે હુ જાતનો મુસલમાન છુ હાલ તો મારી પાસે માત્ર આ એક પૈસો છે તેના ચણા લઇ તમારા બાળકને આપો" કોચમેને પોતાના ખીસામાથી પૈસો કાઢી બાળકના હાથમા મુકતા કહ્યુ

"ભાઇ, પૈસાનુ મારે શુ કામ છે હુ ભુખના દુ ખથી બહુજ પીડાઉ છું કૃપા કરી મને કાઇ ખાવાનુ આપો—આ તમારા મુસલ માન ભાઇના દુ ખને કાપો, બાળકથી વિશેષ કાઇ બોલી શકાયુ નહિ તેનો કઠ રૂધાઇ ગયો, તે પડી જવાની અણીપર હતો તેને પકડી લઇ પોતાના હૃદય સાથે ચાપતા તે બોલ્યો "હે! શું તમે પણ મુસ લમીન છો? ઓહ ! ખુદા તારો મારાપર કેટલો ઉપકાર? આવ, આવ, મારા બધુ જો તુ મુસલમીન હોય તો આવ, આ તારા ગરીબ ભાઇના સુકા ટુકડાથી તૃપ્ત થઇ તારાહૃદયને શાન્તિ આપ એમ કહે તાજ તે દયાળુ હૃદયના કોચમેને ગાડીની બેઠક નીચેથી પોતાના માટે રાખેલુ ભાતુ બહાર કાઢી તે બાળકના હાથમાં આપ્યુ અને પોતે તેના પાસે બેઠો

"અરે, ઓ બેવકુફ, આ તુ શુ કરે છે? આમ કરી તુ એક ધનાઢયનુ અપમાન કરે છે." અદર બેઠેલા એક બીજા માણસે કોચ મેનનુ આ વર્તન જોઇ ઠપકો આપતા કહ્યુ

"શુ આ ધનવાન છે? આવા કરપીણુ કૃત્ય કરનાર નરપિશાચ ને ધનવાન કોણ કહે? ખરો ધનવાન તો તેજ છે કે જે પોતાની દોલ તનો ઉપયોગ ગરીબોના ભલા માટે કરે છે. અને દુનિયાને જણાવ્યા

વગર ગરીબોને દુ ખમાથી મુક્ત કરે છે જ્યા આવા ગરીબ અને કગાલોને આશ્રય મલતો નથી એવા ધનવાનોની હુ પરવા કરતો નથી" ક્રાયમેને બેપરવાઇથી જવાબ આપ્યો

"શુ તુ મારાથી બિલકુલ ડરતો નથી? મારા કરપીણ કામો તું જાણતો નથી? અંદરથી માલિકે ડોળા ધુરકાવતા કહ્યુ'"

"જાણુ છુ તમારા જેવા, ગરીબોના ગળા કરી અમારા જેવા ગરીબોની મહેનતથીજ દ્રવ્યોપાર્જન કરનાર દુષ્ટાત્માઓને હુ બરા બર પીછાણુ છુ, બીજાને દુ ખમા નાખીને ગરીબ અને નિરાધારોને બુમો પડાવીને અરે રડાવીને, જેણે પૈસા પેદા કર્યા હોય. તેવાને હુ કેમ ન પિછાણુ? વળી—

"ચુપકર બદમાસ, તારી જબાનને કાબુમા લાવ, નહિતો .

'હા એ માટે મને વિશ્વાસ છે અને એથીજ હું આ મારા કગાલ માતા અને બાળક બધુના રક્ષણ માટે તમારી સમક્ષ શિર ઝુકાવી ઉભો છુ કરી લો, તમારી ઇચ્છામા આવે તે કરી લો, હુ તમારી પાસે દયાની યાચના કરવાનો નથી કારણ કે હુ જાણુ છુ કે જેઓ આવા કગાલ નિરાધાર મનુષ્યોના આસુ સાકરના મીઠા પાણી ની પેઠે પી જાય છે ગરીબ અને વિધવાઓના હાય ભરેલા પોકાર અને વિલાપ જેના કાનને આનદ ઉપજાવે છે., દોલત ઉપરની પ્રિતિ અને લાલચથી જેનું દીલ પથ્થર જેવુ કઠણ થઇ ગયુ છે, તેઓના મન ઉપર કોઇ પણ દીલગીરી અથવા દુ ખ ભરેલો દેખાવ કાઇ પણ અસર કરી શકતો નથી"

"અરે ઓ મુર્ખ ભાનમા આવ નાહક તારી જીદગીને સકટમા ન ઝુકાવ દુ ખી થઇશ, પસ્તાઇશ"

"પરવા નહિ, આ મારી ગરીબ માતાને ખાતર સઘળુ સહીશ "

"તારી જબાન વધતી જાય છે, માલિકે તને ગરીબ નિરાધાર સમજી મારી 'ભલામણથી આજે' પોતાની નોકરી પર રાખ્યો છે તેનો કાંઇ તને ખ્યાલ થાય છે? અરે બેવકુફ, કા ફરી ને ભિખારી થવા ચહાય છે" અંદર બેઠેલા બીજા માણસે સહજ ધમકી આપતા કહ્યુ,

"અરે? ઓ ખુશામતી ખચ્ચર, શુ તુ ગરીબોને નિર્માલ્ય સમજે છે? અરે ઓ મુર્ખ, રસ્તાપર રઝળતા ભિખારીઓજ ભારતને લાભ કારી છે ધનવાનોના સહાયકારી છે, કહેતો ખરો આ તારા માલિકે પોતાની જાત મહેનતથી કેટલો પૈસો મેળવ્યો છે?"

"મુર્ખ, તારી આ કાતિલ જબાનથી તુ તારાજ પગમા કુહાડી મારે છે. તુ જાતનો મુસલમાન છો . ... . .

"હુ જાતનો મુસલમાન છુ, માસાહારી છું, છતા આવા ગરીબ અને કંગાલોનો ગુલામ છુ કુરાને શરીફના હુકમને માન આપનાર સાચો ઇસ્લામ બચ્ચો આવા કગાલો પર થતો જુલમ સાખે નહિ નિર્દોષ નિઃસહાય નિરાધાર બાળક અને તારી જાત પર ગાડી હાંકે નહિ." કોચમેને માલિકને બોલતો અટકાવી વચ્ચેજ કહ્યું

"શુ તુ મારી આજ્ઞાનો અનાદર કરે છે?"

"હા આ તમારી અનીતિ ભરી આજ્ઞાને સેવક ઠોકરે મારે છે એટલુજ નહિ પરતુ મારી નોકરીના પહેલાજ દીવસે તમારા હાથે થએલા કરપીણ કૃત્યો નિહાળી હવે તમારી સાથે રહેવામાં પણ મને કંટાળો આવે છે."

"એટલે તુ શુ કહેવા માગે છે?"

"એજ કે સેવક અત્યારે અને આ સ્થળેજ તમારી નોકરી ત્યાગેછે."

"પરંતુ તું જાણે છે કે મારા જેવા ભયંકર માણસનો ભેદ જાણ્યા પછી ભાગ્યેજ કોઇ જીવતો ભાગે છે"

"એને એથીજ સમય પર ચેતી જવાનું મને યોગ્ય લાગે છે."

"અરે આ બેવકુફ કા હાથે કરીને મોત માગે છે"

"બસ હવે તો આ સેવક તમારા જેવા દુષ્ટાત્માઓની દરકાર નહિ કરતા આ નિરાધાર કંગાલ માતા પુત્રના ચરણોમા શીર ઝુકાવે છે" એમ કહીતાંજ તે કંગાલ માતા પુત્રના ચરણોમા ઢળી પડયો

"શું તું નહિજ માને, નહિજ ચાલે?"

"નહિ."

માલિકને તેમજ તેની સાથે બેઠેલા માણસને કોચમેનના આ જવાબથી ક્રોધ ચડયો પરંતુ ક્રોધ ઉતારવા યોગ્ય આ સમય નહોતો કારણ કે ઘોડા તેનાજ હાથથી ચાલે તેમ હતા નિરૂપાયે બન્નેએ આત્મ સંવરણ કર્યું, બન્ને ઘણા ચાલાક અને ધુર્ત હતા, કોચમેનને કોઇપણ રીતે પ્રસન્નતા મળે તેવુ વર્તન ચલાવવાનુ બન્નેને યોગ્ય લાગ્યુ

"ભાઇ માનીજા, માલિકની સ્થિતિનો કાંઇ ખ્યાલ કર, અત્યારે તે ભયમા છે તેને એવી સ્થિતિમા છોડી જવા એ તારા જેવા પ્રમાણીક નોકરનુ કામ નથી" આસપાસના સંયોગોનો ખ્યાલ કરી છેડાએલા કોચમેનને શાંત પાડવાના ઉપદેશથી અંદર બેઠેલા એક બીજા માણસે ઘણાજ નમ્ર શબ્દોમા કહયુ

"ખરૂ છે મારૂ મસ્તક ભયથી ભ્રમિત થઇ ગયુ છે અને એથીજ આવેશમા મારાથી બોલાઇ જવાયુ છે માટે ભાઇ ગાડી ચલાવ અને આ મારા માલિકને ભયથી બચાવ,' સમય સુચક શેઠે પણ

પોતાની સ્થિતિનુ ભાન આવતા સ્વાર્થ સાધ્ય કરી લેવાની ઇચ્છાથી કોચમેનને મસ્કા લગાડવા માડયો

"શેઠજી તમારા એ મસ્કાથી આ બધા ભોગવાય તેમ નથી આપ ધનવાન છો એટલે એ ધનના બળે ગાડી પોતાની મેળે ચાલી જશે અમારા જેવા ગરીબની મદદ તમારે શા માટે લેવી જોઇએ" કોચ મેને ટકોર મારતા કહયુ

"હવે એ વાતને જવાદે, તારી મદદ વગર મારો ઉદ્ધાર નથી સામેથી કોઇ ગાડી આવતી હોય એમ જણાય છે, દયાકર ભાઇ મને મદદ કર," ભયને નજીક આવતો જોઇ માલિકે તેમાથી બચવા કોચ મેનને કાલાવાલા કરવા માડયા

પરતુ કોચમેન એકનો બે થયો નહિ પણ દુર ઉભી રહી આ સર્વ દ્રશ્ય જોતી પેલી કગાલ બાઇનુ હૃદય પીગળી ગયુ, તે નજીક આવી અને નિર્દોષ ભાવથી કોચમેન તરફ ફરીને બોલી

"ભાઇ શાન્ત થા, તુ નોકર છે ઇશ્વરે તને નોકરી કરવાજ મોકલ્યો છે અને એથી તુ દુનિયાની ફીકર ચિતાથી ઘણો ખરો મોકળો છે તો પણ નોકરની આબરૂ પ્રમાણિકપણામા છે. નોકરની ખરી મોટાઇ શેઠના હુકમને તાબે થવામા છે"

'પણ માતા, નોકરને તાબેદાર બનાવવાનું શેઠની પ્રમાણિકતા ઉપર આધાર રહે છે એ તમે કેમ ભુલી જાઓ છો? આ શેઠની ખાનદાની મે મારી એક દીવસની નોકરીમાજ જોઇ લીધી છે જો કે તેમનુ ખરૂ નામ અને રહેવાનુ સ્થાન હુ પુરેપુરૂ જાણી શકયો નથી તો પણ આજે તેમના હાથે થયેલા કરપીણ કામો હુ જોઇ શકયો છુ શુ કહુ માતા આ શયતાને એક ઉદારાત્મા

હજુ તો તેનુ બોલવુ પુરૂ થાય તે પહેલા ચુપકર બદમાશ એમ કહેતોજ શેઠ ગાડીમા ઉભો થઇ ગયો અને કાઇ ભય ભરી વસ્તુ તેના સામે તાકી, પરતુ તે પોતાનુ કામ પુરૂ કરે તે પહેલા ઘોડો ચમકયો, અદર બેઠેલા બીજા માણુસે રેન પકડી તેને રોકવા ઘણો પ્રયત્ન કર્યો, પરતુ તે નિષ્ફળ ગયો. ગાડી પૂર જોસમા દોડવા લાગી અને એ અબોલ પ્રાણીએ એક નિર્દોષ મનુષ્યનો પ્રાણ બચાવી લીધો

ગાડી કેટલેક દુર જવા પછી કોચમેનને કાઇ ખ્યાલ આવ્યો તે નિશ્વાસ નાખતો બોલ્યો "માતા ગજબ થયો, એક નિર્દોષ અબળા એ ગાડીમા બેશુદ્ધ પડેલી હતી ! તેને બચાવવાનુ તો હુ ભૂલીજ ગયો હવે શુ થશે! એ પાપીઆઓ કોણ જાણે એ બિચારીની શુ દશા કરશે !"

"હે ? શુ એક બેશુદ્ધ અબળાને ઉપાડી જનાર એ બદમાશો હતા?" તે ભિખારી બાઇએ આશ્ચર્ય ચકિત ભાવે પૂછ્યુ

"હા માતા, એ પિશાચોના હત્યાકાડનો હેવાલ હુ આપને પ્રસગે સમજાવીશ હાલ તો એ નિરાધાર અબળાના બચાવ માટે કાઇ કરવુ જોઇએ"

"હા, અવશ્ય કરવુ જોઇએ અબળાને બચાવવાનુ કામ અબળાનેજ સોપવુ જોઇએ માટે ભાઇ તમે અહીજ ઉભા રહો, હુ હમણાંજ આવુ છુ અને બનશે તો એ અબળાને પણ મારી સાથેજ લાવુ છુ." એમ કહેતી પ્રત્યુતરની કાઇપણ પરવા નહિ કરતા તે પરોપકારી પુરૂષે આપેલા પ્રસાદથી મળેલી શકિતને એકત્ર કરી ત્વરિત ગતિથી જે તરફ ગાડી ગઇ હતી તે તરફ ચાલવા માડી, તેનો બાળક પણ તેની પાછળ દોડ્યો, થોડીજવારમા બન્ને માતા પુત્ર અધકારમા અદ્રશ્ય થઇ ગયા તે પરોપકારી પુરૂષ થોડીવાર તો મ્હો વિકાસી

ઉભો રહયો. પરતુ કાંઈ વિચાર આવતા તે પણ તેની પાછળ ચાલ્યો હજુ તો તે બહાદુર ગયો નહિ હોય એટલામા એક ગાડી તેના પાસા માથી પસાર થઇ અને ઘણીજ ઝડપથી અદર બેઠેલા એક માણસે તેને અદર ઉપાડી લીધો અને ગાડી પુર જોસમા દોડાવી મુકી

## પ્રકરણ ૬ ઠું.

### પતિ પત્નીનો અચાનક મેળાપ.

સર્વત્ર અધકાર વ્યાપી રહેલો છે, સર્વ મનુષ્યો નિદ્રાને સેવે છે, ત્યારે એક સ્ત્રી આબલીવાળા તળાવની નજીક આવેલા ડુંગરાની તળેટીમા એક પત્થર પર બેસી પોતાના ભાગ્યને દોષ દેતી કાંઇ બબડેછે

હુ કયા છુ, મને અહી કોણ લાવ્યુ? મારૂ જીવન આજે જોખમમા આવી પડેલુ જણાય છે મને આ સ્થળે મુકી જનાર મહા દેવજ હોવો જોઇએ, સવિતાગૌરીનો સર્વ નાશ કરવામાં એ બદમાશ ને મારી સહાયતા ન મળી એથી એ પાપીઆએ મારી આ દશા કરેલી હોવી જોઇએ, અરેરે! તેમના સસર્ગથી મારૂં અધપતન થયુ છે? તેમના લીધેજ મે મારા શીર પર પાપોની ગાસડી બાધી હતી, મારા ધર્મને ધોઇ નાખી અધર્મનુ અવલબન સ્વીકાર્યું હતુ તેમને લીધેજ મે મારા માલિકથી જુદાઇ કરી હતી, હાય! તેમના મોહમા લુબ્ધ થઇ મે મારા રમણી જીવનના સકળ સર્વસ્વને પાપના પંકમા ડુબાવી દીધુ છે, તેમની શીખવણીથીજ મે નિર્દોષ મુક્તા પર અત્યત અત્યા

ચારો કર્યા હતા, પાપ પુણ્યના ભિષણ સગ્રામમા પાપનો પરાજય થતા આવ્યો છે. પુણ્યની વિજય ધ્વજા ફરકતી જોવામા આવે છે "કરણી તેવી પાર ઉતરણી" એ સુત્રનો હવે મને સપુર્ણ સાક્ષાત્કાર થાય છે ભલે મે સવિતાના સસર્ગ પછી, એ પાપીઓનો સગ છોડી દીધો છે અને એ શયતાનના કોઇ પણ પાપ કર્મમા મે મારો હિસ્સો આપ્યો નથી તો પણ મેં અનેક પાપો કરેલા છે, કરેલા કર્મનુ ફળ અવશ્ય મળેજ છે અકર્મ કરીને આ સસારમા સુખી થવાની આશા રાખવી એ પ્રાણુહારક મૃગજળથી તૃષ્ણા શાત કરવાની આશા રાખવા બરાબર છે મેં ઘણા પાપો કરેલા છે અને તે મારે ભોગવવા પડે તેમા કાઇ આશ્ચર્ય નથી.

બરાબર આ સમયે એક એવો અવાજ સભળાયો કે

સાહેબ કે દરબારમે, ક્યોકર પાવે દાદ
પેહેલે કામ બુરા કરે બાદ કરે ફરિયાદ

તે સ્ત્રીએ સામે દ્રષ્ટિ કરી તો સર્વ શુન્યકાર હતુ રાત્રીના ઘોર અધકારમા તે કાંઇ જોઇ શકી નહી. પણ એકાએક એક ભય કારાકૃતિ. તેની સામે આવીને ઉભી રહી તેના હાથમા એક ખજર હતુ તેને જોતાજ એક ભયની ચીસ પાડી તે જમીન પર ઢળી પડી

સુજ્ઞ વાચકોએ આ સ્ત્રીને ઓળખી હશે, એ ગુલાબજ હતી ચુનીલાલને ફસાવવા બદમાસોએ કરેલી ગોઠવણુ ગુલાબના જાણુવામા આવી ગઇ હતી એથી તેણી ચુનીલાલને સાવચેત કરવાની કાઇ પણ કોશીષ કરે, તે પહેલા તેઓએ તેણીને બેશુદ્ધ બનાવી ચુનીલાલના

મકાનમાંજ 'પુરી ફેસ્યાનો' તેઓનો ઇરાદો હતો, પરંતુ તેમ કરવામા તેઓને નિરાશા મળી એથી આપણે ગયા પ્રકરણમાં વાચી ગયા તેમ એક ઝાડીમા બેશુદ્ધ હાલતમાં લાવી એ બદમાશોજ તેને અહી મુકી ગયા હતા

"અદબજાત હવે કલ્પાંત શા કામનો પ્રથમથીજ સમજી હોત તો આજે આ દશા ન હોત" તે ભયકર પુરૂષે તેણીનો હાથ પકડી ઉઠાડતા કહ્યુ

"ખરૂ છે ભાઈ, મનુષ્ય પાપ કરવા પહેલા પરિણામનો વિચાર કરતા નથી. અને આખરે પસ્તાય છે

" અરે પસ્તાય છે એટલુંજ નહિ પરંતુ અમારા જેવા મનુષ્ય માસાહારીના હાથે રીબાઇ, રીબાઇ, આખરે એ માલિકના દરબારમા પોતે કરેલા પાપાનો જવાબ આપવા પહોચી જાય છે, અને તેના ચર્મ અને હાડકાઓને ગીધ, વાયસ, આદિ પક્ષિઓ ફોલી ખાય છે"

" એટલે શુ ? તમે મને મારી નાખશો ? મારા જેવી નિરાધાર અબળાને તમારા હાથથીજ કાપશો ?"

" હા, એટલા માટે તો તને અહી લાવવામા આવી છે"

" શું, તમેજ મને અહીં લાવ્યા છો ? "

' નહિ, જેને તુ હમણા યાદ કરતી હતી, તેજ તારો પ્રેમી અને મારો સાશ્રિત તને અહી મુકી ગયો છે"

" શુ એ તમારો સાશ્રિત છે? તમો તેને ઓળખો છો? "

"ઓળખુ છુ એટલુજ નહિ. પરતુ તેના કરપીણ કામો પણ સારી રીતે જાણુ છુ તે અને તેના જેવાજ બીજા બદમાસોના કાર સ્થાનનું ગુપ્ત સ્થાન આજ છે"

"ભાઇ, જ્યારે તમે એ પિશાચના પિશાચિક કર્મથી જાણીતા છો ત્યારે એ પિશાચના પંજામા સપડાએલી આ અબળાને શા માટે મારો છો? બચાવો, બચાવો, ભાઇ હુ તમારે શરણે છુ."

"નહિ નહિ, કદિ નહિ મારા એ મિત્રના માર્ગમા કંટક રૂપ બનેલી કામિની તારો આજે નાશ કરીશ, તેના માર્ગને સાફ કરીશ"

"એમ કરી શું તમો સ્ત્રી હત્યાનુ પાપ વહોરી લેશો"

"હા, એવા અનેક પાપો આ હાથે કર્યા છે. અરે કબરમા દફનાવેલા મડદાઓને બહાર ખેચી કાઢી તેના માંસથી પોશાએલુ આ શરીર હવે દુનિયાના કોઇપણ પાપથી ડરે તેમ નથી.'

"શુ તમો મનુષ્યના મડદાઓના માસનુ ભક્ષણ કરો છો? અને એટલા માટેજ અહીં રહો છો?"

"હા, મનુષ્યના મડદાઓના માસથી ઉદરને પોષુ છુ, અને તેના પર ઓઢાડેલા કફનને મારા સાગ્રીતો દ્વારા બજારમાં વેચી તેના પૈસાથી શરાબ આદિ માદક પદાર્થ મગાવુ છુ ભાગ્ય યોગે મડદુ નથી મળતુ તો તારા જેવી અબળા અથવા આ રસ્તે પસાર થતા મનુષ્યો પર પણ છરી ચલાવુ છુ,"

"અફસોસ! ભાઇ થોડા સમય પુર્વે સાભળેલુ દશ્ય નજરે નીહાળી હુ કંપુ છું. પરતુ ભાઇ, આ સઘળુ તમો કયા ભવ માટે કરો છો? શું તમો પોતાને અમર સમજો છો?"

" અમર તો કોઇ રહ્યું છે. કે હુ રહીશ, પણ જીવુ છુ ત્યાં સુધી તો મારા ઉદરનુ પોષણુ મનુષ્ય માસ ભક્ષણુથીજ કરીશ દુનિયાના એક પણુ પાપથી હવે નહિ ડરીશ કારણુ કે મારા માટે આ શિવાય હવે બીજો કોઇ રસ્તોજ રહ્યો નથી ચાલ તૈયાર થા "

" હાય ! ત્યારે શુ તમે મને મારીજ નાખશો ? "

"હા' એમ કહેતાજ તે ભયકર પુરૂષે પોતાના હાથમા પકડેલુ ખજર ઉંચુ કર્યું "ઓહ? અરે? કોઇ આવો, આ ભયકર રાક્ષસના હાથથી આ નિરાધાર અબળાને કોઇ બચાવો, બચાવો," એમ બોલતાં તેણી તે ભયકર માણુસના હાથમાથી છટકી ધરણી પર ઢળી પડી

" કોણુ છે? કોણુ છે ? આ સ્મશાન સમાન જણુાતા વેરાનમા ભયકર રાત્રિએ તારો બચાવ કરનાર કોણુ છે? "

"છે, છે, જેનુ કોઇ નથી તેનો ખુદા છે" એમ કહેતી અને શ્વાસ ભેર દોડતી એક રમણી સામેથી આવતી જણાઇ

પ્રિય વાચક, આ રમણી બીજી કોઇ નહિ, પરતુ આપણી પુર્વ પરિચિતા ભિખારણીજ હતી. તેની પાછળ તેનો બાળક પણુ દોડતો આવતો હતો. પિશાચ ગમે તેટલો પાપી છતા આ રમણીના મુખમાંથી નીકળેલા ઉપલા શબ્દો સાભળી ચમકયો, કપ્યો ભયભિત થયો રમણીના નજીક આવવા પછી ધડીભર તેના સામુ જોઇ રહયો, પરતુ અધકારને લઇ તે તેણીને ઓળખી શકયો નહી કેટલીક વારે તે બોલ્યો "શુ, તું એક અબળા મારા ભક્ષને તારા શરણુમા લેશે ?"

"નહિ, મારો ખુદાજ તેને મદદ દેશે, પણ કહે તો ખરો કે તુ આ અબળાને શા માટે દુખી કરે છે ? તેણીએ તારૂ શુ બગાડયુ છે ? જો, જો, તે બિચારી તારા ભયથી કંપે છે, અરે! તારા હાથમા કટાર જોઇ જમીન પર પડી પડી પણ થરથરે છે."

"ઓહ, તેની કોણ પરવા કરે છે ? જા અહીંથી ચાલી જા, નહિ તો તારા પણ તેવાજ હાલ થશે."

'અફસોસ? તુ કેટલો નિર્દય છે ? શુ, તું આ સ્રીને કોઇ પણ રીતે નહિ બચાવી શકશે? '

"નહિ, તે નહિ બનશે આ સ્રીને હુ કોઇ પણ રીતે બચાવી શકુ તેમ નથી, કારણ કે તે મારા મિત્રના માર્ગમા કંટકરૂપ છે"

"અરે ! ઓ મુર્ખ મિત્રના માર્ગમાથી દુર કરેલા આવા કોમળ કંટકો, ખુદાના દરબારમા જતી વખતે પાછા તનેજ ખુચશે."

"ભલે, તેનુ સમય આવે જોઇ લેવાશે, હમણા તો મનુષ્યના મડદાઓના માસથી પોષાએલા આ શરીરને એ અબળાના કુમળા માસથી પોષણ આપવા દે"

"ઓહ? શું તેં મનુષ્ય માસ ભક્ષણથીજ તારા આ નાશવત શરીર ને ટકાવ્યું છે? અફસોસ! જો તુ મનુષ્ય માસ ભક્ષણથીજ તૃપ્ત થતો હોય, તો લે, લે, અમો માતા પુત્રના બન્નેના શરીરમાથી માંસ કાપી લે, અને એ બિચારી આશાભગી અબળાને છોડી દે મારૂ કે મારા પુત્રનુ આ દુનિયામાં અત્યારે કોઇ નથી, એટલે અમારા જવાથી કોઇના હૃદયને કાંઇ આઘાત થાય તેમ નથી, વળી અમો અમારી ખુશીથી અમો અમારૂ બળીદાન આપાએ છીએ એટલે તને દોષ પણ લાગ-

વાનો નથી દયા કર, દયા કર, ઓ ખુદાના બંદા દયા કર, એ અબળાને મુક્ત કર, હુ તારે પગે પડુ છુ "

"હા, ચાચા હું પણ તમોને કરગરી કહુ છુ કે મારી માતા કહે છે તેમ કરો જો તેમ કરવામા તમારી હિંમત ન ચાલતી હોય તો લાવો એ કટાર મારા હાથમાં આપો, મારા શરીરમાથી હુ જ તમોને માસ કાપી આપુ છુ "

પાપીનુ હૃદય પીગળી ગયુ? તેના હાથમાથી કટાર પડી ગઇ બાળકે તે ઉપાડી લીધી અને બોલ્યો ચાચા "કયા અગનુ માસ આપને જોઇએ છીએ."

"સબુર, નિર્દોષ બાળક સબુર, પ્રથમ તારી માતાને બે પ્રશ્નો પુછવા દે," એમ કહેતાજ તેણે બાળકના હાથમાથી કટાર છીનવી લીધી અને તે અબળા તરફ ફરીને ઘણાજ નમ્ર ભાવે બોલ્યો, "બાનુ તમે કોણ છો? તમારા દેખાવ પરથી તમો હિદુ જાતિના હો એમ જણાય છે "

"નહિ હુ પતિથી વિખુટી પડેલી એક મુસલમાન અબળા છું, શહેરમા ભીખ માગીને પેટ ભરૂ છુ, ફાટ્યા તુટ્યા વસ્ત્રો અને સુકા રોટલા પર મારો અને મારા પુત્રનો નિર્વાહ ચલાવુ છુ. એક હિદુ ગૃહસ્થ તરફથી મળેલા વસ્ત્રો મે પરિધાન કરેલા હોવાથી હિદુ જેવી દેખાઉ છુ," તેણીએ ખુલાસો કરતા કહ્યુ

"ત્યારે તુ મુસલમાન હોવા છતા એક હિદુ રમણીના બચાવ માટે આટલી બધી આતુર કેમ છે?"

"હિંદુ હો કે મુસલમીન, પરંતુ તે બન્ને એકજ માતાના સંતાન છે, તેઓની પરસ્પરમાં નીકટ સગાઇ છે, હિંદુ અને મુસલમીન બન્ને આપસમાં સગા ભાઇ છે, પરોપકાર એ બન્નેનું પ્રાધાન્ય કર્તવ્ય છે, હિંદુઓને ગીતા અને મુસલમાનોને કુરાન એજ કર્તવ્ય સમજાવી રહ્યા છે. કુરાનમાં માંસ ભક્ષણ કરવામાં દોષ નથી એમ કદાચ કહ્યું હશે, પરંતુ હરેક મુસલમાને માંસાહાર કરવોજ જોઇએ. એવુ ફરમાણ તો નહિજ હોય જો તુ ખરો મુસલમીન હોય તો આવા ભયકર કૃત્યો છોડી દઇ નિર્દોષ પ્રાણીઓનો વધ કરવાને બદલે તેને બચાવવાની કોશીષ કર; મનુષ્ય માંસ અને તે પણ મરેલા મનુષ્યોના મડદાઓનું માંસ ખાઇ તે તારી બુદ્ધિને ભ્રષ્ટ કરી નાંખી છે તજદે, તજદે, એ ખુદાના બંદા હવે એ દુષ્કર્મને તજદે ખુદાનો ખોફ કર કુરાને શરીફની આજ્ઞાને માન્ય કર" બોલતા બોલતા તે રમણીની આંખમાંથી આંસુઓ સરી પડયા.

અનુકંપાથી પાપીનું હૃદય પણ દ્રવિત થઇ ગયું તે મનમાજ બબડયો. "આના એકે એક શબ્દો મારા હૃદયની આરપાર ઉતરી મને મારા કર્તવ્યનું ભાન કરાવે છે, મારો ધર્મ સમજાવે છે ખરેખર હુ મારો ધર્મ ચુકયો છુ, માર્ગ ભૂલ્યો છું, ઓ ખુદા મને માફ કર." એમ કહેતાજ તેણે કટાર જમીનપર ફેંકી દીધી"

"કેમ ચાચા, આ શુ કરો છો? અમને પરોપકાર કરતા કેમ અટકાવો છો?" બાળકે નિર્દોષ ભાવે કહ્યું

"ક્ષમા કર, બિરાદર, મારી ભૂલ થઇ. હવે મને બરાબર સમજાયુ કે હુ મારા પોતાનાજ રૂધિરનું પાન કરતો હતો, કુરાને શરીફના

કાનુનથી બરખલાફ જતો હતો ઓહ! આ મે શુ કર્યું! માસ ભક્ષણુની લાલસામા, અરે, આ પાપી પેટને પોષવામા મેં કેવા કેવા કૃત્યો કર્યા શુ કદમુળ પાદડા આદિ બીજા પોષક પદાર્થ નહોતા કે મે માસ ભક્ષણથીજ આ શરીરને પોષ્યુ! અરે! તે પણ મનુષ્યના મડદાઓનુ! ધિક્કાર! ધિક્કાર! ઓ અવિચારી જીવ તારી દુષ્ટવૃતિને સહસ્ત્રાવધિ ધિક્કાર છે!!! ખરેખર માસ ભક્ષણ કરનારની વૃતિ હમેશા મલિનજ રહે છે બસ આજથી. હુ પ્રતિજ્ઞા કરૂ છુ કે કદાપી માસ ભક્ષણ અને મદિરા પાન નહિ કરૂં, દેવી મને ક્ષમા કર, આજે તે મને તાર્યો છે, ઉગાર્યો છે" એમ કહેતોજ તે રમણીના ચરણમા ઢળી પડ્યો, પેલી સ્ત્રી કે જે ભયથી બેશુદ્ધ બની ગઇ હતી તેણીએ તદ્રા અવસ્થામા માના પુત્ર અને એ પાપી વચ્ચેનો પહેલાનો સવાદ સાભળ્યો હતો. એટલે તેણી સમજી કે પાપી તેઓનો ઘાત કરવા ખજર ઉપાડે છે આથી તે એબાકળી ઉઠી અને થરથરતે અવાજે બોલી, "નહિ, નહિ, ઓ પરોપકારી માતા હુ તમોને મારે ખાતર નહિ મરવા દઉ. આવ, આવ, ઓ અત્યાચારી આવ, તારી ખુની ખંજર એ પરોપકારી માતા પુત્ર ઉપર નહી ચલાવતા મારા ઉપર ચલાવ"

"નહિ, નહિ, ઓ વહાલી બહેન." હવે હુ તારો ભક્ષક નહિ પરતુ રક્ષક છુ, માસાહારી નહિ પરતુ મિતાહારી છુ. આવ, આવ, બહેન. આ તારા અભાગી બધુને આશિર્વાદ આપ એમ બોલતા તેણે ભિખારી બાઇના ચરણ પાસેથી ઉઠી તે સ્ત્રીના આગળ ગરદન ઝુકાવ્યુ

"ભાઇ સુખી રહો પ્રભુ તમારૂ કલ્યાણ કરો.' પછી તે ભિખારણી તરફ ફરીને બોલી, "માતા આજે તમે મને જીવતદાન આપ્યું છે આ જીદગીમા તમારા આ ઉપકારનો બદલો વાળી શકુ તેમ નથી તો પણ

આપનો પરિચય આપી મને કાંઇ સેવા સોપો, મને તમારા ચરણમાજ સ્થાન આપો, મારૂ આ દુનિયામા કોઇ નથી"

"બહેન, હુ પણ તારા જેવીજ દુખિણી છુ, પતિથી વિખુટી પડેલી અભાગણી છુ એક એ પણ સમય હતો કે હુ મારા પતિ સાથે આનદથી રહેતી હતી, આજે એ પણ સમય છે કે ઘેર ઘેર ટુકડા માગવા છતા પણ ઉદરને પુરતુ પોષણ મળતુ નથી અરે બહેના કોઇ કોઇ વખતે તો અમારે ઉપવાસી સુઇ રહેવુ પડે છે. આજે ચાર દીવસથી અમો ગાના પુત્ર ઉપવાસી હતા ખુદા એ પરોપકારી મુસલમાન ભાઇનુ ભલુ કરે કે જેણે આજે પોતાના હિસ્સાનું અનાજ આપી અમોને સતોષ્યા બહેન, મારા પતિ પણ તેવાજ ઉદાર અને મોટા દિલના હતા ' બોલતા બોલતા તેણીનુ હૃદય ભરાઇ ગયુ કઠ રૂધાઇ ગયો

"માતા, મને જીવતદાન આપનાર વહાલી માતા, ગભરાઓ નહિ આજથી આ તમારી પુત્રી તમારી સાથેજ રહેશે, અને આ મારા બાળક બધુને પોતાનો સગો ભાઇજ સમજશે, તમારે બદલે હુ ભીખ માગીશ, મહેનત મજુરી કરીશ, પરતુ તમને દુખી થવા નહી દઇશ," એમ કહેતાજ તેણીએ બાળકને પોતાની ગોદમા લઇ લીધો

"હાય! અફસોસ! ઓ અભાગી કરીમબક્ષ, જો, જો, એક અબળા પોતાના પર ઉપકાર કરનારને કેવો બદલો આપે છે હાય! જ્યારે તુ તેવા મનુષ્યોને તારા હાથથીજ કાપે છે . .. ."

કરીમબક્ષ એવુ નામ સાભળતાજ ભિખારણી ચમકી તે થોડે નજીક આવી એક ઝાડના થડ સાથે બાધેલી લાલટેન ઉપાડી લઇ તેના

પ્રકાશમાં તેણીએ તે પુરૂષનો ચહેરો જોયો, જોતાજ તેણી ઓહ કોણ ! મારા નાથ! મારા પતિ! પ્રભુ, તમારી આ દશા? એમ બોલતીજ તે બેશુદ્ધ થઇ જમીનપર ઢળી પડી. કરીમબક્ષે પણ તેણીને ઓળખી લીધી હે કોણ મરીયમ! ઓ ખુદા, ઓ ખુદા, આ હુ શુ જોઉ છુ? એમ કહેતો તે બેશુદ્ધ થયેલી સ્ત્રીની પાસે બેસી ગયો પેલી સ્ત્રી અને બાળક દીગમુઢ જેવા ત્યાજ સ્થિર થઇ ગયા

સુજ્ઞ વાચકોએ આ પુરૂષને ઓળખ્યો હશે, તે બીજો કોઇ નહિ પરતુ આપણો પુર્વ પરિચિત ઉમેદમલનો ક્રાયમેન અને કુલટા કેસરના નાકનું નિકદન કરનાર કરીમબક્ષ પોતેજ હતો અને આ ભિખારણી તે તેમની પત્નિજ હતી અને તેણીનુ નામ મરીયમ હતુ

# પ્રકરણ ૭ મું.

## કરીમબક્ષની કર્મ કથા.

કેટલીકવારે મરીયમ શુધ્ધિમા આવી, કરીમબક્ષને પોતાની પાસે બેઠેલા જોઇ તે જરા દુર ખસી ઉભી થઇ અને ઉન્માદ અવસ્થામા બોલી, "શુ તમેજ કરીમબક્ષ છો ? નહિ, નહિ, મારો કરીમબક્ષ, મારો પતિ મનુષ્ય હિસા કરેજ નહિ. મને કાંઇ સ્વપ્ન ભાસ થયો છે"

"નહિ દેવી, આ સ્વપ્ન નહિ પરતુ સત્ય છે હુજ તારો અભાગી કરીમબક્ષ છુ. મારી દુષ્ટ વૃતિએજ મને આ કામમા પ્રેર્યો છે. શુ

કહ્ુ મરીયમ, હુ એક કુલટાના મોહપાશમા સપડાઇ માલિકથી બેવફા થયો, કુલટાના કૃતિમ પ્રેમ અને પૈસાનો હુ ગુલામ બન્યો તારા જેવી વફાની પુતળીને ત્યાગી, હું વનવાસી થયો, દેવી મને ક્ષમા કર તને કહ્યા વગરજ હૈદ્રાબાદથી ઉમેદમલ શેઠે. કરાચીથી પકડી આણેલી કુલટા કેસર સાથે નાઠો અને આખરે તેણીનાજ કાવત્રાનો ભોગ થયો" એમ કહી તેણે કેસર સાથે બનેલો પ્રસગ અને પોતાના હાથે તેણીનુ નાકનુ થએલું નિકદન એ સર્વે સવિસ્તર કહી સભળાવ્યુ

કેસરનુ નામ સાભળતાજ ગુલાબ ચમકી, તે જરા નજીક આવી બોલી, "શું કેસર હૈદ્રાબાદમા હતી? તેની સાથેજ તમો નાસી આવેલા હતા? અફસોસ! એ કુલટાના ભયકર કૃત્યો સાંભળતાજ મારૂ હૃદય કપી ઉઠે છે, અરેરે એ પિશાચણિએ બિચારા સુદરરાયને પણ તમારી માફક ફસાવ્યો હતો, મુક્તાને મરણના મુખમા મુકી હતી, મારા જેવી અનેક અબળાઓનો એ રડાએ ભવ બગાડયો હતો. જો તેણીનો પતો લાગે તો કેટલાક પૈશાચિક કર્મો થતા અટકે, કારણ કે મને અહીં મુકી જનાર દુષ્ટાત્મા મહાદેવની એ પત્નિ થાય.'

"હૈ! શુ કેસર મહાદેવની પત્નિ થાય ત્યારે તો ખરેખર તુ કહે છે તેમ તેણી પકડાય તો અત્રે ચાલતા કેટલાક પૈશાચિક કર્મનો અત આવી જાય કારણ કે મહાદેવજ સઘળા કાગસ્થાનોનુ મુળ છે એ હુ મારા કેટલાક જાતિ અનુભવ પછી જાણી શકી છુ " મરીયમે ગુલાબને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યું

"પિતા, શુ એ રડા હજુ મગરપીરમાજ છે?" ગુલાબે કરીમબક્ષ ને ઉદ્દેશીને કહ્યુ

"હુ એ જાણુતો નથી કારણ કે જ્યારે મે તેણીના નાકનુ નિકદન કર્યું ત્યારે તેણીની બુમો સાભળી લોકોનુ એક ટોળુ અમારી તરફ મે આવતા જોયુ અને હુ તે રડાની આખી જીદગીની કમાઇ જેમા ભરી હતી, ને પેટી લઇને નાઠો અને ડુગરોમા લપાતો છુપાતો ખબરાણુ પહોચ્યો. અહી મને એક મુસલમાન ભાઇનો ભેટો થયો, મે તેને મારા પર વિતેલી સર્વ હકીકત નિવેદન કરી, પ્રથમ તો તેને મારા પર ક્રોધ ચડયો અને મને પકડાવી દેવાની ધમકી આપી પરતુ જ્યારે મે તેને કાલાવાલા કર્યા અને મળેલી રકમમાથી, અરધ રકમ આપવાની લાલચ આપી, ત્યારે તેણે મને પોતાની ઝુપડીમા આશ્રય આપ્યો. કેટલાક દીવસ તો હુ તેની સાથે રહયો પરતુ એક દીવસે મરપીરથી મારી પુઠ પકડનાર માણુસો પૈકી એક પોલીસ કર્મચારી ત્યા આવી પહોચ્યો મારા સોબતી સાથે થએલી વાતચીત પરથી હુ સમજી ગયો કે તે મારીજ તપાસ માટે આવ્યો છે હવે અહી રહેવામા સલામતી નથી એમ ધારી કેસર પાસેથી મેળવેલી રકમની કાઇ પણ દરકાર નહિ કરતા માત્ર ત્રણ કપડા ભેરજ હુ ત્યાથી પલાયન કરી ગયો, પરતુ નશીબ "બે ડગલા આગળનુ આગળ" હોવાથી અને કરેલા કર્મનુ ફળ ભોગવવા સરજાએલુ હોવાથી હુ રસ્તામાજ એક ભયકર કાવત્રાનો ભોગ થઇ પડયો"

"શુ એ દુષ્ટ મહદેવ અને તેના દગાબાજ દોસ્તોએજ તમને ફસાવ્યા? તેઓજ તમને અહી લાવ્યા? મરીયમે પ્રશ્ન કર્યો"

"નહિ મરીયમ, તેઓની સાથે નો અહી આવ્યા પછી મારી મૈત્રી થઇ છે પ્રથમ તુ મારી કર્મ કથા સાભળી લે, સાભળ્યા પછી તને જણાશે કે મારા વિચીત્ર ભાવીએ મને ભયકર દુખમા ડુબાડી

કીધો છે અને એથીજ મે આ રસ્તો લીધો છે એમ કહી કરીમબક્ષે પોતાની વાત આગળ ચલાવી, મરીયમ અને ગુલામ શાંત ચિત્તે સાંભળવા લાગ્યા

કેટલેક દુર જતા પછી એક કુમારીકા અને બે ત્રણ પુરૂષો મને રસ્તામા મળ્યા, કુમારીકાને જોકે મુસલમાની પોશાકમા સજ કરેલી હતી તો પણ તે હિંદુની કન્યા હોય એમ અનુમાન થતુ હતુ તે અત્યંત સ્વરૂપવતી હતી, તેણીની ઉંમર આશરે સોળ વર્ષની હશે. વાતચિત પરથી એ ત્રણે પુરૂષો કુમારીકાને કોઇ જગાએથી ઉપાડી લાવી, તેણીને વહેચવાના ઇરાદાથી નીકળ્યા હોય એમ જણાતુ હતુ એટલુજ નહિ પરંતુ મલીરના એક જમીનદાર ભાઉની સાથે પાંચ હજારમા સાટુ કરેલુ છે એમ તે ત્રણ પૈકી એકના બોલવા પરથી હુ સમજી ગયો આ ત્રણે પુરૂષો હિંદુ હોવાથી કન્યાના પિતા તરીકે કોને ઉભો કરવા એ સબંધી વિચારમાજ હતા એટલામા મારો ભેટો થઇ ગયો અને મનેજ એ કન્યાના પિતા તરીકે ઓળખાવવાનો એ લોકોએ નિશ્ચય કીધો મને સર્વ હકીકત સમજાવ્યા પછી હુ તેમના કહેવ પ્રમાણે કરું ··· મને એક હજાર રૂપિઆ આપવાની તેઓએ લાલચ આપી, મારી પાસે એક પાઇ પણ ન હોવાથી. ભવિષ્યના નિર્વાહ માટે મળતી એ રકમને જતી કરવી એ ઠીક નથી એવા મિથ્યા લોભમા ફસાયો અને તેની દરેક સરતો કબુલ કરી, એ કુમારીકાનો ભાડુતી બાપ બની ગયો, હવે અમે પગ રસ્તે મલીરના માર્ગે વળ્યા ત્યા પહોંચ્યા પછી અગાઉથી થએલા સંકેત મુજબ પાંચ હજાર રૂપીઆ રોકડા લઇ મલીરના એક યુવાન જમીનદાર ભાઉની સાથે, ત્યાના રીત રીવાજ મુજબ મારા હાથેજ એ કુમારીકાના લગ્ન થયા

અને ત્યાર પછી બે ચાર દીવસો અમે મલીરમાજ રહયા ત્યા અમારી મિજબાનીઓ થવા લાગી કહેવાની ફરજ પડે છે કે મારા સોબતી હિંદુ ભાઇઓએ પણ અમારી સાથે બેસીનેજ ખાણુ લીધુ, તેમના આ વર્તનથી મને આશ્ચર્ય તો લાગ્યુ પરતુ એ સબધી એકપણ પ્રશ્ન પુછવાની મારી હિમત ચાની નહિ

મિજબાનીઓ ખલાસ થવા પછી એક રાત્રિએ જ્યારે અમો સુતા હતા ત્યારે મે મારા એ સોબતીઓ પાસે મારા હિસાના રૂપીઆ માગ્યા તેના જવાબમા તેઓએ મને જણાવ્યુ કે હજુ આપણે બેચાર દિવસ અહીં રહેવાનુ છે અને તે દરમીયાન બીજી પણ કેટલીક રકમો આપણને મળવાની છે, એટલે એ સઘળી રકમ એકત્ર થયા પછીજ આપણે તે સરખે હિસ્સે વહેચી લઇશુ લાલચ બુરી છે કાંઇક વિશેષ મળવાની આશાથી હુ બદમાસોની વાકજાળમા ફસાયો પણ બીજે દિવસે રાત્રે જ્યારે હુ અમારે ઉતારે આવ્યો ત્યારે મને જણાયુ કે તે બદમાશો મારી આખમા ધુળ નાખી પસાર થઇ ગયા છે એટલુજ નહિ પરતુ પેલી કુમારિકા પણ જમીનદારનુ ખૂન કરી ઘરમાથી કેટલાક દાગીનાઓ અને રાકડ લઇને ચાલી ગયેલી છે હવેજ મને મારી ભુલ સમજાઇ, એ બદમાસોએ પોતાનો સ્વાર્થ સાધ્ય કરવા અને સઘળો આરોપ મારા પર ઢોળી પાડવા માટેજ મને એ કન્યાના બાપ તરીકે ઓળખાવ્યો હતો હવે શુ કરવુ? કયા જવુ? અહીંથી કેવી રીતે છટકવુ? એવા અનેક વિચારોથી હુ દીવાના જેવો બની ગયો એકાએક છક, છક, કરતો રેલવેનો અવાજ મારે કાને પડયો એક પળનો પણ વિલબ નહિ કરતા હુ બેઠો હતો ત્યાથી ઉઠયો અને મુડીયો વાળી દોડતો સ્ટેશન પર આવી પહોચ્યો. ત્યા ઉભેલા લોકોના ટોળાની નજર

ચુકાવી, સ્ટેશનની બાજુમા આવેલા એક નાના બગીચામા લપાતો છુપાતો હુ ગાડી પાસે પહોચ્યો. અને પ્લેટ ફોર્મની પાછલી બાજુથી ગાડીમા ચઢી બેઠો જો કે રાત્રિના અધકારમા મને કોઇ જોઇ શક્યુ નહિ તદપિ અહી પણ ખુની છોકરી અને તેના બાપને પકડવાનીજ વાતો ચાલી રહી હતી માગી દરેક પળો હુ હમણા પકડાઇ જઇશ, એવા ભયમા પસાર થતી હતી એવામા "રેલવેજા સબ ડબા ડીઠા તેમજ બદમાસજો પતો ન લગો વખને બગીચે મજ યા ઉનજે અસપાસ લિકાયા ન હુજે હલો ત ઉતે હલી તપાસ કરીયુ શાયદ વ ઉને હુદા" એવો અવાજ મારે કાને પડયો હુ સમજી ગયો કે તેઓ અમારીજ તપાસ કરી રહયા છે અને મારા સોબતીઓ પણ હજુ મલીરમાજ છે સારા ભાગ્યે હુ જે ડબામા બેઠો હતો તેમા બીજા કોઇ પેસેન્જર નહોતા એટલે તે ડબામા પડેલી એક મોટી પેટીમા છુપાઇ જવાને હું ઉઠયો, પરતુ એવામા ગાર્ડની સીટીનો અવાજ સભળાયો, ગાડી ઉપડી અને મે છુટકારાનો દમ ખેચ્યો, પરતુ ગાડી ડીગરોડ પહોચે તે પહેલા પેટી આસ્તે આસ્તે ખુલતી હોય એમ મને જણાયુ, એટલુજ નહિ પરતુ ગાડીની મુતરડીમાર્થી એક માણસ બહાર નીકળી મારી સામે આવી ઉભો રહયો. હુ ભયથી કપ્યો, આવનારને કાઇપણ પ્રશ્ન કરૂ તે પહેલા પેટીમાથી બે માણસોએ બહાર નીકળીમને ચુપ રહેવાની ઇશારત કરી હુ અવાક બની ગયો આ ત્રણે માણસો તે બીજા કોઇ નહી પરતુ મારા સોબતીઓજ હતા કેટલીકવારે તે ત્રણ પૈકી એક બોલ્યો ગભરાવાનુ કાઇ કારણ નથી, ભયને અમોએ પ્રથમથીજ પરલોક પહોચાડી દીધો છે, એમ કહી તેણે બેચ નીચે છુપાવેલી એક વસ્તુ તરફ આગળી કરી મે તે તરફ જોયુ તો તે એક સ્રીનુ મડદુ

હતુ જેણીના જમીનદાર ભાઉની સાથે લગ્ન કરવામા આવ્યા હતા એજ તે સ્ત્રી હોવી જોઇએ એમ મે અનુમાન કરી લીધુ અને મારૂ એ અનુમાન ત્રણે બદમાસોની સાથે થએલી વાતચીતને અંતે સત્ય ઠર્યું એ લોકોએ અગાઉથી કરી રાખેલા સંકેત અનુસાર એ લાશને પેટીમા છુપાવી દીધી અને કેટલોક પુખ્ત વિચાર કર્યા પછી અમો ત્રણેએ ડીગરોડ સ્ટેશનેજ ઉતરી જવાનુ નકી કરી લીધુ ગાડીની ગતિ ધીમી થઇ, અમો સમજ્યા કે સ્ટેશન આવી પહોચ્યુ આસપાસનો કાઇ પણ ખ્યાલ નહિ કરતા અમે એક પછી એક ધીમેથી ઉતરી પડયા પરંતુ ઉતર્યા પછી અમોને માલુમ પડ્યુ કે સ્ટેશનતો હજુ બહુ દુર હતુ, સીગનલ અપાએલુ ન હોવાથી ગાડી સીગનલની રાહ જોતી ધીમી ગતિએ ચાલતી હતી એક પળ અમોને ફરીને ગાડીમા બેસવા નો વિચાર આવ્યો પરંતુ બીજીજ પળે તે બદલાઇ ગયો જે થાય તે સારા માટે એ સુત્રો ધ્યાનમા લઇ અમો થોભ્યા ગાડી ઉપડી અને અમે પણ રસ્તો માપ્યો છેક સવારે અમો આ સ્થળે આવી પહોચ્યા આખી રાત્રિના તાપ અને પરિશ્રમથી થાકેલા અમોએ કબરસ્થાનમા વસ્તા એક મુસલમાન ફકીરનો આશ્રય લીધો, તે ઉદાર દીલના વૃદ્ધ ફકીરે બે ચાર દીવસ તો અમારો સારો સત્કાર કીધો પરંતુ જ્યારે અમોએ અમારા દુખની કહાણી તેમને સંભળાવી અમારા ઉદ્ધારનો માર્ગ બતાવવાની યાચના કરી, ત્યારે તે ભયભિત થયો કારણ કે અમારા પાપોનો પડઘો અહીં સુધી પણ સંભળાયો હતો એટલુજ નહિ પરંતુ અહીંના કેટલાક પોલીસ કર્મચારીઓને પણ અમારી તપાસ માટે નિયુક્ત કરવામા આવ્યા હતા એ મર્મ આ વૃદ્ધ ફકીરના જાણુ-વામા હતુ વળી ઓછામા પુરૂં પેલી કુમારીકાની લાશ પણ પોલીસોને મળી આવી હતી એટલે એ વૃદ્ધ ફકીર જો અમોને વધુ સમય પોતાની

પાસે રહેવાદે તો પણ જીદગી જોખમમા આવી પડે તેમ હતુ. આથી તેમણે ઘણાજ નમ્ર શબ્દોમા પોતાનુ સ્થાન છોડી જવાની અમોને સુચના કરી નિરૂપાયે અમો તે સ્થાન છોડી ગયા, મરીયમ, એ વૃધ્ધ ફકીરની જગ્યાએ કોઇ બીજો હોત તો જરૂર અમોને પકડાવવાની કોશીશ કરત, કારણ કે અમોને પકડી લાવનારને મોટું ઇનામ આપ વાનુ જાહેર કરવામા આવ્યું હતુ પરંતુ એ ઉદાર દીનના ફકીરે ઇનામની લાલચને ઠોકરે મારી "કરશે તે ભરશે" એ સુત્રને ધ્યાનમ લઇ અમોને સલામત છટકી જવા દીધા હુ એક વાત તો તમોને કહેતાજ ભુલી ગયો કે જમીનદાર પાસેથી મળેલી રકમ અને કુમારીકાએ ચોરી આણેલા દાગીના વગેરે જે થેલીમા રાખેલા હતા, તે થેલી અમો ગાડીમાથી ઉતાવળથી ઉતરી જતા ગાડીમાજ ભુલી આવ્યા હતા એટલે અત્યારે અમારી પાસે એક પાઇ પણ હતી નહિ. અને હોય તો તનો કશો ઉપયોગ કરી શકાય, એવી અમારી સ્થિતિ નહોતી બે ત્રણ દીવસતો અમોએ ભુખમા વીતાડયા, પરંતુ ત્રીજે દીવસે અમોને તે અસહ્ય થઇ પડ્યુ. ભુખનું દુખ અમારાની ન સહેવાયુ આખરે લાચાર નિરૂપાય બનેલા અમો હવે એકજ નિશ્ચય પર આવ્યા અને એ તે કે કોઇ પશુ હાથ ન લાગે તો છેવટ મનુષ્ય માસ ભક્ષણથી પણ ઉદરને પોષણ આપવુ. આખા દીવસના પરીશ્રમ પશ્ચાત પણ જ્યારે કોઇ પશુ અથવા મનુષ્ય ન મળ્યુ ત્યાર અમોએ અમારા આ શ્રયદાતા એ ઉદાર વૃધ્ધ ફકીરનેજ રેંસી નાખવાનો વિચાર કર્યો. મરીયમ શુ કહુ, તેજ રાત્રે અમોએ બિચારા નિર્દોષ ફકીરનો વધ કર્યો અને તેના માસથી અમારા આ પાપી પેટને પોષણ આપ્યુ, તેના હાડ ચર્મને જમીનમાં દફનાવી ઉપકાર કરનારને અપકારથી

બદલો આપ્યો આ કૃત્ય કરતી વખતે મને જે અનુકંપા ઉત્પન્ન થઇ હતી. તેનુ વર્ણન શબ્દોમા થઇ શકે તેમ નથી પરંતુ ભય અને ભુખ ના વારંવાર થતા પ્રહારોના પરિણામે એ અનુકંપાએ અલ્પ સમય માજ ક્રુરતાનુ સ્વરૂપ ધારણ કર્યું અને જમીનમા દફનાવલા મનુષ્ય ના મુડદાઓને બહાર ખેચી કાઢી તેનાજ માસથી અમો અમારા ઉદરને પોષણ આપવા લાગ્યા, અદ્યાપિ અમારૂ એજ કર્તવ્ય છે "

હાલ કેટલાક સમય થયાં અમારાથી પણ વિશેષ ક્રુર કર્મો કરનારા શયતાનોની સાથે અમોને મૈત્રી થએલી છે, આ નિર્દોષ બ્હેન ને અહી મુકી જનાર એજ શયતાન મંડળના બદમાસો હતા અને મારી સાથેના મારા સોબતીઓ પણ પ્રથમ એજ ટોળીના સાગ્રીતો હતા, એટલે તેઓ દ્વારા મડદાઓના કફન બજારમા વહેચાવા તેમાથી ઉત્પન્ન થએલા દ્રવ્યનુ અનાજ, શરાબ, આદિ મંગાવીએ છીએ, અને દુખે, પાપે, દિવસો નિર્ગમન કરીએ છીએ.

શુ કહુ મરીયમ, આ તારા કરીમબક્ષના હાથે આવા અનેક પાપો થયા છે ભયના ભયંકર દુતોથી ઘેરાએલો આ કરીમબક્ષ આ સ્થાન છોડી બીજે કયાય શાંતિ મેળવી શકે તેમ નથી, આ મારા મહાસુમ બચ્ચાને કોઇપણ રીતે સુખી કરી શકુ તેમ નથી આ સ્થાન ભયથી ઘેરાએલુ છે એટલે તમોને અહીં રાખી મારી સાથે મુસ્કેલી મા નાખવા મારો ઇરાદો નથી, જો કે તારી આ સ્થિતિ જોઇ મારૂ હૃદય કંપે છે, પણ લાચાર હુ તારા માટે કાંઇ પણ કરી શકુ તેમ નથી જા, મરીયમ તુ જ્યાથી આવી છે ત્યા ચાલીજા, આ અભાગી કરીમબક્ષને ભુલીજા, તારા સુખને માટે તુ કોઇ અન્ય માર્ગ શોધી લે જા, સુખી થા, બોલતા, બોલતા, કરીમબક્ષનુ હૃદય ભરાઇ આવ્યુ

તેનો કંઠ રૂંધાઇ ગયો, તેની આંખોમાંથી ચોધાર આંસુઓ પડવા લાગ્યા મરીયમથી તે ન જોઇ શકાયા. કરીમબક્ષ ગમે તેવો પાપી હોવા છતાં તેણીને તેના પર સહજ પણ તિરસ્કાર આવ્યો નહિ, તેણી તેને ગળે વળગી પડી રડતા, રડતા, બોલી શૌહર શું તમે મરીયમને બેવફા સમજો છો? તમારી આવી સ્થિતિ જોઇ તમારા પ્રેમ અને સ્નેહ ને ભુલી જઇ, અલ્પાયુ આ શરીરને પોષવા પોતાના સુખનો માર્ગ શોધી લે એવી મરીયમ કૃતઘ્ની છે એમ માનો છો! નહિ, નહિ, ઓ પ્યારા શૌહર ગમે તેટલા સંકટોમાં પણ હવે તો હું તમારી સાથેજ રહીશ શૌહરના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેવું એ અમારૂં સ્ત્રીઓનું પરમ કર્તવ્ય છે. એ કર્તવ્યનું હું પાલન કરીશ, તમારી સાથે રહીને તમારી સેવા બજાવીશ

"હાય! મરીયમ, તારા એક એક શબ્દો મારા હૃદયની આરપાર ઉતરી મને વ્યથિત કરે છે, મે કરેલા પાપોનો મને પારાવાર પશ્ચાતાપ થાય છે હાય! મરીયમ, આ અભાગી તને કાંઇ પણ સુખ આપી શક્યો નથી, અરે! જો તું કોઇ ગ્રહસ્થના ઘરમાં ગઇ હોત તો તારી આ દશા ન થાત!"

કરીમબક્ષના આ શબ્દો સાભળી મરીયમ રડતા રડતા બોલી "નાથ, ના બોલો, એવું ઓછું ના બોલો, મને તમારા તરફથી જે સુખ મળ્યું છે. તે ગ્રહસ્થના ઘરમાં ન મળી શકત"

"શાબાશ મરીયમ તારી સહનશીલતા અને તારામાં છુપાઇ રહેલા આવા ઉત્તમ ગુણોને, અત્યાર સુધી હું અભાગી ન જાણી શક્યો અરેરે! જો તું મને ચાહતી નથી એમ મેં જાણ્યું હોત મારી

આ દુખી હાલત જોઇ તુ દુખી થઇ ન હોત, અને અન્ય સ્ત્રીઓ ની માફક મારી સાથે વ્યવહાર કર્યો હોત તો મને આટલુ દુખ ના થાત. મરીયમ જા, દુરાગ્રહ ન કર—મારી સ્થિતિનો ખ્યાલ કરી આ સ્થાનનો તુ ત્યાગ કર, અહીં રહેવાથી તુ દુખી થઇશ" કરીમ બક્ષે કહ્યુ.

"પગ્વા નહિ દુઃખો સઘળા સહીશ, પરંતુ તમારો ત્યાગ નહિ કરીશ તમે ગમે તેટલુ કહેશો ગમે તેટલુ કરશો તો પણ હું તો અહીં યાજ રહીશ" મરીયમ પોતાના નિશ્ચયને વળગી રહી.

મરીયમને પોતાના નિશ્ચયમા અડગ જોઇ કરીમબક્ષ મુઝાયો હવે શું કરવુ, મરીયમને કેવી રીતે સમજાવવી, તેના વિચારમા ઘડી ભર તે ચુપ રહયો, કેટલીકવારે તે બોલ્યો "મરીયમ, મે તને મારી સર્વ દુખદ કહાણી સભળાવી છે, મારા પાપ કર્મોનો પણ પુર્ણ પરી ચય કરાવ્યો છે. આ પરથી તુ એટલુ તો સમજી શકી હોઇશ કે મારા પર ક્યારે આફત આવશે, હુ ક્યારે પકડાઇ જઇશ, એ અનિ શ્ચિત છે. આવી સ્થિતિમા મારા રહેઠાણની કોઇને માહિતિ મળી જાય તો મારી શુ સ્થિતિ થાય, એનો ખ્યાલ કરવાનુ તનેજ સોપુ છુ મરીયમ તારો આ દુરાગ્રહ મને વધારે દુખમા નાખે તેવો છે માટે જા, માનીજા, ખુદા મહેરબાન થશે, તો આપણે ફરી મળીશુ!" કરીમબક્ષે મરીયમને સમજાવવાનો પ્રયત્ન કરવા માડ્યો

"એટલે શુ, આપનો અહીથી છુટકારો થાય, એવો કોઇ રસ્તોજ નથી' કરીમબક્ષની દલીલો વ્યાજબી જણાયા પછી તેને વધારે દુઃખમા નહિ નાંખવાના ઇરાદાથી મરીયમે નિશ્વાસ નાંખતા એ પ્રશ્ન કર્યો

"નહિ, કરીમબક્ષ આ જીંદગીમા તો આ સ્થિતિમાથી મુક્ત થાય એમ જણાતુ નથી ' કરીમબક્ષે પણ તેવોજ જવાબ આપ્યો.

"ભુલો છે, કરીમબક્ષ ભુલો છો તમારી મુક્તિનો માર્ગ ખુલ્લો છે " અત્યાર સુધી બન્ને વચ્ચે ચાલતી વાતચિત શાત ચિતે સાભળતી અને ગભરાએલા બાળકને ગોદમાં લઇ દુર ઉભેલી ગુલાબે નજીક આવી કરીમબક્ષને આશ્વાસન આપતા કહયુ

"હે શુ ખરૂ કહે છે? મારા નાથનો આ કારાગારમાથી છુટકારો થશે' તેઓ શહેરમા સુખેથી ફ્રરી શકશે? કહે, કહે, બહેન એ કયો રસ્તો છે?" મરીયમે અધીરાઇથી પુછયુ

"એજ કે તમારે મારી સાથે ચાલવુ પડશે અને કરીમબક્ષે આ સ્થાનનો કેટલાક સમય માટે ત્યાગ કરવો પડશે." ગુલાબે જવાબ આપ્યો

"પરતુ બહેન, આવી સ્થિતિમા એ કયા જશે? જો તે કોઇનાં જોવામા આવશે તો તે પકડાઇ જશે " મરીયમે રડતા રડતા કહયું

"નહિ માતા, એમ નહિ બનશે. શયતાન ટોળીના સરદાર મહાદેવના બે સોબતીઓ અત્રે હોવાથી એ કાર્ય ઘણુજ સહેલુ થઇ પડશે, આવતી કાલે આપણે એક એવો રસ્તો કરીશુ કે મારા પિતા કરીમબક્ષ ધારેલે સ્થળે સલામત પહોચી જશે " એમ કહી ગુલાબે મરીયમના કાનમા કાઇક કહયુ, મરીયમ ખુશી થએલી જણાઇ પરતુ કેટલીક વારે કાઇ વિચાર આવતા તે નિશ્વાસ નાખતી બોલી

"ગુલાબ, તુ કહેછે તેમ કરવામા તો દ્રવ્યની જરૂર પડશે, પરતુ તેતો મારી કે મારા શૌહરની પાસે નથી, તેનુ કેમ થશે? "

"માતા, મને જીવતદાન આપનાર વહાલી માતા, એ ચિંતા તમારે કરવાની નથી. હું તમારી રૂણી છું, આજના તમારા ઉપકાર નો બદલો હું મારી જીંદગીભર વાળી શકું તેમ નથી, આજથી તમો મારી માતા, કરીમબક્ષ મારાપિતા, અને આ બાળક મારો ભાઇ છે, ગમે તેવા સંકટો સહન કરીને પણ હું આ મારા ભાઇનું રક્ષણ કરીશ, તમારી સેવા કરીશ, મારી પાસે થોડી ઘણી પુંજી છે તેમાંથી થોડા પૈસા આ મારા ભાઇને માટે રાખી લઇ બાકીના મારા પિતાને આપી દઇશ કે જેથી હું તેઓને જે સ્થળે મોકલવાનું કહું છું ત્યાં જઇ તે ધંધો કરશે. અને અહીંનું તેના પરનું આફતનું વાદળ વીખરાઇ જતાં સુધી તેઓ ત્યાંજ રહેશે હું પણ મારા માલિકની નોકરીમાં જોડાઇ જઇશ અને ત્યાંથી મને જે કાંઇ મળશે તે તમોને આપીશ તેમાંથી તમારૂં ગુજરાન પણ ચાલી શકશે બાકી પાસેની સઘળી રકમ મે મારા આ વહાલા ભાઇને આપવાનો નિશ્ચય કરેલો હોવાથી તમારી ગમે તેટલી આનાકાની મને અસર નહિ કરી શકે, માટે એ સંબંધમાં એક શબ્દ પણ ઉચ્ચારવાની જરૂર નથી હા, જા, મારા પિતા ત્યાંથી સારૂં કમાઇ લાવે અથવા કાંઇ મોકલાવે તો જે રૂપીઆ હું તમોને આપું તે આ મારા ભાઇને વ્યાજ સાથે ભરપાઇ કરી આપજો

"ગુલાબ, ગુલાબ, તું કેટલી બધી ઉદાર છો! હું અભાગી તારો ખુની હોવા છતાં .

'પિતા બહુ થયું મારે આપની એ વાતો નથી સાંભળવી કૃપા કરી અમને જવાની આજ્ઞા આપો, આવતી કાલે સઘળો બંદોબસ્ત કરી હું આપને અહીંયાજ મળીશ અને આપને રવાના કર્યા પછી હું બનશે તો થોડાજ સમયમાં આપના પર ઘેરાએલા આ આફ

તના વાદળને વિખેરી નાખીશ.' ગુલાબે કરીમબક્ષને ધીરજ આપતા ટુકામાજ પતાવ્યુ

મરીયમને ગુલાબના ખરા પસીનાની કમાઇથી પતિનો બચાવ કરવાનુ યોગ્ય નજ લાગ્યુ અને તેથી તેણે ગુલાબનો નિશ્ચય ફેરવવા ઘણુ સમજાવ્યુ પરતુ ગુલાબના નિશ્ચયને ફેરવવામા તેણી નિષ્ફળ નિવડી, ત્યારે લાચારી સાથે, તેણી ગુલાબને તાબે થઇ વળી ગુલાબ ચુનીલાલને ત્યાજ નોકરી કરતી હોવાથી અને પોતે પણ ચુનીલાલને દોષ મુક્ત કરવામા સહાયતા આપેલી હોવાથી, તે દ્વારા સહેલાઇથી કરીમબક્ષને મુક્ત કરી શકાશે, એમ પણ તેણીને લાગ્યુ. હવે તેણી કાંઇ પણ આનાકાની નહિં કરતા ગુલાબની સાથે જવાને તૈયાર થઇ અને કરીમબક્ષની સાથે કેટલીક મસલત કર્યા પછી સર્વ છુટા પડયા

## પ્રકરણ ૮ મું.

## હરિસિંહની મુશ્કેલીઓ.

ચુનીલાલના મકાનમા મોતીલાલને હાથમા ખજર પકડી ઉભેલા જોઇ હરિસિહને આશ્ચર્ય લાગ્યુ આણદલાલના મકાનમાથી મોતીલાલ પોતાની પાછળ નીકળેલો છતા એટલીવારમા તે અહી શી રીતે આવી શકયો! એ હરિસિહથી સમજાયુ નહિ, તે ઘડીભર મોતીલાલના સામે જોઇ રહ્યો, પરતુ જયારે તેણે જોયુ કે મોતીલાલ નાસવાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે તેણે ત્વરિત ગતિથી આગળ જઇ

મોતીલાલને પકડવા પોતાનો હાથ લબાવ્યો, પરતુ તે તેનુ કાડું પકડે તે પહેલા બતી બુઝાઇ ગઇ તો પણ હરિસિહે આગળ વધી. મોતીલાલને બાથમા લઇ લીધો કાળીદાસે બતીની ચાપ દાબી તેથી પુન ઓરડામા પ્રકાશ ફેલાયો હરિસિહે પ્રકાશમા જોયુ તો પકડાએલો મોતીલાલ નહિ પરતુ હુસેનખા હતો, અને તે પણ નિર્જીવ જણાતો હતો આણદલાલની માફક તે પણ પ્રાણહારક વિષનો ભોગ થયો હોય એમ જણાતું હતુ કારણ કે તેની પણ આણદલાલના જેવીજ સ્થિતિ હતી હરિસિહે તેને ધીમેથી એક કોચ પર સુવાડયો, અને બારીક દ્રષ્ટિથી તેનુ અવલોકન કરવા લાગ્યો તેના માથાપર એક નાનો જખમ માલુમ પડયો, પ્રાણહારક વિષ રેડવા માટેજ એ જખમ કરેલો હશે, એવુ અનુમાન હરિસિહે કરી લીધુ અને તે સાથે હુસેન ખાનુ ખુન કરનાર એજ આણદલાલનો ખુની છે, એમ પણ માની લીધુ

આજનો હત્યાકાડ એ આણદલાલે બનાવેલા વિલનુ જ પરિણામ અને એ વિલ માટે મુક્તા અને મોતીલાલ એ બેનીજ માત્ર તકરાર હોવી જોઇએ પૈસા માટે પત્નિએ પતિનુ અને પુત્રે પિતાનુ ખુન કરવાના ઘણા દાખલા બન્યા છે એટલે મોતીલાલે મહાદેવ દ્વારા આ હત્યાકાડ કરવાની ગોઠવણ કરી હોય. તો એમા કઇ શક જેવુ નથી કારણ કે આણદલાલે મુક્તાના નામનુ વિલ બનાવેલુ છે, એમ મુક્તાના કહેવાથી જણાય છે. એ જો સત્ય હોય તો જે મિલકતનો પોતે હકદાર છે, તે મિલકત બીજાને મળેલી જોઇ આવેશમા મોતીલાલેજ આણદલાલનુ ખુન કર્યું હોય, અને તે આરોપ મુક્તાના પર ઢોળી પાડવા તેણીને રસાયનવાળા ઓરડામા ધકેલી દીધી હોય તો એ બનવા જેવુ છે મુક્તા ચુનીલાલને

ત્યાજ રહેતી હોવાથી, તે પણ મુક્તાની સાથે સામેલ હોય, એમ બતાવવાને બદમાશો દ્વારા આ કારસ્થાન રચેલુ હોવુ જોઇએ જો એમ ન હોય તો તે ખુની ખજર સાથે અહીં આવેજ શા માટે? પરન્તુ પ્રશ્ન એ થાય છે કે આણુદલાલના મકાનમાથી અમો સર્વ સાથે નીકળ્યા, છતા મારા પહેલા તે અહીં પહોચ્યો શી રીતે' આવા અનેક તરંગોમા અથડાતો હરિસિહ એકાએક કાઇ વિચાર આવતા ટેલીફોન પાસે ગયો અને પોલીસ સ્ટેશન પર ટેલીફોન કરી પાચ સાત પોલીસોને ચુનીલાલના મકાનપર મોકલી આપવા જણાવ્યુ અને પોતે ચુનીલાલનુ આખુ મકાન ફરી વળ્યો ચુનીલાલ, સવિતાગૌરી કે ગુલાબ એ ત્રણમાથી કોઇનો પતો ન લાગ્યો હરિસિહ અજબ થયો તેના હૃદયમાથી અનેક વિચારો પસાર થઇ ગયા. થોડીજવારમા પોલીસો આવી પહોચ્યા. તેઓને પોતાના આવતા સુધી મકાનની તેમજ લધા અને હુસેનખાની લાશોની સંભાળ રાખવાની સુચના કરી પોતે બહાર નીકળ્યો, જતા જતા કાળીદાસને પણ પોતાના આવતા સુધી ત્યાજ રહેવાનુ કહેતો હતો હરિસિંહના આ વિચીત્ર વર્તનથી મુકતા તો દિગમુઢ જેવી બની ગઇ, કેટલીકવાર સુધી તેણી હરિસિહ ગયો તે તરફ જોઇ રહી, કાળીદાસ પણ આશ્ચર્ય ચકિત દ્રષ્ટિએ ઘડીમા લધાનીલાશ તરફ તો ઘડીમા હુસેનખાના નિર્જીવ શબ તરફ જોઇ રહયો પોલીસો મકાનની અદર આમતેમ ફરવા લાગ્યા ઓરડામા શાંતિ પ્રસરી રહી

ચુનીલાલના મકાનમાથી બહાર નીકળી હરિસિહ રામબાગ ટાડીખાતા તરફ જતા રસ્તા તરફ વળ્યો

આવી ભયકર રાત્રિએ આવા ભયકર રસ્તા ઉપર એકલા જવુ એ જાણી જોઇને કુવામા પડવા જેવુ, કે બળતી આગમા ઝપ લાવવા જેવુ હતુ કારણ કે આપણે જે વખતની વાત કરીએ છીએ તે વખતે એ રસ્તો હાલના જેવો નિર્ભય નહોતો છતા હરિસિહ હાથમા લીધેલુ કામ પુરૂ કરવામા એટલો તો દ્રઢ હતો કે તે જીવની પણ દરકાર રાખતો નહોતો જ્યારથી ડિટેકટીવનો ધંધો હાથમા લીધો ત્યારથીજ તેણે પોતાના પ્રાણની મમતા છોડી દીધી હતી વળી આવા બદમાસોના પ્રસગમા તો તેમને રાત્રિ દિવસ વારવાર આવવુ પડતુ એટલે તે વધારે દ્રઢ અને સાહસિક બન્યો હતો તેમજ તેમના પરિચયમા એકાદ વાર પણ આવા ગએલા, કે તેને ઓળખતા એવા બદમાસો પણ એકદમ તેની સામે થઇ શકતા નહોતા સર્વે તેમના નામથીજ કપતા હતા,

અસ્ત્ર શસ્ત્ર તથા બીજા પણ આવશ્યક પ્રાણ રક્ષક હથીઆરો હરિસિહ ગુપ્ત રીતે પોતાની સાથેજ રાખતો હતો જેવો તે વિક્ટોરીયા મ્યુઝીયમ પાસે પહોચ્યો તેવોજ તેને મોતીલાલ સામો મળ્યો હરિસિંહ અજબ થયો આ વળી અહીં કયાથી? એકાએક એ ઉદગારો તેના મુખમાથી સરી પડયા

મોતીલાલની તેના પર નજર પડતાજ તે બોલી ઉઠયો, ઓહો! કોણ હરિસિહ, શુ મુક્તાને ઘેર મુકી આવ્યા?

"હા મુક્તાને ઘેર મુકી આવ્યો "

"ત્યારે હવે આ તરફ કયા જાઓ છો?"

"તમારાજ માટે હુ આવતો હતો" હરિસિંહે કાઇક વ્યગમા કહ્યું

"મારા માટે!" મોતીલાલે આશ્ચર્ય પામતાં પ્રશ્ન કર્યો

"હા, તમારા માટેજ, હુસેનખાનુ ખુન કરી નાસી જનાર મોતીલાલને પકડવા માટેજ"

'હે શું! હુસેનખાનુ ખુન થયુ છે?'

"હા, અને તે પણ ચુનીલાલના મકાનમા તમારા હાથેજ થયેલુ મે મારી નજરે જોયુ છે" હરિસિંહે કહ્યુ

'હે! મારા હાથે ખુન થયુ? અને તે તમે નજરે જોયુ? આશ્ચર્ય! હરિસિંહ તમોને કાઇ ભ્રમતો નથી થયો! હજુ તો હુ ભાઇના મકાન-પરથી સીધો ચાલ્યો આવુ છુ, અને તમે કહો છો કે ચુનીલાલના મકાનમા મે ખુન કર્યું છે"

ખુની અને ખુનીઓનો પતો મેળવવાનુ કામ હવે જરાએ મુશ્કેલ નથી, એમ હરિસિંહે કરેલુ અનુમાન મોતીલાલના આ જવાબથી ખોટુ પડ્યુ મારી આખે જોયેલુ સાચુ કે આ મોતીલાલ કહે છે તે સાચુ એવા અનેક તર્ક વિતર્કો તેના મનમા એક ક્ષણમા પસાર થઇ ગયા અને તે ઘડીભર મોતીલાલના મુખ સામે એકીટસે જોઇ રહ્યો

"હરિસિંહ, શુ તમોને મારા બોલવાપર વિશ્વાસ નથી આવતો?" હરિસિંહને ચુપ રહેલો જોઇ કેટલીક વાર મોતીલાલે એ પ્રશ્ન કર્યો

"નહિ, બિલકુલ નહિ મોતીલાલ, મારી દ્રષ્ટિએ જોયેલુ દ્રશ્ય અસત્ય હોવાનો મને બિલકુલ વિશ્વાસ નથી"

આ સાભળતાજ મોતીલાલનો ચહેરો વિકાળ બની ગયો આખરે તે એટલુજ બોલ્યો કે " તમને જવાબ આપવાની અને તમારી સાથે વ્યર્થ સમય ગુમાવવાની હુ કાઇ પણ જરૂર જોતો નથી, તમને કાઇક ભ્રમ થયોછે, તમારી તપાસમા તમે ભૂલ્યા છો, હુ સત્યજ કહુ છુ કે ભાઇના મકાનપરથી નીકળી હજી હુ ઘેર પણ ગયો નથી, અને તમો ચુનીલાલને ત્યા મારા હાથે હુસેનખાનુ ખુન થવાની વાત કરો છો, એ કેટલુ બધુ આશ્ચર્યજનક છે? હરિસિહ, આ સર્વ ભ્રમ છે, જુઠુ છે " મોતીલાલે ઉશ્કેરાઇ જઇ કહ્યુ

"મોતીલાલ, ભ્રમ નહિં પરતુ સત્ય છે, તમોએ હુસેનખાનુ ખુન કર્યુ છે એટલુજ નહિ, પરતુ તમારા ભાઇના ખુનના સબધ મા પણ મારા સાથીઓ તમારા ઉપરજ શક લાવે છે" હરિસિહે ક્રોધાવેશમા કહયુ.

હરિસિહના આ શબ્દો સાભળી ક્રોધથી મોતીલાલનુ આખુ શરીર કપી ઉઠયુ, આખમા આસુ ભરાઇ આવ્યા, અને એક એવી તો ચકરી તેને આવી કે તે એકદમ પોતાના બન્ને હાથે પોતાનુ માથુ દબાવતો નીચે બેસી ગયો કેટલીકવાર સુધી તો તેવીજ હાલત મા બેસી રહયો, અને કાઇક શાન્તિ થતા તે બોલ્યો

"હરિસિહ તમો આ શુ બોલો છો? મારા ભાઇનુ હુ ખુન કરૂ? શા માટે? મારૂ તેમને શુ બગાડયુ હતુ? શુ તમે મને એવો ઘાતકી માનો છો? ખરૂ કહો, હરિસિહ, તમે મારી કસોટી તો નથી કરતા? મને બનાવતા તો નથી? ના, ના, તમારા મ્હોપર મશ્કરીના ચિન્હ નથી આથી મને લાગે છે કે તમને કઇક વહેમ પડવાનુ કારણ મળ્યુ છે કૃપા કરીને ખરેખરૂ કહો કે, તમારા મનમા શુ છે?

"મારા કહેવામા તમને વિશ્વાસ પડશે"

'હા પડશે"

"ત્યારે સાભળો, મારી અત્યાર સુધીની તપાસથી મને જણાયુ છે કે, તમારા ભાઇનુ ખુન ભલે તમે નથી કર્યુ તો પણ તેમા તમારો જરૂર હાથ છે'

આ વાત કરતી વખતે હરિસિહની દ્રષ્ટિ મોતીલાલના મુખ પગ્જ હતી. આ વાત કહેવા છતા પણ તે નિર્દોષ યુવકની મુખ મુદ્રામા કાઇ પણ ફેરફાર થએલો જણાયો નહિ. એ હરિસીંહે સ્પષ્ટ જોયુ તેમનુ બોલવુ પુરૂ થતા મોતીલાલ બોલ્યો

"વારૂ તમને શુ પ્રમાણ મળ્યુ છે? હરિસિહના કહેવાથી કાઇ પણ ભાવ જેનો બદલાયો નહતો, કે કેઇપણ પ્રકારની ઉદાસીનતા જેના ચહેરાપર જણાતી નહોતી, એવો મોતીલાલ સ્વભાવિક સ્વરથીજ બોલ્યો"

હરિસિંહે પોતાની શોધમા જે જે આશ્ચર્ય જનક દેખાવો જોયા હતા તે સર્વ વિગતવાર મોતીલાલને કહી સભળાવ્યા, પણ મોતીલાલે પોતે ત્યા નહોતો તમને ખાલી ભ્રમણા થઇ છે. એમ જણાવ્યુ, આથી હરિસિહની મુશ્કેલીનો પાર રહયો નહિ જેમ જેમ વખત વિતતો જાય છે, તેમ તેમ મુશ્કેલીઓ વધારે ને વધારે નડે છે, પણ હવ આ હાથમા લીધેલી બાબત છોડવાનો નથી હરિસિહ મનમાજ બબડયો, અને મોતીલાલ તરફ ફરીને બોલ્યો.

"શુ તમે ત્યા નહોતા એ ખાત્રીથી કહો છો?"

"હા સાહેબ, હુ સત્યજ કહું છુ"

હરિસિહ વિચારમા પડ્યો એકાએક કાઇ વિચાર આવતા તે બોલ્યો, વારૂ ત્યારે તમો મારી સાથે ચાલો, મારી તપાસમા અને તમે નિર્દોષ ઠરશો, તો તમને કાઇ પણ ભય વગર તમારા ઘરમા પહોચતા કરીશ પણ જો જરા પણ શક જણાશે તો વગર વિલબે વગર ભાડાની કોટડીને સ્વાધીન કરીશ ' હરિસિહે ભયમિશ્રીત શબ્દોમા કહ્યુ

આટલુ કહ્યા છતા પણ મોતીલાલના ચહેરા પર કશા ભયના ચિન્હો જણાયા નહિ, અને તે હરિસિહ સાથે જવા તયાર થયો, બન્ને જણા ત્યાથી આગળ વધ્યા, ફાટક વટાવીને તેઓ થોડેક દુર ગયા હશે, એટલામા નાળીએરીના ઝુડમા છુપાએલો કોઇ આકાર હરિસિહના જોવામા આવ્યો હરિસિહ અટકી ગયો અને એ સબધમા મોતીલાલને કાઇ કહેવાના ઇરાદાથી તેણે પાછુ વાળી જોયુ તો મોતીલાલ નહોતો, તે ગુમ થએલો જણાયો આથી હરિસિહનુ સઘળુ શરીર કપવા લાગ્યુ અને આ અદભુત રહસ્ય વધારે ને વધારે ગભીર બનતુ જતુ હોવાનુ કારણ તેમને કાઇ પણ ન સમજાયુ નાળીએરીના ઝુડમા જણાએલો આકાર તેજ મોતીલાલ હોવા જોઇએ, એમ હરિસિહે અનુમાન કર્યુ, એક પળનો પણ વિલબ ન કરતા તેણે પોતાની લાલટેન સળગાવી, અને નાળીએરીના નાના બગીચામા બધે ફરી વળ્યો, પણ મોતીલાલનો પતો ન લાગ્યો એક સાધારણ માણુસ સજ્જડ થાપ મારી ગયો એમ સમજી હરિસિહ પસ્તાયો, પણ હવે પસ્તાવાથી શુ વળવાનુ હતુ એમ વિચારી, હીમતથી તે આગળ વધ્યો, કેટલેક દુર જતા તેણે પોતાની લાલટેનના પ્રકાશથી જોયુ તો માર્ગમા રકતના છાટા પડેલા દીઠા, આથી આશ્ચર્ય પામતો હરિસિહએ, લોહીના ટપકાંના ચિન્હને આધારે આગળ ચાલ્યો,

એક નાના પુરાણા મકાન આગળ એ ચિન્હનો અંત આવ્યો ખુની ઓ આ ખડિયરમાજ હોવા જોઇએ, એમ હરિસિંહને લાગ્યુ, અને તેથી તેણે નિર્ભયતાથી તેમા પ્રવેશ કર્યો તે મકાન ઘણુજ લાંબુ અને પહોળુ હતુ, પણ તે ઘણુજ પુરાણુ હોવાથી તુટી પડયુ હતુ તેમા પડેલો કચરો અને માટી નિહાળતા તે ઘણા વખતથી વાપરવા વગરનું પડયુ હોય એમ અનુમાન થતુ હતુ વળી તેમાથી કેટલીક દુર્ગંધ પદાર્થોની બદબો આવતી હતી, મકાનની ચારે બાજુએ ઝાડીઓ આવી રહી હતી. વળી રાત્રિ હતી, તેથી તે મકાન ઘણુજ ભયકર જણાતુ હતુ છતા પણ આવા જબરજસ્ત મકાનોમાજ આવા કર પીણુ કામો થાય છે તેમ અનુમાન બાંધી નહીં ડગતા હીમતથી હરિસિંહ તે આખુ મકાન ફરી વળ્યો પરતુ બદમાસોનુ કાઇ પણ નામ નિશાન જણાયુ નહિ તે નિરાશ થઇ ત્યાથી પાછો ફરે છે એટલામા તેને નીચેના શબ્દો સભળાયા

"હમણા અહીં જેને લાવવામા આવ્યા છે અને બાજુના ઓરડામા કેદ કર્યા છે તેઓ કોણ છે?"

"પોલીસ કોર્ટના હેડકલાર્ક ચુનીલાલ અને તેના પત્નિ છે"

"ત્યારે ગુલાબનુ શુ કર્યુ?"

"તેણીને કરીમબક્ષને સ્વાધીન કરી છે. ઘણુ કરી તે સ્વધામ પણ પહોચી ગઇ હશે રામગોપાલ અહીંયાજ છે તે પણ ઘડી બે ઘડીમા પરલોક પહોચી જશે"

"ત્યારે હવે ચુનીલાલ અને સવિતાગૌરીનો પણ અંત લાવી દેવો જોઇએ કે જેથી સઘળુ પતી જાય"

"મહાદેવ, એ ઘણુ સાહસનુ કામ છે તેમા ઉતાવળ કરવાથી પરિણામ ઘણુજ ભયકર આવશે "

મહાદેવનુ નામ સાભળતાજ હરિસિહના હર્ષનો પાર રહ્યો નહી, તેને નવી આશાને જન્મ આપ્યો સઘળો ભેદ હવે ખુલી જશે, મહાદેવ હાથ આવ્યો એટલે ખરો ખુની પકડાયો, એમ હરિસિહ માનતો હતો ધીમે પગને તે બારે નજદીક ગયો અને સાભળવા લાગ્યો

"પરીણામ ગમે તેવુ આવે, પરતુ હવે વિલબ કરવામા સાર નથી કારણ કે હરિસિહ હમણાંજ આ તરફ આવી પહોચશે "

"હે! હરિસિહને તે જોયો હતો."

"હા, તે આ તરફજ આવતો હતો, પેલા નાળીએરીવાળા બગીચામાજ મે તેને જોયો હતો."

"એમ કે પછી શુ થયુ "

જવાબ એવા ધીમા સ્વરથી મળ્યો કે હરિસિહ તે સાભળી શક્યો નહિ, પણ તેને એટલુ તો ચોકસ થયુ કે જે આકાર નાળી એરીના ઝાડ પાસે જોયો હતો તેજ એ બોલતો હતો

"હુસેનખા મારા હાથથી પરલોક પહોચી ગયો છે. લધો અને પેલો કોચમેન ધુળ ફાકતા થયા છે"

"હા, પછી એ કોચમેનના શબને તે કયા ફેક્યુ ?"

"ચુનીલાલના મકાનની બરાબર સામે, જે સ્થળે કટાર ફેકી ત્યાજ"

"શાબાશ, એ ઘણુજ સારૂ કર્યુ હવે આ ચુનીલાલ અને સવિતાને સદાને માટે સસારમાથી દુર કરી આપણે આપણા માર્ગને સાફ કરી નાખવો જોઇએ કે પછી મુક્તા રૂપી કટકને દુર કરવાનુ મુશ્કેલ પડે નહિ કારણ કે આટલુ કર્યા પછી તેણીને સહાયતા આપે એવુ કોઇ રહેશે નહિ હવે વિચાર કરવાનો વખત નથી, કારણ કે હરિસિહ મને મળ્યો હતો એટલે એ ચાનાક ગુપ્તચર આપણુ આ સ્થાન જરૂર શોધી કાઢશે, અને જો એમ થયુ તો હાથમા આવેલો શિકાર છટકી જશે અને આજે આખા દિવસની કરેલી મહેનત પર પાણી ફરી વળશે."

"હા એ ખરૂ છે હવે આપણે આપણુ કાર્ય જેમ બને તેમ જલદી પતાવી લેવુ જોઇએ. જો કોઇ હથિયાર હાથ ન લાગે તો છેવટે આ મકાનને આગ લગાડીને પણ આપણે અહીંથી છટકવુ જોઇએ"

'હે શુ' આ મકાનને આગ લગાડવી? અરે બેવકુફ, આગ લગાડવાનુ પરિણામ શુ આવે એ તુ જાણે છે ? વળી આપણા માટે આના જેવુ ગુપ્ત સ્થાન પણ કયુ છે?"

"હવે આપણે માટે આ ગુપ્ત સ્થાન કયા રહયુ છે? હરિસિહે જોયુ એટલે તે આપણો પીછો છોડે તેવો નથી, હવે આ સ્થળે આપણે સલામત રહી શકીએ તેમ મારૂ ધારવુ નથી માટે કરીમ બક્ષવાળુ સ્થાનજ આપણે માટે ઉતમ છે."

'હા, એ બરાબર છે" એમ કહી તે બોલનારે કેટલીક વાતો કરી, પરંતુ તે એવા ધીમા અવાજે બોલતો હતો કે તે હરિસિંહથી સંભળાયુ નહિ

રામગોપાલ, ચુનીલાલ, અને સવિતાગૌરી બદમાસોના હાથમા કેદ છે, અને તેનો ઘાટ ઘડવાની વેતરણ ચાલી રહી છે, તેમજ ગુલાબને પણ એ લોકોએ ફસાવી છે એટલુજ નહિ પરતુ આ એકજ રાત્રિમા આ બદમાસોએ બે ચાર બીજા પણ ખુનો કર્યાં છે, એમ તેમની વાતચીત પરથી હરિસિહ સમજી ગયો તેને એક વાર એમ થયુ કે ચુનીલાલ અને સવિતા કયા ઓરડામા છે, તે શોધી કાઢીને છુટા કરૂં. પરતુ વળી તે વિચાર બદલાયો કારણ કે જો તે ચુનીલાલની શોધમા જશે, તો આ બદમાસો હાથમાથી છટકી જશે વળી એ બદમાસો ચુનીલાલવાળા ઓરડામાજ જશે, એટલે તે વખતે તેની પાછળ જઇ ચુનીલાલને બચાવવા સાથે એ બદમાશો ને એજ ઓરડામા પરહેજ કરી લઇશ આવો વિચાર કરી તે ત્યાજ ઉભો રહયો કેટલીક વારે પાછો શબ્દ સભળાયો.

"કરીમબક્ષના ઉપર મને જોઇએ તેટલો વિશ્વાસ નથી, કારણ કે તે પોતાની સ્ત્રીના ગમમા કોઇ કોઇ વખતે ગાડા જેવા બની જાય છે અને ન બોલવાનુ બકી જાય છે દુર્ભાગ્યે જો તેને તેની સ્ત્રીનો મેળાપ થાય, તો એ બેવકુફ કદાચ"

"એ માટે આપે ચિતા કરવાની નથી કારણ કે આપણા સોબતીઓએ મલીરવાળા કેસમા તેને સામેલ કર્યાં પછી, એ પ્રસંગની યાદ આપતા તે એટલો બધો ભયભિત બની જાય છે કે તેને પોતાની

સ્થિતિનુ પણ ભાન રહેતુ નથી" પોતાના સોમતીને બોલતો અટકાવી એક માણસ વચ્ચેજ બોલી ઉઠયો

હે, શુ! મશીરવાલા કેસની સાથે પણ આ શયતાન ટોળીનો કાઇ સબધ છે! આશ્ચર્ય! થોડા સમય પૂર્વે સ્ટેશનપરથી મળી આવેલી પેલી કુમારીકાની લાશ આ બદમાસોજ અહીં લાવેલા હોય, એમ જણાય છે પરતુ એ કરીમબક્ષ કોણ છે, એ પ્રથમ જાણી લેવુ જોઇએ અને જરૂર તે મશીરના કેસ સબધે કાઇ જાણતો હોવો જોઇએ. વળી કરીમબક્ષ પોતાની સ્ત્રીના ગમમા ગુડા જેવો બની જાય છે એમા પણ કાઇક ભેદ સમજાય છે આવતી કાલેજ હુ એ કરીમબક્ષને શોધી કાઢીશ. અત્યારે તો આ બદમાસો હાથમાથી છટકી ન જાય, તેની સભાળ રાખી રામગોપાલ, ચુનીલાલ અને સવિતાગૌરીને કોઇ પણ રીતે બચાવી લેવા જોઇએ આવા અનેક વિચાર તરંગોમા અથડાતો હરિસિહ, બદમાસોને બહાર નીકળવાની રાહ જોતો, બાજુની એક નાની ઝાડીમા છુપાઇ ગયો કેટલીકવારે ત મકાનમાથી છ સાત વ્યકિતઓ બહાર આવી જેમા એક તો મહાદેવ અને બીજો મોતીલાલ હતો એ બન્નેની પાછળ એક ત્રીજો માણસ એવી ખુબીથી ચાલતો હતો, કે તેનો ચહેરો હરિસિહથી જોઇ શકાતો ન હોતો, તો પણ તેને, કયાંક જોએલો છે એમ તેની ચાલવાની ઢબ પરથી હરિસિંહે અનુમાન કરી લીધુ બાકીના માણસો તો અપરિચિત હતા.

" મહાદેવ સમજ કે હરિસિહ આવી પહોચે અને આજે ચુનીલાલને સ્વધામ પહોચાડવામા આપણે નિષ્ફળ નિવડીએ તો" બહાર નીકળ્યા પછી મહાદેવ અને મોતીલાલની પાછળ ચાલતા માણસે મહાદેવને ઉદેશીને કહ્યુ "

"તેમા શુ થયુ ? જો આજે આપણે આપણા કાર્યમા સફળ ન થઇએ, તો પણ ચુનીલાલને સુખે જપવા ન દેવો એ મારો નિશ્ચય છે. મે આજે તેને મારા વિશ્વાસમા લઇ, શરાબનો સ્વાદ ચખાડયો છે અને ભવિષ્યમા તેને આપણી શરાબી ટોળીનો સરદાર બનાવવાનો મારો ઇરાદો છે"

"શાબાશ મહાદેવ તુ પણ બડો ચાલાક છે હા, પરતુ ચુનીલાલ અને સવિતા શુદ્ધિમા આવ્યા હશે અને તેને અમારી સાથે જોશે તો ફરીને તારો એ વિશ્વાસ નહિ કરે"

"શુદ્ધિમા આવે એવો સભવજ નથી છતા કદાચ એમ થયુ હોય, તો પણ ચુનીલાલ જેવા ભોળા માણસને વિશ્વાસમા લેવો એ કાઇ મોટી વાત નથી"

મહાદેવની નીચ વૃતિપર હરિસિંહને તિરસ્કાર આવ્યો આવા બદમાસ અને ખુનીઓના ટોળામા મોતીલાલને જોઇ તેને ઘણોજ ખેદ થયો મોતીલાલને માટે તેને અનેક તર્ક વીતર્કો થવા લાગ્યા, હવે તે આણદલાલના ખુની તરીકે મોતીલાલનેજ માનવા લાગ્યો, સઘળાએ જેવો બીજા ઓરડામા પ્રવેશ કર્યો, તેવોજ હરિસિહ પણ ધીમે પગલે તેની પાછળ ગયો તે પાપીઆઓ પોતાનુ કાર્ય પુરૂ કરે તે પહેલા," , પાપીઆઓ સબુર, તમારા પડછાયની માફક તમારી પાછળ ફરતો, હરિસિહ તમારી પાછળજ છે, એમ કહેતાજ તેણે પિસ્તોલ ફોડી, અને બીજા હાથે પોતાની લાલટેનની ચાપ દાબી પરતુ અફસોસ! લાલટેનના પ્રકાશમા તેણે રામગોપાળને મોઢામા ડુચો

મારેલો અને હાથપગ બાંધેલો અધર લટકતો જોયો બદમાસો ગુમ થએલા જણાયા, હરિસિંહના આશ્ચર્યનો પાર રહયો નહિ, ઓરડા માંથી જવાનો બીજો કોઇ રસ્તો નહિ છતા, તેઓ કયે રસ્તેથી પસાર થઇ ગયા, એ કાંઇ સમજાયુ નહિ હવે હરિસિંહે એક પળનો પણ વિલંબ નહિ કરતા, રામગોપાળને છુટો કર્યો, પરંતુ તે મરેલા હતો હરિસિંહને આ બનાવથી ઘણુજ લાગી આવ્યુ, તેણે પોતાની લાલટેન ના પ્રકાશથી આસપાસ જોયુ તો કોઇપણ બદમાસ દ્રષ્ટીએ પડયો નહિ એક બાજુ ખુણામા બે મનુષ્યાકૃતિ બેશુદ્ધ પડેલી જણાઇ, તે ચુનીલાલ અને સવિતાગૌરીજ હતા હરિસિંહ ત્યા ગયો, જોયુ તો તેનો શ્વાસ ઘણુજ વગથી ચાલી રહયો હતો, રામગોપાળની સ્થિતિ જોઇ જેમ ખેદ થયો, તેમ ચુનીલાલ અને સવિતાગૌરીને જીવતા જાણી તેને આનંદ થયો હવે તેને શુદ્ધિમા આવવાની ત્યા રાહ જોતો તે ત્યાજ થોભ્યો અને ફરીને પણ આખુ મકાન ફરી વળ્યો, પરંતુ પાપીઓનો પતો ન લાગ્યો ખરે બદમાસો પાકા જણાય છે વળી કાંઇ ગેબી શક્તિ ધરાવતા હોય એમ જણાય છે આ ઓરડામાથી બહાર જવાનો બીજો કોઇ રસ્તો ન છતા અને મારી ગમે તેટલી સાવચેતી છતા, બદમાસો મારી આખમા ધુળ નાખી ચાલ્યા ગયા, આ કામમા ફતેહ મળે એમ મને લાગતુ નથી જ્યા જાઉ છુ ત્યા મુશ્કેલીઓજ જાઉ છુ આજે આ બદમાસો મારા હાથમાથી બે વખત છટકી ગયા છે આવા અનેક વિચાર તરંગોમા અથડાતો હરિ સિંહ ઘણો સમય ત્યા થોભ્યો, પરંતુ ચુનીલાલ કે સવિતા બે માથી કોઇ શુદ્ધિમા આવ્યુ નહિ આથી રસ્તે કોઇ ગાડી જતી હોય તો તેમા તેને એવીજ હાલતમા તેમના મકાન પર લઇ જવાના ઇરાદાથી હરિસિંહ તે ઓરડાની બહાર આવ્યો, બહાર આવી જોયુ તો સુર્યોદય

થવાને થોડોજ સમય બાકી હતો રસ્તામા કોઇ મનુષ્ય કે ગાડીનો પગરવ સભળાતો નહોતો હવે શુ કરવુ? આ લોકોને આવી સ્થિતિમા મારે કેવી રીતે લઇ જવા? એ વગેરે હરિસિહના વિચારોનો અત આવે તે પહેલા એક વિક્ટોરીઆ એ રસ્તેથી પસાર થઇ હરિસિહે તે ગાડી હાકનારને અદર બોલાવ્યો ગાડીવાળો હરિસિહને ઓળખતો હોવાથી તેનાથી ના કહેવાઇ નહિ. તે અદર ગયો, હરિસિહે અદર બેશુદ્ધ હાલતમા પડેલા ચુનીલાલ અને સવિતાગૌરીને તેમજ મૃત રામગોપાલને ગાડીમા લાવવા સુચના કરી. ગાડીવાળે હરિસિહના હુકમનો તરતજ અમલ કર્યો, અને હુકમ મળતા ગાડી ઉપડી કેટલીક વારે તે ચુનીલાલના મકાન પર જઇ પહોચી ત્યા જઇ હરિસિહે જોયુ તો એક લાશ ચુનીલાલના મકાન પાસે પડેલી હતી, અને પેલી ભિખારી બાઇ એ લાશની પાસે આસુ સારી રહી હતી. વાચક બધુ, સમજી ગયા હશે કે એ લાશ પેલા કોચમેનનીજ હતી, અને મરીયમ પોતાના ઉપકારીની એ દશા જોઇ આસુ સારતી હતી હરિસિહ તેણીને કાઇ પણ પુછે તે પહેલા, મરીયમે એ ઉદાર દીલના મુસલમાન કોચમેનના સબધમા બનેલી સર્વ હકીકત, તેમજ ગુલાબને બદમાસોના હાથમાથી કેવી રીતે છોડાવી એ સર્વ સવિસ્તર કહી સભળાવ્યુ હરિસિહે બદમાસોના મુખે સાભળેલી વાતો સાથે, મરીયમે જણાવેલી હકીકતોનુ કેટલેક અશે મળતાપણુ હોવાથી તેણીને વિશેષ પ્રશ્નો પુછવાની જરૂર જોઇ નહિ તો પણ કરીમબક્ષના સબધમા તેણીની પાસેથી કેટલુક જાણવાનુ મળી શકશે એમ હરિસિહે અનુમાન કરી લીધુ પરતુ સમય ઘણોજ વ્યતિત થયેલો હોવાથી એ સબધમા કાઇ પણ પુછવાનુ તેણીની બીજી મુલાકાત ઉપર મુલતવી રાખ્યુ બહાર પડેલી મુસલમીન કોચમેનની, તેમજ

ગાડીમા પડેલી રામગોપાલની લાશોને અદર લઇ જવામા આવી હરિસિંહે ટેલીફોન દ્વારા પોલીસ સુપ્રીટેન્ડેન્ટ અને ડોકટરને ત્યા બોલાવી સર્વ હકીકત જણાવી. ડોકટરે તપાસ કરી, દરેકનુ પ્રાણહારક વિષથીજ મૃત્યુ થયેલુ જાહેર કર્યું. મુકતાની માયાભરી સારવારથી થોડા સમયમાજ ચુનીલાલ અને મવિતાગૌરી પુર્ણ શુદ્ધિમા આવ્યા પરતુ પોતાના મકાનમા બનેલા આ હત્યાકાડથી ન ગભરાઇ ગયેલા હતા વળી તેઓની સ્થિતિનો હેવાલ હરિસિહના રિપોર્ટમા પણ આવી ગયેલો હતો એટલે તેમના તરફથી વિશેષ અજવાળુ પડવાની આશા નહોતી મરીયમ અને ગુલાબની જુબાનીમા પણ જોઇએ તેવો ખુલાશો મળ્યો નહિ. આખરે કોરોનરે એક મત થઇ, લાશોની વ્યવસ્થા કરવાની મંજુરી આપી અને સર્વ આણંદલાલના મકાનપર ગયા

ગુલાબની નિર્દોષતા પુરવાર થયા છતા ચુનીલાલે તેણીને પોતાને ત્યા રાખવાની સાફ ના પાડી.

સવિતા સગર્ભા હોવાથી, અને પ્રસુતિ ગ્રહમા જવાનો સમય પણ નજીક આવેલો હોવાથી, એ સમયમા ગુલાબ આપણને ઘણી ઉપયોગી થઇ પડશે, એવી ઘણી બાબતો ચુનીલાલને સમજાવી, ગુલાબને રજા ન આપવાનો મુકતાએ ઘણો આગ્રહ કર્યો પરતુ આપણે આગળના પ્રકરણમા વાચી ગયા છીએ તે પ્રમાણે મહાદેવે ગુલાબના વિરૂદ્ધ જણાવેલી હકીકતો ખ્યાલમા લઇ ચુનીલાલે મુકતાનું કહેવું ધ્યાનમાં નહીં લેતાં, બને તેટલી ત્વરાએ તેણીને પોતાનું મકાન છોડી જવાનો હુકમ કર્યો, અને તેના જે કાઇ પૈસા પોતાની પાસે નીકળતા હતા, તે ગુલાબને આપી દીધા. ચુનીલાલનાં આ વર્તનથી સવિતા અને મુકતાને માઠું તો લાગ્યું, પરતુ તેઓ ચુનીલાલના સ્વભાવને

બરાબર જાણુતા હોનાથી કાંઇ કાહ ફરીવાર બોલી શકયુ નહિ નિરાશ થએલી ગુલાબ નિસ્તેજ વદને મરીયમને સાથે લઇ ત્યાથી બહાર નીકળી

---

# પ્રકરણ ૯મું.

## સકારામ પકડાયો.

ચુનીલાલને ઘેરથી નીકળી હરિસિહ, ડોકટર અને પોલીસ ઇન્સપેકટરને સાથે લઇ આણુદલાલના મકાન પર ગયો, ત્યા આણુદ લાલની લાશ તપાસી ડોકટરે પ્રાણુહારક વિષથીજ તેનુ મૃત્યુ થવાનુ જણાવી, લાશને ઠેકાણે પાડવાની મજુરી આપી આણુદલાલના સ્નેહીઓને એ મારેની ખબર આપવાનુ એક પોલીસને જણાવી, સર્વ ઉઠવાની તૈયારી કરતા હતા, એટલામા પલગ પર પડેલા એક કાગળ પર હરિસિહની નજર પડી તેણે તરતજ તે ઉપાડી લીધો, અને પોલીસ ઇન્સપેકટરના હાથમા આપ્યો કાગળ ખોલતા માલુમ પડયુ કે તે આણુદલાલનુ વીલ હતુ અને આ વીલમા આણુદલાલે પોતાની સઘળી મિલકત મોતીલાલને મળવાનુ જણાવ્યુ હતુ. તેમા ડોકટર રતિલાલની સાક્ષી હતી. પોલીસ ઇન્સ્પેકટરે વાચીને તે હરિસિહના હાથમા આપ્યુ, હરિસિહે તે વાચ્યુ વાચતાજ તે અજબ થયો! કારણુ કે મુકતાએ એ મિલકત પોતાને મળેલી જણાવી હતી, જ્યારે વીલ મોતીલાલના નામનુ હતુ એટલે એ વીલના સબધમા મુકતા અને

મોતીલાલ એ બન્ને વચ્ચે કાંઇ તકરાર થયેલી હોવી જોઇએ, અને તેના પરિણામેજ આ હત્યાકાંડ થએલો હોવો જોઇએ, એવી થોડા સમય પહેલા પોતે કરેલી કલ્પના ખરી પડી હવે કોઇપણ રીતે મોતીલાલને પકડવો જોઇએ એમ હરિસિંહને લાગ્યુ. એ ધારતો હતો કે, આણુદલાલના શબની વ્યવસ્થા કરવા જરૂર તે અહીં આવશે. અને તેજ વખતે હું તેને પકડી પાડીશ પરંતુ તેમા તે નિષ્ફળ ગયો, કારણ કે મોતીલાલ ત્યા આવ્યોજ નહિ ચુનીલાલેજ આણુદલાલના શબની સઘળી વ્યવસ્થા કરી. લાચાર, હતાશ બનેલો હરિસિંહ પોલીસ ઇન્સ્પેકટર અને ડોકટરના ચાલી જવા પછી, કેટલીક વારે બહાર નીકળ્યો અને મોતીલાલના મકાન પર ગયો પરંતુ ત્યા પણ તેનો પતો ન લાગ્યો. આથી હરિસિંહને એક બીજો વિચાર આવ્યો, કે તે પરબારો સ્મશાનમા ગયો હશે જેથી પોતે પણ સ્મશાનમા ગયો, પરંતુ અફસોસ! પોતાના વડીલ બંધુના અગ્નિ સંસ્કાર વખતે પણ મોતીલાલ હાજર નહોતો ડોકટર ગતિલાલ, ચુનિલાલ, અને બીજા સ્નેહી વર્ગ એક બાજુ વર્તુલાકારમા બેઠેલા હતા, એકાદ બે આપ્તજને આણુદલાલના શબને ભસ્મિભુત કરવામા રોકાએલા હતા, હરિસિંહ હિંદુ પ્રથા અનુસાર લોકિક કરી, ત્યાથી ત્વરિત પાછો ફર્યો કેટલેક દુર જવા પછી, મરીયમનો તેને મેળાપ થયો તેણી અત્યારે આ તરફ શા માટે જતી હશે? એવા વિચારમા હરિસિંહ તેણીને કાંઇ પુછવાનુ કરતો હતો, એટલામાજ તે બોલી ઉઠી

" હરિસિંહ, મારૂ નિવાસ સ્થાન આજ છે દિવસે ભીખ માગી રાત્રે અમો માતા પુત્ર સામે દેખાતા ગાયોના નિવાસ સ્થાનમા સુઇ

રહીએ છીએ થોડા સમય પહેલા મે તમોને આ તરફ જતા જોયા હતા, અને તમો ત્યા શા માટે જાઓ છો, એ પણ મારા જાણવામા આવી ગયુ હતુ હરિસિહ તમો મોતીલાલ માટેજ ત્યા ગયા હતા પરતુ તે નિર્દોષ છે અત્યારે તે બદમાસોના બધનમા છે, અને એથીજ તે પોતાના વડીલ બધુની અત્યેષ્ટિ ક્રિયા વખતે હાજરી આપી શકયા નથી સભાળજો, બાહિક દ્રશ્યથી ભુલાવામા પડી, મોતીલાલને પકડવાનુ ઉતાવળે સાહસ ન કરતા નહિતો પરિણામ ઉલટુજ આવશે તમો બદમાસોએ પાથરેલી પ્રપચ જાળમા ફસાએલા હોવાથી, તમોને મોતીલાલ અને મુક્તાજ દોષિત જણાય છે પરતુ ખરી રીતે એ બન્ને નિર્દોષ છે હરિસિહ, જો દ્રષ્ટિબિદુ ચુકયા તો ખરા ખુનીનો પતો મેળવવાનુ તમારા માટે મુશ્કેલ થઇ પડશે, અને નાહક નિર્દોષ માર્યા જશે

"શુ મોતીલાલ નિર્દોષ છે? એવા કાઇ તારી પાસે પૂરાવા છે?" હરિસિહે પુછ્યુ"

"હા છે હમણાજ તમે તમારા વેશમા ઘટતો ફેરફાર કરી, કનાકોટની પાછળ આવેલા એક પુરાણા ખડિયરમા જાઓ, ત્યા તમોને મોતીલાલની નિર્દોષતાનો પુરાવો મળી શકશે જો કે અત્યાર સુધીમા હુ કેટલીક બાતમીઓ મેળવી શકી છુ, પરતુ એ કહેવાનો અત્યારે અવકાશ નથી, કારણ કે મોતીલાલને જે સ્થળે બધ કરવામા આવેલ છે, ત્યાથી રતિલાલ વગેરે અહીથી જાય તે પહેલા છુટો કરવાની ઘણીજ જરૂર છે, અને તમારે પણ મે કહ્યુ તે સ્થળે ત્વરિત પહોચી જવાની અગત્યતા છે કારણ કે ત્યાથી તમોને કેટલુક જાણવાનુ મળશે એટલુજ નહિ પરતુ ભોળા મનુષ્યોની ભોળાઇનો લાભ લેતા કેટલાક બદમાસોનો પણ ભેટો થશે વળી કાળીદાસ અગાઉથી

ત્યા પહોંચી ગએલો હોવાથી, ત્યાની બાતમી મેળવવાનુ કે એ બદ માસોને પકડવાનુ મુશ્કેલ નહિ પડે ત્યાનુ કાર્ય પતાવી, ફરીને તમો મને આ સ્થળેજ મળજો, તે વખતે હુ તમોને મલીરવાળા કેસને લગતી કેટલીક ખબરો આપવા ઉપરાત, બાબુલાલના ખુનીના સબધમા પણ કેટલુંક અજવાળુ પાડીશ પરતુ તે પહેલા મોતીલાલ કે મુક્તા ને પકડવાનુ સહજ પણ સાહસ કરતા નહિ, નહિતો કાર્ય બગડી જશે" મરીયમે સઘળુ ટુકામા સમજાવી દીધુ

મરીયમની ચાલાકી માટે હરિસિહને પુર્ણ વિશ્વાસ હતો, તેણે મરીયમનુ સઘળુ કહેવુ કબુલ કર્યુ, અને તેણીનાથી છુટો પડયો, ઘેર જવા પછી હરિસિહ પોતાને જરૂર જોઇતા સાધનો સાથે લઇ, મરીયમે જણાવેલા સ્થળે જવા નીકળ્યો આ વખતે તેણે પજાબી પોશાક પહેરેલો હતો, અને ચહેરામા પણ એવો અજબ ફેરફાર કરી દીધેલો હતો, કે ગમે તેવો તેના પરિચયવાળો માણસ પણ ભાગ્યેજ તેને ઓળખી શકે થોડીજ વારમા તે કનાકોટની પાછળ કેટલેક દુર આવેલા ખડિયર પાસે આવી પહોચ્યો. હરિસિહે દુરથી જોયુ તો એક મનુષ્યાકાર તે ખડિયરની આસપાસ ફરતો જણાયો ને કાઇ ખોળતો હોય એમ તેના વર્તન પરથી જણાતુ હતુ દુરથી હરિસિહે તેને ઓળખી લીધો, તે કાશીદાસજ હતા કેટલીકવારે કાશીદાસ અદર ગયો અને હરિસિહે પણ ધીમે પગલે તે ખડિયરમા પ્રવેશ કર્યો તેમા ત્રણ જણા કાઇ વાતચિત કરતા, તેની દ્રષ્ટિએ પડયા હરિસિહે આ વખતે એવો પોશાક ધારણ કર્યો હતો, અને ચહેરામા પણ એટલો બધો ફેરફાર કરેલો હતો, કે કોઇ તેને ઓળખી શકે તેમ નહોતુ આગળ જતા તેને જણાયુ કે ત્રણ મનુષ્યો પૈકી એક તો મોતીલાલ, બીજો

કાળીદાસ, અને ત્રીજો એક પઠાણુ બલુચી જેવો જણાતો હતો. તેઓ શું કરતા હતા, તેનું અનુમાન કરતા ચાલાક હરિસિંહને વાર લાગી નહિ, તેણે એક યુક્તિ શોધી કાઢી કાળીદાસ પોતાનો સંમિત હતો એટલે, ત્યાં પહોંચતાજ તેણે પ્રશ્ન કર્યો, કાળીદાસ નામનો કોઇ ગ્રહસ્થ અહિંયાં છે કે?"

"હા હા, પધારો પધારો, કેમ શું કામ છે? મારૂંજ નામ કાળીદાસ" એમ કહી હરિસિંહના ચહેરા સામું જોયા કર્યું અને કેટલીક વારે તે પોતાના ઉપકારી પુરૂષને ઓળખી શક્યો

"એમ કે! ત્યારે તો મારૂં આગમન આ સ્થળે શા માટે થયું છે એ આપના જાણવામાં આવીજ ગયું હશે," કાળીદાસે પોતાને ઓળખ્યો છે કે નહિ તે જાણવાના હેતુથી હરિસિંહે પ્રશ્ન કર્યો

"કેમ નહિ, આપને મારા મિત્રે અહીં મોકલ્યા છે, ખરૂં કે નહિ?" કાળીદાસ જાણે હરિસિંહનો ભાવ જાણી ગયો હોય તેમ બોલ્યો

"હા, બરાબર છે"

"અને આપને મારા આ મિત્રની જરૂર છે એજ કે બીજું કાંઇ?"

"હા બરાબર એમજ છે, ત્યારે હવે વિશેષ ખુલાસો કરવાની કાંઇ પણ જરૂર નથી, હું ધારૂં છું કે મહાદેવે તમને સઘળું સમજાવ્યુંજ હશે"

"હા જી સઘળું મારા જાણવામાં છે, આ સમશેરખાનનું કામ પુરૂં થયા પછી તમારૂં કામ હાથમાં લઇશું" કાળીદાસે પેલા પઠાણુ તરફ આંગળી બતાવતાં કહ્યું

'તમારા મિત્ર આજ કે?" હરિસિંહે મોતીલાલ જેવા જણાતા શખ્સ તરફ આંગળી બતાવતાં કહ્યું

હરિસિંહે પોતાના મિત્રને મોતીલાલજ માની લીધો છે, માટે તેનો સંદેહ દુર કરવો જોઇએ એવી ઇચ્છાથી કાળીદાસે કહ્યુ

"હા, અને તેઓનુ નામ સકારામ છે, તેઓ ઘણા બાહોશ અને બટુક ભૈરવના ઉપાસક છે. બટુક ભૈરવની સહાયતાથી તે એકની બે નોટો બનાવી શકે છે ગરીબોનેજ મદદ કરવી એ મારા મિત્રનો મુખ્ય ઉદ્દેશ છે. અત્યાર સુધીમા એઓએ અનેક ગરીબોને તાલેવંત બનાવી દીધા છે પણ જાણો છોના આ જમાનો કેવો છે? સારૂ કરનારને જશને બદલે જોડાજ મળે છે મારા મિત્રની આટલી ઉદારતા છતા કેટલાક નીચ લોકો તેને સફેદ ઠગ અથવા એવાજ બીજા અલંકારોથી અલંકૃત કરે છે તો પણ એ ઉદાર મિત્રે એવા હલકા લોકોના બોલોને ન ગણકારતા પોતાનુ કાર્ય તંત્ર ચાલુજ રાખ્યુ છે, અને જે કોઇ આવે છે તેને પોતાના ઉદાર હાથે આશ્રય આપતાજ રહે છે, અને અહી આવનારાઓ સંપુર્ણ સંતોષ સાથે મારા મિત્રને આશીર્વાદ આપતા પાછા ફરે છે હમણા પણ એજ પ્રયોગ ચાલી રહયો છે આ સમશેરખાન સાહેબ અહી વેપાર અર્થે આવેલા છે, પણ તેઓ પોતાને ગરીબ જણાવે છે, ચાર ચાર વખત મારા મિત્રે દશ દશ રૂપિઆની નોટો ડબલ બનાવી આપી છે. આજે કાઇ પૈસાની વધારે જરૂર હશે એટલે એ સાહેબ પાચસોની નોટ લાવેલા છે જેનો પ્રયોગ ચાલુછે પરિણામ આપ થોડા સમયમાજ જોઇ શકશો" કાળીદાસે સકારામની ઓળખાણ કરાવવા ઉપરાત તેના ધંધાનુ પણ દિગદર્શન કરાવી દીધુ

હરિસિંહ અજબ થયો, જેને પોતે મોતીલાલ ધાર્યો હતો, તે તો તેના ચહેરાને મળતો કોઇ અન્ય પુરૂષ છે, એ જાણી મોતી

લાલ પર શક લઇ જવા માટે તેને પશ્ચાતાપ થયો મરીયમની શીખામણ તેને યાદ આવી, મોતીલાલને પકડવામા ઉતાવળ ન કરી એ ઠીકજ થયુ છે, એમ તેને લાગ્યુ મુક્તાના મકાનમા રાત્રે જોયેલા તે સકારામજ હોવો જોઇએ, મોતીલાલ બિનકસુર નિર્દોષ છે. એ વગેરે હવે તેને સમજાયુ સકારામને કોઇપણ રીતે આજ પકડવો જોઇએ ખરો ખુની તેજ છે, અને તે નહિ હોય, તો પણ ખરા ખુનીનો પતો તેના મારફતે મળી શકશે પણ એકદમ સાહસ કરવુ વ્યાજબી નથી કારણ કે કાળીદાસે સઘળી ગોઠવણ કરી હોય, એમ જણાય છે આવા અનેક વિચારો કરી હરિસિહે યુક્તિ પુર્વક સકારામને પકડવાનો નિશ્ચય કર્યો તે કાળીદાસ તરફ ફરીને બોલ્યો

'હોય ભાઇ, એ તો એમજ ચાલે, ગામને મોઢે કાઇ ગરણુ બધાય છે? હાથીની પાછળ ઘણા કુતરા ભસ્યા કરે છે અને રાજાને પાછળથી સર્વે કોઇ ગાળો ભાડે છે પણ તેથી થઇ શુ ગયુ? મને પણ સમશેરખાનના જેવુ જ કામ પડયુ છે, અને એથીજ મારૂ અહીંઆ આવવુ થયુ છે"

હરિસિહના આ શબ્દો સાભળતાજ સકારામ કે જે પોતાના કાર્યમા મશગુલ હતો અને બન્ને વચ્ચે થતી વાતચીત શાન્ત ચિત્ત સાભળી રહ્યો હતો ને બોલી ઉઠયો, "ઘણી ખુશીથી, સાહેબ આ મકાન તમારૂજ છે, સેવક તમારૂ કામ કરવાને તઇયાર છે"

" મોટા મહેરબાની સાહેબ, પહેલા આપનુ કામ કરી લો પછીથી આ સેવકના પર કૃપા કરજો " હરિસિહે ઉપકાર માનતા કહ્યુ

"બસ, હવે આ કાર્ય પુરૂ થયુ " એમ કહેતાજ તેના હાથમા ક્રૂમ જેવુ કાંઇ હતુ અને જે સગડીપર તપાવી રહ્યો હતો તે પઠાણના હાથમા આપતા કહયુ " આપ જરા બાજુના ઓરડામા બેસો પછી બરાબર ટાઇમ પર તે ખોલજો"

સમશેરખાન ક્રૂમ પોતાના હાથમા લઇ બાજુના ઓરડામા ચાલ્યો ગયો

કાળીદાસે આપણા પંજાબી શેઠને એક ખુરશી કાઢી આપી અને શેઠ માહેબ ઓરડામા ચારે તરફ દ્રષ્ટિ ફેરવતા ખુરશી પર બેસી ગયા. કાળીદાસ અને સકારામ ત્યા પડેલો બધો સામાન લઇ અંદર ગયા ત્યા તેઓએ કેટલીક ગુપ્ત વાતો કરી પછી લગભગ અરધા કલાકે કાળીદાસ બહાર આવ્યો તે ખુશી થએલો જણાતો હતો પહેલા તે બાજુના ઓરડામા કે જ્યા સમશેરખાનને બેસાડવામા આવ્યો હતો ત્ય ગયો તેની સાથે પણ કેટલીક ગુપ્ત વાતો કરી બહાર આવ્યો અને હરિસિહ પાસે બેઠો હાલ તરત થોડો સમય પોતાની સાથે કાંઇ પણ વાત ચીત નહિ કરવાની ગુપ્ત ઇશારત તેણે હરિસિહને કરી દીધી, થોડીજ વારમા સકારામ પણ એક હાથમા બળતી સગડી અને બીજા હાથમા એક ક્રૂમ જેવુ કાંઇ લઇને ત્યા દાખલ થયો. સગડીને નીચે મુકી દીધી અને તેના પર પેલી ક્રૂમ ફેરવતો કાંઇ મંત્ર બોલતો હોય તેમ હોઠ ફફડાવવા લાગ્યો, હરિસિહને તેની આ ચેષ્ટાથી હસવુ આવ્યુ પણ તે બહાર દેખાડયુ નહિ, કેટલીકવારે એ ક્રિયા પુરી થઇ અને તે હરિસિહ તરફ ફરીને બોલ્યો," શેઠજી હવે આપની શી ઇચ્છા છે."

"મે બારદાનના સટામા બે લાખ રૂપિયા ગુમાવ્યા છે નાદારીમા જવા મારો બિલકુલ વિચાર નથી. જુઓ કે મારી પાસે એક લાખ તો છે, પણ તેથી કાંઇ કરજ પુરૂ ભરપાઇ થઇ શકે નહિ અને પુરૂ ભરપાઇ કર્યા શિવાય આબરૂ જળવાય તેમ નથી તો કૃપા કરી મારી એ મીલકતને બમણી બનાવી આપશો તો આપનો મોટો ઉપકાર થશે હુ જ્યારે લાચાર બની ગયો ત્યારે મહાદેવે મને તમારી પાસે મોકલ્યો છે" હરિસિંહે મતળુ બનાવટી પણ સકારામને રૂચતુ કહી સભળાવ્યુ

"વિશ્વાસ રાખો, સઘળુ સારૂ થશે' સકારામે આશ્વાસન આપવા માડયુ

જુઓ સાહેબ હુ ઘણા દેશો ફર્યો છુ, અનુભવ પણ ઘણો લીધો છે, મને દેવ અને દેવીઓ ઉપર સપુર્ણ વિશ્વાસ છે પણ આજકાલ જ્યા જ્યા નજર ફેકીએ છીએ, ત્યા ત્યા ધર્મ ઢોગીઓજ નજરે પડે છે એટલે જ્યા સુધી મારી ખાત્રી ન થાય ત્યા સુધી માત્ર તમારા બોલવા પરજ વિશ્વાસ રાખવો એ મારૂ કામ નથી પહેલા આ પાચસોની નોટ લ્યો અને તેના પર તમારો પ્રયોગ ચલાવો, જો તેમા મને સતોષ મળશે, અને કાઇ સત્યતા જણાશે, તો પછી હુ વિચાર કરીશ" પાચસોની નોટ પાપીઓ પચાવી ન જાય એવા હેતુથી હરિસિંહે લાબી લાલચ આપી.

સકારામ હરિસિહની જાળમા ફસાયો, લાખ રૂપિઆ મેળવવા ની લાલચમા લપટાયો, અને પહેલા પાચસોની નોટમા સતોષજ આપ વો એમ તેણે નિશ્ચય કર્યો. કારણ કે જો તેમ ન કરે તો આવો મોટો

શિકાર હાથથી છટકી જશે એમ તેને લાગ્યુ, અને તેથી તેણે હરિસિંહની તમામ શરતો કબુલ કરી હરિસિંહે તરતજ પોતાના ખિસ્સામાથી પાચસોની નોટ કાઢી આપી, સકારામે તે લીધી પેલી ફ્રેમ તેણે ખોલી નાખી તેમા એક કાચ અને કાગળ હતો તે પણ બહાર કાઢયા અને ફરીને પહેલા કાચ તેના પર હરિસિંહે આપેલી પાચસોની નોટ અને તેના પર બીજો કાગળ એમ ગોઠવ્યા પછી ફ્રેમને આગળની માફક બધ કરી દીધી. સગડીમા ગુગળ અને એવાજ બીજા સુગધી પદાર્થો નાખીને ધુમાડો કર્યો, તેના પર પહેલા ફ્રેમ ફેરવવા લાગ્યો, અરધો કલાક એ ક્રિયા ચાલી પછી તેણે એ ફ્રેમ હરિસિંહના હાથમા આપી, અને બોલ્યો "હવે અરધા કલાક પછી એને તમારા હાથથી ખોલજો, એટલા વખતમા હુ અદર તેને લગતી બીજી ક્રિયા કરી હમણા આવુ છુ" એમ કહી ચાલ્યો ગયો કાળીદાસ અને હરિસિંહ પરસ્પર મુખમા હસ્યા કાળીદાસે ધીમેથી હરિસિંહને કહ્યુ, હુ તમને શોધવા માટે આણદલાલના મકાનમા આવ્યો હતો આ લોકોથી તમે એ વખત છેતરાયા છો, અને ફરીને તેની શોધ કરવા તમો આણદલાલના મકાનમા ગયા છો એવી ખબર મને મળી હતી એટલે હુ તમારી પાછળ આવ્યો હતો. પરતુ તમારો પતો ન લાગતા આ લોકો અહીંથી નાસી ન જાય તેની સભાળ રાખવા અને પ્રસગ મળે તો પકડવાના ઇરાદાથી હુ પાછો ફર્યો, પણ એટલામા તમો આવી ગયા એ ઠીકજ થયુ આણદલાલનુ ખુન કરનાર જોકે સકારામ નથી, તો પણ એ ખુનના સબધમા તે સઘળુ જાણે છે, તેને પકડવાની મે સઘળી ગોઠવણ અગાઉથી કરી રાખી છે, માટે ઉતાવળે સાહસ ન કરતા સમય જોઇને કામ લેજો નહિ તો બદમાશો હાથમાથી છટકી

જશે થોડા સમય પછી એક માણુસ ઘરેણાનો દાબડો લઇને અહીં આવશે, સકારામ તે દાગીના પર રૂપિઆ ઉપાડેલા છે એવુ જણાવશે, અને એ પૈસા આપવા માટે સકારામ તમનેજ ફસાવશે તમો તે કબુલ કરજો, અને પછી દાગીના સોનીને ત્યા બતાવવા નિમીતે, તેને તમો તમારા પેલા જાણીતા સોની પાસે લઇ જજો, એટલે વગર મહેનતે તમો એ બદમાશોને પકડી શકશો તમોએ આપેલી લાલચમા એ સપુર્ણ લલચાયો હોવાથી, તમારી સાથે તે જરૂર આવશે, અને તમારો લાગ ફાવશે, લાલચમા લપટાએલા પાપીએ, તમારી પાસેથી મોટી રકમ ઉચાપત કરવાની આશાએ, તમારી પાચસોની નોટ બમણી કરીને આપવા ધાર્યુ છે તમે તો પાચસો કમાયા છો પણ એ લોકો ગરીબોના ગળા કેવી રીતે કરે છે, તેનો પ્રત્યક્ષ દાખલો હમણાજ હુ તમોને બતાવીશ પેલો પઠાણ જે બાજુના ઓરડામા બેઠો છે તેની પાચસોની નોટ ડબલ કરવા કૂમમા દાખલ કરી છે, પણ તે મોટી રકમ હોવાથી અને તે બે ચાર વખત લલચાએલા હોવાથી કાળભૈરવે તે નોટને પોતાના પ્રચડ અગ્નિથી બાળી નાખી છે સકારામનો વિચાર તમારા અહીંથી જવા પછી એ પઠાણને પસાર કરવાનો હતો, પરતુ મે કાઇ જુદીજ ગોઠવણ કરી છે પઠાણને ઉલટુ જ સમજાવ્યુ છે, એટલે આ પાપીઓના ધધાને લગતુ સઘળુ હમણાજ તમારા અનુભવમા આવી જશે. પણ જો જો સાહસ ન કરતા શાતિથી કામ લેજો, નહિ તો મારી સઘળી ગોઠવણ ધુળમા મળી જશે કાળીદાસે કહ્યુ

“નહિ. કાળીદાસ તેમ નહિ થશે, આજે તે મારા કાર્યમા ઘણી મદદ કરી છે હવે જરૂર હું ખુનીનો પતો મેળવી શકીશ, એમ મને લાગે છે” હરિસિહે જવાબ આપ્યો

વાત અહીજ અટકી કારણ કે એટલામા સકારામ ત્યાં આવી પહોચ્યો, હજુ તે હરિસિહને કાંઇ પણ કહે, તે પહેલા પેલો પઠાણ બાજુના ઓરડામાથી દોડતો આવ્યો અને માથુ કુટતો, ફ્રુમને નીચે ફેકતો બોલ્યો, યા અલ્લાહ મારડાલા" ઇસને મેરી પાચસે રૂપિએકી નોટ ચુગલી"

"કેમ, કેમ, ખા સાહેબ શુ થયુ" કાળીદાસે ટકોર મારતા કયુ

પલો પઠાણ કાંઇ પણ જવાબ આપે તે પહેલા સકારામ વચ્ચે જ બોલી ઉઠયો,

"અફસોસ! ઘણુ જ અવળુ થયુ તમને ટાઇમ આપવામા મારી ભુલ થઇ, અને તમે પણ જરા ઉતાવળ કરી ધારવા કરતા ગરમી સહજ વધારે લાગી અને તેને લીધે નોટ બળી ગઇ,

"તમારી એ ફીલસુફી જવાદો અને મને મારા નાણા પાછા આપો" પઠાણ પોતાના નિશ્ચયને વળગી રહયો."

"નાણા પાછા મેળવવા હોય તો આવતી કાલે તેના કરતા મોટી નોટ લાવજો, એટલે આજનો હિસ્સો તેમાથી મળી જશે મારી પાસે તો એક પાઇ પણ નથી, મે તો પરોપકારાર્થેજ તમારા જેવાનુ કામ કરવાનુ સ્વીકાર્યું છે બાકી મને આમા કાંઇ લાભ નથી મે તો તમને પહેલેથીજ મના કરી હતી, અને ભવિષ્યમા નહિ હોય તો બળી જશે, એમ પણ કહ્યુ હતુ છતા તમોએ જ્યારે અત્યાગ્રહ કર્યો ત્યારેજ મે તમારૂ એ કામ હાથમા લીધુ. જશની આશા સર્વ કોઇને હોય છે ડોકટર દવા આપે છે, તે કાંઇ દરદીના મરણ માટે નહિ પણ તેને આરામ થાય એવા હેતથીજ તેમ મે તમારૂ હીત સમજી

ર્યુ, પણ તમારા ભવિષ્ય મદ, તેમા હુ શુ કરૂ? જુઓ, હમણા આ શેઠની નોટ પણ આ ફ્રેમમા રાખેલી છે, અને જો તેના પણ ભવિષ્ય તમારા જેવાજ હશે, તો તેને પણ તમારી માફક પોક મુકવી પડશે." એમ કહેતા તેણે હરિસિહના હાથમાથી ફ્રેમ લઇ લીધી, અને ફરીને તે સગડી પર ધરી, કાઇક ધીમેથી બોલતો હોય, તેમ હોઠ ફફડાવવા લાગ્યો પાચ મીનીટ પછી ફરીને તે ફ્રેમ હરિસિહના હાથમા આપી અને ખોલવા કહ્યુ હરિસિહે તે ખોલી તો તેમા બે નોટો હતી, હરિસિહ અજબ થયો, આ કેમ બન્યુ! તેના વિચારમા ઘડીભર તે કાળીદાસના મિત્ર સામુ જોઇ રહ્યો

"સાહેબ, આપનુ ભાવિ કાઇક સારૂ દેખાય છે કારણ કે પહેલો પ્રયોગ કોઇનો પણ તમારી માફક પાર ઉતર્યો નથી. હુ ધારૂ છુ કે તમારા દરેક પાસા સવળા પડવાના." કેટલીક વારે સકારામે કહ્યુ

"કેમ, જોયુ સાહેબ, હવે તો તમોને ખાત્રી થઇ ના?" કાળીદાસે કટાક્ષમાજ કહ્યુ"

"હા દોસ્ત હવે મારી ખાત્રી થઇ મને લાગે છે કે મારૂ કાર્ય તમારાથી સિદ્ધ થશે ખરૂ" હરિસિહે પણ તેવાજ ભાવથી કહ્યુ અને પેલી બન્ને નોટો થડે પેટે અને ઠાવકે મોઢે પોતાના ગજવામા સેરવી દીધી

સમશેરખાનનો પિતો ઉછળી આવ્યો, અને તે સકારામને મારવાનુ કરતો હતો પરતુ હરિસિહે સમજાવીને તેને શાન્ત પાડયો અને તમારી નોટ તમને પાછી મળી જશે એમ સુચવનારી સજ્ઞા કરી, તેનો હાથ દબાવ્યો, ચતુર પઠાણ સમજી ગયો અને શાન્ત થયો

કેટલીક વારે એક બીજો માણસ તે ઓરડામા દાખલ થયો. તેના હાથમા એક દાગડો અને નાની ચોપડી હતી, દાખલ થતાંજ તેણે સક્રોધ સકારામને કહ્યુ સકારામ તમારા વાયદાનો છેડો આવતો નથી, અને મને પૈસાની ઘણીજ જરૂર છે કાંતો મને પૈસા આપો, યાતો આ તમારા દાગીના વેચવાની મને મજુરી આપો હવે મારાથી વધારે દિવસો થોભાય તેમ નથી આજનો વાયદો પણ તમારો ખાલી ગયો ગમે તેમ કરી આજે મને પૈસા આપો, નહિ તો પરિણામ સારૂ નહિ આવે

સકારામ જાણે તે શખ્સને જોઇને ગભરાયો હોય, અને મુદત પર પૈસા ન આપીશકવાથી શરમાતો હોય, એવો ભાવ કરીને તે શખ્સ તરફ દયાર્દ્ર દ્રષ્ટિથી જોઇ રહયો

"કેમ ચુપ રહ્યા! મારા શબ્દો આપે સાભળ્યા તો હશેજ ?" તે શખ્સે પુન ક્રોધમાજ કહ્યુ

"હા ભાઇ, તમારા શબ્દો મે બરાબર સાભળ્યા છે પણ શુ કરૂ, ગમે તેટલી તજવીજ કરવા છતા પણ હુ પૈસાની જોગવાઇ કરી શકયો નથી, કૃપા કરી જેમ આટના દીવસ કાઢયા, તેમ બે દિવસ બીજા પણ કાઢી નાખો, હુ તેટલા સમયમા જરૂર પૈસાની જોગવાઇ કરી લઇશ

"ના, હવે તેમ નહિ બને, વારવાર તમે એવાજ જવાબો આપો છો, આજે હુ પૈસા લીધા સિવાય પાછો વળનાર નથી. સમજ્યા ? જો તમારી પાસે પૈસા ન હોય તો દાગીના વહેચી નાખવાની મને મજુરી આપો કોઇ પણ રીતે આજે મારો છુટકો થવોજ જોઇએ"

"સાહેબ, તમારા એક હજાર રૂપિઆ માટે મારા બે હજાર પાચસોના દાગીના જતા કરૂં એ કેમ બને? લીધેલી રકમ કરતા બમણી કીમતના દાગીના મે તમને આપ્યા છે, વ્યાજ પણ સારૂ આપુ છુ, છતા તમો મને આ રીતે મતાવો છો એ ઠીક નથી થતુ દાગીના વેચવા જતા તેની પોણી કીમત પણ નહિ આવે કૃપા કરી બે દીવસ ની મુદત આપો, હુ ગમે ત્યાથી લઇને તમારા પૈસા ભરપાઇ કરીશ" મકારામે પોતાનો પાઠ પુરેપુરો ભજવ્યો

"હુ તમને એક વખત કહી ચુકયો કે, મારે આજેને આજેજ પૈસા જોઇએ કોઇ પણ રીતે તમે મને મેળવી આપો" આવનાર શખ્સે પણ પોતાના નિશ્ચયને વળગી રહેવામા જીદ બતાવી

ચાલાક હરિસિહ તરતજ ચેતી ગયો કે, આ સત્રળી પોતાને ફસાવવાનીજ યુકતીઓ છે કાળીદાસે તેને કેટલુંક પહેલુ સમજાવેલુ હોવાથી અને પાપીઓને પકડવાની યુકિત અનાયાસે હાથ આવેલી હોવાથી સમય ખોવાનુ કામ નથી, એવા નિશ્ચય કરીને આવનાર શખ્સ તરફ ફરીને બોલ્યો

"શેઠ હવે એકાદ બે દીવસમા શુ ખાટુ મોળુ થવાનુ હતુ તે બિચારો લાચાર છે, ત્યારેજ તમારા આટલા કાલાવાલા કરે છે નહિ તો તમારા આટલા શબ્દો સાભળે ખરો કે? વળી તમારી પાસે તમોએ ધીરેલી રકમ કરતા બમણી કીંમતનો માલ છે"

"માલ છે તેને શુ બાફી ખાવો? અમારાથી તે કાઇ વેચવા જવાય છે? અને શું અમારી આબરૂના કઠાકડીના સમયમા બે દિવસની

રાહ જોઇને બેસી રહેવાય છે? તમને જો તેની દયા આવતી હોય તો તમેજ આપો અને આ દાગીના તમેજ લઇ જાઓ ' હરિસિહને પીગળેલો જાણી તે શખ્સે કહ્યુ પરતુ તેને ક્યા ખબર હતી કે તે પીગળ્યો તેમા તેનો પોતાનોજ સ્વાર્થ હતો, અને વગર વાધે પોલીસને સ્વાધીન કરવાનો સહેલો અને સગવ ડનો શોધ્યો હતો હરિસિહ એજ પ્રશ્ન ની રાહ જોતો તે તરતજ બોલી ઉઠયો, એટલે શુ! તમે એમ કહેવા માગો છો કે, દાગીના ઉપર તેને કોઇ પૈસા આપશેજ નહિ"

પણ હુ કયા ના કહુ છુ, ત્યારે તમેજ આપોની.

"તમારા કેટલા રૂપિઆ નીકળે છે'

"વ્યાજ સુદ્ધા તેરસોને આસરે થશે."

"વારૂ, તમો મારી સાથે આવો, અહી મારી સાથે તેટલા રૂપિઆ નથી હમણા મારી પાસે ફકત હજાર રૂપિઆ છે પણ તે એક લેણદારને આપવાના છે. એટલે તેમાથી એક પાઇ પણ માગથી આપી શકાય નહિ. ઘેર ચાલો તો તમારા વ્યાજ સુદ્ધા ચુકતે કરી આપુ, અને મારા આ મિત્રને તમારા રૂણમાથી બચાવુ ' રખે સકારામ એ હજારની નોટો આપી પતાવવાનુ કહી દે એવી ઇચ્છાથી હરિસિહે કાઇ જુદીજ ઢબથી વાત કરી પોતે દેવાદાર છે, એમ સકારામ ને પહેલા જણાવ્યુ હતુ તેથી સકારામને તેના શબ્દો પર વિશ્વાસ બેઠો અને તેની સાથે જવા તૈયાર થયો

બધળા ઉઠયા, પહેલો પઠાણ પણ તેની પાછળ ચાલ્યો ધારવા પ્રમાણે કામ પાર ઉતરલુ જાણી, કાળીદાસ અને પેલા બે મુછમા હસ્યા કાળીદાસનુ હસવુ કાઇક વિચીત્ર હતુ, કારણ કે તે હરિસિહ ની યુકિતથી દગજ થઇ ગયો હતો

કેટલેક દુર ગયા પછી એક સોનીની દુકાન પાસે હરિસિંહ ઉભો રહયો, અને સકારામ તરફ ફરીને બોલ્યો સકારામ તમે તમારા દાગીના તો ઓળખી લીઓ ભાઇ લાવ્યા છે, તે તમારાજ છે કે ભુલથી તેઓ કોઇ બીજાના તો નથી લાવ્યા ના '

"નહિ સાહેબ એજ દાબડો અને એજ દાગીના" સકારામે જોયા વગરજ જવાબ આપ્યો

"તો પણ તપાસવામા આપણુ શુ જાય છે ચાલો આ સોની ની દુકાનમા તેનો તોલ પણ કરાવી લઇએ અને દાગીના પણ તપાસી લઇએ બનશે તો હુ ત્યાથીજ પઇસાની જોગવાઇ કરી લઇશ કારણ કે સોની મારો ઓળખીતો છે એમ કહી દાબડો પોતાના હાથમા લઇને સોનીની દુકાન તરફ ચાલવા માડયુ સોની હરિસિંહની પીછાણુ વાળો હતો, હરિસિંહને જોતાજ સોની ચેતી ગયો કે, ડીટેકટીવ સાહેબ આજે પોતાનો વેશ બદલી કોઇ બદમાસને યુક્તિથી પકડી લાવ્યા છે અને તેને કાઇ વાકમા લેવાની ઇચ્છાથીજ અહી આવ્યા છે હરિસિંહે પેલા દાગીનાનો દાબડો સોનીના હાથમા આપતા કહ્યુ, "પરશોતમ ભાઇ આ જરા દાગીના તોળી જુઓની"

"હા લાવો સાહેબ, એમ કહેતાજ પરશોતમે તે દાગીનાનો દાબડો પોતાની પાસે લીધો, અને તેમાથી એક સોનાના તોડાની જોડી બહાર કાઢી બારીકીથી જોવા લાગ્યો

"સાહેબ, આ તોડાને જરા તાની જોઉ ?" કેટલીકવારે કાઇ વિચાર આવતા પરશોતમ ભાઇએ કહ્યુ

"હા, હા, તાવી જુઓની," સકારામે વચમાજ કહ્યુ. કારણ કે તેની ખાત્રીજ હતી કે ગમે તેટલુ તાવવા છતા તે સોનુજ રહેવાનું.

પરસોતમ ભાઇએ તરતજ તે આગ પર મુકયો અને ધમણ શરૂ થઇ, ટાઇમ પુરો થતા તેનો કસ લીધો કસ બરાબર હતો, છતા કોણ જાણે શાથી પરસોતમભાઇનુ દીલ સોનુ કહેવામા ના કબુલ કરતુ હતુ, ફરીને તેણે હરિસિહને પ્રશ્ન કર્યો "સાહેબ જો તમારી ઇચ્છા હોય તો આ તોડાના એક આકડાને કાપી નાખુ."

"હા, હા, એમા વળી પુછોછો શાના, તમને જરાપણ શક જેવુ લાગે તો તેની બરાબર તપાસ કરો, દરેક જાતની ખાતરી કરવી એ તમારૂ કામ છે પાછળથી કાંઇ પણ વાધો પડશે તો હું તમનેજ પકડીશ"

"નારે સાહેબ, એવો ખોટો જોખમ હુ મારે માથે શામાટે લઉ? હમણાજ તેને કાપી જોઉ છુ" એમ કહેતાજ તેના પર કાનસ ફરવા લાગી અને થોડીજ વારમા તેના બે કટકા થઇ ગયા પરસોતમ ભાઇએ તે કટકા હરિસિહના હાથમા આપ્યા.

"પરસોતમ, ભાઇ? સોનુ તો સો ટચનું લાગે છેના શુ? એના પર મારે આ લાકોને પૈસા ધીરવાના છે તો કેટલા રૂપિઆ આપુ?"

"સાહેબ એ બાબતમા તો રામલાલની સલાહ લ્યો તો ઠીક કારણ કે આવા કામમા તેની કાંઇક વધારે નજર પડે છે"

"એમ, ભલે, તમારી ઇચ્છા હાય તો તેને પણ અહીજ બોલાવી લઇએ. મહેરબાની કરી તમારા છોકરાનેજ બોલાવવા મોકલો હુ વળી આ લોકોને સાથે લઇને ત્યા સુધી કયા જાઉ "

"વારૂ, બેસો, હરિલાલ, જા રામલાલને બોલાવી લાવ" પરશોતમે પોતાના એક નોકરને હુકમ કર્યો.

"પણુ રામલાલ અત્યારે ઘેર નહિ હોય તો?" છોકરે સામો પ્રશ્ન કર્યો

"ઘેલો દેખાય છે રામલાલ નહિ હોય' તો તેના ભાઇ તો હશે ના? જા જલદી જા, જે કોઇ હોય તેને બોલાવી લાવ" પરશોતમ ભાઇએ પોતાની ભાષામા નોકરને સમજાવી દીધો

નોકર પરશોતમનો ભાવાર્થ સમજી ગયો, તે એકદમ ત્યાથી દોડયો, અને થોડીજ વારમા ત્રણ ચાર પોલીસો સાથે ત્યા દાખલ થયો અને બોલ્યો, સાહેબ રામલાલ તો હતા નહિ પણ આ તેમના ભાઇને મારી સાથે તેડી લાવ્યો છુ" છોકરાનુ બોલવુ પુરૂ થાય તે પહેલા તો હરિસિહે પોતાની બનાવટી દાઢી અને પંજાબી સાફો દુર કર્યો અને પોલીસ તરફ ફરીને બોલ્યો, 'આ બદમાસોને લઇ જાઓ અને મારો બીજો હુકમ મળતા સુધી પોલીસ ગેટ ઉપર તમારા પહેરા તળે રાખો."

"હે કોણુ હરિસિહ!" એવા ઉદગારો સકારામના મુખમાથી નીકળી પડયા તે નાસવાનુ કરતો હતો, પરતુ તે પહેલા તો પોલીસના માણુસોએ તેને મુસ્કેટાટ બાધી લીધો પઠાણુને પણ પોલીસો બાધવાનુ કરતા

હતા, પરંતુ હરિસિંહે તેઓને તેમ કરતા અટકાવ્યા, કાળીદાસને પણ પોતાની સાથે રાખ્યો, અને ને બદમાસો તરફ ફરીને બોલ્યો "જેમ લુચ્ચાઓ એ વખત તો હાથમાંથી છટકી ગયા હતા, પણ હવે કેવી રીતે છટકો છો તે જોઇશું, જાઓ એ બદમાસોને લઇ જાઓ, હું હમણાજ ત્યા આવી પહોચ્યુ છુ અને પછીથી એ પાપીઓની ખબર લઉ છુ."

પોલીસો ગયા, હરિસિંહે પોતાના ખીસામાંથી પાચસોની એક નોટ બહાર કાઢી અને તે પકાણુના હાથમા આપી કહ્યું" જુઓ આ સાહેબ ફરીને આવી ખોટી લાલચમા બદમાસોના હાથે ફસાતા ના થોડામા સતોષ માની તમારી મુડીમાથીજ કાઇ બની શકે તે ધંધો કરો, નહિ તો આ ઠગાથી શહેરમા તમો ગરીબ માણસ નાહક માર્યા જશો"

"મોટો ઉપકાર થયો સાહેબ. જો તમો ન હોત તો આ બદમાસો મારી આખી જીંદગીની કમાણી હજમ કરી જાત, ખુદા તમારૂ ભલુ કરે." એમ કહેતાજ પકાણે ત્યાથી ચાલતી પકડી, અને કેટલીક વારે પરશોતમ ભાઇ સાથે બારી અવળી વાતો કરી હરિસિંહ પણ કાળીદાસ સાથે પંથે પડયો

કેટલેક દુર ગયા પછી હરિસિંહને કાઇક વિચાર આવતા કાળીદાસને પુછ્યુ કાળીદાસ હુ આગલી રાતે ખંડિયેરમાં ગયો હતો, અને એ બદમાસો મારા હાથમાથી છટકી ગયા હતા, એ તારા જાણવામા ક્યાથી આવ્યુ?"

"હુ પણ તે વખતે ત્યાજ હતો." કાળીદાસે જવાબ આપ્યો.

"ત્યારે મે તને કેમ જોયો નહિ?"

"હુ એ વખતે જુગાર રૂમમા હતો"

"ચુનીલાલના ઘરમા પણ તુ તેઓની સાથેજ હતો"

"નહિ, એ લોકો એવા કાર્યમા મને સાથે લેતાજ નથી" કાળીદાસે કહ્યુ

"તો પણ તારા જાણવામા તો એ સઘળુ આવ્યુ જ હશે" હરિસિંહે પ્રશ્ન કર્યો.

"હા, મરીયમના મુખેથી સઘળો વૃતાત મે સાભળ્યો હતો" કાળીદાસે જવાબ આપ્યો

"શુ મરીયમ પાસે તુ ગયો હતો?"

" હા, અને ત્યાથીજ મને તમો આણદલાલના મકાન પર ગયા છો એવા ખબર મળ્યા હતા "

"તુ ત્યા શા માટે ગયો હતો, ?"

"આ સઘળી ખબર આપવા અને બદમાસોને પકડવાનો આ સારો લાગ છે એમ જણાવવા?"

"વારૂ, આ ટોળીમા કેટલા માણુસો છે, એ તુ જાણે છે?"

"હા, સારી રીતે જાણુ છુ,"

"તેમાના દરેકને તુ ઓળખે છે?"

"દરેકને તો નહિ, પરતુ તેમના મુખ્ય માણુસોને તો અવશ્ય ઓળખુ છુ' સાભળવા પ્રમાણે તેઓની ટોળીમા વીશેક માણુસો છે.

"તેમના મુખીઓના નામ શુ છે'

"તેમના મુખીઓ ત્રણ છે એક તો હમણા પકડાયો તે સકારામ, જે પોતાને મોતીલાલ તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરે છે, અને તે અનેક વખત તેમા ફાવ્યો છે જ્યારે તમે પણ અત્યાર સુધી તેને મોતીલાલજ ધારતા હતા તો પછી બીજાને માટે તો પુછવુ જ શુ તેનો ચહેરો પણ બરાબર મોતીલાલને મળતોજ છે. તે પાપીએ એક વખત મુક્તાનુ ખુન કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો, પરતુ તેનુ એ કૃત્ય મારા જાણવામા આવી ગએલુ હોવાથી, તેમા તે ફાવ્યો નહોતો, અનેક મનુષ્યોના પૈસાની લાલચે એ પાપીએ લોહી પીધા છે એ મારા જાણવામા પાછળથી આવ્યુ છે આજે તો તે કોણ જાણે કેમ ફસાયો બીજો મહાદેવ, તેને તો તમે સારી રીતે જાણો છો અને ત્રીજો ડાક્ટર રતિલાલ"

હે! કોણ ડોકટર રતિલાલ? એ પણ આ લોકોની સાથે છે" હરિસિંહે આશ્ચર્ય પામતા પુછ્યુ

'હા સાહેબ એ ઘણો ભયકર માણસ છે એ જે ચાહે તે પોતાના મેસમેરીઝમના બળે કરી શકે છ તેનાથી તમોને પણ સાવચેત રહેવાની ભલામણ કરુ છુ" કાળીદાસે કહ્યુ

"શુ તે મેસમેરીઝમ જાણે છે"

"હા તેનાથી બહુ સાવચેત રહેવાનુ છે એના જેવો નીચ કૃતઘ્ની, અને પાપી આ દુનિયામા બીજો કોઇ નહિ હશે એક બિચારા ગરીબ બ્રાહ્મણને દશ રૂપિઆ જેવી નમાલી રકમ સારૂ ફસાવ્યો હતો

" અફસોસ રતિલાલ આટલો બધો નીચ છે એતો મે આજેજ જાણ્યુ પણ કાળીદાસ, રતિલાલ પાસે પૈસો તો છે છતા આવા નીચ કૃત્યો કેમ કરતો હશે? " હરિસિહે પ્રશ્ન કર્યો

" હરિસિહ, રતિલાલને પૈસાદાર ધારવામા તમારી ભુલ થાય છે માત્ર ઉપરના ડોળ દમામથી એવી કલ્પના કરવી વ્યાજબી નથી હા, એક સમય એવો હતો, પણ હાલમા તેની સ્થિતિ ઘણી તગ છે, અને તેને એવી સ્થિતિમા લાવનાર મહાદેવજ છે "

" એમ કેમ "

" મહાદેવની સ્ત્રી કેસરનો રતિલાલ સાથે આડો વહેવાર હતો, અને તેમા મહાદેવ પણ સામેલ હતો એ પાપીઆએ પોતાના હાથેજ તેણીને રતિલાલના હાથમા સોપી હતી અને તે પાપી પતપતિએ રતિલાલને ખેરવામા કાઇ બાકી રાખી નહોતી જ્યારે રતિલાલની સ્થિતિ તગ જણાઇ, ત્યારે એ પિશાચીણી રતિલાલ અને મહાદેવ બન્નેને છોડી કોણ જાણે કયા પમાર થઇ ગઇ સાભળવા પ્રમાણે સુદર રાયને ફસાવનાર પણ એજ હતી, રતિલાલ આ સઘળુ તેણીની પાસેથીજ શીખ્યો છે, અને મહાદેવને પણ એટના માટેજ પોતાની પાસે રાખ્યો છે કેસરને માટે એ લોકોએ ઘણી તપાસ કરી પરતુ કાઇ પતો લાગ્યો નહિ, કોણ જાણે શાથી એ કેમર જીવતી છે. ત્યા સુધી પોતાને ભય હોવાનુ જણાવે છે "

"હા હવે બરાબર સમજાય છે, તારી કલ્પના ખરી છે સુદર રાયને ફસાવનાર એજ પાપણી હોવી જોઇએ, અને રતિલાલનો તેમા હાથ હોય તો એમા કાંઇ પણ શક જેવુ નથી, કારણ કે પૈસાની

નાનચે નેમ કરવાને તેણીને રતિનાથેજ ફરજ પાડી હેય વખતે તેના ભયનુ કારણુ પણુ તેજ હોય ”

“હા, કદાચ એમ હોય તો તેમા કાંઇ નવાઇ નથી કારણુ કે રતિલાલને પૈસાની તગી તે વખતથીજ ચાલી આવે છે, છતા એ એવો ચાલાક છે કે પોતાની સ્થિતિનુ કોઇને પણુ ભાન ન થાય, એવી રીતે પોતાનો દમામ જાળવી રાખ્યો છે ઘરમા, નોકર ચાકર, ગાડી, ઘોડા, સર્વ આગળના જેવુજ રાખ્યુ છે જો કે હાલમા તેની પેદાશ એટલી નથી તો પણુ તેનુ ખરચ ચાલે તેટલુ પેદા કરી લે છે વચમા તો તેઓએ બનાવટી નોટો બનાવવાનુ ચાલુ કર્યુ હતુ પરતુ તેમા તે નાસીપાસ થયો, એટલે એ ધધો હાથ લીધો છે તેની છોકરી ચપળા પણુ તેના જેવીજ ચાલાક છે

“હે તેઓએ નોટો બનાવવાનો ધધો હાથ લીધો હતો કે? હરિસિહે આશ્ચર્ય પામતા પુછ્યુ

હા, પણુ તેમા તે નાસીપાસ થયો કેટલીક નોટોના બડલો હજુ પણુ ઘણુ કરી તેના ગુપ્ત સ્થળમા પડેલા હશે

“ તે માટે વળી કાંઇ નવુ ગુપ્ત સ્થળ શોધી કાઢ્યું હતું કે શુ ? ’

“ હા, તેને માટે તેઓએ આણુદલાલના રસાયનવાળા ઓરડાની પાસામાજ આવેલી એક ગુપ્ત કોટડી પસદ કરી હતી, અને મને ખાત્રી છે કે હજુ પણુ કેટલીક નોટો ત્યા હશે ”

“ શુ રસાયન વાળા ઓરડામા એક ગુપ્ત કોટડી છે? ”

" હા "

" એતો હુ જાણુતો પણ નહિ હતો "

" અને તે જાણુવામા આવે તેવી પણુ નથી, માત્ર અનુભવીજ તે મેળવી શકે બાકી અજાણ્યો તો માથુ કુટીને મરી જાય તો પણુ પનો લાગેજ નહિ એવી ખુબીથી એ કોટડીનુ કામ કરેલુ છે "

" એમ છે કે' "

" હા, પણુ સાહેબ મે આ સઘળુ તમોને સાચા દિલથી મારા મિત્ર સમજીને કહ્યુ છે જો, જો, વળી કાઇ મારા પર આફત ના લાવતા "

" કાળીદાસ એ શું બોલો છો, મારી ઇચ્છાથીજ તમો એ લોકો સાથે જોડાના છો, અને દરેક વખતે મને મારા કાર્યમા મદદ કરો છો તેનો બદલો હુ તેવો આપીશ, એવી તમો કલ્પના પણુ કેમ કરો છો? જો તમને સપડાવવાની મારી ઇચ્છાજ હેત તો આજે મકારામની સાથેજ મોકલી દીધા હોત, પણ નહિ હુ તમોને મારા એક મિત્ર અને સાગ્રીત ગણુ છુ વળી તમો દરેક વખતે મને સત્ય હકીકતજ કહો છો એટલે મારો તમારા પર સપુર્ણુ વિશ્વાસ છે અને તમો ખરાબ નિષ્ટાથી એ લોકો સાથે ભળેલા નથી, એ પણુ મારા જાણુવામા છે અને કદાચ તમારા સ્વાર્થ માટે તમો તેવુ કરો અને ગુન્હેગાર ઠરો તો પણુ તમને બચાવી લેવા એ હુ મારી ફરજ સમજુ છુ અનેક વખતે મે તમારો બચાવ કરેલો છે, એ તમો કયા નથી જાણુતા "

" અને એટલા માટે તો હુ સઘળુ ખુલ્લા દીલે તમારી પાસે સત્યજ કહુ છુ ના? તો પણ તમારા જેવા ચાલાક ડિટેકટીવનો ભય લાગે એમા આશ્ચર્ય જેવુ નથી "

"તમો બેફિકર રહો, મારા તરફથી તમોને સહજ પણ ભય થવા નહિ પામે, હા પણ એ નોટો કોણ તૈયાર કરતું હતું? રતિલાલ પોતેજ કે?"

"નહિ એક સ્ત્રી"

"હે સ્ત્રી?"

'હા, પણ એ નોટો બનાવતી વખતે તે બિચારી બેશુદ્ધ રહેતી હતી, રતિલાલ તેના પર મેસમેરીઝમ કરીને બેશુદ્ધ બનાવી દેતો અને એવીજ હાલતમા તે સઘળુ તૈયાર કરતી.

"એ શુ! બેશુદ્ધ હાલતમા એ સઘળુ શી રીતે કરી શકતી?"

"હરિસિહ મારી પણ મશ્કરી કે તમારા જેવો મશહુર ડિટેકટીવથી એ વાત અજાણી હોય ખરી કે?"

"હા, હુ ખરૂજ કહુ છુ, આજે હુ એ તમારા મોઢાથી પહેલુજ સાભળુ છુ"

"એ હુ ન માનુ ખેર, રતિલાલ મેસમેરીઝમ કરતો એટલે તે સ્ત્રી તેને આધિન થઇ જતી અને રતિલાલ તેણીની પાસેથી ઇચ્છા મુજબ કામ લેતો'

"આશ્ચર્ય, આજે આ વળી તમે નવુજ સભળાવ્યુ અને મારા કાર્યમા કેટલુક અજવાળુ પાડ્યુ કાળીદાસ મને લાગે છે કે આણુ દલાલનુ ખુન કરનાર પણ વખતે એજ સ્ત્રી હોય"

"ચોક્કસ કહેવાય નહિ તો પણ આજે પકડાએલા પાપીઓ પાસેથી એ સબંધી કેટલુંક જાણી શકાશે."

"હા, પણ એક બાબત તો હું તમને પુછતાંજ ભુલી ગયો." હરિસિંહને કાંઇ વિચાર આવતા એકાએક બોલી ઉઠ્યો.

"એ શું વળી?"

"રસાયનવાળા ઓરડામાં ગુપ્ત કોટડી હોવાનું તમે જણાવ્યું તે મને બતાવી શકશો?"

"મેં તે જોઇ નથી. સખારામ પાસેથી જે કાંઇ સાંભળ્યું હતું, એજ મેં તો જણાવ્યું છે બાકી એ વખતે હું એ લોકોની સાથે સામેલ નહોતો. આપની કૃપાથી કેદમાંથી છુટયો, અને આપે આજ્ઞા કરી ત્યારથી તેની સાથે જોડાયો, અને તેમાં સઘળા કારસ્થાનો યુક્તિથી જાણી લીધા."

"વારૂ કાંઇ નહિ, કેસર હાલમાં ક્યાં છે? એ સબંધી તમે કાંઇ છુપી તપાસ ચલાવી છે?"

"જો કે ખાત્રીથી કહી શકાય તેમ નથી, પણ મારો એક મિત્ર ગઇ કાલે મંગરપીર ગયો હતો, તે કહેતો હતો કે કેસર જેવી એક સ્ત્રી કોઢીઆની હોસ્પિટલમાં તેણે જોઇ હતી પણ તેણીનું નાક કપાએલું હતું, એટલે બરાબર ઓળખી શકાય તેમ નહોતું, કેસર હશે એવી તેની કલ્પનાજ માત્ર હતી. તો પણ મેં એ કેસર છે કે નહિ તે જાણી લેવા આવતી કાલે મંગરપીર જવાનો નિશ્ચય કર્યો છે એટલે ત્યાં ગયા પછી મને જે જણાશે તે હું તમોને જણાવીશ. જો કેસરનો

પતો લાગી જાય તો આ ખુનનો સઘળો ભેદ ખુલી જાય, ખરો ખુની પકડાઇ જાય, એમા કાંઇ પણ શક નથી. "

'મને પણ એમજ લાગેછે તમો જરૂર આવતી કાલે મગરપીર જજો, અને પાકી ખબર લાવજો " એમ કહેતો હરિસિંહ તેનાથી જુદો પડયો. કાળીદાસ અનેક તર્ક વિતર્ક કરતો, પોતાના ઘર તરફ ફર્યો, રસ્તામા મહાદેવ તેને સામે મળ્યો પરંતુ તેણે કાળીદાસ સાથે કાંઇ પણ વાત કરી નહિ. તે સીધો ત્યાથી પસાર થઇ ગયો. કાળીદાસે પાછળથી બે ચાર પોકારો કર્યા, પરંતુ તેણે કશું ગણકાર્યું નહિ. કાળીદાસને શક ઉત્પન્ન થયો રખે એણે અમારી વાત સાંભળી હોય. રતિલાલ ઘણો ક્રુર માણસ છે એ તેનાથી અજાણ્યું નહોતું. અનેકના લોહી પીધેલો રતિલાલ પોતાના પર આ મહાદેવના સમજાવાથી કાંઇ આફતતો નહિ લાવે, એવો ભય થયો. આવે એવા અનેક વિચારો તેના હૃદયમાંથી પસાર થઇ ગયા. પરંતુ બીજેજ પળે હરિસિંહની હિંમત ભરી ચાલાકીનો ખ્યાલ થયો, આવે એવા બહાદુર નરના આશ્રય તળે મને કોઇનો ભય નથી, મહાદેવ અને રતિલાલ જખ મારે છે, એમ મન વાળી તેણે પોતાનો રસ્તો કાપવા માંડયો થોડીજ વારમાં તે પોતાના મકાને જઇ પહોંચ્યો



# પ્રકરણ ૧૦મું.

## શરાબી પતિ અને સાધ્વી પત્નિ

દારૂને એક વખત આશ્રય આપ્યો કે તે જીંદગીનો ગળે ચોટયો સમજવો એ તો મગરની પકડ સમજવી મદિરા મગરનાજ્રં જડબામા જે સપડાયો તેને તો પીપમા સુડી મરેજ છુટકો, એ તો વળગ્યો કે છુટતોજ નથી. આપણા ચુનીલાલના સબધમા પણ એમજ બન્યુ ધીમે ધીમે શરાબીઓની સોબતથી તે અઠગ શરાબી બની ગયો હતો, ઓછામા પુરૂ મહાદેવે લધાની જગ્યાએ પોતાનીજ ટોળીના એક માણસને ગોઠવી દીધો હતો અને તે પણ શરાબીજ હતો, એટલે ચુનીલાલને ઘરમા પણ શરાબ મળતો, આથી સમય જતા ચુનીલાલ જબરો શરાબી બની ગયો હતો તે એટલે સુધી કે તે ઘરમા પણ ઘણોજ થોડો સમય રહેતો સવિતા સગર્ભા હતી, તેની પ્રસુતીનો સમય નજીક હતો અને સવિતા વારવાર એ માટેનો કાઇ બદોબસ્ત કરવાનુ કહેતી મુકતા પણ ઘણુ સમજાવતી, પરતુ ચુનીલાલ તેની સહજ પણ દરકાર કરતો નહિ આખો દિવસ પોતાના શરાબી દોસ્તો સાથે ફરવામા અને રાત્રે મહાદેવે લધાની જગ્યાએ રાખેલા માણસની સાથે મદિરામા મસ્ત રહેવામાજ પોતાનો સમય વ્યતિત કરતો હતો. ટુકામા ચુનીલાલ એ નવા રાખેલા નોકર સાથે મિત્રના જેવોજ વરતાવ કરતો હતો હાલમા તેઓ એક નવું મડળ સ્થાપવાની ગોઠવણમા હતા. એટલે ચુનીલાલને એક ઘડીની પણ ફુરસદ મળતી નહોતી નવા નવા મેમ્બરો મેળવવામા અને મડળના નિયમો ઘડવામા ચુનીલાલનો આખો દિવસ પસાર થઇ

જતો ઓફીસના કામમા પણ તે જોઇએ તેવુ ધ્યાન આપતો નહોતો પતિના વર્તનમા અચાનક આટલો બધો ફેરફાર થએલો જોઇ સવિતાને ઘણુ વાગી આવતું, પરતુ એમ થવાનુ ખરૂ કારણ શુ છે તે તેણી અદ્યાપિ જાણી શકી નહોતી ચુનીલાલ અત્યારે પોતાના નવા નોકરની સાથે ઉપર કાઇ વાતચીતમા ગુથાયો હતો જયારે નીચે સવિતા એક આરામ ચેરપર કાઇ ઉડા વિચારમા પડેલી હતી. અચાનક તેણીના હૃદયમા ન સહન થઇ શકે તેવો એક આઘાત થયો તેણીએ તેને અપશુકન માની લીધુ, અને તે ખરૂ હતુ કારણ કે શુદ્ધાત્મા આવી પડનાર આપતને પ્રથમથીજ નિરખી શકે છે, તેમ એ માધવીને વિશેષ વિપતિનુ ચિન્હ જણાઇ ગયુ હતુ એકાએક તેની નજર આગળ એક ભયકર દેખાવ ખડો થયો જાણે કે ચુનીલાલ શરાબીઓની સાથે શરાબમા મશગુલ થએનો છે, તેના સોબતીઓ તેને તેવીજ હાલતમા ઓફીસમા જવાની સુચના કરી ગયા છે, આ દ્રશ્ય જોઇ દુખી થએલી સવિતા મનમાજ બકવા લાગી કેટલો બધો અનર્થ ! કેવો અધર્મ ! હરિ ! હરિ ! આ હુ શુ જોઉ છુ ! એક ઉતમ બ્રાહ્મણ સતાન મદિરાનો ભક્ત ! અફસોસ ! નાથ ! આ તમને શુ સુઝયુ ? પ્રભુ! મારા ભાગ્યમા આવી ભયકરતા જોવાનુજ સરજાએલુ હોય, અરે! મારા નાથ ખરેખર શરાબી બની ગયા હોય, તો એ દ્રશ્ય બતાવવા પહેલાજ મને તારી પાસે ખેચી લેજે આટલુ બોલતાજ તે ભુમી પર બેભાન ઢળી પડી, કુદરતી નિયમ-એવો છે કે દુખી અને આપત્તિમા સપડાએલા મનુષ્યો પર નિદ્રા પોતાનુ પ્રબળ અદભુત રીતે ચલાવી શકે છે, તેમ આ સવિતાને નિદ્રાએ એકદમ સપડાવી. વિચાર વાયુની મીઠી લ્હેરીમા ભરમાએલુ મગજ પરવશ પડી ગયું, પણ હજુ મનના તરંગો પર

મુબઈમા પ્રવાસ કરવાને તૈયાર થાય, તે પહેલા તેણીએ એક દુસ્વપ્ન જોયુ તેમા તેણીએ શુ જોયુ? જાણે ચુનીલાલ અસ્તવ્યસ્ત હાલતમા ઝોકા ખાતો પોતાની ઓફીસમા ઉભો છે, પોલીસો તેને હડધુત કરી બહાર કાઢવાની કોશીષ કરી ગયા છે, શરાબની ધુનમા ચુનીલાલ અપશબ્દો બોલે છે આ દેખાવ જોઇ સવિતા એકદમ ચીસ પાડી ઉઠી, નાથ, નાથ, આ શુ? તમારા જેવા વિદ્વાન નરને આ છાજે છે કે? ઓહ! આ હુ શુ જોઉ છુ! આટલુ બોલી તે રડવા લાગી ચુનીલાલ ઉપરજ હતો પરતુ તે પોતાના કાયમા ગુથાએલો હતો. સવિતાના રડવાનો અવાજ તેના કાને અથડાયો છતા તેને કાઇ પરવા કરી નહિ, પરતુ મુક્તા કે જે ઘરના કામકાજમા રોકાએલી હતી. તે એકદમ ત્યા દોડતી આવી અને સવિતાને આશ્વાસન આપતા બોલી; " માતા, આશુ? રડો છો શા માટે? "

"મુક્તા? શુ કહુ મને તો કઇ કઇ અશુભ સ્વપ્નાઓ આવછે, કોણ જાણે વિધાતાએ ભાવિમા શુ લખ્યુ છે. છઠીના લેખ મિથ્યા તો થવાનાજ નથી પણ મન ઘેલુ છે. મારા મનનુ સમાધાન કરવા તો હુ ઘણો પ્રયત્ન કરૂ છુ પરતુ ચિતાની ચિતા ઓલાતીજ નથી, મુક્તા? મને તો તારા પિતાના સબધમા કાઇક દાળમા કાળુ લાગે છે. મને જોતાની સાથે આનદથી પ્રસ્મિત કરતી એ નાથની મુર્તિ ક્યા અને આજે મને દેખી મ્હો કટાણુ કરી, મને તરછોડતી એ મુખ મુદ્રા ક્યા, મારા તરફ આટલો બધો તિરસ્કારો જરા વાર ઘરમા બેસતા નથી, મારી સાથે બિલકુલ વાત કરતા નથી, મુક્તા મારા નશીબમા શુ લખ્યુ હશે?" સવિતાએ આંસુ લુછતા લુછતા કહ્યુ.

"માતા તમો નાહક ફિકર કરો છો, ચિંતામાં ને ચિતામા તમે શરીરને સુકવી નાખ્યુ, જુઓમોં તમારા ચહેરાની લાલીએ ગ્લાનિની જગ્યા લીધી છે તમે તો કલ્પનાના ઘોડા દોડાવી દિલને અમથુ દુખી કરો છો તમે કાઇ જાણ્યા શિવાય. ફિકરમાને ફિકરમા સુકાયાજ કરશો, તો તમારૂં શરીર બગડશે" મુક્તાએ ધીરજ આપતા કહ્યું.

'મુક્તા" હુ સમજુ છુ, મારા મનનુ સમાધાન કરવાનો પણ પ્રયત્ન કરૂ છું, પરતુ મારી નજર આગળ કેવા કેવાં દ્રશ્યો ખડા થાય છે તેની કલ્પના તને ક્યાંથી થાય" સવિતાએ રડતાં રડતા કહ્યું

"માતા આમ રડવાથી કાઇ આપણા સકટો જતા રહેવાના છે, તમો આમ રડશો તો મારી ધીરજ કેમ રહેશે, હું તમારે આશ્રયે પડી છુ, મને માતા કહેવાનો તમોએ અધિકાર આપ્યો છે, જો તમેજ આમ કરશો તો મારૂ થશે? મારૂ દુખ કોણ સાભળશે?" મુક્તાથી પણ રડી જવાયું

"રડ નહિ બેટા, તુ મારી દીકરીજ છે, તારા પુણ્ય પગલાથી મને કાઇક આશા છે

"અમે એથી તો આપને કહુ છુ કે આપ ચિતાને પરહરો મે એક જુઠમાં વાચેલુ છે કે સગર્ભા સ્ત્રીએ ચિતાથી બને તેટલુ દુર રહેવું, 'ચિતાથી ગર્ભપાત થવાના ઘણા દાખલાઓ બન્યા છે, વળી પ્રસુતી ગ્રહમા જવાનો સમય પણ નજીક આવ્યો છે એટલે જો એ સમયમાં આપ 'ચિંતામગ્ન રહો તો એનુ શુ પરિણામ આવે?" મુક્તા એ વચ્ચેજ કહ્યું

આ પ્રમાણે વાતચીત ચાલે છે, એટલામા ચુનીલાલ કપડા પહેરી પેલા નવા નોકર સાથે નીચે ઉતર્યો અને બોલ્યો, "સવિતા હુ બહાર જાઉ છુ, વાળુ માટે મારી રાહ જોતા નહિ મને આજે ખાવાની રૂચી નથી."

"નાથ, આજે બહાર નહિ જાઓ તો નહિજ ચાલ, આજે મારુ શરીરને જરા ઠીક નથી" સવિતાએ ચુનીલાલને રોકવા પ્રયત્ન કરવા માડ્યો

"બહુ જરૂરના કામ માટે હુ ઉતાવળથી જવા નીકળ્યો છુ મારે હમણાજ જવુ જોઇએ ગયા સિવાય ચાલે તેમ નથી, પ્રસુતીના સમય માટે તો મે પ્રથમથીજ તને સમજાવી દીધુ છે મુક્તા અહી છે એ સર્વ ગોઠવણ કરી શકશે '

"તો પણ તમારી હાજરી હોય

"હુ સમજુ છુ, પણ મારે ગયા સિવાય ચાલે તેમ નથી" ચુનીલાલે સવિતાને બોલતી અટકાવી બેપરવાઇથી કહ્યુ

"નાથ, મારી આવી સ્થિતિ જોવા છતા તમોને જરા પણ દયા નથી આવતી! પ્રાણેશા વખતે મારો

"તારો દેહાત થાય, એવો તને ભય છે કેમ? ગાડી છે, તુ અમથી તર્ક વિતર્ક ચલાના તારા જીવને ત્રાસ દે છે, અને બીજાને પણ દુખી કરે છે, જા ઘરમા જા." સવિતાનો હેતુ સમજી જઇ ચુનીલાલે ટુકામાજ પતાવ્યુ

ચુનીલાલના આ જવાબથી સવિતાને ઘણુજ માઠુ લાગ્યુ તે રડતા રડતા બોલી, "પ્રાણેશ, પહેલા આપનો મારા પર કેટલો પ્રેમ

હતો અવાજમા કેટલુ માધુર્ય હતુ માગી માથે બોલતી વખતે આપના દરેક શબ્દોમા કેટલો પ્રેમ અને કૌતુક દેખાતા હતા નાથ, આજે હુ તેનો લોપ થએલો જોઉ છુ હવે તો જાણે મારાથી ત્રાસીજ ગયા હો એવુજ આપના બોલવા પરથી જણાય છે નાથ, આવો ગજબ ફેર ફાર થવાનુ કાઇ કારણ" બોલતા બોલતા સવિતાની આખોમા આસુ ભરાઇ આવ્યા

'તારી સાથે વાત કરવી એ ઘણુ અઘરૂ કામ છે હુ તને કેટલો વખત કહુ કે તારા ઉપર મારો પહેલા જેવો અને જેટલો પ્રેમ હતો તેવો હજુ પણ છે હવે એ ટાયલા છોડી દઇ ઉપર જા મને સમય નથી " એમ કહેતોજ ચુનીલાલ સવિતાના પ્રત્યુતરની પરવા નહિ કરતા ત્યાથી બહાર નીકળ્યો

અફસોસ! એ હતભાગી હિંદુસ્તાન! તારા સેકડો સેવકોને મદિરા મોહી રહી છે! ચુનીલાલ જેવા વિદ્વાન અને ઉત્સાહી યુવકોને સુરા સતાવી રહી છે! તારા લાખો સતાનોને દારૂ દબાવી રહ્યો છે! ઓ! પ્રભુ! દીન દયાળ, પતિત પાવન તુ મદિરાના મોહમાથી સુરાના સકજામાથી દારૂની જાળમાથી તાડીના ફાસામાથી હિંદીઓને બચાવ! બચાવ!!

ચુનીલાલના જવા પછી કેટલીકવારે મુક્તા પેલા નવા નોકર તરફ ડોળા ઘુરકાવતી બોલી, " લુચ્ચા, બદમાશ, આ સઘળુ તારૂંજ કારસ્થાન છે તારા અહીં પગલા થતા પછીજ મારા પિતાના વર્તનમા આવો ગજબ ફેરફાર થવા પામ્યો છે હરામખોર, નિમકહરામ, તેજ

આ બધી ખાના ખરાબી કીધીછે ? એ બદમાશ દારૂડીયા ‘ હમણાને હમણા તુ આ ઘરમાથી નીકળી જા, ખબરદાર જો ફરીથી આ ઘરમા પગ મુકયો તો, જા તારૂ કાળુ કર ’ એ નવા નોકરને ધક્કો મારતાં મુક્તાએ ક્રોધાવેશમા કહ્યુ.

નોકર એવાજ સમયની રાહ જોતો હતો, ચુનીલાલને ઉશ્કેરવાનુ કાઇ કારણુજ શોધતો હતો, અને એમ કરીને મુક્તાને ચુનીલાલના આશ્રયમાથી દુર કરવાનોજ એ બદમાશનો ઇરાદો હતો મહાદેવે તેને એટલા માટેજ ત્યા રાખેલો હતો આજે અનાયાસે એ પ્રસગ પ્રાપ્ત થયેલો જોઇ તે ખુશી થયો, અને કાઇ પણ બોલ્યા શિવાય તે એકદમ બહાર નીકળ્યો

“ મુક્તા, એ બદમાસને તે દુર કર્યો એ ઠીકજ કર્યુ જોયુના બહેન, તારા પિતાના આ વર્તનથી મને ચિતા ન થાય કે? ” નોકરના ચાલી જવા પછી કેટલીકવારે સવિતાએ મુક્તાને ઉદ્દેશીને કહ્યુ.

“ માતા, મારા પિતાના વર્તનમા આટલો બધા ફેરફાર શાથી થયો એ કાઇ સમજાતુ નથી આવા નાદાન નોકરોના ભમાવવાથી મારા પિતા એકદમ ભોળવાય એવા મુર્ખ નથી, તેઓ કાઇ પૈસાની તગીમા હોય એમ મને તો લાગે છે, જો એમજ હોય તો એ માટે આપણે કાઇ બદોબસ્ત કરીએ ” મુક્તાએ કહ્યુ

“ નહિ મુક્તા પૈસાની અડચણ બિલકુલ નથી કાઇ પણ કાળુ છે, મારૂ મન એ કાળાની કલ્પના કરી રહ્યુ છે, એક દિવસ એક અજાણ્યા માણુસની સાથે તેમે મારી નજરે જોયુ છે બહેન, હવે કેમ કરીશુ ? આ બાજી કેમ સુધરશે? ” સવિતા રડવા લાગી

" માતા, આ શુ ! હજુ કાઇ ઠામ નહિ, ઠેકાણુ નહિ, ને ફક્ત કલ્પના કરીને રડયાજ કરવુ. અત્યારે તમો જે સ્થિતિમા છો તે સ્થિતિમા તો તમારે આનદમા રહેવુ જોઇએ માતા વધારે શુ કહુ, માણસ તર્ક વિતર્ક કરવા બેસે એટલે તર્કવાદી બને છે અને તર્કવાદી માણસ તર્ક અને કલ્પનાથી સકટો ઉભાં કરે છે "

" નહિ મુક્તા, એમ નહિ પરતુ કેટલીક વખતે કલ્પનાઓ પણ ખરી પડે છે? ' એમ કહેતી ગુલાબે ત્યા પ્રવેશ કર્યો

' કોણ? ગુલાબ ? તુ કયા હતી? બહેન, તને રજા આપવામા હુ અને મુક્તા બન્ને નારાજ હતા, પરતુ એમની પાસે અમારૂ કાઇ ચાલ્યુ નહિ બહેન, શુ તને કાઇ ખબર મળી છે? કાઇ બ્હીવા જેવુ તો નથીને?" સવિતાએ ગુલાબને ઉદ્દેશીને કહ્યુ

ગુલાબ નિરૂતર રહી તેણીએ જોયુ કે સવિતાની સ્થિતિ નબળી છે તેણી પ્રસુતી ગ્રહમા જવાની તૈયારીમા હોય એમ તેણીને જણાયુ અને ચુનીલાલના સબધમા કહેવાની હકીકત અત્યારે કહેવામા જોખમ જેવુ જણાયુ

ગુલાબને ચુપ ઉભેલી જોઇ સવિતા વધારે શકાશીલ બનીને બોલી, "ગુલાબ, મુગી કેમ થઇ ગઇ? શુ છે? જે હોય તે જલદી કહી દે? વાર ન કર, મારા ભાવિમા શુ લખ્યુ છે? મારા માથે શુ વિતવાનુ છે?"

' માતા કાલે શુ થવાનુ છે, તેની જો આજેજ ખબર પડી જાય, તો સસાર નિરસ બની જાય, માણસને પોતાના ભવિષ્યની ખબર ન પડે માટેજ પ્રભુએ મનુષ્યનુ ભાવિ વિધાતાને લલાટમા લખવાની

વિનંતી કરી છે." આડકતરી રીતે ગુલાબને એ વાત કરતી અટકાવતા અને સવિતાને ધીરજ આપતા મુક્તાએ કહ્યુ.

ગુલાબ મુક્તાનો હેતુ સમજી ગઇ તે ચુપ રહી, પરંતુ પતિના મબધની હકીકત જાણવાને ઉત્સુક બનેલી સવિતા આખમા આસુ સારતી ગુલાબને જે હોય તે સવિસ્તર જણાવવા વીનવવા લાગી ગુલાબ લાચાર બની, પોતે બોલવામા ઉતાવળ કરી એ હવ તેણીને સમજાયુ, તેણીની સ્થિતિ કફોડી થઇ પડી, તે મનમાજ બબડી શુ કરૂ! સવિતાને કેવી રીતે મમજાવુ ! દારૂ એ અતિ અમગળ શબ્દ આ સાધવી આ પવિત્ર દેવી આગળ હુ શી રીતે ઉચ્ચારૂ ઓ શરાબ મા મશગુલ બની જનારા ચાડાલો? તમો તમારા કૃત્યોથી તમારા આપ્ત જનોને કેવી આપતિમા ઉતારો છો તેની નમોને કલ્પના છે કે નહિ? દારૂની વાતોથી, નિક્ષણુ બનેલા વાગ્બાણુથી, આ કોમળ સાધ વીનુ હદય વીધવાનુ કામ મારે માથે આવ્યુ, ના ઇલાજ, કહ્યા શિવાય છુટકોજ નથી મન તુ મક્કમ બની જા? જીભ તુ તૈયાર થા?

"બહેન હુ તારે પગે પડુ છુ, તને મારા મમ છે, જે હોય તે સ્પષ્ટ અને જલદી કહી દે." ગુલાબને વિચાર વમળમા ગોથા ખાતી જોઇ વધારે શકાશીલ બનેલી સવિતાએ કાલાવાલા કરતા કહ્યુ

"શુ કહુ માતા, લધાની જગ્યાએ આ નવા નોકરને સખ્યો છે, ત્યારથી ચુનીલાલમા કાઇ અવનવા ફેરફાર થઇ ગયો છે એ બદ માસ ટોળીનો સાગ્રીત અને પેલા લુચ્ચા મહાદેવનો મિત્ર છે તે હમેશા ચુનીલાલને પોતાની સાથે લઇ જાય છે અને શુ કરે છે. એ મે છુપી રીતે જોયુ છ.

" તે શુ જોયુ ' જલદી કહે, બહેન જલદી કહે ' "

" શુ કહુ મારુ કપાળ? હમણા, હમણા, તો એમણે પીવાની ગરૂઆત કરી છે દારૂ પીવાની "

" હે! શુ દારૂ! હર, હર. શિવ શિવ, ગુલાબ આ તુ શુ કહે છે! "

' માતા, હુ ખરૂજ કહુ છુ બે ત્રણ દિવસની વાત પર શરાબી દોસ્તોના ભમાવવાથી મારા પિતા દારૂ પીનેજ ઓફીસમા ગયા અને ઓફીસના કલાર્કો તેમજ બીજાઓને ગમે તેમ બોલવા લાગ્યા સાહેબે એમને શાત પાડવાના ઘણા પ્રયત્નો કર્યા પણ મિથ્યા, આખરે સાહેબે સદાને માટે ચુનીલાલને નોકરી પરથી દુર કર્યા આ હકીકત કહેવાને હુ કયારની તલપી રહી હતી, પરતુ મારા માલિકની હાજરીમા આવવાની મારી હિમત ચાલતી ન હોતી, આજે મે તેમને હમણાજ બહાર જતા જોયા એટલે આપની પાસે આવી ' ગુલાબે ટુકામા સઘળુ જણાવી દીધુ

" ઓ! પ્રભુ આ મે શુ સાભળ્યુ ! "

' માતા, સાવધ થાઓ આવા રીતે હિમત હારે હવ નથી ચાલવાનુ, તમારા દુખનો યુગ શરૂ થયો, આતો પાશેરમા પહેલી પુણી છે "

" મુકતા હવ કેમ થશે! ભરદરિયે ગોથા ખાતુ નાવ કિનારા પર કેમ આવશે? નાથ નાથ, તમે આ શુ કર્યુ? ' સવિતાને ચકકર આવવા લાગ્યા તેણી બેશુદ્ધ થઇ ગઇ મુકતા અને ગુલાબે તેણીને અદરના રૂમમા લઇ જઇ એક ચોપાઇ પણ સુવાડી અસહ્ય આઘાતના પ્રત્યાઘાતથી વ્યથિત થયેલી સવિતાએ કેટલીક વારે એવીજ સ્થિતિમા એક પુત્ર રત્નને જન્મ આપ્યો

# પ્રકરણ ૧૧ મું

## કાંઇક નવું

ફાળીદાસ પાસેથી નીકળી મુકતાએ જે શીશીની વાત કરેલી હતી અને જે વિષથી ભરેલી શીશી આપેલી હતી તેનીજ બીજી શીશીઓ મુક્તાના કહેવા મુજબ આણુંદલાલના કબાટમા છે કે નહિ તે જાણુવાની ઇચ્છાથી હરિસિંહ પરબારો આણુંદલાલના મકાન પર ગયો આ વખતે એક પોલીસ મકાનને પહેરો ભરતો હતો તેની સાથે કેટલીક વાતચીત કરી હરિસિંહે અંદર પ્રવેશ કર્યો અને તે બારોબાર રસાયન વાળા ઓરડામા ગયો ત્યા પહોચતા તેને જણાયુ કે તે ઓરડાનુ કમાડ કોઇએ થોડુ ખસેડ્યુ છે, આણુંદલાલનુ ખુન થયુ તે રાત્રે કમાડને જે સ્થિતિમા રાખવામા આવ્યુ હતુ તેમા થોડો ફેરફાર થયો હરિસિંહને જણાયો, તેથી તેના મનમા અનેક પ્રકારની શંકાઓ થવા લાગી ઓરડામા દાખલ થયા પછી હરિસિંહે પોતાની પાસેની ગુપ્ત બતીની ચાપ દાબી ધીમો પ્રકાશ કર્યો તેની મદદથી તે વિષથી ભરેલી શીશીઓની શોધ ખોળ કરવા લાગ્યો અરધા કલાક સુધી તેણે એક કબાટમા તપાસ કીધી, અનેક શીશીઓની ઉથલપાથલ કરી, પરંતુ શીશીઓનો પતો લાગ્યો નહિ તરતજ બીજી કબાટ ખોલી તેમા તપાસ કરવા લાગ્યો, મહા મુશીબતે મુકતાએ બતાવેલી શીશીઓથી ભરેલી એક નાની બોકસ તેમાથી હાથ લાગી હરિસિંહે તે સીઘ્રતાથી ઉપાડી લીધી, અને એક ખુરશી પર બેસી તે માંહેની શીશીઓ ગણવી શરૂ કરી બરાબર મુકતાએ જણાવ્યા પ્રમાણે ત્રણ શીશીઓ તેમા ઓછી

જણાઇ જેમાથી એકનો મુક્તા પાસેથી મળેલી પોતાની પાસેજ હતી અને બીજીના ઝીણા ટુકડા આણદલાલના ઓરડામા ચીમનીના ટુકડા સાથે તે દિવસે જણાયા હતા, હરિસિહને ચોકસ થયુ કે જે માણસે આમાથી બે શીશીઓ લીધી છે તેજ આણદલાલનો અને બીજા ચાર પ્રાણીઓનો ખુની છે મરીયમનુ કહેવુ વાજબી છે અને તેથી મુક્તા પર શક લઇ જવાનુ કાઇપણ કારણ જણાતુ નથી કારણ કે જો તે ખુની હોય તો આ શીશી મને પાછી આપેજ નહિ પણ અરે એથી એ નિર્દોષ છે. એમ શી રીતે કહી શકાય ' બાકી રહેલી એક શીશી મુકતા પાસે નહિ હોય' એ કેમ મનાય બદમાસો ખુનીઓ પોતે નિર્દોષ બનવાને આવા કામો કરે છે પણ હુ કયા તેના એ કામથી લોભાઉ તેવો છુ હજુ તો હરિસિહની વિચારમાળા પુરી થાય તે પહેલા કોઇના પગલાનો ધીમો અવાજ તેના કર્ણમા અથડાયો ચાનાક હરિસિહ સાવધ થયો, તરતજ બતીની ચાપ દાબી દીધી, અને તેથી પુન ઓરડામા અધકાર પ્રસરી ગયો, હરિસિહ પોતે એક કબાટની પાછળ છુપાઇ ગયો કેટલોક સમય એજ સ્થિતિમા તે સ્થળે ઉભો રહયો પરતુ કાઇ જાણવા જોગ બન્યુ નહિ, તેથી પોતાને ભ્રમ થયો હશે, એમ સમજી તે ફરી ટેબલ પાસે ગયો, અને શીશીનો બોક્સ ત્યાથી ઉપાડી કબાટમા મુકવાનો ઇરાદો કરે છે, એટલામા પહેલાના જેવોજ ધીમો અવાજ સભળાયો અને હરિસિહનો શક વધ્યો તે હવે ત્યા ઉભો રહયો નહિ, પેલી શીશીઓવાળો બોક્સ કબાટમા રાખી દઇ ધીમે પગલે જે તરફથી એ અવાજ આવતો હતો તે તરફ વળ્યો. પણ તેને મુક્તાએ આપેલી પ્રાણહારક વિષની શીશી ત્યા ટેબલ પર મુકેલી હતી, તે ઉપાડતા ચુકી ગયો ધીમે ધીમે જે તરફથી અવાજ

આવતો હતો તે તરફ વળ્યો અવાજ નીચેના ખંડમાંથી આવતો હતો એમ તેને જણાયું તેથી તે આસ્તે આસ્તે દાદર ઉતરવા લાગ્યો, અને થોડીજ વારમાં જ્યાં આબુલ્લાવની લાશ પડી હતી ત્યાં જઇ પહોંચ્યો દરવાજામાં દાખલ થતાંજ ત્યાં તેણે જોયું તો એક સ્ત્રી પોતાનું આખું શરીર કપડામાં છુપાવી આબુદ્દનાતનું મૃત દેહ પહેલાં જ્યાં પડયું હતું ત્યાં ઉભી છે હરિસિંહે તેણીને મુક્તાજ માની લીધી અને ધાર્યું કે કદાચ તે બીચારી પોતાના પાલક પિતાના મૃત દેહને જોવા અહીં આવી હશે પરંતુ બીજીજ પળે તેનો એ સંદેહ દુર થયો કદાચ એ મરીયમ તો ન હોય, ના ના મરીયમ તો એ આકારથી ઉંચાઇમાં કાંઇક વધારે હતી, આખરે એની એ કલ્પના પણ જુઠી પડી ત્યારે આ સ્ત્રી કોણ? આવા અનેક વિચાર વમળમાં હરિસિંહ ગોથાં ખાવા લાગ્યો હરિસિંહે જોયું કે તે સ્ત્રી હવે ઓરડામાંથી બહાર નીકળવાનો રસ્તો શોધે છે તેથી તે બહુજ સંભાળથી પોતાની દ્રષ્ટિ તેના તરફ રહી શકે એવી રીતે એક અંધારી જગાએ ઉભો રહ્યો પાંચ મીનીટ વીતી ગઇ છતાં તે સ્ત્રી ત્યાંથી એક ડગલું પણ ખસી નહીં હરિસિંહ અકળાયો, આસપાસ નજર ફેરવી આખો ઓરડો તેની તિક્ષણ આંખ તપાસી લીધો તેને જણાયું કે જવાનો માત્ર આ એકજ રસ્તો છે તેથી તે ધીરે પગલે ત્યાંથી બહાર નીકળ્યો અને બારણાંની પાછળ છુપાઇ રહ્યો પરંતુ હરિસિંહ બારણાંની બહાર નીકળે તે પહેલાં તો તે સ્ત્રી ઓરડામાંથીજ અદ્રશ્ય થઇ ગઇ હરિસિંહ અજબ થયો, તેના આશ્ચર્યનો પાર ન રહ્યો તે સ્ત્રી ઓરડામાંજ ક્યાંય છુપાઇ હશે એમ તેને લાગ્યું એક પળનો પણ સમય હવે

જવા દેવો વ્યાજબી નથી એમ વિચારી તરતજ તેણે પોતાની છુપી બતીની ચાપ દાબી ધીમો પ્રકાશ આખા ઓરડામા પ્રસરાવી દીધો. પણ તે પ્રકાશમા હરિસિંહને મત્ર કબાટ અને ખુરશી ટેબલ શિવાય બીજુ કાંઇ પણ દ્રષ્ટિએ પડયુ નહિ તેણે આખા ઓરડાની દીવાલો બહુજ બારીકીથી તપાસી તેમા કાંઇ પણ છુપો રસ્તો જણાયો નહિ. પલગ, પેટી કબાટો, બધળુ તપાસ્યુ, પરતુ કાંઇ પતો લાગ્યો નહિ, હુ કેવો બેવકુફ? હાથ આવેલો શિકાર ત્રીજીવાર પણ ગુમાવ્યો, એકાએક તેના મુખમાથી એ ઉદગારો નિકળી પડયા વળી કાંઇ યાદ આવતા તે એકદમ નીચે ઉતર્યો. બીજીજ પળે એ વિચાર બદલાઇ ગયો, અને ફરીને તે રસાયનવાળા ઓરડા તરફ વળ્યો, જેવો તે રસાયયનવાળા ઓરડામા દાખલ થવા જાય છે તેવીજ તેની નજર એક સ્ત્રી પર પડી, આ વખતે તે સ્ત્રીના મોઢા પર બુરખો નહોતો, તે ચમકયો તેણી શુ કરે છે, તે જાણવા માટે કોઇ ગુપ્ત જગ્યામાં છુપાવાની કોશીષ કરવા લાગ્યો, પરતુ એટલામા તો પેલી સ્ત્રી તેની સામે આવીને ઊભી રહી. હરિસિંહના આશ્ચર્યનો પાર રહ્યો નહી તે મુક્તાજ હતી.

"કોણ મુક્તા, તુ અહી કયાથી? શુ પોલીસો ગયા? મુક્તાને જોતાજ હરિસિંહના મુખમાથી એકાએક એ પ્રશ્નો નીકળ્યા"

"સમજી, હરિસિંહ સમજી, પોલીસો મને અદર આવતા અટકાવતા હતા તેનુ કારણ હવે બરાબર સમજી. તમે મનેજ ખુની ધારો છો કેમ? હરિસિંહ, તમે એક નિર્દોષને ગેરઇન્સાફ આપો છો હુ બિલકુલ નિર્દોષ છુ મને બધીવાન બનાવવાથી તમો કાંઇ પણ ફળ

મેળવી શકવાના નથી! મુકતાએ હરિસિંહના ઉપલા શબ્દો સાભળી આવેશમાજ કહ્યુ

"મુકતા તુ દોષિત છે એમ મે કયારે કહ્યુ છે?" હરિસિહે પ્રત્યુતર આપતા કહ્યુ

"જો એમ ન હોય તો પોલીસો મને અટકાવે શા માટે? હરિસિંહ તમારી એ ચાલાકી તમારી પાસેજ રહેવા દો, હુ કાઇ બાળક નથી સમજ્યા" મુકતાએ કહ્યુ.

"મુકતા તુ મને ગેરઇન્સાફ આપે છે, પહેલા તુ મારૂ પુરેપુરૂ સાભળી લે, પછી તા'રી ઇચ્છામા આવે તેની કલ્પના કરજે" હરિસિંહે જોવુ કે મુકતા પોતાની સઘળી યુકિત સમજી ગઇ છે, અને જો તેણીને યુકિતથી સમજાવવામા નહિ આવે, તો પરિણામ ઉલટુ આવશે અને અત્યાર સુધી કરેલી તપાસ તથા મેળવેલી સાબીતીઓ પર પાણી ફરી વળશે. એથી તેને મુકતાને શાન્ત કરવી એજ વ્યાજબી લાગ્યુ. તે બોલ્યો મુકતા! બદમાસો તારી પાછળ પડેલા છે અને તેઓ તનેજ ખુની ઠરાવવાની કોશીષ કરી રહ્યા છે એ મે અત્યાર સુધીની તપાસ પરથી જાણી લીધુ છે, વળી આણુ દલાલનુ ખુન કરનાર માણસો હજુ આ મકાનની આસપાસ ફરતાજ રહે છે, એટલે જો તુ અહી આવે, અને બદમાસોનો તને ભેટો થાય તો એ લુચ્ચાઓ જરૂર તારા જાન પર આવે અને જો એમજ થાય તો અત્યાર સુધીની અમારી તપાસ પર પાણી ફરી વળે એટલા માટે કોઇપણ માણસને અદર દાખલ ન થવા દેવાનો પોલીસોને મેં સખ્ત હુકમ આપેલો છે, એટલે એ લોકોએ તને દોષિત સમજીને કે આણુ દલાલની

ખુની ધારીને તારા તરફ એવુ વર્તન ચલાવ્યુ છે, એમ માનવાનુ નથી મુક્તા હુ ખાત્રીથી કહુ છુ કે મને તારા પર જરા પણ શક નથી હરિસિહની વાકય ચાતુર્યતાએ મુક્તા પર સજ્જડ અસર કરી, તેણીને હરિસિહનુ કહેવું વ્યાજબી લાગ્યુ તે બોલી, હરિસિહ આપની એ કૃપા માટે હુ આપનો ઉપકાર માનુ છુ અને આપના પર મુકેલા દોષ માટે માફી માગુ છુ

"કાઇ નહિ મુકતા, તુ નિર્દોષ છે. પોલીસના એ વર્તનથી તને એવી શકા થાય એ સ્વભાવિક છે, ખેર પણ મુકતા તુ અત્યારે અહી શા માટે આવી છે"

"આણુ દલાલે બનાવેલુ વીલ શોધવા હુ અહી આવી છુ, મને યાદ છે કે આ ઓરડામા એક ગુપ્ત કોટડી છે જેમા આણુ દલાલ પોતાના ખાનગી કાગળ પત્રો રાખતા હતા એટલે મને ખાત્રી છે કે એ વીલ પણ તેણે એ ગુપ્ત કોટડીમાજ રાખેલુ હોવુ જોઇએ" મુક્તાએ જવાબ આપ્યો

"પરતુ એ વીલતો કયારનુ મારા હાથમા આવી ગયુ છે તેમાંતો આણુ દલાલે પોતાની સઘળી મીલકત મોતીલાલનેજ આપવાનુ જણાવલુ છે અને તેમા ડોકટર ગતિલાલની સાક્ષી પણ છે" હરિસિહે ખુલાસો કરતા કહ્યુ

"હા એ વાત જાણવામા આવી ગયુ છે, અને એથી હુ સવિતા બાની સ્થિતિ સારી ન હોવા છતા અહી ઉતાવળે આવેલી છુ"

"કેમ સવિતાને શુ થયુ છે?"

"તેણીને પ્રસુતી ગ્રહમા પુત્ર પ્રસવ થયો છે પરંતુ તેણીની સ્થિતિ એવી તો ખરાબ છે કે તેને છોડીને મારાથી અહી આવી શકાય તેમ નહોતુ જ્યારે મે સાભળ્યુ કે તમોને આણંદલાલનુ વીલ હાથ લાગ્યુ છે અને તે મોતીલાલના નામનુ છે, ત્યારે મારા આશ્ચર્યનો પાર રહ્યો નહી ખરૂ શુ છે એ જાણવાને પુર્વે લખાએલુ વીલ શોધી કાઢ વાના ઇરાદાથી ગુલાબને સવિતાની મભાળ માટે રાખી હુ અહી આવી છુ હરિસિહ, મને ખાત્રી છે કે આણંદલાલ મારી પાસે કોઇ કાળે જુઠુ બોલેજ નહિ તેઓએ મારા નામે ચઢાવેલુ વીલ મારી પાસે વાચ્યું હતુ, મે તે ધ્યાન પુર્વક સાભળ્યુ હતુ એટલુ છતા આટલો બધા ફેરફાર થવાનુ કારણ શુ એ કાઇ સમજાતુ નથી તો પણ હુ ધારૂ છુ કે આ સઘળુ કારસ્થાન—પેલા ડોકટર રતિલાલનુજ હોવુ જોઇએ હુ તમોને આગળ કહી ગઇ છુ તેમ તે વારવાર મારા પાલક પિતાની મુલાકાત લેતો હતો તે ઘણો ભયકર માણસ છે વળી કાઇ જાદુ મત્ર જાણતો હોય એમ મને લાગે છે, કારણ કે તેમની મુલાકાત પછી આણંદલાલ બેશુદ્ધ બની જતા, એટલુજ નહી પરંતુ તે કોની સાથે વાત કરતા હતા તેનુ પણ તેને ભાન રહેતુ નહિ, હુ વારવાર તેમને પુછતી તો 'હુ કોઇની મુલાકાત લેતોજ નથી" એટ લુજ તે માત્ર કહેતા આ પરથી સમજાય છે કે રતિલાલે પોતાની શકિતના બળે વીલ સબધી માહિતી આણંદલાલ પાસેથી મેળવેલી હશે કદાચ એ અસલ વીલ તેના હાથમા નહિ ગયુ હોય, તો પણ એટલુ તો ચોકસ છે કે તેણે એ વીલની હકીકત જાણી લીધા પછી તેવુજ એક બનાવટી વીલ કર્યું હશે કારણ કે જો તેમ ન હોય તો, તેમા તેની સાક્ષી શી રીતે હોઇ શકે ? આમ કરવામા તેનો શુ હેતુ હશે, એ કાઇ સમજાતુ નથી તો પણ અનુમાન થાય છે કે આણંદ

લાલની તમામ મીલકત પોતેજ પચાવી જવા એવો તેનો ઇરાદો હોય મોતીલાલ તેના હાથનું પુતળુ બની ગયો છે. એટલ મોતીલાલના નામ પર થયેલી મીલકત પોતાની કરવામા તેને જરા પણ મુશ્કેલી નડવાની નથી જો કે હુ પૈસાની પુજારી નથી આણંદલાલની મીલકત ખરી રીતે મોતીલાલનેજ મળવી જોઇતી હતી, અને તેને મળે તેમા મને કાઇ વાંધો પણ નથી, પરંતુ આ રીતે રતિલાલ વગર મહેનતને મોતી લાલને ફસાવી. એ મીલકત પચાવી જાય, એ મારાથી સહન થઇ શકયુ નહિ, અને એથીજ અસલ વીલની કોઇપણ રીતે તપાસ કરવી એવા નિશ્ચયથી સવિતામાની તબીયત બરાબર ન હોવા છત, તેને બીજાના ભરોસા પર છોડી હુ અહીં આવી, પરંતુ અદ્યાપિ કાઇ પણ પતો મેળવી શકી નથી."

"પણ મુકતા' આ ઓરડામા એક ગુપ્ત કોટડી છે એમ તુ શા પરથી કહે છે"

"મે તે મારી નજરે જોઇ છે હુ તેમા ફરી છુ, પરંતુ મારા બાલક પિતાએ તેમા કેટલોક ફેરફાર કરેલો હોવાથી અત્યારે એ કોટડી નુ ગુપ્ત દ્વાર જલદીથી મેળવી શકુ તેમ નથી "

'વારૂ જો, એમજ છે તો ચાલ આપણે ફરીને તપાસ કરીએ" એમ કહી હરિસિંહ રસાયનવાળા ઓરડામા આમ તેમ ફરવા લાગ્યો તેણે તે ગુપ્ત દ્વાર મેળવાની ઘણી કોશીષ કરી, પરંતુ કાઇ પતો લાગ્યો નહી, હરિસિંહ કોટડીની શોધમા રોકાએલો હતો જ્યારે મુકતા પેલી પ્રાણહારક વિષવાળી શીશી કબાટમાથી શોધી રહી હતી, બોકસ બહાર કાઢી તપાસતા એક શીશી કમતી થયેલી જણાઇ, તરતજ તેણીએ

હરિસિંહને પુછ્યુ હરિસિંહ, મે તમને તે દીવસે જે શીશી માટે કહ્યુ હતુ તેમાની એક શીશી બીજી પણ આમાથી કમતી થયેલી જણાય છે, શુ એ શીશી તમે લીધી છે?

"નહિ મુકતા તે શીશી મે નથી લીધી"

"ત્યારે કોણ લઇ ગયુ' જો કોઇ અપાત્રના હાથમા ગઇ હશે તો વળી કાઇ અનર્થ કરશે હાય, હાય, એ પ્રાણ હારક વિષે તો સત્યા નાશ વાળ્યુ, અરેરે પિતા તમે એ વિષ શા માટે બનાવ્યુ' હરિસિંહ મને લાગે છે કે એ વિષ આણદલાલના ખુનીના હાથમાજ ગયેલુ હોવુ જોઇએ"

"મને પણ એમજ લાગે છે હુ અહી આવ્યો, તે વખતે એક માણસને મે અહીં ફરતો જોયો હતો અને તે અહીં શામાટે આવ્યો છે તે પ્રથમ જાણી લીધા પછી તેને પકડવાના ઇરાદાથી હુ છુપાયા પરંતુ તે મને થાપ આપી ચાલ્યો ગયો" મને લાગે છે કે આ ઓરડામાથી બહાર નીકળવાનો કોઇ ગુપ્ત રસ્તો હોવા જોઇએ

કદાચ હોય તો તેમા કાઇ નવાઇ નથી પહેલા આપણે એ ઓરડાનુ ગુપ્ત દ્વાર શોધવાની ઘણીજ જરુર છે

"હા ચાલો આપણે ફરી તપાસ કરીએ" એમ કહી બન્ને જણા પ્રથક પ્રથમ દાવાલા તપાસવા લાગ્યા એક આરીસાની પાછળ કડી લટકતી હતી તેના પર હરિસિંહની નજર પડી તરતજ તેણે તે કડી ખેચી, ખેચતાની સાથેજ એક ધીમો અવાજ કરતી બારી ખુલી ગઇ મુકતા પણ તે તરફ દોડી અને એક કુદકો મારી તેણી હરિસિંહની

બાજુમા ઉભી રહી ખુશી થતી બોલી જોયુ હરિસિહ આ સઘળુ શુ મારૂ કામ હતુ? મારા સુભાગ્યે અત્યારે તમારી મુલાકાત થઇ એ પણ ઠીકજ થયુ, હવ મને કોઇનો ભય નથી મુકતાએ નિર્દોષ ભાવથી કહ્યુ

બન્ને જણા તે બારીમાથી એક નાની કોટડીમા દાખલ થયા હરિસિહે પોતાની તિક્ષણ આખે તે કોટડીને તપાસી લીધી અને તેને મુકતા નિર્દોષ જણાઇ એકાએક હરિસિહની નજર એક કાગળના નાના ઢગલાપર પડી, જલદીથી તે કાગળો તેણે ત્યાથી ઉપાડી લીધા હરિસિહને એ જુના કાગળો ઉપાડતો જોઇ મુકતા બોલી, " કેમ હરિસિહ, એ જુના કાગળોને શુ કરશો? તમને એ જુના કાગળો પર એવો તે શુ પ્રેમ છે? "

" મુકતા તુ ભુલે છે આ જુના કાગળો ઘણાજ કીમતી છે, તુ ધારે છે, તેવા એ સાદા નથી, પરતુ બનાવટી નોટોના બડલો છે. "

મુકતાએ તે કાગળો બરાબર તપાસ્યા અને તેને હરિસિહની અટકળ ખરી લાગી " બરાબર છે, હરિસિહ તમારૂ અનુમાન વ્યાજબી છે, મને યાદ છે કે એક દિવસે કોઇ બે મનુષ્યોને મે આ નોટો સબધી વાત કરતા સાભળ્યા હતા, તે બે પૈકી એકતો ડોકટર રતિલાલ હોય એમ તેના અવાજ પરથી જણાતુ હતુ, સામા જવાબ આપનાર માણસે આવા કાર્યમા પકડાઇ જવાની ધાસ્તી બતાવી હતી પરતુ બીજાએ તેને શાન્તિ આપતા કહ્યું હતુ " કે મને પકડી શકે એવો આ પૃથ્વીમા કોઇ નથી " અને તે શબ્દો મે બરાબર સાભળ્યા હતા

" સામો વાત કરનાર માણસ કોણ હતો એ તને પાછળથી કાઇ જણાયું છે? "

"ચોક્કસ કહી શકતી નથી પરતુ એક વખત મારૂ ખુન કરવા આવનાર માણસનોજ એ અવાજ હતો એમ મને હવે જણાય છે'

"હે! શુ? તારૂં ખુન કરવાની પણ કોશીષ થયેલી હતી કે?" હરિસિહે આશ્ચર્ય પામતા કહ્યુ જો કે કાળીદાસે એ સબધી કેટલીક હકીકત કહેલી હતી, તો પણ સપૂર્ણ ખાત્રી કરવાના ઇરાદાથી હરિસિહે પ્રશ્ન કર્યો

"હા હરિસિહ એક મોતીલાલના ચહેરાને મળતા માણસે મારૂ ખુન કરવાની કોશીષ કરી હતી, પરતુ કાળીદાસે મને બચાવી લીધી હુ તો એ માણસને મોતીલાલજ માનતી હતી પરતુ જ્યારે કાળીદાસે મારો સશય દુર કર્યો ત્યારેજ એ કોઇ બીજો હતો એમ મને જણાયુ"

"ઘણીજ આશ્ચર્યની વાત છે મુક્તા તે એ સબંધી મને કેમ કાઇ કહ્યું નહિ?"

"શુ કહુ, આપણા વચ્ચે એ વાત કરવા જેવો પ્રસગજ ક્યારે પ્રાપ્ત થયો હતો?"

"વારૂ તુ કદાચ એ મનુષ્યને હમણા જુએ તો ઓળખી શકે ખરી કે?"

"કેમ નહિ? હરિસિહ, જો એ માણસ હાથ આવે તો આણદલાલનો ખુની સહજમા પકડાઇ જાય આણદલાલનુ ખુન થયુ તેજ દિવસે મે તેને રસાયનવાળા ઓરડામા જોયો હતો, ફરીને એ દુષ્ટે મારૂ ખુન કરવાની કોશીષ કરી હતી, પરતુ તે વખતે રામગોપાલ અહીં હોવાથી તેમા તે ફાવી શક્યો નહોતો એ દુષ્ટને પકડવાની મેં

અને રામગોપાળે વળી તજવીજ કરી પરતુ તે ન સમજી શકાય એવી રીતે અહીથી અદ્રશ્ય થઇ ગયો, તેના જવા પછી એક કાગળ મારા હાથમા આવેલો હતો તેમા લખેલુ હતુ કે "આણુંદલાલના માટે જલદી ગોઠવણ કરો ' આ ટુકા શબ્દોમા ઘણુ ગ્હસ્ય સમાએલુ હોવાથી મે તે રાત્રિ ત્યાજ ગુજારવાનો નિશ્ચય કર્યો પણ ચુનીલાલ અને સવિતાગૌરી મારી ચિતા ન કરે એવા હેતુથી હુ તેની રજા લેવા ગઇ, અને જતી વખતે આણુદલાલને સાવધ ગ્હેવા માટેની ચીઠી જે તમોને તેના ગજવામાથી મળી હતી, તે રામગોપાલને આપતી ગઇ કારણ કે આણુદલાલ તે વખતે કાઇ કારણુસર બહાર ગયેલા હતા હુ ઘેર ગઇ પરતુ ત્યા ચુનીલાલ કે સવિતાગૌરીનો મેળાપ ન થયો ગુલાબ પણ નહોતી આખરે નિરાશ થઇ હુ પાછી અહીં આવી, પરતુ તે વખતે રામગોપાલ અહી નહોતો અને આણુદલાલ શબવત પડેલા હતા "

' પણ અમે આવ્યા ત્યારે તો તુ રસાયનવાળા ઓરડામા બધ હતી " હરિસિહે વચમાજ કહ્યુ

" હા, પણ હરિસિહ એમ શાથી થયુ એ હુ અદ્યાપિ સમજી શકી નથી " એમ કહેતા મુક્તાએ પહેલેથી છેલ્લે સુધીની સવિસ્તર હકીકત કહી સભળાવી અને વધારામા ઉમેર્યું કે મારૂ સત્યાનાશ વાળનાર, મારૂ ખુન કરવાની કોશીષ કરનાર શિવાય, અન્ય બીજુ કોણ હોઇ શકે? મને લાગે છે કે આણુદલાલનુ ખુન પણ એજ પાપીએ કરેલુ હોવુ જોઇએ હરિસિહ ગમે તેમ કરી એ પાપીને પકડો અને શિક્ષાએ પહોચાડો. "

હરિસિંહ મુકતાએ કરેલા ખુલાસાથી અત્યંત પ્રસન્ન થયો, કાળીદાસની સઘળી વાત તેને સત્ય લાગી, પરંતુ અત્યારે એ પ્રસંગને વિશેષ ચર્ચવામાં કાંઇ સાર નહોતો અને મુકતાને એ ખુની પકડાયો છે એમ કહેવામાં પણ કશો લાભ નહોતો અહીંની તપાસ પુરી કર્યા પછી એ ખુની પાસેથીજ સઘળો ભેદ મેળવી લેવો અને ત્યાર પછીજ એ સબંધી ખુલાસો મુકતા પાસે કરવો એમ હરિસિંહે નિશ્ચય કર્યો તેમાં ચાલાક હરિસિંહનો એમ કરવામાં કાંઇક ગુપ્ત હેતુ હતો મુકતાને ગમે તેટલી નિર્દોષ માનવા છતાં તેનો શક મોતીલાલ પરથી દુર થયો નહોતો અને જો મોતીલાલ ગુન્હેગાર ઠરે તો મુકતા તેની સાથે જોડાએલી હોવીજ જોઇએ, એમ પણ હરિસિંહ માનતો હતો તેથી બન્નેની પ્રથક પ્રથક ચિકિત્સા કરવાનો મનમાંજ નિશ્ચય કરી " મુકતા એ ખુની હવે જલદીથી પકડાશે " માત્ર એટલા શબ્દોથીજ મુકતાને શાંતવન આપી, ફરીને પોતાની તપાસમાં પરોવાયો મુકતા પણ આસપાસની વસ્તુઓ તરફ નજર કરી આમતેમ ફરવા લાગી તેની નજર એક બોકસપર પડી, અને તે લેવા માટે તેણીએ પ્રયત્ન કર્યો પરંતુ તે ઉંચે હોવાથી લઇ શકી નહિ તેથી તેણે હરિસિંહની સહાયતા માગી હરિસિંહે તરતજ તે બોકસ નીચે ઉતાર્યું અને મુકતાના હાથમાં સોંપી દીધું

"એજ, એજ, હરિસિંહ, હું તમને કહેતી હતી તે એજ બોકસ છે મુકતાએ તે બોકસ હાથમાં લેતાજ ખુશીના આવેશમાં પોકાર કર્યો

"પણ એ બોકસમાંજ આણંદલાલનું વિલ છે એમ તું શા પરથી કહે છે?"

"જે વખતે આણુંદલાલે મારી પાસે વીલ વાંચ્યું હતું તે વખતે આ બોક્સ તેની બાજુમાંજ પડેલો હતો, અને વંચાઈ રહ્યા પછી તે વીલ તેણે આ બોક્સમાંજ મુક્યું હતું."

"એમકે !"

"જી હા! આણુંદલાલનું અંતિમ અને ખરૂં વિલ આમાંજ છે."

"વારૂ જો એમજ હોય તો તે બોક્સ ખોલવું જોઈએ?

"પણ આને ખોલવું શી રીતે?

"તેને તોડવું પડશે."

"ભલે તેને તોડી નાખો, તમારી પાસેતો તેવા હથિઆરો હશે?"

હરિસિંહે તત્તજ પોતાના ખીસામાંથી એક યંત્ર બહાર કાઢયું અને તેની સહાયતાથી તે બોક્સને તોડી નાખ્યું. બોક્સમાં એક કાગળ પડેલો હતો. મુક્તાએ તે ઉપાડી લીધો અને વાંચવા લાગી. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"મુક્તાજ મારી દુશ્મન છે. એજ મારૂં ખુન કરવાની કોશીષ કરી રહી છે –

આણુંદલાલ

પત્ર વાંચતાજ મુક્તા કંપી, ચમકી, ભય ભીત થઈ ગઈ. તેના હાથમાંથી પત્ર નીચે પડી ગયો અને આખા અંગે અનુકંપ થયો. તે એક પત્થરના પુતળા સમાન સ્થિર થઈ ગઈ. હરિસિંહ તેના સામું એકી ટસે જોઈ રહ્યો.

# પ્રકરણ ૧૨મું

## કોકડુ ગુચવાઇ ગયુ.

પ દરેક મીનીટ એ રીતે સ્તબ્ધતામા પસાર થયા પછી મુક્તા શાત થઇ, તેણીએ હરિસિહને સબોધીને કહ્યુ, 'આ શુ ' હરિસિહ, આ કોણે લખ્યુ હશે '

"હુ શુ જાણુ આણદલાલના અક્ષરો તુ નથી ઓળખતી' " હરિસિહે જવાબ આપ્યો

"ઘણીજ સારી રીતે, અક્ષરો આણદલાલના જેવા છે ખરા, પરતુ આવુ તે કદી પણ લખે નહિ, જે મને પોતાની પુત્રી કરતા પણ વિશેષ ચાહતા હતા, અરે પોતાના સગા ભાઇ કરતા જે મને વિશેષ માન આપતા હતા, જેનો મારા પર અત્યત સ્નેહ હતો, જેઓ મને પોતાની સર્વ સપતિની માલિક બનાવવાને તૈયાર હતા, તે આણદલાલ મ રા માટે શુ આવુ લખે' એ હુ કદી પણ માનુ નહિ હરિસિહ હુ ખાત્રીથી કહુ છુ કે આમા કાઇ દગો થયો છે." મુક્તા એ ગળગળીત સ્વરે કહયુ

"કદાચ તારૂ અનુમાન ખરૂ પણ હોય તત્પિ મુક્તા, જ્યા સુધી એ સત્ય પ્રમાણ સિદ્ધ ન થાય ત્યા સુધી તો સઘળો આરોપ તારા પરજ આવ" હરિસિહે માત્ર આ શબ્દોથી મુકતાના ચહેરામા શુ ફેરફાર થાય છે, એ જાણવાના હેતુથી આ પ્રશ્ન કર્યો પરતુ નિર્દોષ

મુક્તાના ચહેરામા એવો કાઇ પણ ચોક્કસ ફેરફાર થયો નહિ ઉલટી તે ગભરાઇ, અને બોલી

"હાય હાય, હરિસિહ ત્યારે શુ તમો મનેજ ખુની માનોછો?"

" નહિ મુકતા ગભરા નહિ જો મારી જગ્યાએ કોઇ બીજો હોત તો તે એવીજ કલ્પના કરત પણ હુ તો તને નિર્દોષજ માનુ છુ" હરિસિહે મુક્તાને શાતિ આપતા કહ્યું

" હરિસિહ જો મારે શાંતિ લેવાનુ કોઇ પણ સ્થળ હોય તો તે તમોજ છો, મુક્તાને મારવી કે ઉગારવી તે તમારાજ હાથમા છે?" તેમ કહેતા મુકતાની આખમા આસુ ભરાઇ આવ્યા

" રડ નહિ, મુકતા તુ મારી બહેન અથવા પુત્રી છે, તને સહજ પણ દુ ખી થવા દઇશ નહિ નિરાધાર અને નિર્દોષને ન રજાડવા એ અમારો ડિટેકટીવોનો ધર્મ હોય છે "

' ધન્ય છે, ભાઇ તમોને તમારા કાર્યમા જય મળે એ મારો આશીર્વાદ છે ભાઇ, હવે તો એ ખુનીનો પતો જલદી લાગે તો સારૂ મને તો એજ ચિતામા આખી રાત્રી નિદ્રા આવતીજ નથી અનેક તર્ક વિતર્ક થયા કરે છે "

' પણ મુકતા ખુનીનો એમ જલદીથી પતો લાગે એમ લાગતુ નથી કારણ કે જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ મામલો પણ ગભીર બનતો જાય છે. આણદલાલના ખુનના સબધમા ઘણા રહસ્યો ભરેલા જણાય છે ઘડીમા તર્ક એક તરફ તો ઘડીમા બીજી

તરફ દોરાય છે ન સમજી શકાય તેવા ફેરફારો એક પળમા થઇ જાય છે એક વખત મે જેને ખુની ધાર્યો તેજ બીજી વખતે નિર્દોષ જણાયો ખરેખર મુકતા, આવો કેસ મે મારી જીન્દગીમા પણ જોયો નથી ”

“ પણ પેલો ડુંગરશી તો તે દિવસે કહેતો હતો કે આ મામલો ઘણો સહજ છે ”

“ કેસની બીજી બાજુ તપાસ્યા શિવાય સર્વ કોઇને એમજ જણાય પણ ખરી રીતે આ કેસ ઘણોજ ગુચવાડા ભર્યો છે તેમા જો બારીક તપાસ ન થાય તો બિચારા નિર્દોષને ગેર ઇનસાફ મળી જાય “ વારૂ મુકતા, આ કાગળ તુ ફાડી નાખ કે જેથી સઘળો ભય દુર થાય ” હરિસિંહે મુકતાની પરીક્ષા લેવા કે પછી ગમે તે કારણથી એ પ્રશ્ન કર્યો

“ નહિ, હરિસિંહ એમ કરવાથી તો હુ નિર્દોષ હોવા છતા દોષિત ઠરૂ, એ કાગળ તો તમારી પાસેજ રહેવા દો ”

હરિસિંહે એ કાગળ ઘણીજ સભાળથી પેલી બનાવટી નોટોના બડલ સાથે પોતાના ખીસામા મુકયો

મુકતાએ રસાયનવાળો દરવાજો ખોલવાની યુકિત હરિસિંહને બતાવી, હરિસિંહ તાજુબ થયો અને બોલ્યો, ‘મુકતા ખરેખર આ દરવાજો બનાવવામા ઘણીજ યુકિત વાપરી છે, અમોને આવા કાર્યો કરવાનો અનેક વખતે પ્રસગ પ્રાપ્ત થાય છે, પરતુ મે કોઇ સ્થળે આવી યુકિત ભરેલા કામો જોયેલા નથી હા પણ મુકતા, આ દરવાજાનો સકેત કોઇ બીજુ પણ જાણે છે કે ’ ”

"તે હુ કેમ કહી શકુ ? આણુદલાલને ઘણા માણસા સાથે પરિચિય નહોતા, તેઓ ઘણુ કરીને એકાતજ પસદ કરતા હતા. રતિલાલ ડોકટર હુ આગળ કહી ગઇ તેમ વારવાર આણુદલાલ પાસે આવતા હતા, એટલે કદાચ તે આ ઓરડાનો સકેત જાણતા હોય તો કહી શકાય નહિ"

"અને પેલો તારૂ ખુન કરવા આવનાર?"

"કદાચ એ પણ જાણતો હોય, કારણ કે તે આણુદલાલની ગેરહાજરીમા આ ઓરડામા પ્રવેશ્યો હતો આણુદલાલ રસાયનવાળો ઓરડો બધ કર્યા શિવાય કદી પણ બહાર જતાજ નહી એટલે એ જરૂર આ સકેત જાણતો હોવો જોઇએ નહિ તો ઓરડામા દાખલ શી રીતે થઇ શકે?"

"મને પણ એમજ લાગે છે વારૂ એ માણસને રતિલાલ ડોકટર સાથે કાઇ ઓળખાણ છે?"

"તે હુ જાણતી નથી"

" તે કોઇ વખતે તે માણસને રતિલાલ સાથે અહી આવતા જોયા હતો?"

'કદી નહિ, માત્ર રતિલાલ એકલોજ અહી આવતો હતો"

"જે દીવસે આણુદલાલનુ ખુન થયુ તે દિવસે રતિલાલને તે આ મકાનમા જોયો હતો ?"

"નહિ સાહેબ, હુ જુઠુ નહિ બોલુ તે દિવસે મે રતિલાલને અહી જોયોજ નથી માત્ર મારૂ ખુન કરનાર પેલો પિશાચજ મારી દ્રષ્ટિએ પડયો હતો અને એ તો હુ તમોને આગળ જણાવી ગઇ છુ

"વારૂ મુક્તા, મોતીલાલ આણંદલાલના સગા ભાઇ થાય છે" હરિસિંહે એક ગંભીર પ્રશ્ન કર્યો

" જી હા "

" તમારા બે વચ્ચે કાંઇ દુશ્મનાવટ તો નથી ને'

" બિલકુલ નહિ "

"મોતીલાલે તને કોઇ વખતે નુકશાન પહોચાડવાની કોશ કરી છે"

"અરે ! નહિરે સાહેબ, તેની તો મારા પર સંપુર્ણ પ્રિતિ છે એટલુંજ નહિ પણ આણંદલાલ મને પોતાની સર્વ મિલકત આપે છે એવું એના જાણવામાં આવ્યા છતા, તેઓએ કદી પણ મારા તરફ તિરસ્કાર બતાવ્યો નથી, ઉલટો વધારે પ્રેમ બતાવ્યો છે"

"તે મને તે દીવસે કહ્યું હતું કે મોતીલાલ, ડોક્ટર રતિલાલ અને તેની પુત્રીનો આધીન છે એ શું ખરૂ છે"

"જો કે એ વાત સાચી છે, તો પણ તે બોલોમાં મે મોતીલાલને કેવળ અન્યાય આપ્યો છે, અને તે માટે હું તમની પાસે માફી માગીશ"

"એમ કેમ મુક્તા"

"મને પાછળથી જણાયું છે કે મોતીલાલ ચપળાને ખરા અંતઃકરણથી ધિક્કારે છે એટલું છતા એજ એનો પીછો છોડતી નથી એમાં પણ મને રતિલાલનું કાંઇ કારસ્થાન હોય એમ જણાય છે કારણ કે મોતીલાલ મને એક વખત કહેતા હતા કે કોણ જાણે કંઇ શક્તિ મને રતિલાલના ઘર તરફ ઘસડી જાય છે ચપળાને મળવાના ખાસ હેતુથી

હુ ત્યા જતો નથી, પણ અનેચ્છાએ તેમ કરવાની ફરજ પડે છે અને તેણીના પરિચયમા રહેવુ પડે છે, રતિલાલની આણુદલાલ સાથની મુલાકાત મારા ધ્યાનમાજ હતી, એટને મોતીલાલનુ કહેવુ મને વ્યાજબી જણાયુ છે અને એટલાજ માટે મે તેમના પર કરેલા દોષારોપણુ માટે માફી માગવાનો નિશ્ચય કરેલો છે ”

‘ રતિલાલની છોકરીને તે કાઇ દિવસ જોયેલી છે ’ ”

“ હા એક વખત જોઇ છે ”

“ તેની સાથે તારે કાઇ વાતચીત થઇ હતી ”

“ નહિ મારો અને તેનો રૂબરૂ મેળાપ થયોજ નથી ”

“ ત્યારે તે તેને કયા અને કેવી રીતે જોઇ ’ ”

“ એક દિવસે હુ જયારે આણુદલાલને મળવા અહીં આવી, ત્યારે રસાયનવાળા ઓરડામા બે માણસોને તકરાર કરતા મે સાભળ્યા હુ તરતજ ત્યા ગઇ અને બહાર ઉભી રહી મશ્કરી જોવા લાગી મોતીલાલનો અવાજ મે બરાબર ઓળખ્યો, સામો જવાબ આપનાર કોઇ સ્ત્રી હતી મોતીલાલ શાન્ત પ્રકૃતીના હોવા છતા આજે તે મર્યાદા શાતિ ખોઇ બેઠા હતા, તે મોટા બરાડા પાડી પેલી સ્ત્રીને ધમકાવતા હતા આવા સ્વરૂપમા મે મોતીલાલને કોઇ દિવસ જોયેલા નહોતા મે ધીમે રહી અદર ડોકયુ કાઢી જોયુ તો તે સ્ત્રી ચપળાજ હતી એમ મને જણાયુ ”

“ તે કેમ જાણ્યુ કે એ ચપળાજ હતી ? ”

“ તેણીનો ચહેરો બરાબર રતિલાલ ડોકટર જેવોજ હતો પરતુ જ્યારે તેણીના પોશાકપર મારી નજર પડી ત્યારેજ મને જણાયુ કે તે એક સ્ત્રી છે ’

"તકરાર થવાનુ કારણુ શુ હતુ એ કાંઇ તારા જાણુવામા આવ્યુ હતુ ?"

"નહિ તોપણુ અનુમાન પરથી સમજાયુ કે તકરાર એક ચોપડી માટેનીજ હતી કારણુ કે મોતીલાલની સામે એક ચોપડી ખુલ્લી પડી હતી, તેના તરફ ચપળા વારવાર જોતી હતી, અને તેના તરફ ઇશારત કરતી હતી"

"એ ચોપડી શાની હતી એ તુ જાણે છે ?"

'હુ ધારૂ છુ કે તે વિષ બનાવવાની રીત બતાવનાર ચોપડી હતી'

આશ્ચર્ય ! મુક્તા, જેમ જેમ સમય જતો જાય છે તેમ તેમ કેસ ઘણોજ ગુચવાડા ભર્યો બનતો જાય છે આણુ દલાનના ખગ ખુનીને પકડવો એ ઘણુજ મુશ્કેલ છે

"અને એથી તો મને ભય રહે છે કે રખે તમે કોઇ નિર્દોષને ગુન્હેગાર ઠરાવો"

"મુક્તા તુ સ્વપ્ને પણુ એવા ખ્યાલ ન લાવતી હરિસિંહ સપુર્ણ તપાસ કર્યા સિવાય અને પાકી સાબીતીઓ મેળવવા સિવાય કોઇને પણુ ગુન્હેગાર ગણનાર નથી હા વારવાર ચોકસ મનુષ્યો પર શક ઉત્પન્ન થયા કરશે" હરિસિહે માર્મિક શબ્દોમા કહ્યુ

"ચોકસ મનુષ્યો પૈકી એક તો હુ અને બીજા મોતીલાલ એમજ કેની ?'

"નહિ મુક્તા તુ અને મોતીલાલ બન્ને બિલકુલ નિર્દોષ છો એમજ હુ માનુ છુ તો પણુ મારા ધધાની રૂએ મારે તપાસ તો

કરવી જોઇએ હરિસિહે પુન એવાજ ભાવથી મુકતાના મનનુ સમાધાન કરતા કહ્યુ "

નિર્દોષ મુક્તા એ સાભળી સહુજ ખુશી થઇ આખમા હર્ષાશ્રૂ ભરાઇ આવ્યા, પ્રભુ તમારૂ ભલુ કરે। મોતીલાલ અને હુ નિર્દોષ છીએ" એટલુજ માત્ર તે બોલી શકી

" અને એ હુ પહેલાથીજ માનુ છુ " હરિસિહે હસતા હસતા જવાબ આપ્યો

તપાસ પુરી થઇ બને ત્યાથી જુદા પડયા મુકતા બહાર ઉભેલી ભાડુતી ગાડીમા બેસી ચુનીલાલના મકાન તરફ વળી અને હરિસિહે પોતાની ગાડીને બોલ્ટન માર્કીટના પોલીસ સ્ટેશન પર લઇ જવાને કાચમેનને આજ્ઞા કરી પુરપાટે દોડતી ગાડી થોડીજ વારમા ત્યા આવી પહોચી

મુકતા સાથે થએલી વાતચીત પછી હરિસિહને અનેક તર્ક વિતર્ક થવા લાગ્યા મુક્તા અને કાળીદાસની વાતમા ઘણુ મળતાપણુ હતુ એટલે સકારામ પાસેથી કાઇક વિશેષ ખુલાસો મેળવી શકાશે, એવી આશાથી હરિસિહ ઉતાવળો પોલીસ સ્ટેશનપર આવ્યો પરતુ તેને ક્યા ખબર હતી કે તે સકારામની મુલાકાત લે તે પહેલા તો મહાદેવે સકારામ અને તેના સોબતીને સ્વધામ પહોચાડી દીધા હતા, જેવો તેણે અદર પ્રવેશ કર્યો તેવાજ એક પોલીસ તેની સામે આવ્યો અને બોલ્યો સાહેબ તમોએ જે બદમાસોને અહી મોકલાવ્યા હતા, તે તો જીવ રહિત આ સામેની કોટડીમા પડયા છે, ફોજદાર સાહેબે તમારા આવતા

સુધી એ લાસોની કાંઇ પણ વ્યવસ્થા નહિ કરવાની ભલામણ કરી છે એટલે અમોએ એ લાસને જેમની તેમ રહેવા દીધી છે હવે તો તેની કાંઇ વ્યવસ્થા કરો તો સારૂ નહિ તો એ ચાર ત્યાર પછી તેમાથી ન સહન થાય તેવી દુર્ગંધી નીકળશે, અત્યારથીજ તેમાથી ખરાબ વાસ આવવા લાગી છે" એમ કહી પાલીસ કોટડીમા લાસો પડી હતી તે તરફ આગળી બતાવતો હરિસિહને પોતાની પાછળ ચાલવાની પ્રાર્થના કરતો આગળ ચાલ્યો પરતુ તેના એ શબ્દો સાભળતાજ હરિસિહના પગ ત્યાજ ચોટી ગયા તેની સઘળી આશા નિરાશાના રૂપમા ફેરવાઇ ગઇ, તેની સઘળી તરગ માળા તુટી પડી અને "અફસોસ મહા મુશીબતે ઉકેલાએલુ કોકડુ ફરીને ગુચવાઇ ગયુ, બદમાશો અહી પણ પહોચી ગયા, પ્રાણહારક વિષનોજ પ્રયોગ થયો" એવા ઉષ્ણ ઉદગારો નીકળી ગયા અને તેને એમ પણ લાગ્યુ કે જે પોતાની હાજરીમા રસાયનવાળા ઓરડામાથી પ્રાણહારક વિષની શીશી ઉપાડી ગયો તેનુજ એ કામ છે, પણ તે કોણ? તેને મેળવવો શી રીતે? તેનો કાંઇ પણ નિશ્ચય કરી શકયો નહિ તે શક, શકા અને આશ્ચર્યતામા ગરકાવ થયેલો ત્યાજ સ્થભી ગયો એક પળમા તેના હૃદયમાથી અનેક વીચારો પસાર થઇ ગયા હવે તેને ખરો ખુની કોણ તે સોધવુ મુશ્કેલ જણાયુ સકારામના મત્રાવ જવાબ પરજ તેને જબરી આશા રાખી હતી, પરતુ તે તો ગયો સદાને માટે સસારમાથી ગુમ થયો, તેને અનેક શકાઓ થવા લાગી ઘડીમા તે મુકતા ને ગુન્હેગાર માનતો, તો ઘડીમા મોતીલાલજ દેષીત જણાતો, ઘડીમા રતિલાલ પર શક જતો, તો ઘડીમા સકારામજ તેની દ્રષ્ટિગા ખુની જણાતો, અને ઘડીમા મહાદેવને આ સઘળા કારસ્તાનોનો કારણ

ભુત ગણુતો અ ડ તર્ફ દોડાવ્યા છતા તેન કઇ પણ પરિણામ આવ્યુ નહિ ત્યારે તે સકારામના શરીરપરથી કાઇક મળશે એની આશાથી પાલીમની માથે તેની લાશ પાસે ગયો ઘણીજ બારીક નજરે તેણે મને લાશો તપાસી પરંતુ પોતાના કેસને પુષ્ટી મળે તેવુ એક પણ સાધન તેની પાસેથી મળી શકયુ નહિ તેથી પોલીસોને એ લાસો ઠેકાણે પાડવાનો હુકમ આપી પોતે મરીયમે જે સ્થળે મળવા જણાવ્યુ હતુ ત સ્થળે જવા નીકળ્યો

# પ્રકરણ ૧૩મું

## મરીયમની બહાદુરી

ડાકટર રતિલાલના પંજામા ભપડાએના મોતીલાલને છોડાવવા નીકળેલી મરીયમ રાગબાગ ગાડીખાતામા આવી પહોચી રતિલાલના મકાનથી કેટલેક દુર ઉભી રહી તેણીએ આસપાસ દ્રષ્ટિ ફેરવી તો ગલીમા કોઇ માણસ જણાયુ નહિ તેથી તે ધીમે પગલે આગળ વધી એકાએક એક આકાર રતિલાલના મકાન તરફ જતો જણાયો દુરથી પણ મરીયમે તેને ઓળખી લીધો તે મહાદેવજ હતો મરીયમ બાજુની એક નાની ગલીમા છુપાઇ ગઇ તેણીએ દુરથી જોયુ તો મહાદેવ રતિલાલના મકાનની બહારની બારીમા માત્ર ડોકીયુ કાઢી ચાલી ગયો. મહાદેવ માટે મરીયમને અનેક વિચારો થવા લાગ્યા, તે પણ રતિલાલના મકાન પાસે ગઇ અને મહાદેવ જે બારી પાસે ઉભો હતો તેમા નજર કરી

તો જણાયુ કે મોતીલાલ બેશુદ્ધ હાલતમા એક ખુરશી પર બેસી કાંઈ લખી રહ્યો છે, ચપળા અને રતિલાલ તેની બાજુમા એક કોચપર બેઠેલા છે મરીયમ સમજી ગઈ કે મેસમેરીઝમ દ્વારા મોતીલાલ પાસેથી એ પિશાચ પિતા પુત્રી પોતાનો સ્વાર્થ સાધ્ય કરી લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે જો કે તે ઘણે દુર બેઠેલા હતા તો પણ તેઓ વચ્ચે ચાલતી વાતચીત ઘણીજ ધીમી પણ સ્પષ્ટ સભળાતી હતી મોતીલાલપર શીર જોરી થતી હતી—ઈચ્છા વિરૂદ્ધ કાર્ય લેવાતુ હતુ એ તેમની વાતચીત પરથી સ્પષ્ટ સમજાતુ હતુ કટલીકવારે કાર્ય પુરૂ થયુ લખાએલો પત્ર રતિલાલે ટેબલ પરથી ઉપાડયો, વાચ્યો અને સ્મિત મુખે તે ચપળાના હાથમા આપ્યો ચપળા ખુશી થયેલી જણાઇ, કટલીક વારે મોતીલાલ શુદ્ધિમા આવ્યો, આસપાસ દ્રષ્ટિ કરી તો રતિલાલ અને ચપળા તેની પાસેજ બેઠેલા હતા, તેને જોઇ તે ભયભિત થયો હોય એમ તેના અભિનય પરથી મરીયમને જણાયુ રતિલાલે તેને આશ્વાસન આપતા પેલો પત્ર તેના હાથમા આપ્યો, એ પત્ર જોતાજ મોતીલાલનો ચહેરો લાલચોળ બની ગયો અને જાણે તે પત્ર સબધી પોતે કાંઇ જાણતોજ ન હોય તેમ માથુ ધુણાવ્યુ પિતા પુત્રી ઘડીભર એક એકની સામે જોઇ રહ્યા ચપળાએ નેત્ર પલ્લી દ્વારા રતિલાલને કાંઇ સકેત કર્યો રતિલાલ સમજી ગયો તેણે મોતી લાલની સામે એકી દ્રષ્ટિએ જોવા માડયુ થોડીજ વારમા મોતીલાલ પુર્વવત બેશુદ્ધ બની ગયો તેવીજ સ્થિતિમા રતિલાલે તેની સાથે કાંઇક વાતચીત કરી પણ શુ તે કાંઇ સમજાયુ નહિ પરતુ કેટલીક વારે મોતીલાલે પોતાની આગળી પરની વીટી ઉતારી ચપળાના હાથમા આપી ચપળાના આનદનો પાર રહ્યો નહિ તેણી પેલો પત્ર અને

વીંટી લઇ અંદર ચાલી ગઇ તેણીના જવા પછી કેટલીક વારે એક ઘુમટો તાણેલી સ્ત્રી તે ઓરડામાં દાખલ થઇ, તેના ફાટા તુટા વસ્ત્રો પરથી તેણી રતિલાલના ઘરનું કામકાજ કરનારી ચાકરડી હોય એમ મરીયમે અનુમાન કરી લીધું. રતિલાલે તેણીને કાંઇક કહ્યું, તે ત્યાંથી ચાલી ગઇ અને રતિલાલ આમ તેમ આટા મારવા લાગ્યો, મરીયમ બારી પાસેથી ખશી ગઇ, મોતીલાલને અહીંથી શી રીતે છોડાવવા, રતિલાલના મકાનમાં શી રીતે દાખલ થવું એ વગેરે અનેક વિચારો તેણીના હૃદયમાંથી પસાર થઇ ગયા, પરંતુ કાંઇ નિશ્ચય કરી શકી નહિ કેટલીક વારે પેલી ફાટા તુટા વસ્ત્ર પહેરેલી સ્ત્રી કે જેને મરીયમે દાસી તરીકે માની લીધી હતી, તે બહાર નીકળી, તેણીને જોતાંજ મરીયમના હર્ષનો પાર રહ્યો નહીં, તેણી જે તરફ જતી હતી તે તરફ મરીયમે પણ ચાલવા માંડયું કેટલેક દુર જવા પછી તે સ્ત્રીએ એક નાના પણ પુરાણા મકાનમાં પ્રવેશ કર્યો મરીયમ પણ તેની પાછળ ગઇ બારણામાંજ એક ભીલ જાતીની પ્રૌઢા સ્ત્રી પેપર વાચતી બેઠી હતી તેની સાથે કેટલીક વાતચીત કરી પેલી સ્ત્રી પાછી વળી જેની સાથે એ સ્ત્રીએ વાત કરી તને મરીયમ સારી રીતે ઓળખતી હતી, તે ગુલાબને દુરની સગી થતી હતી એટલુંજ નહિ પરંતુ તે બેઉનો જન્મ એકજ ગામમાં થયેલો હતો બાલ્યાવસ્થામાં બહુ કાળ પર્યંત બન્ને સાથે રહ્યા હતા, તેણી કાળીદાસને ત્યાં નોકરી કરતી હતી, વળી ગુલાબ સાથે મરીયમ તેની પાસે બે ત્રણ વાર આવી હતી, એટલે તેણી પણ મરીયમને સારી રીતે ઓળખતી હતી મોતીલાલને રતિલાલે છુપાવ્યો છે એવી ખબર પણ મરીયમને તેણીએજ આપી હતી અનાયાસે તેણીનો ભેટો થઇ જવાથી મરીયમ ખુશી થઇ, અને પેલી

સ્ત્રીના ચાલી જવા પછી મરીયમ તેની પાસે ગઇ મરીયમને જોતાજ તે બોલી ઉઠી, અહો! મરીયમ બહેન, આવો, આવો, હુ તમનેજ યાદ કરતી હતી જુઓ આ વળી કાઇ નવુજ જાણુવાની ઇચ્છાવાળો કોઇ જાગ્યો છે એમ કહેતાજ તેણીએ પોતાના હાથમાનુ પેપર મરીયમના હાથમા આપ્યુ મરીયમે તેમા લખેલી હકીકત વાચી પરતુ એ માટે વિચાર કરવાનો અવકાશ નહોતો તેથી તે બોલી આ બાબત માટે આપણે પછી વિચાર કરીશુ પ્રથમ જે સ્ત્રી તારી પાસે હમણા આવી હતી તેને જલદીથી પાછી બોલાવી લે, કારણુ કે એ દ્વારા આપણે કેટલુક કામ લેવાનુ છે એમ કહી મરીયમે તેણીના કાનમા કાઇક કહ્યુ શુ કહ્યુ તે કાઇ સમજાયુ નહિ, પરતુ તે બેઠી હતી ત્યાથી ઉઠી, અને ત્વરિત ગતિએ બહાર ગઇ, થોડીજ વારમા પ્રથમ આવેલી સ્ત્રીને પાછી બોલાવી લાવી, જે વખતે તે બને અદર આવી તે વખતે મરીયમ ત્યા નહોતી, બનેએ ઓરડામા પ્રવેશ કર્યો, પદરેક મિનિટ પછી બહાર આવી પેપરમા લખેલી હકીકત સબધી કેટલીક વાતચીત કરી બને છુટી પડી.

કેટલીક વારે તે રતિલાલના મકાન પર જઇ પહોચી અદર દાખલ થવા પહેલા તેણીએ બહારની બારીમાથી ડોકીયુ તાણ્યુ તો રતિલાલ પુર્વવત ઓરડામા આટા મારતો જણાયો ધીમેથી દ્વાર ખોલી તેણે અદર પ્રવેશ કર્યો બાજુના ઓરડામા દ્રષ્ટિ ફેરવતા ચપળાને પોતાના વાળ ઓળતી આયના પાસે બેઠેલી જોઇ, તેની પાસે જવાની કાઇ પણુ જરૂર ન હોવાથી તે પરબારી રતિલાલ પાસે ગઇ અને ઘુમટો તાણી એક બાજુ ઉભી રહી

" કેમ તેડી લાવી ? " રતિલાલ માત્ર એટલાજ શબ્દો બોલ્યો જવાબમા તેણીએ માત્ર ડોકુ ધુણાવ્યુ

" વારૂ ત્યારે હવે તુ ચપળાના આવતા સુધી અહીંજ બેસજે, શુદ્ધિમા આવ્યા પછી મોતીલાલ નાસી ન જાય તેની સભાળ રાખજે હુ હમણાજ આવુ છુ ! એમ કહેતાજ રતિલાલ તે ઓરડો છોડી ગયો

રતિલાલના જવા પછી પેલી સ્ત્રી મોતીલાલ પાસે ગઇ અને તેને શુદ્ધિમા લાવવાનો પ્રયત્ન કરવા લાગી હજુ તો મોતીલાલ શુદ્ધિમા આવે તે પહેલા ચપળા કેઇની સાથે તકરાર કરતી હોય એવો ભાસ થયો શુ છે? કોની સાથે તકરાર કરે છે ' એ જાણવાના ઉદેશથી તે ચપળાના ઓરડા તરફ વળી. અંદર નજર કરતા જણાયુ કે તેણી મહાદેવ સાથે તકરાર કરી રહી છે, મહાદેવ તેણીને ધમકાવી રહ્યો છે આ પ્રકાર જોઇ તેણીને આશ્ચર્ય તો લાગ્યુ પરતુ તકરારને અતે જે પરિણામ આવ્યુ તે જાણ્યા પછી તેણી સઘળો ભેદ પામી ગઇ પિશાચી પિતા પુત્રીના મલીરના કેશ સબધીના તથા તેવાજ બીજા કરપીણ કૃત્યોને તે જાણી ગઈ. અને આ ગુપ્ત રહસ્ય અચાનક તેના જાણવામા આવતા બહુ ખુશી થઇ કેટલીક વારે મહાદેવ પોતાની ઇચ્છિત વસ્તુ મેળવી બહાર નીકળ્યો ચપળા પણ તેની પાછળજ હતી મહાદેવના બહાર નીકળી જતા સુધી ચપળા તે તરફ જોઇ રહી જયારે મહાદેવ બહાર નીકળી ગયો ત્યારે તેણે પેલી સ્ત્રીને દ્વાર બધ કરી આવવાનો હુકમ આપ્યો. વિના વિઘ્ને તેણીએ ચપળાના હુકમનો અમલ કીધો હવ

ચપળા મોતીલાલ તરફ વળી, આ વખતે મોતીલાલ પુર્ણ શુદ્ધિમા આવેલો હતો ચપળાને જોતાજ તે બોલી ઉઠયો " ચપળા, મને અહી શા માટે લાવવામા આવેલો છે? "

મોતીલાલને શુદ્ધિમા આવેલો જોઇ ચપળા પ્રથમ તો ચમકી, કપી, ભયભિત થઇ પરતુ કેટલીક વારે કાઇ વિચાર આવતા તે ઘણાજ નમ્ર શબ્દોમા મોતીલાલ તરફ કટાક્ષ ફેકતા બોલી મોતીલાલ તમે નથી જાણતા કે હુ તમોને ઘણાજ પ્યારથી

" ચપળા માફ કર, તુ મારી બ્હેન છે ભાઇ અને બ્હેનના લગ્ન થવાનુ તે કોઇ દિવસ સાભળ્યુ છે ' મોતીલાલે ચપળાને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યુ.

" મોતીલાલ, આ શુ બોલો છો! શુ તમે મને નથી ચાહતા "
ચપળાએ કહ્યુ.

" ચાહુ છુ, ઘણાજ પ્યારથી ચાહુ છુ, એક ભાઇ પોતાની બ્હેનને જે પ્યારથી ચાહે તેવાજ પ્યારથી હુ તને ચાહુ છુ " મોતીલાલે જવાબ આપ્યો

" ત્યારે શુ તમે મારી સાથે લગ્ન નહિજ કરો? " ચપળાએ નિશ્વાસ નાખતા કહ્યુ

"નહિ આ જન્મે તો નહિ, મોતીલાલે માફ જવાબ આપી દીધો '

"અને તમને તેમ કરવાની ફરજ પડશે તો?"

"એવો સમય જોતાજ હુ મારા જીવનનો અત લાવીશ"

"પરતુ તે પહેલા તો હુ તમોને મારા બનાવીશ"

"નહિ, ચપળા તુ એમા નહિ ફાવશે, જો તારી આવી નિર્લજ ચેષ્ટાઓ નિરતર ચાલુજ રહેશે તો હુ હવે પછી તારી પાસે નહિ આવીશ"

'ઠીક છે મોતીલાલ જો તમારો એવોજ વિચાર છે તો હુ પણ તમને આહીથી જવા દેનાર નથી"

"એમ કહેતાજ તેણીએ મોતીલાલને ધક્કો મારી અદર ધકેલી દીધો, મોતીલાલને હજુ મેસ્મેરીઝમની અસર તાજીજ હોવાથી, તે અશક્ત બની ગયો હતો, ચપળાના એકજ ધક્કાથી તે અદર ઓરડા મા પછડાઇ પડયો, દુર ઉભેની પેલી સ્ત્રીથી આ દ્રશ્ય ન જોઇ શકાયુ તે નજીક આવી અને ઓરડાના દ્વાર બધ કરતી ચપળાને દુર ખસેડી ધક્કો મારી જમીન પર પટકી પાડી પોતાનીજ ચાકરડીનુ આ વર્તન જોઇ ચપળાને ઘણોજ ગુસ્સો ચડયો, તેણી ઉભી થઇ અને તે સ્ત્રીના મોઢા પરનો પડદો દુર કર્યો પડદો દુર થતાજ, ચપળા ચમકી, હે કોણ? ભિખારણી મરીયમ' એકાએક તેણીના મુખમાથી એ ઉદગારો નીકળી ગયા.

"હા, પિશાચણી, હવે તારામા જેટલુ બળ હોય તેટલુ અજમાવ, આવ, મોતીલાલને બહાર જતો અટકાવ, એમ કહેતાજ તેણીએ ચપળાને મોતીલાલને જે ઓરડામા રાખવામા આવ્યો હતો તેમા ધકેલી દીધી, અને મોતીલાલને સાથે લઇ બહાર નીકળી.

મરીયમ અહી શી રીતે આવી એ મારા સુજ્ઞ વાચકો હવે સમજી ગયા હશે મરીયમની પરિચિતા પેલી ભિલણ સ્ત્રીએ મરીયમની સલાહથી રતિલાલને ત્યાથી આવેલી સ્ત્રીને પાછી બોલાવી તે

વખતે મરીયમ ઓરડામા છુપાઇ ગયેલી હતી. જેવો બ નેએ ઓરડામા પ્રવેશ કર્યો, તેનીજ તે સ્ત્રીને મરીયમે બેશુધ્ધ બનાવી દીધી અને તેના કપડા પહેરી અહી આવી અને આપણે જોયુ તેમ બહાદુરીથી મોતી લાલને છોડાવી ગઇ બહાર ઉભેલી એક ગાડીમા બેસી મોતીલાલને તેના મકાન પર પહોચાડી, મરીયમ હરિસિહને જે સ્થળે મળવા જણાવ્યુ હતુ તે સ્થળે જવા નીકળી, રસ્તામા એક બુરખાવાળી મળી તેને પણ મરીયમે સાથે લીધી

# પ્રકરણ ૧૪ મું.

## મરીયમની મુલાકાત.

જે વખતે હરિસિહ ત્યા પહોચ્યો તે વખતે મરીયમ ત્યા નહોતી તેનો નાનો બાળક ત્યા બેઠો હતો. થોડીજ વારમા મરીયમ આવી જશે, એમ એ બાળક સાથે થયેલી વાતચીત પરથી હરિસિહ સમજી ગયો, તેણીની પાસેથી મહીરના કેમ સમધે તેમજ મોતીલાલને બધન કરનાર કોણ છે, એ વિગેરે કેટલીક માહિતિઓ મેળવવાની હોવાથી, તેણીના આવતા સુધી ત્યાજ થોભવાનુ તેને વ્યાજબી લાગ્યુ કેટલીક વારે તેણે મરીયમને એક બુરખાવાળી સાથે આવતી જોઇ બુરખા વાળીએ હરિસિહને દુરથી જોયો જોતાજ તે ચમકી અને તેણીએ મરીયમના કાનમા કાઇક કહ્યુ શુ કહ્યુ તે કાઇ સમજાયુ નહિં પરતુ તે બુરખાવાળીએ એક કપડામા વીટાળેલી વસ્તુઓ મરીયમના હાથમા આપી અને ને તેણીનાથી છુટી પડી જે રસ્તેથી આવી હતી તેજ

રસ્તે પસાર થઇ ગઇ, તેણીના આ વર્તનથી હરિસિહને આશ્ચર્ય લાગ્યુ એ બુરખાવાળી કોણ હશે? મરીયમની સાથે તેણીનો શુ સબધ હશે? આવા નિર્જનસ્થાનમા બુરખો શા માટે નાખ્યો હશે' એ સ્ત્રી હશે કે પુરૂષ? વખતે મરીયમ મોતીલાલને એવા વેશમા છુપો રાખ વાનો પ્રયત્ન તો નહિ કરતી હોય? મને ઠગતી તો નહિ હોય? આવા અનેક વિચારો તેના હૃદયમાથી પસાર થઇ ગયા, પરતુ તેનો કાઇ પણ નિર્ણય કરી શકયો નહિ, કેટલીકવારે મરીયમ ત્યા આવી પહોચી અને પેલી બુરખાવાળી વ્યકિતએ આપેલી વસ્તુમાથી ખાવાનુ પોતાના બાળકને આપ્યુ અને પેપર પોતાના હાથમા રાખતા તે બોલી, જાઓ બેટા સ્કુલમા જાઓ, સાજના અહી આવવાની જરૂર નથી, કારણ કે હુ અહી ફરીને આવવાની નથી આપણે ભાડે લીધેલા મકાન પરજ તને મળીશ, હવે આપણુ નિવાસસ્થાન એજ થશે સમજ્યો બેટા ?

'હા પણ અમા પેલી"

"ગભરા નહિ, એ પણ આપણી સાથેજ આવશે" બાળકને બોલતો અટકાવી મરીયમે આખની ઇશારતથી તેને ચુપ રહેવાની સુચના કરતા વચ્ચેજ કહ્યુ

"બાળક ચુપ રહ્યો, માતાનો હેતુ સમજી ગયેલો બાળક ત્યાથી ચાલ્યો ગયો, હરિસિહ મરીયમના આ વર્તનથી અજબ થયો, તેને અનેક શકાઓ થવા લાગી ઘડી ભર તે ચાલી જતા બાળક તરફ તો ઘડી મરીયમ તરફ જોવા લાગ્યો મરીયમ તેનો હેતુ સમજી ગઇ તે બોલી હરિસિહ, વિસ્મયતાથી શુ જોઇ રહયા છો,' મારી સાથે આ વેલી પેલી બુરખાવાળીને ચાલી ગયેલી જોઇ તમને કાઇ શક ઉત્પન્ન થયો હોય એમ જણાય છે"

પોતાના મનની વાત જાણી ગએલી મરીયમના આ શબ્દો સાભળી હરિસિહના આશ્ચર્યનો પાર રહયો નહિ, તે મનમાજ તેની પ્રશસા કરતો બોલ્યો, મરીયમ મનુષ્યના ચહેરા પરથી તેના મનની વાત જાણી લેવાની તારી વિચિક્ષણતા મને આશ્ચર્યમા ગરકાવ કરી મુકે છે બહેન તારૂ અનુમાન ખરૂ છે મને એ બુરખાવાળી વ્યકિત માટે અનેક શકાઓ ઉપસ્થિત થાય છે?

"હરિસિહ, શક અને શકાઓમા તમે તમારૂ દ્રષ્ટિબિદુ ચુકી જાઓ છો, આ રીતે કરશો તો ખરા ખુનીનો પત્તો મેળવવો મુશ્કેલ થઇ પડશે અને નાહક નિર્દોષ માર્યા જશે મલીરવાળા કેસમા પણ એમજ બન્યુ હતુ એક નિર્દોષને ફસાની બદમાસો આબાદ છટકી જવાની તૈયારીમા હતા પરતુ એ કૃતઘ્નીના ક્રુર કર્મો અચાનક હમણા તમે જોઇ તે બુરખાવાળી વ્યકિત દ્વારા માગ જાણવામા આવી જતા એ નિર્દોષને આજે

"શુ એ બુરખાવાળી મલીરવાળા કેસના મબધમા કાઇ જાણે છે? મરીયમ એ બદમાસોને તેણી પિછાણે છે?"

'નહિ, તે બદમાસોને ઓળખતી નથી પરતુ તેના મબધનુ કેટલુક તે જાણે છે, એટલુજ નહિ પરતુ તેણી એ બદમાસોનો પત્તો પણ મેળવી શકી છે?" મરીયમે કહ્યુ

"શુ આ તુ ખરૂ કહે છે? મરીયમ તુ મને કહેશે કે એ બુરખાવાળી કોણ છે?" હરિસિહે આશ્ચર્ય પામતા પુછ્યુ

"હરિસિહ, તેણીનુ નામ નિશાન હુ જાણતી હોવા છતા તે જણાવવાને લાચાર છુ તો પણ એટલુ તો મારે કહેવુ જોઇએ, કે

તે આપણી મદદગાર છે, દુશ્મન નથી, જો બનશે તો એકાદ અઠવાડીયામાજ એ મલીરના જમીનદાર ભાણેજનું તેમજ પેલી કુમારીકાનુ ખુન કરનાર એ બદમાસોને હુ તેમની સહાયતાથી તમારા સ્વાધીનમા સોપીશ” મરીયમે કહ્યુ

‘બહેન, જો તુ એટલુ કરે તો તેં મારા પર ઘણો ઉપકાર કર્યો એમ હુ માનીશ”

“શુ તેણીએ એ બદમાસોનુ રહેઠાણ જોયુ છે’

‘હા જોયુ છે એટલુજ નહિ પરંતુ એ બદમાસોના મદદગારોને પણ તે સારી રીતે ઓળખે છે”

“તેના મદદગારો કોણ કોણ છે”

મલીરના ખુનીઓને છુપાવનાર એજ શયતાનો મહાદેવ અને ડોક્ટર રતિલાલજ છે, મોતીલાલને બંધન મુકત કરવા જતા એ નીચના સર્વ કારસ્થાનો હુ જાણી ગઇ છુ

‘શુ રતિલાલેજ મોતીલાલને છુપાવ્યો હતો? આશ્ચર્ય! મરીયમ એમ કરવામા રતિલાલને શો લાભ”

“હરિસિહ, એ ભેદ—રહસ્ય ઘણુજ ઉડુ છે એનો છેડો લેવાનુ કાર્ય ઘણુજ મુશ્કેલ છે તો પણ હુ એટલુ તો જાણી શકી છુ કે રતિલાલ પોતાની પુત્રી ચપળાના લગ્ન મોતીલાલ સાથે કરવા માગે છે”

‘પરતુ મે તો સાભળ્યુ છે કે મોતીલાલ મુક્તાનેજ ચાહે છે અને આણંદલાલે એ બનેનો સબધ પણ જોડી દીધો છે

"હા એ ખરૂ છે મોતીલાલ ચપળાની સાથે લગ્ન કરવામા નારાજ છતા, રતિલાલે મેસમેરીઝમથી પોતાના હાથનુ પુતળુ બનાવી દીધો છે, અને એક પ્રતિજ્ઞા પત્ર પણ તેની પાસેથી લખાવી લીધું છે"

"એ પ્રતિજ્ઞા પત્રમા શુ લખ્યુ છે? એ કાઇ તારા જાણવામા આવ્યુ છે?"

"હા, તેમા એવુ લખ્યુ છે કે આણુદલાલની મીલકત મળ્યા પછી મોતીલાલે ચપળા સાથે લગ્ન કરવા. આ પ્રતિજ્ઞા પત્ર લખાવતી વખતે મોતીલાલ બેશુદ્ધ હતો, છતા રતિલાલના દરેક હુકમોનો તે જાણે સપુર્ણ શુદ્ધિમા હોય તેવી રીતે અમલ કરતો હતો."

"શુદ્ધિમા આવ્યા પછી એ પ્રતિજ્ઞા પત્ર રતિલાલે મોતીલાલને બતાવ્યુ હતુ ?" હરિસિહે કાઇ વીચાર આવતા એ નવિન પ્રશ્ન કર્યો

"હા, શુદ્ધિમા આવેલા મોતીલાલે એ પ્રતિજ્ઞા પત્ર સબધી પોતે કાઇ જાણતોજ નથી, એમ જણાવ્યુ હતુ આથી રતિલાલે મેસમેરી ઝમથી મોતીલાલને ફરીને પણ બેશુદ્ધ બનાવી તેનીજ હાલતમા તેણે સઘળી કબુલાત લીધી અને નિશાની તરીકે તેની વીટી માગી, મોતી લાલે વિના આનાકાનીએ તે કાઢી અને ચપળાના હાથમા આપી, હરિસિહ, મોતીલાલની ઇચ્છા વિરૂદ્ધ પોતાની પુત્રિના લગ્ન તેની સાથે કરવામા રતિલાલનો આણુદલાલની મિલકત પોતાને સ્વાધીન કરવા શીવાય બીજો કાઇ હેતુ હોય તેમ જણાતુ નથી

હરિસિહ ચુપ રહ્યો, આણુદલાલના મકાનમાથી મળેલા વિલમા રતિલાલની સાક્ષી હોવાનુ કારણ હવે તે સમજી ગયો, આણુદલાલનુ ખરૂ વિલ એ રતિલાલેજ ગુમ કરેલુ હોવુ જોઇએ, એમ તેણે માની

લીધુ. મુક્તાની હકીકત સત્ય જણાઇ, કેટલીકવારે તે બોલ્યો, મરીયમ ગમે તેમ હોય પરતુ રતિલાલ ઘણોજ ભયકર માણસ છે, એ તેના અનિષ્ટ આચરણો પરથી સિધ્ધ થાય છે મે પણ એના સબધમા કેટનીક વાતો સાભળેલી છે એટલે તે કદાચ આણુદલાલનો ખુની નહિ હોય તો પણ ખુન કરાવવામા તેનો હાથ છે કેમ મરીયમ તને શુ જણાય છે ?"

"મને પણ એમજ જણાય છે અને તે મહાદેવે ચપળાની લીધેલી મુલાકાત પરથી સિધ્ધ થાય છે" મરીયમે કહ્યુ

"હે! શુ મહાદેવ ત્યા આવ્યો હતો? એ બદમાસને પકડવા મે ઘણો પ્રયત્ન કર્યો, પરતુ નિષ્ફળ ગયો હા! પણ ચપળાની મુલાકાત તેને શા માટે લીધી હતી ?"

"ચુનાનાવના આશ્રયમાથી મુક્તાને ખસેડવાની તેને કરેલી ગોઠવણ જણાવવા માટે" મરીયમે કહ્યુ

'શુ, બદમાસો મુક્તાને ત્યાથી પણ ખસેડવાની કોશીષ કરી રહ્યા છે? હરિસિહે આશ્ચર્ય પામતા પૂછ્યુ "

"હા, હરિસિહ, એ નીચ મહાદેવ મોતીલાલ સાથે સવિતાનો આડો વ્યવહાર છે અને તેમા મુક્તા પણ સામેલ છે, એમ જણાવી ચુનીલાલને ઉશ્કેર્યો છે એટલે સાભળવા પ્રમાણે થોડા દિવસમાજ એ વકરાએલો વાઘ, મુક્તાને પોતાને ત્યાથી દુર કરનાર છે હરિસિહ હવે

તો એ નીચ મહાદેવને જલદી પકડાય તો સારૂ. કારણ કે એજ સઘળા અનર્થનુ મુળ છે. રતિલાલની પુત્રી ચપળા પણ તેનાથી ઘણીજ કંપે છે. આજે એ બદમાસે મુકતાને દુર ખસેડવા પોતે કરેલા કામ બદ્દલ ચપળા પાસેથી રૂપિઆ ત્રણસો પડાવ્યા છે પ્રથમ તો ચપળાએ તેને રોકડો જવાબ પરખાવી દીધો અને ધક્કો મારી બહાર કાઢવાની ધમકી આપી, પરંતુ મહાદેવ તેણીનાથી ડર્યો નહિ તે નિર્ભય ત્યાજ ઉભો રહ્યો. અને તરતજ ખીસામાથી એક શીશી બહાર કાઢી અને તે ચપળાને બતાવીને કહ્યુ " કે અગર જો તુ મને રૂપિઆ ત્રણસો નહિ આપે તો આ શીશી તને આપવાની ફરજ પાડશે " ચપળા તે શીશી જોતાજ ગભરાઇ ગઇ, તેણીનો ચહેરો ફીક્કો પડી ગયો તેનાથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ " તરતજ તેણે પોતાની દાસીને બોલાવી અને કેશ બોક્સ લાવવાનો હુકમ કર્યો તેમાથી રૂપિઆ ત્રણસોની નોટો કાઢી વગર વિલબે તેણે મહાદેવના હાથમા આપી

"સમજાયુ બહેન, સમજાયુ આણદલાલના રસાયનવાળા ઓરડામાથીજ એ શીશી મહાદેવ ઉપાડી ગયો હતો, અને મારી આખમા પણ ધુળ નાખી ગયો હતો મે તેને જો કે તે વખતે ઓળખ્યો નહોતો પરતુ આ સઘળી વાત પરથી સિધ્ધ થાય છે, કે તે મહાદેવજ હતો"

"ત્યારે તો હરિસિહ હવે એ ઓરડામા પ્રાણહારક વિષની જેટલી શીશીઓ હોય તેટલી તમારા સ્વાધિનમા રાખો અને મહાદેવનેજ પકડવાની કોશીષ કરો, મને ખાત્રી છે કે તેને પકડયા પછી ખરો ખુની પણ પકડાઇ જશે"

"પણ બ્હેન મને તો લાગે છે કે મહાદેવને પકડવા પહેલા રતિલાલને પરહેજ કરવો વ્યાજબી છે, કારણ કે જો તમો કહો છો તેમ એ શાશી જોનાજ ચપળા ચમકી હોય, તો તેણી પણ એ વિષયમા કાંઇક જાણે છે, અને એ પરથી સિધ્ધ થાય છે કે રતિલાલજ એ સઘળા કારસ્તાનનુ મુળ છે"

'ચોક્કસ કહી શકાય નહિ, ઘણી વખત નજરે જોયેલા બનાવો પણ જુદા પડે છે, અને વખતે નિર્દોષને ગેરઇનસાફ મળી જાય છે, માટે એકાએક એવુ સાહસ કરવાની કાંઇ પણ જરૂર નથી, મહાદેવનેજ પકડવાની કોશીષ કરો, અને તેનાથીજ સઘળી બાતમી મેળવો મોતીલાલ તરફના વર્તનથી અને મહાદેવને ચપળા તરફથી મળેલા ત્રણસો રૂપિયા પરથીજ, જો તમો રતિલાલને દોષિત ધારતા હો તો તમારી ભુલ થાય છે. બદમાસો હમેશા પક્કા હોય છે, અને તે આપણા જેવાને અવળે રસ્તે દોરી જવાની કોશીષ કરતા હોય છે, મહાદેવે પણ તેવીજ યુક્તિ નહિ કરી હોય, એમ આપણે શા પરથી માની શકીએ' જોકે મેં અનુભવેલી અને નજરે જોયેલી બાબત પરથી રતિલાલ અને ચપળા બને દોષિત છે એમજ જણાય છે, પરંતુ આવા કાર્યમા કેસની બને બાજુ તપાસ્યા સિવાય ઉતાવળે સાહસ કરવુ એ મુર્ખતાજ ગણાય માટે એવુ સાહસ કરવાની સહજ પણ કોશીષ કરતા નહિ મહાદેવ પકડાયા પછી સઘળો ભેદ આપો આપ ખુલી જશે" હા પણ પછી તમે જેને મોતીલાલ ધારતા હતા, તે સકારામને તમો મળ્યા' મરીયમે પુછ્યુ

"હા મરીયમ, હુ એ સકારામને મોતીલાલજ માનતો હતો, ચુનિલાલની નિર્દોષતા જાહેર કર્યા પછી તે મારી આ બીજી ભુલ

સુધારી છે મરીયમ, કાળીદાસની મદદથી મે એ બદમાસને પકડયો તો ખરો, પરતુ પોલીસગેટ પર લઇ જવા પછી બીજેજ દીવસે મે તેને શબવત જોયો કાઇએ તેનુ ખુન કર્યું અને તે પણ પેલા પ્રાણહારક વિષથીજ" હરિસિહે ટુકામાજ પતાવ્યુ.

"ત્યારે તો એ મહાદેવનુજ કામ હોવુ જોઇએ, કારણ કે એ શીશી તો મહાદેવ પાસેજ હતી"

"મને પણ એમજ લાગે છે"

"સકારામના કપડા તપાસ્યા?"

"હા તપાસ્યા, પણ કાઇ મળ્યુ નહિ"

"આ પ્રમાણે બનેનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો એટલામા એક પોલીસે તે ઓરડામા પ્રવેશ કર્યો અને એક ચીઠી હરિસિહના હાથમા આપી કહ્યું કે આ ચીઠી સકારામના શબની નીચેથી મળી આવી છે, તે તમને તાકીદે પહોચાડવાની મને ભલામણ થવાથી હુ અહી આવ્યો છુ, હવે હુ તે લાસોની વ્યવસ્થ કરવા માટે જાઉંછુ કારણ કે ડુગરસીભાઇએ તે કામ મને સોપેલુ છે, એમ કહી હરિસિહની આજ્ઞા મળતાજ હુસેનખા ત્યાથી ચાલ્યો ગયો તેના જવા પછી તે હરિસિહે તે ચીઠી ખોલી તો તેમા નીચે પ્રમાણે લખ્યુ હતુ.

"સભાળજો, હરિસિહ તમારી પાછળ છે, મરતા સુધી ખરો ભેદ આપતા નહિ, મહાદેવ તમારી મદદે થોડાજ વખતમા આવી પહોચશે

લી મોતીલાલ"

ચીઠી વાચતાજ હરિસિહ ચમક્યો, તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ તેણે તે ચીઠી મરીયમના હાથમા આપી મરીયમે પણ તે વાચી

"બ્હેન જેમ સમય જતો જાય છે, તેમ મામલો વધારે ને વધારે ગભીર થતો જાય છે આણુ દલાલનો ખરો ખુની કોણ એ મેળવવુ મુશ્કેલ જણાય છે કેટલીક, વારે હરિસિહે કહ્યુ

'તો પણ ગભરાઇ જઇ પાછા હઠવામા કશો લાભ નથી હુ તો ધારૂ છુ કે મામલો કાઇક આપણા લાભમાજ ઉતરતો જાય છે"

'એમ કેમ? શુ આ મામલો તમને કાઇ સહજ જણાય છે?" હરિસિહે આશ્ચર્ય પામતા પ્રશ્ન કર્યો

"જોકે કોકડુ ગુચવાતુ જાય છે, તો પણ તેની દીશાઓ દ્રષ્ટિમા આવતી જાય છે"

"એટલે?'

"એટલે એમ કે આણુ દલાલનો ખરો ખુની ગમે તે હોય પરતુ તેને રહેવા છુપાવાનુ સ્થાન રતિલાલ અથવા મોતીલાનનુ મકાનજ છે જો આપણે એ બને પર બારીક તપાસ રાખીશુ તો ટુક સમયમાજ ખરા ખુનીને મેળવી શકીશુ' મરીયમે ખુલાસો કર્યો,

ત્યારે તો તેમા તમારી મદદની અંત સુધી જરૂર પડશે"

"હુ તે ઘણી ખુશીથી આપીશ"

"તમારૂ અનુમાન ઠીક છે વિચાર કરતા મને એમજ જણાયુ છે ત્યારે તમે હવે વધારે વિલબ ન કરતા જલદી ત્યા જાઓ તો સારૂ કારણ કે સમય થોડો છે

"મારૂ થયુ હરિસિહ કે એ પેપર પર તમારી નજર પડી, નહિ તો આજે એ કામ ન થઇ શક્ત, હવે હુ ત્યાં જવાની ગોઠવણુ કરૂ છુ અને તમે તે સબંધની બીજી તપાસ માટે જાઓ" હા, પણુ પેલા મસીરવાળા કેસના સબધમા તો હુ તમને કહેતાજ ચુકી જાઉં છુ હરિસિહ, આંબલીગળા તળાવની નજીક આવેલા નાના ડુગરોની તળેટી માએ બદમાસોનુ નિવાસસ્થાન છે આજે તેના મદદગાર શરાબીઓની સભા ત્યા એકત્ર થનાર છે, અને મહાદેવ રતિલાલ કાળીદાસ વગેરે ત્યા આવશે

"હે? શુ કાળીદાસ શરાબીઓની ટોળીમા આવશે? કાળીદાસ દારૂ પીએ છે?" કાળીદાસનુ નામ સાભળતાજ હરિસિહે મરીયમને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યુ

"હા, કાળીદાસ શરાબી છે, તે ગમે તેટલો સુધર્યો છતા શરાબને છોડી શક્યો નથી, છતા તે બદમાસ નથી, બદમાસોના કારસ્થાનો અને રહેવાના સ્થાનો જાણી લેવાના ઇરાદાથીજ તે તેની સાથે ભળેલ છે, જો કે એ પુણ્યનુ કામ કરે છે તો પણુ તેની એ આદત છોડાવવાની જરૂર છે ઘણુ કરી ચુનીલાલ પણુ ત્યા આવશે, તે પણુ મહાદેવની સોબતથી શરાબી બની ગયો છે, હરિસિહ, ચુનીલાલ નોકરી છોડયા પછી એટલો બધા નબળા મનનો બની ગયો છે કે કોઇ કોઇ વખતે ને બિચારી સવિતાને અતિશય સકટમા મુકી દે છે એ કથા લાબી હોવાથી હુ તમોને પ્રસગે કહીશ?

મરીયમ, ચુનીલાલના સબધમા મે વણુ સાભળ્યુ છે, એટલુ જ નહિ પરતુ તેના અનિષ્ટ આચરણથી દુખી થએલી સવિતાએ ગઇ કાલેજ

બેશુદ્ધ હાલતમા એક પુત્ર રત્નનો જન્મ આપ્યો છે, એ પણ જાણ્યુ છે, ઇશ્વર તેના એ પુત્રને દીર્ઘાયુષ્ય આપે બહેન, મારા એ મિત્રના ભલા માટે હુ મારાથી બનતુ કરીશ' હરિસિંહે નિશ્વાસ નાખતા મરીયમને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યુ

'ખરૂ છે હરિસિંહ, મિત્રની કસોટી ખરા સમય પરજ થાય છે, વારૂ, હરિસિંહ, હવે તમે જાઓ અને બરાબર રાત્રે નવ વાગે આંબલી વાળા તળાવ પાસે જજો, ત્યા તમોને મલીરવાળા બદમાસોનો ભેટો થશે, પરંતુ હરિસિંહ, પેલી બુરખાવાળી કદાચ ત્યા આવે તો તેને પકડ વાનુ કે તેની સાથે વાતચીત કરવાનુ કાંઇ પણ સાહસ કરતા નહિ, નહિ તો કામ બગડી જશે બદમ મો આમાદ છટકી જશે '

" હુ તારી સલાહ પ્રમાણેજ વર્તીશ બહેન આજે છ છ માસ થયા ભગીરથ પ્રયત્ન કરવા છતા જે બદમાસોનો પતો હુ મેળવી શક્યો નથી તેને શોધી આપવામા તે મને જે મદદ કરી છે તેનો બદલો હુ આ જીંદગીમા આપી શકુ તેમ નથી " હરિસિંહે મરીયમનો ઉપકાર માનતા કહ્યુ

'હરિસિંહ ધારે તો મરીયમને જોઇતો બદલો આપી શકે તેમ છે " મરીયમે સમય જોઇ સ્વાર્થ સાધી લેવાના ઉદ્દેશથી કહ્યુ

" સમજ્યો, સમજ્યો, બહેન તને તારા પોષણ માટેના સાધનો જોઇએ છીએ એજ કે બીજુ કામ " હરિસિંહ જાણે પોતે મરીયમનો ભાવ સમજી ગયો હોય તેમ બોલ્યો

" નહિ ભાઇ મારા ઉદર પોષણુની ચિતા તો મારો ખુદા કરે છે. એજ મને સમય પર જોઇતુ મોકલાવી આપે છે મા રેતો"

"કહે ત્યારે તારે શુ જોઇએ?" હરિસિંહે મરીયમને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યું

"એજ કે મશીરવાળા બદમાસો, પૈકી હુ જેને નિર્દોષ માનુ છુ"

"તેને છુટો કરવો એમજ ના?" હરિસિંહ વચ્ચેજ બોલી ઉઠયો

"નહિ તેને અહીંથી

"શુ નાશી જવાની તક આપવાનુ કહે છે?"

"નાસી જવાની તક તો પેલી બુરખાવાળીએ કયારની આપી દીધી છે અને એ નિર્દોષને દોજખમાંથી છુટો કર્યો છે એટલે તેની એ ભૂલ માટે હુ તમારી પાસે ક્ષમાની યાચના કરૂ છુ એજ તારી પાસે બદલો માગુ છુ" મરીયમે કહ્યું.

સુજ્ઞ વાચક બધુઓ, ગુલાબે પોતાના એક સ્નેહીની સહાયતાથી કરીમબક્ષને કરાચીથી રવાના કરી દીધો હતો અને આજે હરિસિંહ બાકીના બે બદમાસોને પકડવા જવાનો હતો એટલે એ બદમાસો દ્વારા કરીમબક્ષનુ નામ બહાર આવે અને તેના નાસી જવાથી હરિસિંહને કરીમબક્ષનેજ અપરાધી સમજવાનુ કારણુ મળે, તો નાસી ગયેલા પતિના ઉપર વિશેષ આપતિ આવી પડે એમ હોવાથી મરીયમે હરિસિંહની પાસે આપણે ઉપર વાચી ગયા તેવી યાચના કરી હરિસિંહ પ્રથમ તો સહજ ગુસ્સે થયો, પરતુ જયારે મરીયમે કરીમબક્ષની કર્મ કથા કહી સભળાવી અને તેની નિર્દોષતા પુરવાર કરી આપી

ત્યારે હરિસિંહ શાન્ત થયો વળી એ કરીમબક્ષ નિર્દોષ હોવાનુ બીજુ પ્રમાણ આગના પ્રકરણોમા વાચી ગયા તેમ બદમાસોના મુખેથી હરિસિંહને મળ્યુ હતુ એટલુજ નહિ પરતુ કરીમબક્ષ પોતાની પત્નિને યાદ કરી ગાડા જેવો બની જતો હતો એવા બદમાસોના શબ્દોનુ સ્મરણ થતા મરીયમનો એ પતિ હતો અને મરીયમ જેવી સ્ત્રીની યાદ કરીમબક્ષને એવી સ્થિતિમા લાવી મુકે એમા કાઇ નવાઇ જેવુ નથી એમ પણ હરિસિંહને લાગ્યુ પોતાને સહાય કરનાર મરીયમનો એ પતિ અને નિર્દોષ હતો એ સત ધ્યાનમા લઇ, મરીયમનુ કહેવુ તેણે કબુલ કર્યું એ બુરખાવાળી કોણ છે અને મરીયમની સાથે તેણીનો શો સબધ છે એ વિગેરે જાણવાનો હરિસિંહે ઘણો પ્રયત્ન કર્યો, પરતુ મરીયમની મક્કમતા આગળ તે નિષ્ફળ ગયો, તો પણ મરીયમના માર્મિક શબ્દો પરથી તે સમજી ગયો કે બુરખાવાળી આમલીવાળા તળાવ પાસે અવશ્ય આવશેજ અને તેણીની તે વખતની મુલાકાત વખતે સઘળુ જાણી લઇશ એવા નિશ્ચયથી હરિસિંહ મરીયમ સાથે બીજી કેટલીક મસલત કરી બહાર નીકળ્યો અને રાસધારીઓની ટોળીમા કાળીદાસ જવાનો છે માટે યુક્તિ પુર્વક તેનાજ વિચારને અનુકુળ થઇ તેની સાથેજ મરીયમે જણાવેલા સ્થાને જવુ એવા વિચારથી હરિસિંહ કાળીદાસના મકાન તરફ વળ્યો મરીયમે રતિલાલના ઘરનો રસ્તો લીધો



# પ્રકરણ ૧૫ મું.

## ધાર્યું ધરણીધરનુજ થાય છે.

પ્રિય વાચક સુદરરાયની આપણે ઘણા દિવસથી મભાળ લીધી ાથી માટે ચાલો આપણે હૈદ્રાબાદ જઇએ અને તેની પરિસ્થિતિ તપાસીએ.

આ જગતમા સમય એ કોઇને પણ સમાન સ્થિતિમા રાખતો નથી, સમયના નેત્રમા કાઇ પણ સહન થતુ નથી, એથી કવિઓ કહે છે કે સમય અદેખો છે, સુદરરાય પણ સમઇની અદેખાયના અધારામા પડ્યો છે, એક સમયે એજ સુદરરાય આણદલાલને ત્યા સુખચેન કરતો હતો, લાખોનો વહીવટ તેનાજ હાથે થતો હતો અરે! કહોને કે આણદલાલની સર્વ સપતિની એજ વ્યવસ્થા કરતો હતો, મોતીલાલ જેવો એ સપતિનો માલિક પણ એનાજ હાથેથી પોતાના ખર્ચ જોગુ નાણુ મેળવતો હતો, એજ સુદરગય સમયના પરિવર્તનને લીધે પોતાની એકની એક પુત્રિને નિરાધાર છોડી પોતાના કાર્યનો પશ્ચાતાપ કરતો હૈદ્રાબાદમા આવીને વસ્યો છે, ઉમેદમલ સુદરરાયના સહવાસથી સુધરી ગયો, શાન્તા સુખી થઇ, પણ સુદરરાયની આતરીક પીડા ઓછી ન થઇ શાન્તા અને ઉમેદમલ તરફથી મારૂ સન્માન મળવા છતા તેનુ હૃદય ખિન્ન રહ્યા કરે છે, તેનુ ચિત બદ્રિનારાયણ તરફજ ફર્યા કરે છે કુગાચીથી નિકળ્યા પછી તેને ત્યાજ જવા વિચાર હતો પરતુ પતિ વિયોગીની શાન્તાને તેણીના પર થયેલા ભયકર અકસ્માતમાથી બચાવી

લેવાનુ અને તેણીના વિકાર મય વિચારોને ઠેકાણે લાવવાનુ તેમજ તેણીના પતિનુ મિલન કરાવવાનુ નિમિત પરમાત્માએ તેના માટેજ નિર્માણ કરેલુ હોવાથી કુદરતે તેને ત્યાજ રહેવા ફરજ પાડી શાન્તા સારી રીતે જાણતી હતી કે સુન્દરરાયને વૈરાગ્ય થયો છે, અને તે બદ્રિ નાગયણ જવા પછી અવશ્ય સન્યસ્ત ગ્રહણ કરશેજ જો એમ થયુ તો બિચારી મુકના નિરાધાર બની જશે એટલા માટે મુકતાના કોઇ સારે સ્થળે લગ્ન થઇ જવા પછીજ સુન્દરરાયને ત્યા જવા દેવામા આવ તો ઠીક, એવા વિચારથી શાન્તાએ પોતાની તબીયત સુધરી જવા પછી પણ ચોકસ કારણો બતાવી બદ્રિનાગયણ તરફ જવાની મુદત લબાવી હતી જો કે સુન્દરરાયને તે રૂચતુ નહોતુ પરતુ શાન્તાની મુદતનો છેડો આવશેજ નહિ એવુ જ્યારે તેને જણાયુ, ત્યારે એ લોકોને જણાવ્યા સિવાયજ ચાલ્યા જવાનો સુદરરાયે મનમાજ દ્રઢ સકલ્પ કર્યો

ખરેખર મન એજ દેહનો રાજા છે મન કઇ વખતે કેવા વિચાર કરશે ને કહી શકાતુ નથી, મનુષ્યના મન જેવી આશ્ચર્યકારક વસ્તુ બીજી નથી શરીર સમુદ્રમા મન તરગો કઇ વખતે શાન્ત હશે, કઇ વખતે તોફાન કરશે, કઇ વખતે સમાધાન કરશે તે પરમાત્મા સિવાય કોઇ જાણી શકતુ નથી, સુન્દરરાયના મન તરગો મુકિત મેળવવા માટે સસાર ઉપાધીને તિલાજલી આપી પરલોકમા મુકિત આપનાર પતિતો ધ્ધારિણી ભાગીરથીને કિનારે જવા ઉછળી રહ્યા છે

અત્યારે આપણે તેને સિધુદેશને સપતિવાન બનાવનાર સિધુ નદિના કિનારા પર ઉભેલો જોઇએ છીએ તે કુદરતની અપુર્વ શોભા

નિહાળી રહ્યો છે, સિધુના જળ તરગો ગર્જના કરતા ઉચ્ચા ઉછળી પાછા જળમા નજરે પડે છે, તરગોના તાણ્ડવ નૃત્યોથી કિનારાની જગ્યામા મોટા મોટા ખાડા પડતા છે ગર્જના કરતા તરગો ઉચે ઉછળી ઉછળી જાણે કાઇ દુશ્મન સાથે દ્વદ્વ યુદ્ધ કરવા દોડતા હોય એમ જણાય છે, પણ અહકારી પ્રાણીઓનો અહકાર જેમ પરમાત્મા ચુર્ણ વિચુર્ણ કરી નાખે છે, તેમ દોડતા ઉછળતા જળ તરગો કિનારાના પત્થર રૂપી દુસ્મનો સાથે અથડાતાજ ચુર્ણ વિચુર્ણ થઇ જાય છે વચમા મોટો ગોળો ઉછળી જાણે પાતાળમા પેસવા નીચે પડતો હોય તેમ જણાય છે, પાણીમા પડતા કુડાળા જાણે કુદરતની મોટી ઘડીઓ હોય એમ જણાય છે, જાણે મેઘની ગર્જના થતી હોય તેમ પાણીનો ઘુઘવાટ સાભળતા કાન બહેર મારી જાય છે, જળમા ઉડતા તરગો જાણે પોતાના હાથ લબાની જળ દેવીના ચરણ કમળમા પરપોટા રૂપી પુષ્પો અર્પણ કરે છે, સુર્યના કિરણો સિધુની છાતી ઉપર કેવી અપુર્વ શોભા કરી રહ્યા છે! અહા કેવી સુદર શોભા! પરપોટાની હાર ઉપરનો કિરણોનો પ્રકાશ પડતા જાણે કીમતી હીરાની માળા ધારણ કરી હોય તેમ સિધુ પોતાના મનથીજ ફુલાતી ડોલી રહી છે, આવી સુદર શોભા સિધ સિવાય બીજે કયા છે!

સુદરરાય થોડીવાર સ્તબ્ધ થઇને સિધુની શોભા જોતો ઉભો રહ્યો, કેટલીક વારે તે મન સાથેજ કહેવા લાગ્યો અહા જગતકર્ત્તાની કેટલી અલૌકિક રચના! આ સિધુમા જળનો અત નથી મગરમચ્છ જેવા અનેક જળ જતુઓ આ અગાધ જળમા વાસ કરી રહ્યા છે આવુ અગાધ જળ ઓળગી પેલે પાર જવા માટે કોઇ વિચિક્ષણ

નાવિકનીજ જરૂર છે મારો જીવન સમુદ્ર પાર ઉતરવાનો રસ્તો સસારની અનેક ભયકર ઉપાધીઓ આ ની જીવન મમુદ્રને તોફાની બનાવી મુકે છે ' નિત્ય નિત્ય નવા ભયકર તરગો આ સમુદ્ર હૃદયને ઉથનાવી નાખે છે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ હિંસક જતુઓ મને ખાઇ જવા મહેનત કરી રહ્યા છે આ વખતે ભકિતરૂપી હોડીમા બેસીને પરમાત્માના નામ સ્મરણરૂપ નાવિકાની મહાયતાથી ઉદ્ધાર પામવા સિવાય બીજો રસ્તોજ નથી ૠષિ મુનીઓએ કહ્યુ છે કે સસાર સમુદ્ર તરવાનો એ સિવાય બીજો રસ્તોજ નથી અત્યારે હુ હવ અહીં બેઠો છુ શા માટે ' શાન્તા અને ઉમેદમનનો તો ત્યા આવવા વિચાર હોય એમ જણાતુ નથી એટલુજ નહિ પરતુ મને પણ ત્યા જવા દેવા તેઓની ઇચ્છાજ નથી શુ મારે તેમની ઇચ્છાને આધિન થવુ અપવિત્ર વિચારોથી ભ્રષ્ટ થયેલુ આ શરીર, પતિતોદ્ધારિણી ભાગીરથી વગર કોણ પવિત્ર કરી શકે તેમ છે ' સહજ ચલિત થયેલા મનના પ્રભાવે મુકતા જેવી નિર્દોષ બાળિકાનો ત્યાગ કરવો પડયો, અરે તેણીને નિરાધાર બનાવી સદાનો વિયોગ હાથે કરીને વહોરી લીધા એ સઘળુ શુ ? માત્ર મનની નિર્બળતા અને હજુ પણ એ મન ચલિત નહિ થય તેની ખાત્રી ન મનને તેનીજ સ્થિતિમા રહેવા દેવાથી ફાયદો શુ ? બસ હવે તો હુ ભગવાનની ભકિત કરતા, અને ૠષિમુખપર વસતા, યોગીઓના દર્શન કરવા ત્યાજ જઇશ, અને ત્યા તેમની સેવા કરીશ એક ચિતે પ્રભુનુ ધ્યાન ધરીશ, યોગીઓનો આશિર્વાદ મેળવીશ, જીવનનુ સાર્થકય કરીશ, જેઓ સસારના મોહમા ફસાએલા મનુષ્યોનો ત્યાગ કરી નિર્જન અરણ્યમા બેસી પરમાત્માનુ ધ્યાન ધરે છે, તેમની કૃપા મેળવીશ, આશીર્વાદ મેળવીશ,

હરિભક્તિથી હૃદયને શાન્ત કરીશ અને મનની નમળાઇને ટાળીશ સંસારની ઉપાધી સ્ત્રી તે તો સ્વર્ગવાસ પામી છે, પુત્રી મુક્તાને પણ આણંદલાલ જેવા પરોપકારીના આશ્રય તળે રાખી છે માત્ર તેને પરણાવવીજ બાકી છે પણ તે કાર્ય પિતા તરીકે આણંદલાલ ઘણુજ સંતોષકારક રીતે બજાવશે કારણ કે તેનો પણ મુક્તા પર અનહદ પ્રેમ છે શાન્તાને પણ જોઇતુ સુખ મળી ગયુ છે, ઉમેદમલના સબંધમાં પણ સારૂજ થયુ છે ત્યારે હવે મારે માટે શુ બાકી રહ્યુ છે? જે કરવાનુ હતુ તે તો સર્વ કર્યુ છે, ત્યારે હવે મારે બીજી ચિંતા કરવાનુ શુ પ્રયોજન? હવે મારે અનેક ચિંતાની ચિંતામા સળગવાનુ શુ કારણ? સંસાર સમુદ્ર તરવાનો સહેલો ઉપાય ભગવત ભજન છે એ જાણવા પછી હાથ જોડી બેસી રહેવાનુ શુ કારણ? બસ આજેજ રાત્રિએ જતી ટ્રેનમા નીકળી જવુ આ પ્રમાણે અનેક તર્ક વિર્તક કરતો સુંદરરાય શાન્તાના ઘર તરફ ફર્યો અને થોડીજવારમા તે ત્યા જઇ પહોચ્યો

પણ પ્રિય વાચક જ્યા સુધી પરમાત્માની કૃપા થતી નથી ત્યા સુધી મનુષ્યથી જીવન સાફલ્યના માર્ગપર જવાતુ નથી સુખ શાન્તિના આશ્વાસનને લીધે તેઓ આમ તેમ ભટકે છે, અથડાય છે, અનેક પ્રકારના ઉદ્યમો કરે છે પરંતુ તે સર્વ વૃથા છે, ગમે તે કરો પણ ભાગ્યદેવી જ્યા સુધી પ્રસન્ન થાય નહિ ત્યા સુધી સર્વ વ્યર્થ જાય છે તેમાથી કાઇ સફળ થતુ નથી પરમાત્માની કૃપા એજ સર્વ સુખનુ મુળ છે

સુંદરરાય જે વખતે શાન્તાના મકાન પર આવી પહોચ્યો, તે વખતે શાન્તા ધરમશીની ધર્મ પત્નિને મળવા ગઇ હતી, ઉમેદમલ

પણ ધરમદાસને માથે લઇ કોઈ ચોક્કસ કામને માટે બહાર ગયો હતો ઘરમા માત્ર એક હિંદુસ્તાની ભૈયોજ હતો પોતાની ઇચ્છાને અમલમા લાવવાને આ યોગ્ય સમય છે, એમ સુદરરાયને જણાયુ 'બસ આ વખત મારો છે આ સમયેજ અહીથી ચાલ્યા જવુ જોઇએ' તે મનમાજ બબડયો ઉતાવળે તે પોતાના સુવાના ઓરડા તરફ વળ્યો ઓરડામા જતાજ પોતાના પલગ પર પડેલા એક વર્તમાન પત્ર પર તેની નજર પડી સુદરરાયને વર્તમાન પત્રો વાચવાનો ઘણોજ શોખ હતો ઉમેદમલને જોકે સાહિત્ય પર એટલી બધી પ્રિતી તો નહોતીજ તો પણ સુદરરાયને ખાતર તે કેટલાક પુસ્તકો મગાવતો હતો આજે સવારના આવેલા તમામ પેપરો સુદરરાય વાચીનેજ બહાર નિકળ્યો હતો તો પણ આ કોઇ નવુ પેપર હશે, અને તે મને વાચવા માટે ઉમેદમલે અહી મુકયુ હશે, એમ ધારી સુદરરાયે તે ત્યાથી ઉપાડયુ અને તેના પાના ફેરવવા લાગ્યો એકાએક તે ચમકયો કપ્યો અને પાછળ પડેલા કોચ ઉપર બેભાન અવસ્થામા પડયો થોડીવારે શુદ્ધિમા આવતા તેણે તે વર્તમાન પત્ર પાછુ હાથમા લીધુ તપાસ્યુ તપાસતા માલમ પડયુ કે તે ધરમદાસે મોકલાવેલા જુના પેપરોમાનુ એક હતુ સુદરરાયે નીચી દ્રષ્ટિ કરી તો જણાયુ કે બીજા પણ કેટલાક પેપરો આસપાસ વિખરાએલી હાલતે પડયા હતા

ધરમદાસે સુદરરાયને વાચવા માટે કેટલાક જુના પેપરો મોકલ્યા હતા તે ફાઇલ કર્યા વગરના છુટા હોવાથી તેને મેળવ્યા પછી વાચવાના ઇરાદાથી સુદરરાયે તેને જેવીને તેવી સ્થિતિમા ટેબલ પર મુકી રાખ્યા હતા દૈવયોગે પવનના જબરા સપાટાથી ઉડીને તે નીચે પડયા

હના જેમાનુ એક સુન્દરરાયના પનગ પર પડયુ હતુ પણ એમા એક એવી ખબર હતી કે તે વાચીને સુન્દરરાય ચમકયો

તેમા દેશ પરદેશની કરાચીની ખબરોનો નીચેનો ફકરો વાચ્યો અને તેથી તે ચમકયો

"અત્રેના પ્રસિદ્ધ ડાકટર આણન્દલાલનુ કાઇ બદમાસોએ ખુન કર્યુ છે, ખુન તેના બનાવેલા પ્રાણહારક વિષથીજ થયેલુ કહેવાય છે. ખરા ખુનીનો પતો મળ્યો નથી તો પણ સાભળવા પ્રમાણે તેને ત્યા ઉછરેલી મુકતા નામની છોકરી પર પોલીસોનો શક જાય છે કારણ કે તેણી તેજ દિવસે આણન્દલાલના રસાયનવાળા ઓરડામ થી મળી આવી હતી જોકે ચોકસ રીતે તેણીને ખુની માનવામા કે પકડવામા આવી નથી તો પણ લોકવાયકા એવીજ છે પ્રભુ એ પરોપકારી પુરુષના ખરા ખુનીનો પતો જલદી મેળવી આપે એવુ અમે ઇચ્છીએ છીએ અને તેના ભાઇ મોતીલાલને તેઓના સ્વર્ગવાસનાઆઘાતથી જે દુખ થયુ છે તેમા અમે પણ ભાગ લઇએ છીએ અને સપુર્ણ દીલસોજી જાહેર કરીએ છીએ પ્રભુ મરનારના આત્માને શાન્તિ આપો"

"ઓ પ્રભુ! આ હુ શુ વાચ્યું છુ' જેના આધારપર હુ મારી નિરાધાર પુત્રીને છોડી અહી આવ્યો છુ તેની આ સ્થિતિ' હરિ હરિ કેવી આપત્તિ! હવે એ બિચારી શુ કરશે! કયા જશે? કયા રહેશે? વળી પોલીસો તેનેજ ખુની ધારે છે, અરે? મારી નિર્દોષ પુત્રીને નાહક રીબાવે છે, હરિ! હરિ! હવે હુ શુ કરૂ! કયા જાઉ' આ દુખ કોને કહુ?" સુદરરાય બેશુદ્ધ બની ગયો. કેટલીકવારે તે શુદ્ધિમા આવ્યો અને ખુબ બકવા લાગ્યો

" ગઇ, ઉડી ગઇ મારી સર્વ આશાઓ હવામા ઉડી ગઇ હુ અભાગી આ અસાર સસાર ગોથા ખાતો જેમનો તેમજ રહ્યો મારી પુત્રીનુ રક્ષણ કરવાનુ હવે મારે માથે આવી પડયુ અરેરે! નિર્દોષ પુત્રી તારા પર શી આફત ! "

આવેશ ચાલુજ રહ્યો મન શાન્ત ન પડયુ, વ્યગ્ર થવા માડયુ સાનિધ્યમા કોઇ છે કે નહિ, તેનુ પણ ભાન ન રહ્યુ ચક્ષુદ્વારો ખુલ્લા રહી, આમતેમ પરિક્રમણ કરવા લાગ્યા જગ થભ્યો, ઇચ્છા વગર શબવત પડેલા સુદરરાયના મુખ સપુટમાથી શોક મિશ્રીત શબ્દો ફરીને પણ સરવા લાગ્યા

હાય! હવે હુ શુ કરૂ ! મારાપર આવેલો આરોપ હજુ તાજો છે, તેવી સ્થિતિમા મુકતા હુ તને મદદ શી રીતે કરૂ અરેરે પ્રભુ, મારી નિર્દોષ પુત્રીને બચાવ, મને કાઇ રસ્તો બતાવ '

અહા ! સતતિ એ માતા પિતાની કેવી અમુલ્ય વસ્તુ છે, તેની ગેરહાજરીમા માતા પિતાને કેટલુ કષ્ટ થાય છે તેનો બીજાને શો અનુભવ! એ તો માત્ર માતા પિતાજ જાણે સતાન એ તેમના હૃદયનુ કેવુ અમુલ્ય ધન છે, તે માતા પિતાજ જાણે છે સતાનના મુખનુ દર્શન નહિ કરવાથી માતા પિતાને કેટલુ દુખ થાય છે તે વિરહી માતા પિતાજ જાણે છે

સુદરરાયની સ્થિતિ ઘણીજ દયા જનક હતી વિચારના વમળ મા ગોથા ખાતા સુદરરાયને શાન્તા તેની સામેજ ઉભેલી હતી તે પણ ન દેખાઇ, મર્મ ન સમજનાર શાન્તા સ્તબ્ધ થઇ

ગઇ, સુદરરાયની આખમાથી અશ્રુ પ્રવાહ વહી જવા લાગ્યો, હૃદયનો ભાર હૃદયેજ ખાલી કર્યો, નિશ્વાસ સાથે નિશ્વાસ ભળતા ચિત કાંઇક શાન્ત થયુ , આખો મિચાઇ ગઇ, સ્વેત બિદુઓ શરીર પર રાજ્ય કરી રહ્યા, વિહ્વળ ચિતને કાંઇક વિશ્રાંતિ મળી

ન બોલવાનો નિશ્ચય કરનારી શાન્તાની ધીરજ ખુટી. મનના ઉદગારો બધ પડતા શાન્તા સુદરરાયની સમીપ આની ઉભી આખો બધ કરી રહેલા સુદરરાયને જગાડવાના પ્રયત્ન કરવા " સુદરરાય સુદરરાય, કહી બુમ પાડી "

સુદરરાય જાગ્યો, ઘોર સ્વપ્નુ અદ્રશ્ય થયુ

"બહેન તમે અહી કયારે આવ્યા" સુદરરાયે સજળ નેત્ર શાન્તાને કહ્યુ

"વીશેક મિનીટ થઇ હશે પણુ સુદરરાય તમોને શુ થાય છે, 'તમે ગભરાઓ છો શા માટે' શાન્તાએ પ્રશ્ન કર્યો

"કાંઇ નહિ"

"ના, ના, મારા સમ જે હોય તે મને જલદી કહો'

"બહેન તમે જાણીને શુ કરશો?"

"ઉપાય"

"પણુ ઉપાયજ કયા છે ? મારી વહાલી પુત્રીને બચાવવવાનો ઉપાયજ કયા છે?"

તમારી પુત્રીને શુ થયુ છે? સુદરરાય આજે આમ ગાડુ ઘેલું કેમ બકો છો? ગાડા તો નથી થયા!"

"એજ એક અજાયબી છે આટલુ છતા હજુ હુ ગાડો નથી થયા એજ મારા ભાગ્ય —

"ભાઇ મને સ્પષ્ટ સમજાવો'

"શુ સમજાવુ?"

"તમે હમણા શા માટે રડતા હતા?"

મારા ભાગ્ય મને રડાવતા હતા"

ભાઇ, વહાલા ભાઇ, આજે આમ કેમ કરો છો,? મારી પાસે પડદો રાખી શુ કરશો? તમે મારાથી શુ છુપાવ્યુ છે? એક ભાઇ તરીકે ઓ વહાલા ભાઇ, દુનિયાના અનંગ રંગમા રમાતી તમેજ મને શુ નથી બચાવી? તે દહાડે તે રાત્રે બનેલો બનાવ યાદ કરો, મને નર્કમા ડુબતી તારનાર, મને સૌભાગ્ય આપનાર, મારા શિયળનુ રક્ષણ કરનાર, અને મારા પતિના દુષ્ટ વિચારોને દુર કરી, આ પતિ વિયોગીની ભગિનીને પતિ દર્શન કરાવી તેની સાથેના શુદ્ધ સમાગમમા લાવનાર મારા વ્હાલા ભાઇ તમેજ છો હુ તમારો ઉપકાર કાળાન્તરે પણ વીસરી શકુ તેમ નથી મારા મગજમા અને રૂંવે રૂંવે પ્રસરી રહેલુ મહાવ્યથામા વલોવી નાખતુ વિષય વિષ જેને તમારી શુદ્ધતાએ ઉતારી નાખ્યુ, સ્ત્રીના સ્વધર્મના ભુષણ રૂપ ગણાતી મારી પવિત્રતાને અમર રાખી મને જીંદગી સુધીના ઉપકારી કરનાર નર બોલ, તારી દરેક મનોવ્યથા હુ ટાળીશ"

શાન્તાનુ બોલવુ સાભળી સુંદરરાય સ્તબ્ધજ બની ગયો કેવળ વિશુદ્ધ બનેલી સ્ત્રીના ફક્ત થોડાજ સહવાસથી વધેલો સ્નેહ ખરી લાગણીમા દ્રશ્ય થતા વિદ્વાનની વિદ્વતા ગુચવાવા લાગી, હ્રદય

શુન્ય સુન્દરરાય શાન્તાની પ્રદર્શીત થતી લાગણીઓ જોઇ ઉપકાર દ્રષ્ટિએ તેણીના સામુ એકી ટસે જોઇ રહ્યો મુખમાથી એક પણ શબ્દ બોલ્યા વિના "જડભગતની" ઉપમાને સિદ્ધ કરતો, આખની કીકીઓ ફેરવતો, પરાધિનપણુ સુચવતો, પુતળા માફક પડી રહ્યો, જવાબની ઉત્સાહિણી શાન્તા પોતાથી કાઇ ન્યુનતા થઇ હશે એવો ભય કલ્પી મનમા મુઝાતી બોલી, "સુદરરાય મનોવ્યથા માણસના જીવનનો ક્ષય કરે છે તમારી મનોવૃતી ગમે તેટલી કઠણુ હોય, તો પણ તેને અવકાશ મળ્યે વૃદ્ધિને પામશે

"વહાલી બહેન મે મારૂ સર્વ વૃતાત તમને કહી સભળાવ્યુ છે તે ઉપરથી તમે જોઇ શક્તા હશો કે હુ કેવી સ્થિતિમા છુ અને મારી પુત્રીને કેવી દશામા મુકી આવ્યો છુ હાય' એ નિરાધાર પુત્રી નો આધાર સદાને માટે આ સસાર છોડી ચાલ્યો ગયો અને મુક્તા નિરાધાર બની ગઇ કહો હવે હું શુ કરૂ'"

"શુ આણુદલાલનુ મૃત્યુ થયુ'" શાન્તાએ આશ્ચર્ય પામતા પુછ્યુ

"હા અને તે એના પ્રાણુહારક વિષથી" સુદરરાયે કહ્યુ

"હરિ હરિ, ત્યારે તો બિચારી મુક્તાની ઘણીજ દયા જનક સ્થિતિ હશે'"

"અરે, બહેન, શુ કહુ આણુદલાલનુ ખુન કોઇ બદમાસોએ કર્યુ છે અને તેનો આરોપ બિચારી મારી નિર્દોષ પુત્રી પર આવ્યો છે જુઓ આ પેપરમા શુ લખે છે'" એમ કહેતાજ તેણે તે પેપર શાન્તાના હાથમા આપ્યુ' શાન્તાએ તે વાચ્યુ અને બોલી —

"ઘણુંજ બુરૂ થયું સુંદરરાય હવે શું કરીશું?"

"હું પણ એજ વિચાર કરૂં છું અને રડું છું મેં જે કારણથી કરાચી છોડયું છે તે હજી તાજુંજ છે મારાથી ત્યાં જઈ શકાય તેમ નથી અને મારી મુકતાનું દુઃખ સહન થાય તેમ નથી, પણ બહેન ત્યાં ગયા વગર છુટકો નથી મારૂં ગમે તે થાઓ પણ હું ત્યાં જઈશ અને મારી મુક્તાના માટે મારાથી બનતું કરીશ" સુંદરરાયની આંખમાંથી અશ્રુ બિંદુઓ સરવા માંડયાં શાન્તાથી પણ રડી જવાયું

એટલામાં ઉમેદમલ અને ધરમદાસ પણ આવી પહોંચ્યા શાન્તાએ રડતાં રડતાં તેઓને સઘળું સમજાવી દીધું તેણીનું સઘળું સાંભળી લીધા પછી ઉમેદમલે સુંદરરાયને કહ્યું

'સુંદરરાય ગભરાઓ નહિ, મુક્તાને બચાવવા, અને તમારા પર આવેલી આફત દુર કરવા, હું મારી સર્વ સંપતિનો ભોગ આપવાને પણ પ્રયત્ન કરીશ'

"અને મારી સંપતિ પણ તમારા શ્રેય માટેજ વપરાશે' ધરમદાસે ઉમેર્યું

"બાચારા સ્થિતિમાં આવી પડેલા સુંદરરાયે તેનો જવાબ માત્ર હર્ષાશ્રુથીજ આપ્યો

'ધરમદાસ ભાઈ હવે ત્યારે વિલંબ શા માટે કરો છો? ચાલો આજેજ આપણે કરાચી તરફ ઉપડી જઈએ, અને સુંદરરાય ભાઈને પણ સાથે લઈએ" શાન્તાએ સુંદરરાયના નેત્રો તરફ દ્રષ્ટિ કરતાં ગળગળિત સ્વરે કહ્યું

'નહિ બેન તેમ કરવાની કશી જરૂર નથી ઉમેદમલ કે ધરમ દાસ કોઇએ પણ તકલીફ લેવાની જરૂર નથી હુ એકલોજ જરા તમોએ બતાવેલી લાગણી માટે હુ ઉપકાર માનુ છુ તમારી સપતિ નો તમેજ ઉપભોગ કરો," સુદરરાયે ઉપકાર માનતા કહ્યુ

"સુદરરાય શુ તમે જુદાઇ જાણો છો? આ ઉમેદમલને તમા રાથી જુદો માનો છો? નહિ નહિ, એ સુદરરાય આ સપતિ ઉમેદ મલની માનવામા તમારી ભુલ થાય છે આ સપતિ મારી નહિ પણ તમારીજ છે કારણ કે જો તમે મને પાપાચરણ કરતો અટકાવ્યો ન હોત, કુલટા કમરના પજામાંથી છોડાવ્યો નહોત, અરે વિષય વિષના ઝેરી ડસથી બચાવ્યો નહોત તો આ અભાગી ઉમેદમલ આજે શાન્તા જેવી સગુણ સુદરીનો અને આ સપતિનો ભોક્તા થયો ન હોત, અધમ આચરણના અનિષ્ટ વ્યાપારમા વપરાતો પૈસો સદાચરણ ના શુદ્ધ વ્યાપારમા સ્થિર કરાવ્યો હોત તો આ ઉમેદમલ અત્યારે એક કગાલ કરતા પણ નરસી સ્થિતિમા હોત'

'ભાઇ એ તો સઘળુ પુર્વના સસ્કારોનેજ આભારી છે, હુ તો માત્ર નિમિત્તજ છુ"

"એ તમારી લાયકાત છે, ખરી રીતે આ મિલકત તમારીજ છે" ઉમેદમલે નમ્રતાથી કહ્યુ

"સુદરરાય, ઉમેદમલ ખરૂ જ કહે છે, એ મિલ્કત તમેજ બચા વી છે એટલે તમારે તેનુ કહેવુ માનવુજ જોઇએ" ધરમદાસે ઉમેર્યું

"ખેર, ભાઇ તમારી એવીજ ઇચ્છા છે, તો જરૂર પડતા હુ મગાવીશ" આખરે સુદરરાયે નાચાર થઇ કહ્યુ

"એટને શુ તમો ત્યા એકલા જવા માગો છો" શાન્તાએ કહ્યુ

'હા" સુદરરાયે જવાબ આપ્યો

"નહિ, તેમ નહિ બનશે, અમે તમારી સાથેજ આવીશુ કારણ કે તમો ભયમા છો, એ અમો સારી રીતે જાણીએ છીએ અને થોડા દિવસ તમારે ત્યા છુપુ રહેવુ પડશે"

"તેને માટે હું ત્યા જવા પછી સગવડ કરી લઇશ, પણ હુ એકલોજ જઇશ, તમારે તકલીફ લેવાની કાઇ જરૂર નથી" સુદરરાયે કહ્યુ

"પણ અમે તમને અહીથી એકલા જવાજ નહિ દઇએ તેનુ કેમ ?" ધરમદાસે સહજ સ્મિત કરતા કહ્યુ.

"આ તમારી હઠ નકામી છે"

"સુદરરાય આપણો માનસિક સ્નેહ એટલો બધો ગાઢ બધાઇ ચુકયો છે કે ગમે તેવા ભોગે પણ હુ તમને ત્યા એકલા તો નહિજ જવા દઉ" ઉમેદમલ પોતાના નિશ્ચયને વળગીજ રહ્યો

"ખેર તમારો દુરાગ્રહ છે તો ચાલો" આખરે સુદરરાયે કટાળી જઇ કહ્યુ

સુદરરાય, ધરમદાસ, અને ઉમેદમલ એ ત્રણેને જવાનુ નકી થયુ ગાડીને હજી બે કલાકનો ટાઇમ હોવાથી તેટલા વખતમા શાન્તાએ રસોયાને રસોઇની શરૂઆત કરવાની આજ્ઞા કરી એક કલાકમા તો સઘળુ તૈયાર કરી ભાણા પીરસ્યા સુદરરાયને ખાવાની રૂચી ન છતા શાન્તાના અત્યાગ્રહથી સહજ ખાધુ અને પછી ત્રણે જણા તઇયાર થઇ સ્ટેશન

પર ગયા ગાડીમા બેઠા પછી સુંદરરાયે કરાચીમા ક્યા રહેવુ તેના વિચારમા ઉમેદમલ અને ધરમદાસ ગુંથાયા હતા, એટલામા એક મુસલમાન યુવક તેજ ડબામા પ્રવેશ કર્યો ધરમદાસ તેને જોતાજ બોલી ઉઠયો અલો મી બખ્તાવરખાન તમો અહી ક્યાથી ?

“અહો, કોણ ધરમદાસ કયા કરાચી આવો છો?” બખ્તાવરખાને સેકહેન્ડ કરતા કહ્યું

‘હા પણ તમો આ તરફ ક્યા ગયા હતા ?”

“અજમેર મેળા ઉપર ગયો હતો”

“ચાલો ઠીક થયુ મુસાફરીમા બહુજ આનંદ આવશે” ધરમદાસે કહ્યું

“હા ઘણોજ આનંદ, એમ કહેતાજ બખ્તાવરખાને પોતાનો સામાન તે ડબામા લાવવા કુલીને હુકમ કર્યો સામાન આવતાજ ધરમદાસે પોતાની બાજુમા જગ્યા કરી આપી અને ઉમેદમલ તથા સુંદરરાય સામેની સીટ ઉપર બેઠા

ગાડી ઉપડયા પછી ધરમદાસ સુંદરરાયના સબધની સઘળી હકીકત બખ્તાવરખાનને સમજાવી, અને જ્યા સુધી બીજી કાંઇ ગોઠવણ થાય નહી ત્યા સુધી મદ્રેસામા રાખવાની ઇચ્છા બતાવી, બખ્તાવરખાને સુંદરરાયની સઘળી હકીકત સાભળી લીધા પછી મદ્રેસામા સ્કોલરો સિવાય કોઇને પણ રાત વાસો રહેવાનો ઓરડર નહિ છતા સુંદરરાયને છુપાવવાને કબુલ થયા ટ્રેન સ્ટેશનને આવી પહોચતા ધરમદાસ તથા ઉમેદમલ પોતાના એક મિત્રને ત્યા જવા નીકળ્યા બખ્તાવરખાન તથા સુંદરરાય મદ્રેસામા આવી પહોચ્યા અને તરતજ

સત્રળી ગોઠવણુ કરી આપી સુદરાયની ધર્મ સબધી લાગણી ન દુખાય એટલા માટે એક એલાયદી ઓરડી કાઢી આપી, તેમજ ત્યાથી કોઇ પણુ યવન ન જાય તેવી ગોઠવણ કરી દીધી જો કે આથી સુદરરાયના મનમા ઘણોજ સંક્ષોભ થવા લાગ્યો, છતા પોતાની હાલની કફોડી સ્થિતિનો ખ્યાલ કરી સત્રળુ સ્વીકારી લીધુ અને ત્યા રહેવા લાગ્યો સીધુ સામાન ધરમદાસ અને ઉમેદમલ લાની આપતા સુદરરાય માત્ર એક વખત જમતો એવી રીતે એક અઠવાડીયુ પસાર થઇ ગયુ, છતા કશુ જાણુવા જેગ બન્યુ નહિ ઉમેદમલ અને ધરમદાસ હમેશા રાત્ર સુદરરાય પાસે આવતા, પરતુ મુક્તાની કશી પણુ ભાળ ન લાવતા એથી સુદરરાય હમેશા દીલગીર રહેતો સુદરરાયની સ્થિતિ જોઇ બખ્તાવરખાનને વણુ લાગી આવતુ આખરે તેઓએ કાઇ પુખ્ત વિચાર કરી મુક્તાની તપાસ માટે કાઇક ઉત્તમ ગોઠવણુ કરી જુદા પડયા

અહા ! સુદરરાયની શુ ઇચ્છા હતી અને શુ થઇ ગયુ ખરેખર મનુષ્ય ગમે તેટલા પ્રયત્ન કરે પરંતુ ધાર્યું ધરણીધરનુજ થાય છે



# પ્રકરણ ૧૬ મું.

## શરાબીઓની સભામાં

"દારૂથી સુખ નથી એ વાત ખરી છે, પણ દુ ખી જીવને ઘડી સુખનુ સ્વપ્નુ બતાવે છે એ વાત તો તદ્દન ખરી છે, ઓ સસાર! સસાર!! હે પ્રભુ! મારા જેટલો સસારનો કડવો અનુભવ હવે પછીથી તુ કોઇપણ યુવકના લલાટમા લખનો નહિ અને તે લખવાનીજ તારી મરજી હોય, તો તે કમનસીબ પ્રાણીને મનમા ને મનમા બળીને ભસ્મ થઇ જવા માટે લાબુ આયુષ્ય આપનો નહિ"

ઉપર પ્રમાણે બોલતો એક યુવક પોતાના મકાનમા આમ તેમ આટા મારી રહ્યો છે તે એટલો બધો પોતાના વિચારમા નિમગ્ન થઇ ગયેલો છે, કે તેની બરાબર જોડમા એક માણસ ઉભો રહી તેની ચેષ્ટા જોઇ રહ્યો છે, તેનુ પણ તેને ભાન નથી, યુવકના ઉપના શબ્દો સાભળી પોતે જે હેતુ માટે ત્યા આવેલો છે તે હેતુ પાર પાડવાનો સમય અનુકુળ છે વળી મરીયમ પાસેથી તેના સબધમા સાભળેલી વાત પણ ખરી હોવાનુ પ્રમાણ તેના શબ્દોમાજ મળી આવે છે, તેથી એની સાથે એકદમ એજ વાત ઉપાડવી, એમ ધારી ત્યા ઉભેલો માણસ તે યુવકને ઉદ્દેશીને બોલ્યો, કેમ કાળીદાસ શુ વિચાર કરો છો ? !

"ઓહો! કોણ હરિસિહ તમો અહી કયારના આવ્યા છો?" જાણે નિદ્રામાથી જાગ્રત થયો હોય તેમ તે યુવકે પ્રશ્ન કર્યો

સુજ્ઞ વાચકો સમજી ગયા હશે કે આવનાર હરિસિંહ અને વિચાર મગ્ન બનેલો યુવક તે કાળીદાસજ હતો

હમણાજ થોડો સમય થયા આવેલો છુ કાળીદાસ, હુ તમારી પાસે એક ખાસ કામ માટે આવ્યો છુ, અને તે મારે ખુલ્લા દીલથી સીધી વાત તમારી સાથે કરવાની છે અને જો તે તમારી ઇચ્છા હોય તો કહુ' હરિસિંહે કહ્યુ

"ખુશીથી, હરિસિંહ ખુશીથી કહો" કાળીદાસે જવાબ આપ્યો

કાળીદાસ મે સાભળ્યુ કે આજે મદિરાના ઉપાસકોનુ એક મડળ ઉભુ થવાનુ છે, અને તેમા' તમે પણ તમારૂ નામ દાખલ કરા વ્યુ છે જો એ ખરૂ હોય તો તમારા એ મડળમા મને પણ દાખલ થવાની ઇચ્છાછે"

"હરિસિંહ આ શુ કહો છો? મારી મશ્કરી તો નથી કરતા" કાળીદાસે આશ્ચર્ય ચકિત ભાવ હરિસિંહને બોલતો અટકાવી વચ્ચેજ કહ્યુ

"નહિ કાળીદાસ આશ્ચર્ય પામવા જેવુ કાઇ નથી હુ સર્વ કાઇ જાણુ છુ, એકલો પણ જઇ શકુ છુ, તેમજ જાઉ તો પણ મને કોઇ ના નથી પાડતુ, પણ કોઇ જાણીતાની સાથે દાખલ થઇએ તો વધારે સારૂ કેટલાક મારા સ્નેહીઓ મારાથી શરમાય છે, એટલે બરોબર ચઢયા પછીજ જઇએ તો ઠીક. હરિસિંહે ખુલાસો કર્યો

"પણ હરિસિંહ તમે શરાબ પીતા હો એમ મને નથી લાગતુ"

"હા, તમારી વાત ખરીછે, પહેલા હુ નહોતો પીતો પરતુ જ્યારથી ડીટેકટીવના ધધામા બદમાસોથી કામ પડવા માડયુ, ત્યારે ન છુટકે મે એ શરાબને સ્વીકાર્યો છે, તો પણ છચોક હુ કોઇ દિવસ પીતો નથી, ઘરમાજ માત્ર લઉ છુ પણ જ્યારે આ મડળ સ્થાપન થવાની અને તેમા તમો મેમ્બર થવાની વાત સાભળી, ત્યારે મને પણ દાખલ થવાની ઇચ્છા થઇ અને હુ તમારી પાસે આવ્યો "

'ભલે, મારી કાઇ ના નથી, પણ હરિસિહ, અમારા મડળમા તમને રૂચશે'"

"વાહ! ના કેમ રૂચે! આ ચુપકીથી પીવાનો, મતાતા ફરવાનો અને ચોરીની દાનત રાખવાનો ત્રાસ તો મટી જશે'

"ખેર, જો એમજ હોય તો ચાલો હમણુજ "

"નહી તદન શરૂઆતથી તો નહિજ, કારણ કે મે તમને કહ્યુ તેમ માગ કેટલાક સ્નેહીઓ તમારા મડળમા દાખલ થયા છે, અને તેઓ મને જોઇ પીતા શરમાશે, એટલે સ્નેહીઓ ખુબ રગમા આવે ત્યારે જઇએ તો ઠીક કે જેથી તેઓ શરમાય નહી અને આપણે પણ શરમાવાનુ કારણ રહે નહિ, થોડો સમય એમ ચલાવ્યા પછી જ્યારે એક બીજાના ચારિત્રો જાણી જવાશે, એટલે પછી પરસ્પરથી શરમાવાનુ નહિ રહેશે"

"હા એ પણ ઠીક છે, પરતુ હરિસિહ, તમો મને ઠગના તો નથી? તમો એવા હો એવી મારી હજુ ખાત્રી થતી નથી, આ તો મને તદન નવાઇનીજ વાત લાગે છે"

"અરે! નવાઇ હોય તો તે મારા સંબંધમા કે તમારા સંબંધ મા ખરૂ પુછો તો તમે ઉત્તમ બ્રાહ્મણ

"હરિસિંહ, ખરેખર હુ ઉત્તમ બ્રાહ્મણ છુ પણ મારા કર્મ નથી એજ મને આ માર્ગે દોર્યો છે અરે! રતિલાલ અને મહાદેવ જેવા મનુષ્ય રાક્ષસોએજ મને આ માર્ગ બતાવ્યો છે મમાર્ગની શરૂઆતમાજ મારો પ્રેમ ભંગ થયો છે, એક કુલટાએ મને ગનાવ્યો છે, વળી એક કન્યા કે જેને હુ ઘણાજ પ્રેમથી ચાહુ છુ, તેણી મને ધિક્કારે છે, એટલુજ નહી પરંતુ ખોટી આશાની દોરીયે લટકાવી, એ ધન લોભી કુમારીકા બીજાનેજ પરણવાનુ વિચારે છે, આથી આ સંદિગ્ધ સંસાર પરનો મોહ ઉતરી ગયો છે, અને તેથી આ કાળીદાસ મદિરાનો મહાન ભક્ત બન્યો છે એને છોડવાનો ઘણો પ્રયત્ન કરૂ છુ પરંતુ તેમા હુ નાસીપાસજ થાઉ છુ," કાળીદાસે હરિસિંહને બોલતો અટકાવી નિશ્વાસ નાખતા વચ્ચેજ કહ્યું

"કાળીદાસ મારો ઉદ્દેશ કાંઇ તમોને શરમાવવાનો નથી રતિલાલ અને એવાજ બીજા ઉચ્ચ કુળના યુવાનો આજે છડેચોક દારૂ પીએ છે, એટલે તે મારા માટે કાંઇ નવાઇ જેવુ નથી ખેર એ વાતને જવાદો તમારી એ કર્મ કથા અને દુઃખનુ પુરાણુ કોઇ અન્ય પ્રસંગે સંભળાવજો હમણા તો ચાલો આપણે ત્યાજ જઇએ હા પણ કાળીદાસ, આજે તમારા એ સોબતીઓ ક્યા મળવાના છે'

"આમલીવાળા તળાવની નજીક એક આવેલા નાના ડુંગરની ગુફામા'

"શુ એ ગુફા એટલી વિશાળ છે'

હા, લગભગ પદર વીસ માણસો બેસી શકે તેટલી વિશાળ છે

દારૂ નિષેધક મડળના સ્વયસેવકો વિશેષ સતાવતા હોવાથી મડળના ચાલકોએ એ સ્થાન પસદ કર્યું છે એમ ગઇ કાલે ગતિ-લાલના મોઢેથી મે સાભળ્યુ છે'

'ખરૂ છે કાળીદાસ હાલમા એ સ્વય સેવકો ગગાભીઓને બહુ સતાવી રહ્યા છે એથી એવુ એકાત સ્થાન શોધવામા એ લોકોએ ડહાપણ વાપર્યું છે વારૂ, ચાલો ત્યારે આપણે ત્યા પહોચી જઇએ"

બન્ને જણા ત્યાથી બહાર નીકળ્યા અને થોડીજ વારમા ધારેલે સ્થળે પહોચી ગયા અદર જતા પછી જોયુ તો ચુનીલાલ અને મહાદેવ કાઇ વાત ચીત કરી રહ્યા હતા મહાદેવ અને ચુનીલાલને જોતાજ હરિસિહ ચમકયા, ને ઘડી ભર કાળીદાસની સામે જોઇ રહ્યો કાળીદાસ હરિસિહનો ભાવ સમજી ગયો હોય તેવા ભાવથી બોલ્યો આ બન્નેને અહી જોઇ તમારી માફક હુ પણ આશ્ચર્યમા ગરકાવ થઇ ગયો છુ બની શકે તો મહાદેવને પકડવાનો આ ઠીક લાગ છે હરિસિહે ઇશારતથી કાળીદાસને ચુપ રહેવા જણાવ્યુ, અને બાજુમા એક મોટા પથ્થરની આડમા બન્ને છુપાઇ ગયા ચુનીલાલ અને મહાદેવને ગાઢો સબધ બધાયો છે, એ બાબતથી કાળીદાસ અજ્ઞાન છે એની હરિસિહને ખાત્રી થઇ ગઇ, હવે તે શાન્ત ચિત્તે એ બન્ને વચ્ચે થતી વાતચીત સાભળવા લાગ્યા

"મહાદેવ, મડળનુ નામ શુ રાખવા ધાર્યું છે?" કેટલીક વારે ચુનીલાલે મહાદેવને ઉદ્દેશીને એ પ્રશ્ન કર્યો

"મધુસુદન મદિરા મંડળ" મહાદેવ જવાબ આપ્યો

મધુસુદન મદિરા મંડળ, દારૂ જેવી નિંદ્ય વસ્તુ સાથે આવા પવિત્ર શબ્દ જોડવા

'ચુનીલાલ, દારૂ નિંદ્યવસ્તુ નથી, એમ લોકોને સમજાવવા માટેજ આપણે આ મંડળની સ્થાપના કરીયે છીએ, મદ્ય પાનના વ્યસનને સભ્ય સ્વરૂપ આપવું એજ આ મંડળનો ઉદ્દેશ છે બીજી સભ્ય અને પવિત્ર બાબતોમાં જે શબ્દોનો ઉપયોગ થાય છે તેજ શબ્દો આપણે દારૂની બાબતમાં પણ લગાડીશું, એટલે સોએ સો ટકા કામ સફળ થશે

"ફક્ત શબ્દ ગોઠવવાથી અને વાપરવાથી મદ્યપાનને મહત્વ મળી જતું નથી પવિત્ર વાતોમાજ શોભનારા શબ્દો, આવી આવી વાતોમાં મુકયાથી, પવિત્ર વાતોની પવિત્રતા છાંટા ભાર પણ ઓછી થવાની નથી કસબણો અને વેશ્યાઓ સુધરે તેથી શું પતિવ્રતાના પુણ્યનું પતન થાય છે' કાગડાની ડોકે હીરો બાંધવાથી શું કાગડો હંસ થઇ જાય છે' ગધેડીને ગંગાજીમાં ચોળી ચોળીને નવરાવ્યાથી શું ઘોડી થઇ જાય છે'

'ચુનીલાલ માફ કરજો આ બાબતમાં તમે તદ્દન અજ્ઞાન છો દારૂને માટે આટલી બધી હલકાઇ કેમ આવવી જોઇએ' અમે દારૂ પીનારાઓએજ જાણી જોઇને અમારી ખોટી હલકાઇ કબુલ કરવાની શરૂઆત કરી છે ચીરૂટ, સીગાર અને બીડીના ધુમાડાના ગોટે ગોટા મ્હો વાટે નીકળે તેમાં પાપ નહિ, આત્મ શુદ્ધિવાળા સ્વયં સેવકો મોઢાને મીલનું ભુંગળું બનાવે તેમાં વાંધો નહિ, હોટલોમાં સોડા વોટરની બાટલો ફુટે તો તેનો પણ વાંધો લેવાતો નથી, પરંતુ ભોગ જોગે

એકાદ સદગૃહસ્થને મ્હોડે જો દારૂની જરા પણ વાસ આવે તો લોકો મ્હો મરડે છે, અને નાક ચઢાવે છે, આ બધાનું કારણ શું? કારણ આપણા બધાની સુસ્તી—નાલાયકી ખાસ કરીને લોકોમાં શું દેખાય છે? સભામાં—લગ્નમાં—મિજબાનીમાં મરણમાં, પાર્ટીમાં, બધે સારે નરસે અવસરે ખુલી રીતે દારૂ પીવાય છે, છતાં એમની કીંમત કમ થતી નથી? અમારામાંજ ખામી કે અમેજ હીમત રાખતા નથી. અગર તમારા અને રતિલાલ જેવા મોટા મોટા માણસો ચોકે નિયમે જાહેર રીતે અને હીમતથી મન માનતો દારૂ પી સભાઓમાં જઇને ભાષણો નહિ આપે, ત્યાં સુધી બીજાઓ દારૂ પીવાની શરૂઆત નહિજ કરે, એટલુંજ નહિ, પરંતુ દારૂની નિંદા ચાલુજ રહેશે. ચાનુંજ જુઓની ચાના નામ ઉપર મોટા મોટા સભાઓ કરી આખરે શું કર્યું? જેમ જેમ વખત જતો જશે અને આપણે દારૂ પીનારાઓ મક્કમ બનીને મંડ્યા રહીશું, તો દારૂનું પણ ચાના જેવુંજ થવાનું અને જેમ આજે કોઇ ચાને માટે વાંધા ઉઠાવતા નથી, તેમ દારૂને માટે પણ કોઇ વાંધા ઉઠાવશે નહિ, જે દારૂ આપણને એશઆરામ અને આરોગ્ય આપે છે મોજ કરાવે છે, તે દારૂને હલકો ગણવો, નિંદ્ય ગણવો એ નિમકહરામી છે. આપણે દારૂ પીનારાઓ દારૂને કદી હલકો કહીશું નહિ, માટેજ મેં સુચવ્યું એ નામ મને તો યોગ્ય લાગે છે.

"હા બરાબર છે હવે હું તારૂં મતલબ સમજી ગયો, તેં બતાવેલું નામ એજ એ મંડળ માટે બરાબર છે" ચુનીલાલે કહ્યું

"હવે તો સમજ્યાજના હવે ન સમજે તો જાઓ ક્યાં? મેં તમોને દારૂનું દાન દીધું, તમે મદિરાનું પાન કીધું, સુરાએ તમારો સ્વીકાર કર્યો એ બધી વાતો બની ત્યારે આંખ ઉઘડી, તમારી વિદ્યાએ

તમારી અકકલ ન ઉઘાડી, તે કઠણુ કામ દારૂએ કર્યું ત્યારે હવે બોલો દારૂ શ્રેષ્ટ ખરો કે નહિ? તેની સાથે એ પવિત્ર નામ જોડાય કે નહિ?"

"ખરૂ, અન્ને ખરૂ મહાદેવ લાવ, લાવ, સઘળાઓ આવે ત્યાં સુધી એ સર્વ શ્રેષ્ટ સુરાનો એક પ્યાલો લાવ"

'હુકમ મળતાંજ પાસે પડેલી બોટલમાથી મહાદેવે એક પ્યાલો ભરી આપ્યો, ચુનીલાલ તે ગટગટાવી ગયો "

"મહાદેવ હુ દારૂની વિરૂદ્ધ નથી તો પણ મારી શકાના સમા ધાન ખાતર એક પ્રશ્ન પુછુછુ તેનો ખુલાસો આપશે કે ' દારૂ પીતા પીતા ચુનીલાલે પ્રશ્ન કર્યો

"હા, ઘણીજ ખુશીથી' મહાદેવે કહ્યુ "

"ત્યારે મહાદેવ, દારૂથી ભેદ ભાવ ટળી જાય છે, એ વાત ખરી છે કે?"

"ભેદ ભાવ તો ટળીજ જાય છે ભણતરમા આગળ વધે ત્યારે તેને પુરૂષ, સ્ત્રી પોતાનુ પારકુ સધુ સરખુ લાગે છે અને અહીં તો એ બાટલા બેવડો ચડાવ્યો કે સ્વર્ગથી પણ ઉચે, પછી તો તેને પુરૂષ સરખા બૈરા સરખા, પોતાનુ અને પારકુ સૌ સરખુ, અરે! સુરા સમાધી નો સાધુ તો એથી એ ચઢે એ તો બૈરી અને બ્હેન, મા અને બૈરી સર્વને સરખા ગણે માને બૈરી કહીને બોલાવે, અને બૈરીને બ્હેન કહી દે, કેટલાક તો બેનને બૈરી કહી તેનુ બાવડું પકડે બેવડાની બ્રહ્માકાર વૃતિ ઓર છે સર્વ બધનોને તોડી યથેચ્છ વિહરવા જો

૨૬

માચુ સ્વરાજ પ્રાપ્ત કરવુ હોય, તો તેની ખરી ચાવી આ પ્યાલામાજ છે અરે પેલા સ્વરાજ વાદીઓ અમારા સ્વાતત્ર્ય સુખની મજા ક્યાથી જાણે જો જાણે તો આજેજ તેમનો બેડોપાર. મન સ્વાતત્ર્ય વ્યક્તિ સ્વાતત્ર્ય, ધર્મ સ્વાતત્ર્ય, કર્મ સ્વાતત્ર્ય, અને એવા એવા મુડદાલ સ્વાતત્ર્યમા બધનો કાઇ પણ ગધ છે, જ્યારે આપણી આ મિજબાની મા તો સ્વચ્છદ સ્વાતત્ર્ય છે, નિર્બધ સ્વાતત્ર્ય છે, સમજ્યા ચુનીલાલ'

"સમજ્યો, બરાબર સમજ્યો, મારા મનનુ સપુર્ણ સમાધાન થયુ"

"તમારા મનનું સમાધાન થયુ તો તેના આનદમા લો, આ એકજ પ્યાલો લો"

"નહિ ભાઇ, હવે હુ નહિ લઉ વળી આપણા સોબતીઓ આવશે તો તેની સાથે પણ લેવા પડશે'

"નહી, એ નહિ ચાલશે તમારે લેવોજ પડશે," મહાદેવ આગ્રહ કરવા માડ્યો

"ખેર જો તારો વધારે આગ્રહ છે, તો લાવ, એક પ્યાલો ભરી લાવ."

'મહાદેવે પ્યાલો ભરીને ચુનીલાલના હાથમા આપ્યો અને પોતે પણ એક પ્યાલો ભરીને પીધો"

"બસ મહાદેવ, હવે બહુ થયુ. મારે હવે નથી જોઇતો ચુનીલાલે ઝોકા ખાતા ખાતા કહ્યું, મહાદેવે અત્યાગ્રહ કરવા માડ્યો

"નહિ ચુનીલાલ સાબ, યહ નહિ ચલનેકા આપ અગર ઐસા કરોગે તો જલસેકા રગ બિગડ જાયગા" એક મુસલ

માન જેવા જણાતા મનુષ્યે પ્રવેશ કરતા મહાદેવના મતને અનુમોદન આપ્યુ

"હા, હા, લો હવે જરા તો લો થો–ડી તો લો એમ ન ચા લ સમ જ્યા" એમ કહેતા અને લથડયા ખાતા માથે ચકરી પાઘડી નાખેલા એક બ્રાહ્મણ દેવ પ્રવેશ કરતા કહ્યુ

આતો મજા કેવી મજેદાર, ખરેખરી યાર, મારા સ્નેહી સર દાર આતો કેવી મજેદાર, મજેદાર, મજેદાર, એક દારૂમા લોથ પોથ બનેલા ચાંચી પાઘડી નાખેલા ગ્રહસ્થે ગાતા ગાતા દાખલ થઇ ચુની લાલ માટે ભરી રાખેલો પ્યાલો મોઢે માડયો પરતુ તે શરાબમા એટલો બધો લાસ બનેલો હતો કે પ્યાલો પકડવા જેટલી પણ તેનામા શક્તિ નહોતી તેની સાથે આવલા બીજા બે માણસોએ તેને પકડીને નીચે બેસાડયો નહોત, તો તે નીચે પછડાઇને જરૂર બેશુદ્ધ થઇ ગયો હોત બ્રાહ્મણ દેવ અને મુસલમાન ભાઇની પણ એજ હાલત હતી. ચુનીલાલ પણ પોતાનુ ભાન ભુલી ગયો હતો મહાદેવ ચુનીલાલ કરતા વધારે પીવેના છતા, તે હમેશનો અભ્યાસી હોવાથી સાવધ હતો થોડીજવારમા આઠ દશ શરાબીઓથી એ ગુફા ભરાઇ ગઇ, એ લોકો કયાથી આવ્યા, એ છુપાઇને ઉભેલા આપણા હરિસિહ તેમજ કાળીદાસથી સમજાયુ નહિ, તેઓ આશ્ચર્ય ચકિત દ્રષ્ટિએ આ સઘળુ દ્રશ્ય જોઇ રહ્યા, ચુનીલાલ જેવા એક વિદ્વાનને શરાબીઓની સોબત થએલી જોઇ હરિસિહને પારાવાર ખેદ થયો આવી હાલતમા ચુની લાલે નોકરી પણ ગુમાવી હતી, સાધ્વી સવિતા પર હરિસિહ ઘણોજ સ્નેહ રાખતો હતો, તેણીને તે પોતાની પુત્રીજ ગણતો હતો એટલે બની શકે તો ચુનીલાલને સમજાવી પુન ઠેકાણે લાવવાનો હરિસિહે

નિશ્ચય કરેલો હતો, જ્યા સુધી મહાદેવ છુટો છે, ત્યા સુધી એ બનવુ મુશ્કેલ છે એમ હરિસિહે આજના દ્રશ્યથી અનુમાન કરી લીધુ કારણ કે આ શરાબી ટોળીનો સેના નાયક એ બદમાસ મહાદેવજ હતો લાગ મળતા આજે તેને કોઇપણ રીતે પકડવો અને તે સાથે મરીયમે જણાવેલા પેલા માસાહારી બે બદમાસો જેનુ રહેઠાણ આજ ગુફામા હોવાનુ તેણીએ જણાવેલુ છે, તેને પણ પરહેજ કરવા એવા વિચારથી સમયની રાહ જોતો હરિસિહ થોભ્યો

'ચુનીલાલ બધાનો આગ્રહ છે. તો હવે આ એકજ પ્યાલો લો—લો હવે આ છેલ્લો છેલ્લો લ્લો પ્યા લો એકજ પ્યા-લો લો બ્રાહ્મણદેવ આગ્રહ કરીને એક પ્યાલો ચુનીલાલને આપ્યો, ચુનીલાલ ગોથા ખાતો ખાતો એ પ્યાલો ગટગટાવી ગયો મહાદેવ સિવાયના સર્વને શરાબનો સનિપાત શરૂ થયો કરીમા ઓ કરીમા અહી આવ-હાય હાયરે

"અરે સોમેશ્વર, આમ રડે છે શુ કામ એમ કહેતા ચાચી પાઘડીવાળા સદગ્રહસ્થ કે જેને પોતાનુ ધોતીયુ નીકળી જવાનુ પણ ભાન નહોતુ તે લથડયા ખાતા પોતાના આસન પરથી ઉઠયા અને બ્રાહ્મણદેવને ત્રુટક શબ્દોમા આશ્વાસન આપવા લાગ્યા

"ભાઇઓ, દારૂ પીતા નહિ. દારૂ તો કલાલનો પિશાબ છે, પીશો તો મરશો રે ભાઇ દારૂ અશુદ્ધ છે, દારૂ મલીન છે દારૂ ગટરનુ ગધાતુ પાણી છે, હે મારા ભાઇઓ! માટે દારૂ કદી ના પીતારે ઓ ગા મ ડી ઓ ઓ

"અરે ! ઓ બેવકુફ જો દારૂની નિંદા કરશે તો હું તમારી ચોવીશે ચુસી ખાઇશ દારૂની મહતા તમે નથી જાણી અરે દારૂના દરબારમા તો આગ અને પાણી એ બન્ને સાથે રહે છે, પાણીના પેટમા આગ ભરાઇ બેસે છે, દારૂ તો બમણો શુદ્ધ અને પવિત્ર છે પવિત્રતા વધારવી હોય તો એને બમણો પીવો, પીઓ પી ઓ મારા વ હા લા ભાઇ ઓ ઓ બોલતો બોલતો બેશુદ્ધ બની જાય છે

"અરે દારૂથી તો અદર અદર કજીયા થાય છે, કુમપને ઘરમા વાલનારી મદિરા મા છે, તે તમારી મા છે દારૂ પીનારાઓની મા છે, સાભળજો ઓ ગામડી ઇ ઓ બાજુમા બેઠેલા મોબતીને ગળે વળગી પોક મુકી રડતા રડતા એક શરાબી બોલ્યો

"મચ હૈ શરાબ, અપની મા હૈ, હમ તુમ દોનો વોહી માતાકા સતાન હૈ મુસલમીન ભાઇએ પણ તાલ મીલાવ્યો

"શાબાશ, ખુદાના બદા, મારા મુસનમાન ભાઇ આજ તો તે સનાતન ધર્મને મદદ કરી ભાઇ મારી પાઘડી તુ લે, તારી ટોપી મને આપ અરે મારી ચોટલી કોઇ ખુદાબક્ષને ચોટાડો, હુ તેની દાઢી લઉ છુ એમ કરી અમો હિંદુ મુસલમાન ઐક્યતા કરીએ બ્રાહ્મણ દેવ અને મુસલમાન ભાઇ વચ્ચે ચોટલી અને દાઢીની ખેચાખેચ થઇ રહી"

"કાળીદાસ તો આ દ્રશ્યથી આભોજ બની ગયો તે હરિસિંહના સામે એકી ટસે જોઇ રહ્યો, હરિસિંહનો અહી આવવાનો મતલબ તે હવે સમજી ગયો

કાળીદાસ, જુઓ આ મદિરા ભકતોની ભવા તમો બહુ આશ્ચર્ય અને વિસ્મયતાથી ક્યારના મારી સામે જોઇ રહ્યા છો? તેથી હવે હુ તમારી આગળ ખુલાસો કરૂ છુ એક ખાસ કારણને લીધે તમારી સાથે તે વખતે હુ જુઠુ બોલ્યો, મને માફ કરજો હુ મદ્ય પીતો નથી જુઓ આ સેકડોને શીખામણ આપનારો શાણો મારો મિત્ર ચુનીલાલ આજે મદ્યપી થઇને બેશુદ્ધ પડયો છે, આ શરાબીઓની સોબતથી નિર્માલ્ય બની ગયો છે, નોકરી ગઇ, નાણા પણ જવાની તૈયારીમા છે સાધ્વી વનિતા પ્રસુતી ગ્રહમા છે અને ભાઇ શરાબીઓના મદિરમા છે આ બેશુદ્ધ પડેલા બીજા શરાબીઓની હાલત તરફ તો જુઓ. અફસોસ! કાળીદાસ પ્રેમ ભગથી સયોગ થએલા પશ્ચાતાપનો અગ્નિ ડાગવા માટે આપને આ દારૂના પીઠા સિવાય બીજે કયાય સ્થાન ન મળ્યુ!" હરિસિહે કાળીદાસને ઠપકો આપતા કહ્યુ

"હરિસિહ હુ શરમાઉ છુ પણ હુ તમને સાચી વાત કહુ છુ કે રોજ પીવામા હુ શરૂઆતથીજ હોઉ છુ, તેથી આ અત્યત નીચ અને નિદ્ય પ્રકાર કોઇ પણ દિવસે મારા ધ્યાનમા નથી આવ્યો, કાળીદાસે પશ્ચાતાપ કરતા કહ્યુ

"કાળીદાસ, જુઓ આ મુડદાઓ તરફ જુઓ એમની સાથે તમે દારૂ પીને બેસો છો, ઓ હતભાગી કાળીદાસ, તુ તાજા લોહી નો તરૂણ છે, તારી બુધ્ધિ તિવ્ર છે તારૂ અતઃકરણ ઉંચુ છે તારા રોમે રોમ જીવતા છે, આખમા હજુ ખાનદાની દેખાય છે તારા મ્હો પરના તેજથી આશાના અકુરો ફુટે છે, મે તને આજ બદમાસોના હાથમાથી બચાવ્યો છે, અને ફરીને તુ તેમા ન ફસાય એટના માટે પોલીસ ખાતામા દાખલ કરાવ્યો છે તારૂ અતકરણ શુધ્ધ હોવાથી જ

મારૂ અંતઃકરણ દુભાય છે તારી નિર્દોષતા જાણ્યા પછી મને તારા પર જે પ્રેમ થયો છે, તેજ મને તને કડવી પણ સાચી વાત કહેવાની ફરજ પાડે છે આજે આ મહમાસ મહાદેવ અને બીજા આગ ગુફામા વસ્તા બે મત્સ્યાહારી મનુષ્યોને પકડવા હુ અહીં આવવાનોજ હતો આ શરાબીઓ અહી એકઠા થાય છે, એ મને પ્રથમથીજ ખબર હતી પરંતુ મે જ્યારે સાંભળ્યુ કે તુ પણ એ શરાબી ટોળીની સાથે સામેલ છે, અને હજુ સુધી શરાબ છોડયો નથી ત્યારે તને અહીં લાવી આ શરાબીઓની હાલત નજરે બતાવી બેરાબ્દો કહેવાની ઇચ્છાથીજ અહીં લાગ્યો છુ સમારમા તારા પ્રેમ ભંગ થયો, એક કુલટાએ તને દગો દીધો, આવા એક નજીવા કારણો થી તે એક દારૂના વ્યસનનો સ્વીકાર કર્યો અરેરે! કાળીદાસ, ગુલામીની બેડીથી જકડાએલો તારો દેશ, તેત્રીસ કરોડ દયાજનક ચીસોથી મદદ માટે તને બુમો પાડી રહ્યો છે અરે! તારી જન્મ ભુમીની આવી દશા હોવા છતા, પ્રેમ ભંગથી તારૂ નિરાશ થયેલુ જીવન વ્યતિત કરવા માટે તને દારૂ સિવાય બીજો કોઇ માર્ગજ ન જડયો ? કાળીદાસ કાળીદાસ, દીન–હીન–પંગુઅનાથ એવી આપણી આ ભારત માતા દેશના યુવકોના—તરૂણોના તાજા ચહેરા તરફ આશાથી નિહાળી રહી છે, પાણી ગ્રહણ વગરનો તારો ખાલી હાથ બો ભુખ્યા પડેલા ભાઇ લાખો નિરક્ષર ભારતિય સંતાન જ્ઞાન પ્રાપ્તિ માટે ભટકી રહ્યા છે તેના તરફ લંબાવ, એમાથી કોઇને પણ તુ તારા હાથનો ટેકો આપ, આવા દુરાચાર અને વ્યસનોને આગ લગાવ" હરિસિંહે સહજ ગુસામા પણ લાગણી ભરેલા શબ્દોમા કાળીદાસને શિખામણ આપતા કહ્યુ

"હરિસિંહ, આ કાળીદાસને પુનર્જન્મ દેનાર ઓ પરમેશ્વર, હુ અજાણુ છુ, રસ્તો ભુલ્યો છુ, હવેથી આપ મારા માર્ગ દર્શક બનો, આજથી આ કાળીદાસ શરાબનો સેવક મટી ભારત માતાના દાસાનુદાસ બને છે, મારે મદિરા આજથી હરામ છે" કાળીદાસે ગળ ગળીત સ્વરે હરિસિંહનો ઉપકાર માનતા કહ્યુ

"શાબ્બાશ કાળીદાસ, જો તુ આ શરાબના ફદમાથી છુટીશ તોજ સુખી થઇશ '

' પરતુ હુ મહાદેવ, કાળીદાસને એટલુ છતા પણ જપવા નહિ દઇશ, અમારો ભેદ જાણી જાનાર ભામટાને હુ થોડા સમયમાજ સ્વધામ પહોચાડી દઇશ! હરિસિહનુ બોલવુ પુરુ થાય તે પહેલા તો ઉપરના શબ્દો તેને કાને પડયા હરિસિંહે સામે જોયુ, મહાદેવ નાસ્તો જણાયો, હરિસિહ દોડયો કાળીદાસ પણ તેની પાછળ ગયો, પરતુ મહાદેવનો એ નાની ગુફામા પણ કયાય પતો ન લાગ્યો એકાએક એક બુરખાવાળી સ્ત્રીએ એ ગુફામા પ્રવશ કર્યો, અને મહાદેવ પ્રથમ જે સ્થળે બેઠો હતો ત્યા જઇ તેણીએ એક ચાપ દાબી તો એક મોટો પથ્થર ખસી ગયો અને નાની કાટડી જેવા આકાર નજરે પડયો હરિસિંહે જોયુ તો એ કોટડીમા બે ભયકર મનુષ્યાકૃતિઓ ઉભેલી હતી, તેના દેખાવ પરથી તે હિંદુ છે કે મુસલમીન, મનુષ્ય છે કે રાક્ષસ એ ઓળખવુ મુશ્કેલ હતુ પકડો એજ મનુષ્ય માસાહારી નરપિશાચો છે એજ મલીરના જમીનદાર ભાઉનુ ખુન કરાવનાર અને પેલી કુમારિકાની લાસને પેટીમા છુપાવનાર નરાધમો છે પકડો ઉતાવળ કરો નહિતો એ પણ મહાદેવની માફક નાસી જશે, તે બુરખાવાળી સ્ત્રીએ હરિસિહને ઉદ્દેશીને કહયુ હરિસિહ આગળ વધ્યો અને એ બદમાસોને

નાસવાની કાંઇપણ કોશીષ કરે તે પહેલા એ નર ભક્ષકોને ગીલ્વરના ભયથી થોભાવી હાથમા હાથ કડી પહેરાવી દીધી અને તે કોટડી માંથી બહાર ખેંચી કાઢયા હરિસિંહે બહાર આવી જોયુ તો બુરખા વાળી નહોતી, એટલુજ નહી પરંતુ બહાર પડેલા શરાબીઓમા ચુનીલાલ પણ નહોતો શું એજ બુરખાવાળી ચુનીલાલને ઉપાડી ગઇ, હરિસિંહના મુખમાથી એકાએક એ ઉદ્ગારો નીકળી ગયા પરંતુ તેનો કાંઇ પણ નિશ્ચય કરી શકયો નહિ હવે વધારે થોભવુ વ્યાજબી નથી એમ ધારી કેટલીક વારે પેલા બે બદમાસો અને કાળીદાસ સાથે હરિસિંહ બહાર નીકળ્યો.

# પ્રકરણ ૧૭ મું.

## મરીયમને અચાનક થયેલી ચપળાની ભેટ

મરીયમ મોતીલાલને છોડાવી ગઇ એથી રતિલાલને જે દુઃખ થયુ તેના કરતા ચપળાને વિશેષ થયુ હતુ કારણ કે મહાદેવ સાથેનો પ્રસંગ તેણીના ધ્યાનમા આવી ગયો હતો, હવે જો મરીયમ એ પ્રસંગ હરિસિંહને જણાવે તો ચપળાના સુખનુ સત્યાનાશ વળી જાય તેમ હતુ કારણ કે જે વસ્તુ મહાદેવ ચપળાને આપવાનુ કરતો હતો, એને જેનો ભય બતાવીને રૂપિઆ ત્રણસો લઇ ગયો હતો, એજ આણંદલાલનુ પ્રાણહારક વિષ હતુ તેમજ આણંદલાલનુ ખુન પણ એજ પ્રાણહારક વિષથી થયુ હતુ ચપળા ગભરાઇ ગઇ અને કોઇ પણ રીતે મરીયમને પકડી સખ્ત શિક્ષા કરવાનો તેણીએ મનમા નિશ્ચય કર્યો

પરંતુ મરીયમને પકડવી એ કાંઇ સહેલુ નહોતુ તથાપિ તેણી તે માટે પ્રયાસ કર્યા કરતી જ્યારે રતિલાલ બહાર જતો ત્યારે તે સમયનો લાભ લઇ પોતે કાળીદાસ પાસે જતી અને તેને કોઇ પણ રીતે મરીયમનો પતો મેળવી આપવા વિનવતી, ચપળાના કૃત્રિમ પ્રેમમા અંધ બનેલો કાળીદાસ તે માટે પોતાનાથી બનતુ કરતો તો પણ તેને હરિસિંહનો ભય રહેતો એ સિવાય ચપળાએ એક બીજુ પણ સાહસ કરેલુ હતુ તે એ કે તેણે સુંદરરાયની ખરી બાતમી મેળવવાની કોશીષ કરી હતી અને તે તેને કાળીદાસને બતાવી હતી, કારણ કે કાળીદાસે સાંભળ્યુ હતુ કે સુંદરરાય હજી જીવતો છે એટલે જો તે ખરૂ હોય તો તેથી પણ ચપળાને નુકશાન હતુ તેથી ચપળાએ એ સંબંધી પતો મેળવી આપનારને માટે મોટુ ઇનામ જાહેર કરેલુ હતુ અને પોતાના પિતાથી છુપી પેપરમા જાહેર ખબર પણ આપી હતી જે આપણે આગલા પ્રકરણમા વાંચી ગયા તેમ પેલી ભીલણ સ્ત્રીના મારફત મરીયમના વાંચવામા આવી હતી તેની તપાસ કરવાનુ મરીયમે પોતાને માથે લીધુ હતુ રતિલાલે એ જાહેર ખબર વાંચી હતી અને તે લખનાર કોણ છે એ વગેરે ચપળાને પુછ્યુ હતુ, પરંતુ ચપળાએ તેમા પોતાનુ અજાણ પણુ બતાવ્યુ હતુ જો કે એ જાહેર ખબર આપવા છતા પણ કાંઇ પરિણામ આવ્યુ નહોતુ તો પણ કાળીદાસની સલાહથી તેણીએ તે જાહેર ખબર હજુ પણ પેપરમા ચાલુ રાખી હતી તે માટે કોઇ ઉમેદવાર મળવા આવે તેને મળવાનો ટાઇમ સાંજના પાંચ વાગ્યાનો રાખેલ હતો કારણ કે રતિલાલને બહાર જવાનો એજ ટાઇમ હતો અદ્યાપિ એ સંબંધની ખબર આપનારો કોઇ પણ ઉમેદવાર જાગ્યો નહોતો ચપળાને એ ખબર મેળવવા કરતા મરીયમને સજા આપવાની વધારે કાળજી હતી, તેણી વારંવાર એ સંબંધમા કાળીદાસને કહેતી અને કેટ

લીક લાલચોથી લલચાવતી, આખરે ચપળા જેવુ રત્ન મેળવવવાની આશાએ કાળીદાસે પુન પા ામા હાથ બોળવાનો આરભ કર્યો એક પઠાણુ જાતિની સ્રી કે જેની સાથે કાળીદાસને કાઇક ઓળખાણુ હતી તને એ કાય માટે જોડી ચપળાને સતોષ આપવાનો તેને નિશ્ચગ કર્યો અને પોતાની દાસીને એક ચીઠી આપી તે સ્રીને બોલાવી લાવવા કહ્યુ અને ચપળાને તે સ્રી આવતા સઘળી સમજુતી આપવા સમજાવ્યુ, દાસી ચીઠી લઇ બહાર નીકળી અને તે સ્વામીનારાયણુના મદિર સુધી પહોચી હશે એટલામા મરીયમ સામે મળી તે દાસી બીજી કોઇ નહિ પરતુ મરિયમની પરિચિતા પેલી ભીલણુ સ્રીજ હતી તેણીને જોતાજ મરીયમ બોલી ઉઠી કેમ બહેન કયા જાઓ છો'

"અહો કોણુ મરીયમબાઇ આ તરફ કયા પધારો છો? તે દાસીએ વિનય પુર્વક પ્રશ્ન કર્યો

''રામબાગ ગાડીખાતામા ના ૪૦ વાળા મકાનની મુલાકાત લેવા'

"શુ તમે કાઇ સુદરરાયના સબધમા પતો મેળવ્યો છે"

"હા અને તેથી ત્યા જાઉ છુ"

"વારૂ, પણુ ત્યા જવાથી તમને કશો લાભ થવાનો નથી ઉલટા ફરીને પાછા ફર્સા જશો, મારૂ માનો તો ત્યા ન જાઓ."

''કારણુ?"

' કારણુ મને ના પુછો, મરીયમ જેનુ નિમક ખાઉ છુ તેના વિરૂદ્ધ એક પણુ શબ્દ બોલુ તો હુ ઇશ્વરના ઘરના ગુન્હેગાર થાઉ ."

"એટલે શ ના. ૪૦ વાળુ મકાન તારા શેઠનુ છે"

"હા પણ બાજી મારા શેઠે કાંઇ એ જાહેર ખબર છપાની નથી'

"ત્યારે કોણે એ છપાની છે"

"તે જાણી તમે શુ કરશો? સમજો કે તે તમારી દુશ્મન છે"

"બસ જો તે મારી દુશ્મન હોયતો હુ તેનેજ મળવા માગુ છુ કહોને બહેન કે તે પેલી પાપીણી ચપગાજ છે'

"હા, બહેન તમારૂ અનુમાન ઠીક છે, પણ જો તમે ત્યા જશો તો તમારા પર આફ્ત આવી પડવાની મને બીક છે, કારણ કે જ્યારથી તમો તેણીને થાપ આપી મોતીલાલને છોડાની ચાલી ગયા છો ત્યારથી તેણી તમારૂ લોહી ચુમવાને તલ્પી રહી છે, મારા શેઠના વિરૂદ્ધ એ શબ્દો બોલવા માટે પ્રભુ મને માફ કરે પણ બહેન મારા શેઠ એ પિશાચણીના કૃત્રિમ પ્રેમથી તેના હાથનુ પુતળુજ બની ગયા છે, અને તેને લીધે તમને કોઇ પણ રીતે પકડી આપવાનુ વચન પણ આપી ચુક્યા છે તે સબધની કોશીષો ચાલુ છે, આજે તમે ત્યા જશો, તો જરૂર હેરાન થશો, માટે મારૂ ગરીબનુ માનો અને ત્યા જવાનુ માડી વાળો"

'ધન્ય છે બહેન, મારા પરની તારી આવી ઉચ્ચ લાગણી માટે તારો ઉપકાર માનુ છુ પણ આજે હુ ત્યા જવાજ માગુ છુ કારણ કે આજના જેવો પ્રસંગ ફરીને મને પ્રાપ્ત નહિ થાય એટલે તારી આજ્ઞાનો અનાદર કરવા માટે માફ માગુ છુ"

"વારૂ, બહેન ત્યારે જેવી તમારી ઇચ્છા હવે હુ રજા લઉ છુ કારણ કે મારે આ ચીઠી જલદીથી પહોચાડવાની છે"

"કોની ચીઠી છે,

"અહી બાજુમા રહેતી એક પઠાણ ઓરતની

"જોઉ તેમા શુ લખેલુ છે'

દાસીથી ના કહેવાઇ નહિ તરતજ તેણીએ તે મરીયમના હાથમા આપી મરીયમે તે વાચી, વાચનાજ તે ખુશી થઇ અને બોલી ઉઠી કે મારા પર એક બીજો ઉપકાર કરશો?"

"હા ઘણીજ ખુશીથી કહો શુ છે?"

આ ચીઠી તમે મને આપો'

'એ કેમ બને, કાળીદાસના જાણવામા આવે તો મારા પર ગુસ્સે થાય"

'કાળીદાસ ગુસ્સે નહિ થાય, અને થશે તો તેને સમજાવવાનુ કામ મારૂ છે હરિસિહ તેને સમજાવશે"

કાળીદાસ હરિસિંહનુ ઘણુ સારૂ માન રાખતો હતો તે દાસીના જાણવામા હતું, એટલે તે બીજુ કાઇ પણ બોલી નહિ તેણીએ માત્ર એટલુજ કહ્યુ કે, "તમને એથી શુ લાભ થશે?"

"ઘણોજ લાભ થશે મને ત્યા જોતાજ તેણી આ ચીઠીવાળી પઠાણ ઓરત આવેલી માનશે અને એમ થવાથી તેણીના હૃદયનો ભાવ જાણવાનુ મને સુગમ થઇ પડશે" મરીયમે કહ્યુ

"ભલે જો એવો કોઇ ચોકસ લાભ તમને થતો હોય તો મારી ના નથી, પણ પછી મારા પર કાળીદાસ ગુસ્સે ન થાય તેની સભાળ રાખજો"

તે માટે બે ફિકર રહો, હવે તમે ઘેર જાઓ અને કહો કે ચીઠી આવી"

"મારાથી જુઠુ કેમ કહેવાય"

'તમારે કયા જુઠુ કહેવુ છે માત્ર એટલુજ કહો કે ચીઠી આપી આવી"

"ના મારાથી વિશ્વાસઘાત અને અસત્ય વચન એ મન્ને મહાન પાપો વહોરી નહિ લેવાય મારાથી તેનો બોજો મહન નહિ થાય'

"વારૂ હવ સમજો કે મહજ જુઠુ બોલવાથી એક નિર્દોષનો પ્રાણુ બચતો હોય તો જુઠુ બોલવામા કાઇ પાપ છે" મરીયમે ગભીર પ્રશ્ન કર્યો

"જરા પણુ નહિ"

"ત્યારે સમજો કે એવા અનેક નિર્દોષોને તમારા સહજ જુઠાણાથી અન્યાય મળતો અટકી જાય છે, તેમના પ્રાણુ બચી જાય છે, અને ઉલટો અલભ્ય લાભ પ્રાપ્ત થાય છે

"જો એમજ હોય, તો બહેન હુ એવુ સેકડોવાર જુઠુ બોલીશ તે ભોળીબાઇએ ભોળપણુમાજ જવાબ આપ્યો પરતુ તેટના શબ્દો બોલતા તેની આખમા ઝળઝળીયા ભરાઇ આવ્યા

'વારૂ હવે તમે ત્યા જાઓ અને હુ પણુ થોડીજ વારમા ત્યા આવી પહોચ્યુ છુ"

ને દાસી ત્યાથી ચાલી ગઇ અને મરીયમ પણુ એક સાકડી ગલીમા અદ્રશ્ય થઇ ગઇ

જે વખતે પેલી દાસીએ કાળીનામના મકાનમા પ્રવેશ કર્યો તે વખતે ચપળા તેની ગહ જોતી બાગીમાજ ઉભી હતી, તે દાસી આવી તેવાજ તેણીએ પ્રશ્ન કર્યો

'કેમ ચીઠી આપી આવી'"

"જી હા,"

'તેણીએ કાઇ કહ્યુ'’

"નહિ જી"

"વારૂ હવે તુ તારે કામે જા"

દાસી ચાલી ગઇ અને ચપળા બારી પાસે પેલી સ્ત્રીની માર્ગ પ્રતિક્ષા કરવા કરતી ઉભી રહી થોડીજ વારમા એક બુરખો નાખેલી સ્ત્રી તે ઓરડામા દાખલ થઇ, ચપળા તેને જોતાજ બોલી ઉઠી "મારી ચીઠી તમોને મળી હશે '

'હાજી તમારી દાસી મને એક ચીઠી આપી ગઇ હતી'

"તમે આ બુરખો શા માટે નાખ્યો છે'"

"કોઇ મને આળખી ન જાય એટલા માટે"

"પણ મને કેમ ખાત્રી થાય કે તમો તેજ છો'

"જો તમને ખાત્રી ન થાય તો આ ચીઠી જુઓ"

"હા ચીઠી તો એજ છે, તો પણ તુ તેજ ઓરત છે તે હુ કેમ માનુ? બુરખો કાઢી નાખવામા શુ હરકત છે?"

"જ્યારે તુ આટલી ચાલાકી કરે છે, ત્યારે મારે પણ તેવુજ થવુ પડે છે તારા પેટમા કપટ છે, તો પછી હુ બુરખો શી રીતે

કાઢી શકુ' હુ અહી કેવી રીતે આવી છુ એ તુ શી રીતે જાણી શકે જો મને સોપવા ધારેલા કાર્યમા તારો આવાજ વિશ્વાસ રહે તો મારે તે કરવાની કાઇ પણ જરૂર નથી ચપળા, તુ એમ ના સમજતી કે હુ તારા કરપીણ કાર્યોથી અજાણી છુ તુ એટલી ખબરદાર હતી તો પછી તે રાત્રીએ નાસી શા માટે ગઇ"

"કઇ રાત્રે, અને ક્યા નાસી ગઇ' આ તુ શુ કહે છે'"

"હુ ઠીકજ કહુ છુ તે દિવસે આણુદલાલના ઘરમા"—

'એટલ' હુ તે ઘરમા ગયેલી હતી એમ શા પરથી કહી શકે છે' ચપળાએ તેણીને બોલતી અટકાવીને વચ્ચેજ કહ્યુ

"પહેરાવાળાએ તને તે ઘરમા જતા બરાબર જોઇ છે"

'પહેરાવાળે મને જોઇ છે'"

"હા પહેરાવાળે એકલાએજ નહિ પણ એક બીજા અમલદારે પણ તને જોઇ છે'"

"તે ક્યા હતો'"

'એજ મકાનમા"

"અને એજ સમયે તે ત્યા હતો"

"હા, તુ જાણતી તો હોઇશ કે આજકાલ એ મકાનમા પોલીસ ના અમલદારોની આવ જાવ થયાજ કરે છે"

"પણ તેથી શુ થયુ? આજ કાલની વાત સાથે મને કાઇ સબધ નથી,"

"એ તો હુ પણ જાણુ છુ ચપળા પહેલા તુ મારૂ બરાબર સાભળી લે, એ મકાનમા આવ જાવ કરનાર પોલીસના અમલદારોમા ના એક અમલદાર તને તે દિવસે ત્યા જોઇ છે, એટલુજ નહિ પરતુ તુ આણદલાલનુ ખરૂ વીલ જે મુકતાના નામનુ છે, તે ચોરી લાવી છે એ સુદ્ધા તેમના જાણવામા આવી ગયુ છે" તે સ્ત્રીએ વાતનુ સ્વરૂપ બદલ્યુ

'જુઠુ, તદન્ન જુઠુ મને કોઇએ જોઇજ નથી હુ આણદલાલનુ વીલ લાવીજ નથી"

ત્યાર તુ ત્યા ગએલી હતી, એમ એ લોકોના જાણવામા કયાથી આવ્યુ ?'

તુ કોઇ વિચીત્ર સ્ત્રી જણાય છે, જે વાતની સાથે તારે કાઇ પણ સબધ નથી, તેની આટલી બધી પુછ પરછ કરવાની તારે શી જરૂર છે?"

"ચપળા ગુસ્સે ના થા હુ તારા ભલાને માટેજ કહુ છુ"

'બસ કર મારે તારી એ વાત સાભળવી નથી."

"તારી ઇચ્છા, હુ તો તને એ અમલદારથી સાવધ રહેવાની ભલામણ કરતી હતી પણ જ્યારે તને તે રૂચતીજ નથી ત્યારે મને એ વાત કરવાની જરૂર પણ નથી"

'તુ બહુ હઠીલી જણાય છે વારૂ સમજ કે હુ ત્યા હતી અને મને એક અમલદારે જોઇ છે, તેમજ આણદલાલનુ વીલ પણ મારી

પાસેજ છે. તદપિ એ સઘળુ તારા જાણવામા કયાથી આવ્યુ' શુ ન દિવસે તુ પણ ત્યા હાજર હતી' અથવા તો તુ એ અમલદારની મદદ ગાર છે'"

"એ વાતને જવા દે, હુ ગમે તે હોઉ તેની સાથે તારે કાંઇ સબધ નથી, જે કામ માટે મને અહી બોલાવવામા આવી છે તેજ મને સમજાય, કારણ કે મને વધારે સમય નથી, હુ બિલકુલ ખોટી થઇ શકીશ નહિ"

"અને હુ તને ખોટી કરવા માગતી પણ નથી"

"કહે ત્યારે જલદી કહે"

"મરીયમને તુ અહી મારી પાસે લાવી શકીશ?"

"હા, ઘણી ખુશીથી પણ હુ મફત કામ કરનારી મજુરડી નથી એ ધ્યાનમા રાખજે"

"નહી હુ તેના બદલામા તને સારૂ ઇનામ આપીશ, અને જો તુ સુદરરાયના સબધની હકીકત મેળવી લાવીશ તો વળી તેનાથી પણ વધારે ઇનામ આપીશ"

'શુ સુદરરાય માટે તમેજ જાહેર ખબર આપી છે'"

"હા, શુ તુ એ સબધમા કાઇ જાણે છે'

"હા ઘણુએ જાણુ છુ"

"વારૂ ત્યારે તું બરાબર કહી શકશે કે તે મરી ગયા છે?"

"જો તેમ ન હોત તો મુક્તા આણદલાલના આશ્રયમા શા માટે રહેત?"

"નહિ તુ ભુલે છે તેના સબધમા તો ઘણી વાતો થાય છે. કાઇ તો તે જીવતો હોવાનુ જણાવ છે, ખરૂ શુ છે એજ જાણવાની મારી ઇચ્છા છે '

"તે મરી ગયા છે એ વાત ખરી છે"

'તેની કાઇ સાબીતી તુ આપી શકીશ"

હા તેનુ અવશાન પજાબમા થયુ છે।

"પણ તેના મરણની નિશાની તુ કાઇ આપી શકશે"

"હા."

"ત્યારે બતાવ"

"પણ ઇનામ"

'નિશાની બતાવ્યા પછી હુ તને મોઢે માગ્યુ ઇનામ આપીશ" ચપળાએ કહ્યુ

'મને તારો વિશ્વાસ નથી, તારે જો નિશાની જોઇતીજ હોય તો તારા હાથમા પહેરેલી વીંટી મને આપ, હુ આવતી કાલે એ વીંટી સહીત સાબીતીઓ તારી પાસે રજુ કરીશ, પછી તારી ખુશીમા આવે તે મને ઇનામ આપજે

"જ્યારે તને મારો વિશ્વાસ નથી ત્યારે હુ તારો વિશ્વાસ કેમ કરી શકુ'

"વીંટી મળ્યા સિવાય હુ તને સાબીતી પણ ન આપી શકુ"

'એ શું? કાલે તુ સાબીતી મેળવી આપ અને તારૂ ઇનામ લે?

"નહિ હુ જે બોલુ છુ તેજ કરૂ છુ મારા બોલ ફરશે નહિ નિશાની મેળવવાની તારી ઇચ્છાજ હોય તો વીટી મને આપ નહિ તો હુ જાઉ છુ, મને વધારે વાતચીત કરવાનો સમય નથી એમ કહી તે જવા લાગી તેને જતી અટકાવીને ચપળાએ પોતાની આગળી પગની વીટી કાઢી તેના હાથમા આપી અને કહ્યુ, 'લે આ અગુઠી અને જેમ બને તેમ જલદી મને ખબર આપ પણ જો તુ એ માટે ચોક્કસ ખાતરી મેળવી આપીશ તો હુ તને મારૂ ઇનામ આપીશ"

તે સ્ત્રીએ વીટી લીધી, વરૂ હવે હુ જાઉ લઇને કાલે ફરીને આજ વખતે અહી મળીશ મરીયમને પણ મારી સાથેજ તેડતી આવીશ તેના માટે તમારે જે કાઇ ગોઠવણ કરવી ઘટે તે કરી રાખજો કારણ કે તેણી ઘણીજ ચાલાક તેમજ બહાદુર છે'

"કાઇ ચિંતા નહિ એ માટે હુ આગળથી ગોઠવણ કરીશ, આ સુદરરાયનુ કામ પણ ના ભુલતી, કારણ કે મરીયમની જેટલી જરૂર છે, તેના કરતા સુદરરાયના સબધની હકીકત જાણવાની મને વધારે જરૂર છે, મરીયમને કદાચ બે દહાડા પછી લાવશે તો હરકત નથી પણ સુદરરાયના મરણની નિશાની તો કાલે અવશ્ય લાવજે"

"અરે, એતો બન્ને સાથે તમો તમારી તૈયારીમા રહેજો' એમ કહેતાજ તે સ્ત્રીએ ચાલવા માડયુ પણ બહાર નીકળતા તેના મોઢા પરનો બુરખો જરા ખસી ગયો ચપળાની દ્રષ્ટિ તેના તરફજ હતી તેનું મ્હો જોતાજ ચપળા ચમકી અને એકાએક તે સ્ત્રીની પાછળ દોડી, એક પળમાજ તેને પકડી પાડી અને પોતે છુપાવેલી એક છરી બહાર કાઢી તેના પર બરાબર તાકી અને બોલી, "મને પહેલાજ

નાક હતો કે તુ બીજી કાંઇ નહિ પરંતુ માર ત્યાં દાસીના વેશમા આવી ગએલી પેલા હરિગસિહનો જમણો હાથ મરીયમજ કે જો તે બુરખો પહેર્યો ન હોત તો અત્યાર સુધી નારી હયાતી પણ ન હોત મરીયમ એક વખત તુ છટકી ગઇ છે પણ આ વખતે હજુ તો ચપળા જેટલુ વાક્ય પુરૂ કરી રહી નથી એટનામાજ મરીયમે ચાલાકીથી તેના બન્ને હાથ એવા તો જોરથી પકડયા કે ચપળા ગમે તેવી બળવાન હોવા છતા નિર્બળ બની ગઇ મરીયમના હાથમાથી પોતાના હાથ છોડાવી શકી નહી, મરીયમે ચપળાને જોરથી એક લાત મારી નીચે પાડી નાખી થોડો માર આપ્યા પછી એક ધક્કો મારી ઓરડાની અદર ફેકી દીધી, ચપળા બેભાન થઇ જમીન પર ઢળી પડી મરીયમે ટેબલ પર પડેલુ કવર ઉપાડી લીધુ અને જોયુ તો તે આણદલાલે મુક્તાના નામ પર ચડાવેલુ ખરૂ વીલ હતુ, અચાનક આ વીલ હાથમા આવી જતા મરીયમ ઘણી ખુશી થઇ, હવે ત્યા વધારે વખત થોભવુ તેણીને વ્યાજબી લાગ્યુ નહિ અને તે ઓરડાને બહારથી સાકળ મારી ત્યાંથી પસાર થઇ ગઇ

# પ્રકરણ ૧૮ મું.

## ગરીબના મનની મોટાઇ

સુજ્ઞ વાચક આવો, હવે આપણે ગુલાબ તરફ વળીએ ચુનીલાલ ને ત્યા નોકરી મેળવવામા નિરાશ થયેલી ગુલાબ ખાગધર પર એક મકાન ભાડે લઇ મરીયમની સાથેજ રહેતી અને તેના નાના બાળક નુ લાલન પાલન કરતી હતી તેમ કરવામા કેટલોક સમય વ્યતિત થતા

પછી તે બાળક કે જેનુ નામ હુસેન હતુ તેને સિંધ મદ્રાસામા અભ્યાસ માટે જોડી દીધો અને તેનુ તમામ ખર્ચ પોતે ઉપાડી લીધુ. ચુનીલાલ પાસેથી તેણીને જે રકમ મળી હતી, તેમાથી કેટલીક રકમ તો તેણીએ કરીમબક્ષને કરાચીમાથી રવાના કરતી વખતે વાટ ખર્ચા માટે આપી દીધી હતી બાકી તેણીની પાસે પચાસ રૂપિઆ બચેલા હતા. તે તેણીએ હુસેન માટે અનામત રાખ્યા હતા તેમાથી તેણી એક પાઇ પણ ખર્ચની નહોતી. ગુલાબના અત્યાગ્રહથી મરીયમે ભીખનો ધધો છોડી દીધો હતો ગુલાબની મહેનત મજુરી ઉપર જ ન ગરીબ માતા પુત્રના પોષણનો આધાર હતા, ગુલાબ પોતાને માટે ખાવાનુ બહારથી મેળવી લેતી અને મહેનત મજુરી કરતા જે કાંઇ મળતુ તે સર્વ મરીયમને આપતી અને તેમાથી એ માતા પુત્રનુ પોષણ ચાલતુ વિવાહ અથવા એવાજ કોઇ શુભ પ્રસગમા કોઇ ગ્રહસ્થને ત્યાથી કાંઇ સારૂ ખાવાનુ મળતુ તો ગુલાબ પોતે તેનો ઉપયોગ નહિ કરતા હુસેન માટે ઘેર લાવતો, અને પ્રેમ પુર્વક પોતે પાસે બેસીને એક સગી મહેન પોતાના ભાઇને ભોજન આપે તેમ તેણી હુસેનને જમાડતી ટુકામા હુસેનને ઓછુ ન લાગે, તેવી રીતે તેને આનદ આપવા તે પોતાનાથી બનતુ કરતી મુક્તા અને સવિતાગોરીને પણ તે ભુલી નહોતી સવિતાને પુત્ર પ્રસવ થવા પછી અને ચુનીલાલની હાલત જાણવામા આવ્યા પછી તેણી વારવાર ત્યા જતી, અને કામ કાજમા મદદ કરતી સવિતા પણ તેણીના પર પુર્વવત્ પ્રેમ રાખતી અને કોઇ વખતે ખાવાનુ તો કોઇ વખતે પૈસાની મદદ આપતી આ રીતે મુક્તા સવિતા અને મરીયમની સેવા કરવામા પોતાને ધન્ય માનતી, ગુલાબ પોતાના દિવસો નિર્ગમન કરતી હતી મરીયમનુ લોક

સેવાનુ કાર્ય તો ચાલુજ હતુ આખો દિવસ બહાર ફરીને બદમાસો થી લોકોને બચાવવાને તેણી પોતાનાથી બનતુ કરતી હતી, તેમા આણુદલાલનુ ખુન થયા પછી તેનો ખરો ખુની કોણ છે, તે શોધી કાઢવાને તેણી બદમાસોના સઘળા સ્થાનોમા જતી હતી, અને જે કાઇ નવું જણાતુ તેની બાતમી હરિસિંહને આપતી હતી આપણે આગલા પ્રકરણમા વાચી ગયા તેમ હરિસિંહને કેટલીક ખબરો આપી તે ચપળા પાસે ગઇ હતી, અને ત્યા ભેદ જાણી લઇ ચપળા પાસેથી આણુદલાલનુ ખરૂ વીલ લાવી હતી, પરતુ હરિસિંહ બીજા કાર્યમા રોકાએલો હોવાથી બે ત્રણ દીવસ મળી શકયો નહોતો એટલે એ વીલ હજુ તેણીની પાસેજ હતુ જ્યારથી મરીયમ ચપળાને થાપ આપી ચાલી ગઇ હતી, ત્યારથી તેણી મરીયમના મકાનનો પતો મેળવવાનો ભગીરથ પ્રયત્ન કરી રહી હતી કેટલેક દિવસે કાળી દાસ દ્વારા ચપળાએ તેણીનુ ઠેકાણુ જાણી લીધુ જેના મકાનમા મરીયમ રહેતી હતી, તે એક બદમાસના સોબતીનુ હતુ મરીયમ ભાડુ પોતાની તગ સ્થિતિને લઇ આપી શકતી નહોતી, એટલે તેણે બદમાસ દ્વારા તેના હૃદયમા એવુ ઠસાવી દીધુ કે મરીયમ છુપી પોલીસમા કામ કરતી હોવાથી તેની પાસે પૈસા છે તેણી ધનવાન છે, પરતુ પૈસા આપવામા ઘણીજ કજુસ છે એટલે તમારા ભાડાના પૈસા ન આપવા માટેજ પોતાને ગરીબ જણાવે છે, જો કે આ માણુસ ઘણોજ ભલો અને મરીયમની સ્થિતિનો પરિચિત હતો તો પણ તેને પોતાના સોબતીનુ કહેવુ કેટલેક અશે ખરૂ જણાયુ કારણ કે મરી-યમ વારવાર પૈસા આપવાના વાયદાજ કર્યે જતી હતી આથી એક વખત તેણીની પાસે સખત રીતે ઉઘરાણી કરવાનો તેણે નિશ્ચય કર્યો અને બીજેજ દિવસે તે મરીયમને ઘેર ગયો મરીયમ બારણામાજ

બેઠી હતી, તેને જોતાજ તે બોલી ઉઠયો ભાઇ "આજે પૈસા મળશે કે' તમે આપેલા ટાઇમ કરતા બે દિવસ મોડો આવ્યો છુ હવે વધારે ચાલે તેમ નથી આજે તો પૈસા અવશ્ય મળવાજ જોઇએ"

મરીયમની પાસે એક પાઇ પણ હતી નહિ અને માગનારનો વાયદો પણ પુરો થયો હતો, શુ જવાબ આપવા તેના વિચારમા ઘડી ભર તે ચુપ રહી, કેટલીક વાર તેણી તે શેઠ તરફ ફરીને ગદગદિત સ્વરે "બોલી ભાઇ, બે દીવસ મોડા આવવાની આપે મારા પર કૃપા કરી, એ માટે હુ આપનો ઉપકાર માનુ છુ પરતુ આજે પણ લાચાર છુ મારી પાસે એક પાઇ પણ નથી જેમ આટલા દિવસ થોભ્યા તેમ બે દિવસ વધાર થોભો તો હુ કોઇ પણ રીતે તમારા પૈસા આપી દઇશ, હુ ધારતી હતી કે મારા પતિના પૈસા આવી જશે પરતુ મારી એ આશામા હુ નિષ્ફળ થઇ છુ તો પણ મને ખાત્રી છે કે એકાદ બે દિવસમા ખર્ચી જરૂર આવી જવી જોઇએ"

'વાહ! વાહ! તાલતો ઠીક કરવા માડયો છે, જો તમારી પાસે પૈસા નહોય તો આ હાથમા પહેરેલી સોનાની બગડીઓ વહેચીને મારા પૈસા આપો બહાર કરજ કરીને માલ લેવા, અને ઘરમા સોનાના દાગીના પહેરીને ફરવા, એ નહી પાલવ!" મરીયમે સૌભાગ્ય ચિન્હ તરીકે પહેરેલી પીતળની બગડીઓને સોનાની સમજી શેઠે કહ્યુ

"ભાઇ ભગવાન કરે અને તમારુ બોલવુ સત્ય થાઓ આ પહેરેલા કડા સોનાના બની જાઓ. ભાઇ સોનુ હવે આ અભાગિનીના ભાગ્યમા કયા રહયુ છે' આ તો સઘળુ પીતળ છે, જો એ લેવાથી

તમારૂ કરજ ભરપાઇ થઇ જતુ હોય—એમ કરવાથીજ તમને સતોષ થતો હોય, તો લો, ભાઇ આ મારા સૌભાગ્ય ચિન્હને લઇ લો પ્રભુ મારા પતિને લાબુ આયુષ્ય આપે, હુ સાધારણ લાકડાની ચુડીથી ચલાવી લઇશ. લો, લઇજાઓ ભાઇ મારે તે ન જોઇએ ' બોલતા બોલતા મરીયમની આખમાથી આસુ સરી પડયા બિચારી દુખિયારી મરીયમનુ મ્લાન મુખ જોઇ તે પુરૂષ શરમાઇ ગયો તેની આખમા પણ ઝળઝળીયા ભરાઇ આવ્યા મરીયમની કગાલ સ્થિતિ તેના જાણવામા આવી ગઇ, અનુકપાથી તેનુ હૃદય પીગળી ગયુ એક રસ્તે રખડતા બદમાસના ભભેરવાથી મરીયમ તરફ પોતે ચલાવેલા વર્તન માટે પસ્તાયો અને તે મરીયમ તરફ ફરીને બોલ્યો,

માતા મને માફ કરો, બીજાના ઉશ્કેરાટથી આપને ધનવાન સમજી મે કડુ શબ્દો કહ્યા છે, એ માટે મને પારાવાર પશ્ચાતાપ થાય છે દેવી મારે એક પાઇ પણ જોઇતી નથી, મારા આપની પાસે લેણા નીકળતા પૈસા હુ છોડી દઉ છુ " શઠે પોતાની આખમા આસુઓ લુછતા લુછતા કહ્યુ

'ભાઇ પ્રભુ તમારૂ કલ્યાણ કરો ' મરીયમે તેનો ઉપકાર માનતા કહ્યુ કેટલીક વારે તે મકાનમની રજા લઇ બહાર નીકળ્યો તેના જવા પછી થોડીવારે ગુલાબે તે મકાનમા પ્રવેશ કર્યો મરીયમની આખો આસુથી ભરેલી જોઇ તે "બોલી મરીયમ બહેન શા માટે રડો છો? તમને શુ થયુ છે?"

"ગુલાબ ધીમે બોલ, હુસેન જાગી જશે તો મારા દુખમા વધારો થશે કારણ કે તે ભુખ્યો સુઇ ગયો છે અને આજે ઘરમા અનાજ મુદ્દલ નથી" મરીયમે નિશ્વાસ નાખતા કહ્યુ

"ન ગભરાઓ, મને જીવતદાન આપનાર વહાલી માતા ન ગભરાઓ હુસેનને ખાવા માટે પરમાત્માનુ આપેલુ સર્વ કાઇ છે જુઓ આ પાકા કેળા, સુફ, પેડા, ગરણી, મગજ ઇત્યાદી, મે આગળથીજ રાખી મુકયુ છે. માત્ર હુસેન જાગ્રત થાય તેનીજ રાહ જાઉ છુ ને લે માયાળુ માતા તારો હુસેન ઉઠે એટલે તુજ તે આપજે" ગુલાબે અગાઉથી આણી મુકલી સર્વ ખોરાકની વસ્તુઓ મરીયમ પાસે રજુ કરતા કહ્યુ.

"ગુલાબ, આ શુ' આ સઘળુ તુ કયાથી લાવી'

"બહેન તમારે એ પુછવાનુ શુ કામ છે' ' ગુલાબે ટુકામાજ પતાવ્યુ

'અહા! ધન્ય, ધન્ય!, ગુલાબ, તુ આટલુ બધુ સંકટ અમારે ખાતર શા માટે વેઠે છે' અરે ગુલાબ મારા પુત્રને માટે તુ અપવાસી શા માટે રહે છે

'બહેન માફ કરો, મારે તમારૂ પુરાણુ નથી સાભળવુ મરીયમનો સ્નેહ એજ ગુલાબનો ખોરાક છે "ગુલાબે મરીયમને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યુ

"ગુલાબ, હુસેનની ખરી માતા તો તુજ છે હુ તો આખો દિવસ બદમાશોની પાછળ દરમિયાનના કાર્ય માટે રખડુ છુ હુસેન મારો પુત્ર છતા મારા તરફથી તેને કાઇ પણ દિવસ પુરતુ પોષણ મળતુ નથી, ઉલટા બે ચાર ઉપવાસ કરવા પડયા હશે તારા આવવા પછી હુ જોઉ છુ, કે તુ પોતે ભુખી રહીને પણ મારા પુત્રને પોષે છે માટેજ કહુ છુ કે હુસેનની ખરી માતા હુ નહિ પરતુ તુજ છે

ને આ સઘળુ તુજ તેને આપજે હુસેન મારો પુત્ર છે એ ખરૂ છે, પરંતુ તેનુ પોષણ તો તમે કર્યુ છે” હુ અભાગણી એ માટે નિર્ભાગીજ રહી છુ એટલુ કહેતાંજ મરીયમની આખમાથી આસુઓ ભરી પડયા ગુલાબે તેણીને વિશેષ દુખી કરવામા સાર નથી, એમ ધારી ઘડીભર તેણીનુ દુ ખ વિસરાવવા તેણે હુસેનને જગાડયો અને પોતે આણેલુ ખાવાનુ આપ્યુ

અહા! જો શોક, સતાપ, સદા સમાન રહે તો મનુષ્ય જીવન કેવુ દુ મદ અને દુ ખમય બની જાય! ગુલાબ પુર્વ ગમે તેવી ક્રુર ચારી હતી ના પણ તેણી સવિતા અને મુક્તા જેવા સરકારી જીવોની છાયામા દીર્ઘ કાળ સુધી રહી હતી, એટલે તેણીએ પોતે કરેલા પાપો નો પશ્ચાતાપ, પરોપકાર દ્વારા કરવાનો નિશ્ચય કીધો હતો મરીયમ અને ગુલાબ બન્નેના પરોપકારની દિશાઓ જુદી હતી, તો પણ સદિગ્ધ હૃદયનાઓને શાન્તિ આપવાનુ શિક્ષણ સવિતા પાસેથી ગુલાબે મરીયમ કરતા વિશેષ મળ્યુ હતુ, અને તેના પરિણામે પ્રતિદિન મરીયમની ગ્લાની ગુલાબના ઉપદેશથી શાતિના રૂપમા બદલાતી જતી હતી

કેટલીક વારે હુસેને જમી લીધુ અને પાસે પડેલા ગ્લાસમાથી પાણી પીધુ હજુ પણ એક ગ્લાસ પાણીની જરૂર જણાતા ગુલાબ તરફ ફરીને બોલ્યો

'માતા મને થોડુ પાણી આપો. હુસેનના રૂધાઇ ગયેલા કંઠ માથી માત્ર એટલાજ શબ્દો નીકળ્યા, ગુલાબે તરતજ હુસેનને પોતાની ગોદમા લઇ લીધો અને એક ચુબન લઇ પાણીનો ગ્લાસ પોતાના હાથે પાયો. હુસેનની આખમા ઝળઝળીયા ભરાઇ આવ્યા, તે ગુલાબના ખભાપર માથું રાખી રડવા લાગ્યો ગુલાબથી પણ રડી જવાયુ.

"અહા! કેવો આનંદ, હુસેન આજે તે મારા હૃદયને શાંતિ આપી આજથી તું મરીયમનો નહિ પરંતુ મ્હારોજ પુત્ર છે!

"હા, હા, હુસેન મારો નહિ પણ તારોજ પુત્ર છે ગુલાબ તારા જેવી માતાઓજ પોતાના પુત્રને પરોપકારી બનાવવાનું શીખવી શકે છે, તારા જેવી માતાના ઉદરે જન્મ પામનાર મનુષ્યોને ધન્ય છે તારે આ મારા બાળક સાથે કાંઇ પણ સબંધ નહિ છતાં કેટલા ભાવ કેવા સન્માનથી, તેની સુશ્રુષા કરી રહી છે ખરેખર, ગુલાબ તું એક માતાનીજ ગરજ સારી રહી છે" ગુલાબને બોલતી અટકાવી મરીયમે વચ્ચેજ કહ્યું

"બસ, મારે તમારૂં એ પુરાણ નથી સાંભળવું જાઓ તમને અહીં કેણે બોલાવ્યા છે? કેમ ખરૂંને હુસેન?" હુસેનને પોતાના હૃદય સાથે ચાંપતા અને મરીયમ સામે સ્મિત કરતા ગુલાબે કહ્યું

"વારૂ ત્યારે હું જાઉં છું. તારા પુત્રને તુંજ સંભાળજે" એમ કહેતી મરીયમ આણંદલાલના નીલ વાળુ પરબીડીયું લઇ બહાર નીકળી ગુલાબ કે હુસેને તેની કાંઇ પણ દરકાર કરી નહિ મરીયમના જવા પછી કેટલીક વારે એક આર્તનાદ સંભળાયો, આર્તનાદ કરનાર વ્યકિતનો અવાજ કાંઇક પરિચિત હોય એમ ગુલાબને જણાયું બોલનાર આ પ્રમાણે બોલતું હતું

"ઓ ભગવાન હવે તો મોત આપ મારાથી આ દુઃખ નથી સહેવાતું મારાથી ભુખે નથી રહેવાતું આઠ આઠ દિવસના ઉપવાસથી મારામાં હવે કાંઇ પણ શકિત રહી નથી અરેરે! કોઇ આ અભાગણીને અન્ન આપી ભુખના દુઃખથી મુકત કરો"

"માતા, બહાર કોઈ બિચારૂ અભ્યાગત અન્નની આશાએ આવલુ હોય એમ જણાય છે આજ્ઞા હોય તો આ મધળુ તેને આપી આવુ" આર્તનાદ સાભળી અનુકપિત થયેલા હુસેને ગુલાબને ઉદ્દેશીને કહ્યુ

"નહિ હુસેન, જો આ મધળુ તુ એને આપી દઇશ તો પછી આવતી કાલે શુ ખાઇશ બેટા' એવા પરોપકાર કરવાનુ આપણા ભાગ્ય મા લખાયુ હોત તો આપણી આ દશા હોય ખરીકે" ગુલાબની એ ગરીબને આપવાની ઇચ્છા છતા, હુસેનના હૃદયની પરિક્ષા કરવા ખાતર એ પ્રશ્ન કર્યો

'માતા આ શુ' તમારા ઉદાર હૃદયના આ કેવા ઉદગારો' હુસેનન પરોપકારનો પાઠ શીખાવનાર ગુલાબના આ કેવા વિચારો? માતા આવા ગરીબને પોષણ આપતા આવતી કાલે માટે અપવાસી રહેવુ પડશે, તો હુ ખુશીથી રહીશ પરન્તુ એ ગરીબને આજે આ ખાતા બચેલુ આપીને જરૂર મતે પીશ દયા કરો, મને એ ગરીબની પાસે જવાની આજ્ઞા આપો ' બોલતા બોલતા હુસેનની આખમા આસુ ભરાઇ આવ્યા.

"શાબાશ, હુસેન શાબાશ, તારી વૃત્તિઓ હમેશા આવીજ ઉદાર રહે એમ હુ ઇચ્છુ છુ, બેટા ગમે તેવા મુશ્કેલીમા પણ તુ તારા મનની મોટાઇ મુકતો ના, પરોપકારના માર્ગને ચુકતો ના જા, ખુશીથી જા એ ગરીબને પોષણ આપી તારી ઇચ્છાને તૃપ્ત કર" ગુલાબે કહ્યુ

આજ્ઞા મળતા હુસેન ખાવાનુ સાથે લઇ બહાર આવ્યો ગુલાબ પણ ધીમે પગલે તેની પાછળ ચાલી, તેણીએ દુરથી જોયુ તો

બહાર ઉભેલી એક સ્ત્રીજ હતી, તેણીએ પહેરેલુ જર્જરિત વસ્ત્ર રક્ત અને પરૂથી ભીંજાઇ ગયુ હતુ અને તેના આખા શરીરમા માખા વગ ગેલી હતી ભુખ અને દર્દથી પીડાતી એ અબળા મહા મુનાસે લાકડીના ટેકાથી ઉભેલી હોય એમ તેના થરથરતા ગરીર પરથા જણાતુ હતુ, તેણીની એ દશા જોઇ ગુલાબની આખોમાથી અ નુ ગરી પડયા, હુસેન ત્યા પહોચ્યો તેને જોતાજ તે અબળા બોલી ઉઠી, ભાઇ મને કાઇ ખાવાનુ મળશે કે"

"હા, લો બહેન, તમારો આર્તનાદ સાભળીને હુ તમને ખાવાનુ આપવા માટેજ અહી આવ્યો છુ " એમ કહેતાજ હુસેને પોતે આણેલી વસ્તુઓ તેની સામે ધરી

'ભાઇ, તારી આ ઉદારતા માટે હુ તારો ઉપકાર માનુ છુ પરતુ હુ રકત પીતના ભયકર દઃથી પીડાતી હોવાથી મારા હાથોમા એ વસ્તુ મોઢામા મુકના જેટલી શકિત નથી શુ તુ એટલી કૃપા નહિ કરે? તારા હાથોથી મને નહિ ખવાડે? તે સ્ત્રીએ અત્યત અનુકપા ઉપજાવે તેવા ભાવથી હુસેન તરફ ફરીને કહ્યુ

દૂર ઉભેલી ગુલાબ હુસેન તરફ ફરેલી એ સ્ત્રીનો ચહેરો, જોતાજ ચમકી, કપી ભયભિત થઇ ગઇ પરિચિત સ્વર માટે થયેલી રાડ ખરી પડી રકતપીતથી તેણીનો ચહેરો ગમે તેટલો બેડોળ અને ભયકર થયેલો છતા, તેણીને કરીમબક્ષના હાથે નકડી થયેલી એ કુલટાને કમર તરીકે ઓળખી લીધી, તે ઉભી હતી ત્યાથી દોડી અને હુસેન તેણીને પોતાના હાથે ખવડાવવાની કાઇ પણ કોશીષ કરે તે પહેલા ત્યા જઇ પહોચી અને હુસેનને નેમ કરતો અટકાવતા બોલી! મજુર, હુસેન એ કુલટાને ના અડકતો, એ પાપીણીને ખાવાનુ ના આપતો '

'કેમ માતા' આ બિચારી દુ ખથી પીડાતી અબળાએ એવો શુ ગુન્હો કર્યો છે" ગુલાબના આ વર્તનથી આશ્ચર્ય ચકિત થયેલા હુસને પુછ્યુ

"હુસેન, એ કુલ્ટાના કરપીણ કામો યાદ આપતા મારૂ હૃદય કપે છે, તારા પિતા કરીમબક્ષને કરાચી છોડાવનાર અને તમો માના પુત્રને આવી કગાલ હાલતમા મુકનાર એ કુલટાજ છે જવા દે, જવા દે, એ પાપિણીને અહીથી જવાદે"

"હે કોણ ગુલાબ? અરેરે! મારી આ સ્થિતિ જોવા છતા પણ તને દયા નથી આવતી? શુ તુ આટલી બધી નિર્દય છે? ભુલીજા, ભુલીજા, એ ભલી ગુલાબ મારા સઘળા દોષોને ભુલીજા હવે હુ આગળના જેવી નીચ નથી મારા કર્મોનો હવ મને પારાવાર પશ્ચાતાપ થાય છે મારી છેલ્લી સ્થિતિમા હુ મારા હાથે ફસાએલા નિર્દોષોના બચાવ મ ટેજ હું અહીં આવી છુ દયાકર ગુલાબ મારા પર દયા કર, મારા ગુન્હાઓ ધ્વુન કરવાનો મને અવકાશ મળે ત્યા સુ'ી મને આશ્રય આપ!" કેસરે રડતા રડતા કહ્યુ,

"નહિ કુલટ તુ દયાને પાત્રજ નથી આ બિચારા નિર્દોષને આવી દશામા મુકનાર

"માતા ક્ષમા કરો જો તમે કહો છો તેજ એ સ્ત્રી હોય તો મારે તેના તરફ તિરસ્કારને બદલે લાગણી ભરી દ્રષ્ટિએ જોવુ જોઇએ તેની મારાથી બને તેટલી સેવા કરવી જોઇએ, કારણ કે તેમનીજ કૃપાથી હું તમારા જેવી માતાનો આશ્રય મેળવી શકયો છુ, જો તેણીએ એમ કર્યું નહોત તો મને આવા અલભ્ય લાભ કયાથી મળત" હુસેને ગુલાબને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યુ "

"અહા! ધન્ય છે ધન્ય છે, ભાઇ તારી ઉદાર વૃત્તિને ધન્ય છે મારા જેવી કુલટાના કરપીણ કામો તરફ નહિ જોતા, મને દુઃખમા દિલાસો આપનાર ભાઇ તારૂ ભવોભવમા કલ્યાણ થજો જા ભાઇજા, હુ કુલટા છુ પાપિણી છુ આ કલંકિત શરીરને સ્પર્શ કરી, તારા દેવ શરીરને ના અભડાવના સુખી થા, તારી ઉદારતાથી મારૂ ઉદર ભરાઇ ગયુ છે, તારા દિલાસાથી મારૂ દુઃખ દુર થયુ છે" કેસરે હૃદય ફાટ રડતા રડતા કહ્યુ

"નહિ માતા હવે હુ તમાને અહીંથી નહિ જવા દઉ હુ તમોને મારા હાથથીજ જમાડીશ મારે ત્યાજ રાખીશ, અને તમારી સેવા કરીશ આવો, આ ગરીબ ભાઇની ઝુપડીમા પધારો ગુનાબના ગમે તેટલી આનાકાની છતા હુસેને પોતાના નિશ્ચયને વળગી રહી કેસરને અદર આવવાની પ્રાર્થના કરતા કહ્યુ

કેસરે ગુલાબની સામે જોયુ, અપકારનો બદલો ઉપકારથી વાળતા હુસેનના આ વર્તનથી આનદમા આવલી ગુલાબની આખોમા આસુ ભરાઇ આવ્યા, તેણીએ કેસરનો મુગો સત્કાર કર્યો, કેસરે પોતાને માટે યોગ્ય આશ્રયસ્થાન મળતુ જોઇ વગર આનાકાનીએ મરીયમના મકાનમા પ્રવેશ કર્યો

સુજ્ઞ વાચક જોયુ, ગરીબીમા ઉછરેલા એક નિર્દોષ બાળકનુ ઉદાર વર્તન જોયુ, ખરખર કિસ્મતની પ્રતિકુળતાને લીધે, ચીથરે હાલ દશામા, અન્નના અભાવે, ઉપવાસો વકતી વ્યકિતમાંથી દુઃખની પરિસિમા થયે પણ મનની ખરી મોટાઇ ખસતી નથી, કજુસ દીલના કરોડ પતિઓના ધન ઉપર હિંદુસ્તાન નથી જીવતુ, પણ ભારત

મતાનોના મનની મોટાઇ ઉપરજ હિંદ ટકી રહ્યું છે હજુ પણ હુમેન જેવા ખાનદાન મનુષ્યો આર્યાવર્તમા વસે છે તેથીજ પરદેશી પ્રસરી હોવા છતા, અનેક રીતે ચુસાએલો હોવા છતા, પોતાની પ્રતિષ્ટા આર્યાવર્ત જાળવી રહ્યો છે ખાનદાની અને મનની મોટાઇ વિદ્યાથી નથી આવતી પૈસાથી નથી આવતી બહુ ભણ્યે વિદ્વાન થાય, મહેનત કર્યે પૈસો મળે પણ ખાનદાની અને મનની મોટાઇ એ સદ્ગુણો તો કુદરતની બક્ષીસ સિવાય કોઇનામા આવતા નથી હિંદુસ્તાનમાથી ધન જતા દેશ ગરીબ થશે, વિદ્વતા જતા દેશ દુખી થશે પણ જો મનની મોટાઇ હિંદમાથી ચાલી જશે તો હિંદ તદ્દન પાયમાલ થશે પ્રભુ આની પડતી દશામા હજુ પણ કાયમ રાખેલી મનની મોટાઇ હિંદમા ટકાવી રાખ, મોટાઇ હશે તો હિંદ એ મોટાઇ ઉપર જરૂર કોઇ દિવસ જાહોજલાલી પામશે

# પ્રકરણ ૧૯ મું.

## સવિતાની પતિ ભકિત.

આબલીવાળા તળાવ પરથી પકડાએલા મલીરવાળા બદમાસોને પોલીસ ચોકી પર પહોચતા કરી હરિસિંહ ઘેર ગયો અને પોતાના હમેશના નિયમ મુજબ આરામ લીધા પછી છેક રાત્રિના સાડાદશ વાગતે બહાર નીકળ્યો ભીમપરામાથી નદીને રસ્તે પસાર થતો તે નેપીયર રોડના રસ્તા પર આવ્યો, રૂબી થીએટરથી થોડે દૂર

તેને એક આકારને વણીજ ઝડપથી પસાર થતો જોયો, તેને જોતાજ હરિસિહને શક પડયો તે પણ તેનીજ ત્વરાથી તેની પાછળ ગયો, પરતુ થોડે દુર જતા એક મનુષ્યના ટોળામા તે આકાર અદ્રશ્ય થઇ ગયો હરિસિહ ત્યાજ અટકયો અને ત્યા સામેની જગ્યા પર નૃત્ય કરનારી નાયકાના નૃત્ય ગાયનમા અન્ય મનુષ્યોની પેઠે લીન્ન થઇ ગયો ફેર માત્ર એટલોજ કે બીજા મનુષ્યો ઉચી ગરદન કરી તે ગુણિકાના સૌંદર્યને નિહાળી રહ્યા હતા, જ્યારે હરિસિંહ તે ટોળામા ગુમ થયેલા પેલા આકારનેજ શોધી રહ્યો હતો

કેટલીક વારે ગાણુ પુરૂ થયુ, એક પછી એક મનુષ્યો પસાર થવા લાગ્યા, હરિસિહ પણ તેઓની માફકજ જરા દુર જઇ ઉભો રહયો, થોડી વારે પેલોજ આકાર જણાયો, સર્વેના જવા પછી તેણે પણ ચાલવા માડયુ, હરિસિહને પણ તેની પાછળ જવુ વ્યાજબી લાગ્યુ લગભગ ડેન્સોહોલ સુધી બન્ને જણા ચાલી ગયા પરતુ કાંઇ જાણવા જોગ બન્યુ નહિ, પેલો આકાર સફરના રસ્તા તરફ વળ્યો, હરિસિહ પણ તેની પાછળજ ફર્યો કેટલેક દુર જવા પછી હરિસિહનિ દ્રષ્ટી એક બીજા આકાર પર પડી તેનો ચહેરો હરિસિહથી બરાબર જોઇ શકાયો નહિ તો પણ તેના ડ્રેસ પરથી તે મોતીલાલજ હોવા જોઇએ એમ હરિસિહને લાગ્યુ અત્યારે તે કયા જતો હશે, એવી અનેક શંકાઓ હરિસિહને થવા લાગી ન્યુ હાઇસ્કુલ સામેની રામબાગ ગાડી ખાતા તરફ જતી ગલીમા બન્નેનો ભેટો થઇ ગયો ત્યા ઉભી કરેલી ગ્યાસની બતીના પ્રકાશમા હરિસિહે જોયુ તો, આગળ જનારો આકાર તે મહાદેવ હતો, આથી હરિસિહના હર્ષનો પાર રહ્યો નહિ એક પળ તેને મહાદેવને પકડેજ કરવાનો વિચાર થઇ આવ્યો પરતુ બીજીજ પળે

તે મહલ્લાઇ ગયો હરિસિંહે માની લીધેલો મોતીલાલ કેટલેક દુર નીકળી ગયો, ત્યારે મહાદેવ પણુ તેના પાછળ પાછળ ચાલવા લાગ્યો હરિસિંહે પણુ તે બન્નેનો પીછો લીધો

આ બન્નેને એકજ રસ્તે જતા જોઇ હરિસિંહને અનેક શકાઓ થવા લાગી, મોતીલાલ પર તેનો શક મજબુત થયો, મહાદેવને પણ તેનો મદદગાર માનવા લાગ્યો, તો પણ તેઓને પકડવાનુ સાહસ કરી શક્યો નહિ

મોતીલાલ, ડોક્ટર રતિલાલના ઘર પાસે અટકયો આ વખતે રાત્રિના બાર વાગી ગયા હતા ચારેકાર અધકાર છવાઇ રહ્યો હતો આવા ભયકર સમયે મોતીલાલ રતિલાલના મકાન પર શા માટે જતો હશે? શુ મુક્તા કહેતી હતી તેમ રતિલાલની શક્તિ તેને ત્યા દોરી જતી હશે? છટ આ સઘળુ મુક્તાએ ઉપજાવી કાઢેલુ હશે મોતીલાલ કાઇ ખરાબ હેતુથીજ અહી આવેલો છે એવા અનેક વિચારો હરિસિંહના હૃદયમાથી પસાર થઇ ગયા છતા બહારના દેખાવથી ભુલાવામા પડે તેવા હરિસિંહ નહોતો તેણે સઘળુ શાન્તિથી જોવાનો ઠરાવ કર્યો અને પોતે પસદ કરેલા સ્થાને શાન્તિથી ઉભો રહ્યો મહાદેવ પણુ મોતીલાલથી કેટલેક દુર હતો કેટલીક વારે મોતીલાલ રતિલાલના મકાનમા દાખલ થયો, આથી હરિસિંહનો શક વધ્યો, વળી સુકારામ પાસેથી મળેલી ચીઠીમા પણ, મોતીલાલે બદમાસોને સાવચેત રહેવા સુચના કરી હતી આ સઘળી બાબતો પરથી હરિસિંહ મોતીલાલની મુલાકાત કરવાને તલપી રહ્યો હતો પરતુ મહાદેવને પકડવાનું કામ તેના કરતાં વિશેષ અગત્યનુ હોવાથી તે નાસી ન જાય તેની સભાળ રાખતો બહાર ઉભો રહ્યા અરધા કલાક પસાર થઇ ગયો

પરતુ મોતીલાલ બહાર આવ્યો નહિ આથી મહાદેવ ત્યાથી આગળ વધ્યો હરિસિહે પણ તેની પાછળનોજ રસ્તો લીધો મહાદેવ પોતાના વિચારમા એટલો બધો મશગુલ હતો કે તેને પાછુ વાળીને જોયુ જ નહોતુ કેટલેક દુર જવા પછી તે એક મકાન પાસે અટક્યો, એ મકાન ચુનીલાલનુજ હતુ આથી તે ચુનીલાલનેજ મળવા અહી આવ્યો હશે એ જાણી લેતા હરિસિહને વાર લાગી નહિ ચુનીલાલ શરાબી બની ગયો છે, અને મહાદેવની ઉશ્કેરણીથી મુકતાને પોતાના ઘરમાથી બહાર કાઢવાના ઇરાદા પર પણ ચુનીલાલ આવી ગયો છે એ મરીયમ દ્વારા હરિસિહના જાણવામા આવી ગયુ હતુ એટલે આજે આ બદમાસ ચુનીલાલની મુલાકાતમા શુ કરે છે, એ જાણવાના ઇરાદાથી હરિસિહ મહાદેવની અદર દાખલ થવાની રાહ જોતો ત્યા થોભ્યો પરતુ આ શુ? મહાદેવે ચુનીલાલના મકાનને બદલે તેની બાજુના મકાનમા પ્રવેશ કર્યો, હરિસિહ આશ્ચર્ય પામ્યો એક પળનો પણ વિલબ નહિ કરતા તે પણ તેની પાછળ ગયો આ મકાનમા કોઇ રહેતુ હોય એમ જણાતુ નહોતુ છતા મહાદેવ એક પછી એક ઓરડા પસાર કરતો આગળ વધતો જતો હતો હરિસિહ પણ તેની પાછળજ હતો છેક છેલ્લા ઓરડામા મહાદેવ અટકયો અને આસપાસ દ્રષ્ટિ ફેરી, કોઇ ન જણાતા તે પોતાના ધારેલે સ્થળે ગયો અને હરિસિહની તેના પર ગમે તેવી બારીક નજર છતા મહાદેવ ત્યાથી અદ્રશ્ય થઇ ગયો હરિસિહ અજબ થયો તે આખો ઓરડો ફરી વળ્યો પરતુ ત્યાથી બહાર જવાનો એક પણ રસ્તો તેને ન મળ્યો હવે શુ કરવુ? વારવાર થાપ મારી જતા એ મહાદેવને શી રીતે પકડવો? શુ ચુનીલાલના મકાનમા જવાનો અહીથી કોઇ ગુપ્ત રસ્તો હશે! એમજ હોવુ જોઇએ એ ચુનીલાલ પાસેજ ગયેલો હોવો જોઇએ મુકતા અને સવિતા ન જાણે એવી ગુપ્ત મુલાકાત માટે ચુનીલાલે કોઇ ગુપ્ત માર્ગ બનાવેલો હશે

હરિસિહ હવ શુ કરવુ તેના વિચારમા થોડો સમય ત્યા ઉભો રહ્યો એટલામા હલ્લો, મી મહાદેવ તુ ઠીક સમય પર આવી પહોચ્યો, હુ તારીજ રાહ જોતો હતો- એવા શબ્દો સભળાયા આ શબ્દો ઘણીજ ઉડાણમાથી આવતા હોય એમ હરિસિહને લાગ્યુ, હરિસિહ ત્યાથી પાછો ફર્યો, પહેલો ઓરડો વટાવી જેવા તે બહાર નીકળ્યો તેવાજ એક આકાર સામેથી આવતો જણાયો હરિસિહ જરા દુર ખસી જઇ બારણાની આડમા ઉભો રહ્યો કેટલીક વારે તે આકારે ઓરડામા પ્રવેશ કર્યો તેની પાછળ એક બીજો આકાર પણ આસ્તે આસ્તે ચાલતો હોય એમ હરિસિહને જણાયુ તેના પોશાક પરથી ન કોઇ સ્ત્રી હોય એમ જણાતુ હતુ પરતુ આખા ઓરડામા અધકાર હોવાથી તેણી કોણ છે, એ જાણવુ ઘણુજ મુશ્કેલ હતુ તો પણ આગળ ચાલનાર આકારને તો તેના પોશાક અને ચાલવાની ઢબ પરથી, હરિસિહે તેને પુર્વે બદમાસોની ટોળીમા જોયેલા માણસ તરીકે ઓળખી લીધો, તેઓ કયા જાય છે, અને શુ કરે છે, એ જાણવાના હેતુથી હરિસિહ પણ ધીમે પગલે તેની પાછળ ગયો, જે ઓરડામાથી મહાદેવ ગુમ થયો હતો, તે ઓરડામા બન્ને અટકયા આગળ ચાલનારે પોતાના ખીસામાથી પોકેટ લેમ્પ બહાર કાઢી તેની ચાપ દાબી ધીમો પ્રકાશ ફેલાયો ચાલાક હરિસિહ સાવચેત રહ્યો ન હોત તો તે બદમાસોના હાથમા ફસાઇ જાત પ્રકાશમા ઓરડો શુન્યકાર જણાયા પછી પેલા આકારે પોતાના સોબતીને ઉદ્દેશીને કહ્યુ સર્વ શાન્ત છે, મહાદેવ આજે અવશ્ય પોતાનુ કાર્ય પુરૂ કરશે અને ગમે તેમ કરી મુકતાને ચુનીલાલને ત્યાથી શ્રીફળ અપાવશે જેવી તેણી બહાર નીકળે તેવીજ તારે તેને બહાર ઉભેલી ગાડીમા લઇ તને પ્રથમથી કહેવામા આવ્યુ છે, તે સ્થળે લઇ જવી ગમ ત્યાથી મુકતા પાછી નહિજ ફરે

"પરંતુ મહાદેવ, પૈસાનો લાલચુ છે, આ કાર્ય કર્યા પછી કદાચ તે આપણને સતાવશે તો?" તે સ્ત્રીએ મહાદેવ તરફ શંકાશીલ થતાં એ પ્રશ્ન કર્યો

"પણ એ સતાવવા માટે જીવતો રહેશે ત્યારેના, અહીંથી જેવો તે બહાર આવશે તેવોજ તેના જીવનનો અંત આવશે કાળીદાસ પણ આપણા કાર્યમાં વચ્ચે આવતો એક કંટક છે, તેના પણ એવાજ હાલ થશે એ માટે મે સઘળી ગોઠવણ કરી છે. એમ કહી તેણે તે સ્ત્રીના કાનમાં કાંઇક કહ્યું શું કહ્યું તે કાંઇ સમજાયું નહિ, પરંતુ એથી તે ખુશી થયેલી જણાઇ હવે બન્ને આગળ ચાલ્યાં હરિસિંહે પણ તેનું અનુકરણ કીધું પરંતુ દશેક કદમ દુર જવા પછી હરિસિંહે જોયું તો બન્ને આકારો ગુમ થયેલા જણાયા, લાચાર હતાશ બનેલો હરિસિંહ ત્યાંથી પાછો ફર્યો અને ચુનીલાલના મકાન તરફ વળ્યો દરવાજો અંદરથી બંધ હતો હવે શું કરવું એવા વિચાર માં હરિસિંહ કેટલીક વાર ત્યાં ઉભો રહયો, એકાએક કાંઇ વિચાર આવતાં તે ચુનીલાલના મકાનની બાજુમાં આવેલી એક ગલીમાં વળ્યો અને આસપાસ દ્રષ્ટિ ફેરવી, કોઇ ન જણાતાં ચુનીલાલના મકાનની દિવાલ કુદાવી તે અંદર દાખલ થયો અને ધીમે પગલે બહારની સીડી પરથી ઉપર ગયો જાળીમાંથી જોયું તો એક ઓરડામાં મહાદેવ અને ચુનીલાલ બેઠેલા જણાયા, ચુનીલાલ શરાબના નિશામાં પોતાનું ભાન ભુલી ગયો હોય એમ જણાતું હતું અને મહાદેવ તેને શરાબનો પ્યાલો આપવા પોતાનો હાથ લંબાવી રહ્યો હતો એક પળ મહાદેવને પકડી પાડવાનો હરિસિંહને વિચાર આવ્યો પરંતુ બીજીજ પળે તે બદલાઇ ગયો, બન્ને વચ્ચે શું વાતચીત ચાલે છે, તે જાણી લેવાને બારીની આડમાં તે છુપાયો

"મહાદેવ, શુ આ તુ ખરૂ કહે છે ?" કેટલીકવાર મહાદેવના હાથમાથી પ્યાલો લેતા શરાબની ધુનમા ચુનીલાલ બોલ્યો

'હા, ચુનીલાલ હુ ખરુજ કહુ છુ અરે ! સાહેબ કહેવાનુ તો ઘણુએ છે પણ જીભ ઉપડતી નથી જે વખતે મે એ દ્રશ્ય જોયુ તે વખતે હુ તો મુઢજ બની ગયો, કેટલીકવાર સુધી તો મને સ્વપ્ના જેવુ લાગ્યુ અરેરે !!! દુનિયા કેટલી વિશ્વાસઘાતી છે ચુનીલાલ કહેવાનુ તો ઘણુએ છે પરંતુ આંખો કરતા જીભ વધારે શરમાળ હોય છે, અને તેથીજ શરમને લીધે જીભ બોલવાની ના પાડે છે હશે, એ વાતને જવા દો પહેલા આ એક પ્યાલા લો પછી આપણે નીરાતે વાતો કરીશુ ?" મહાદેવ વાતમા મોણુ નાખતા અને ચુનીલાલના હાથમા શરાબનો પ્યાલો આપતા કહ્યુ

'મહાદેવ, આજે મને વધારે આગ્રહ ન કરતો આજે તો ફક્ત આ એકજ પ્યાલો હો, વધારે નહિ " ચુનીલાલે શરાબથી ભરેલો પ્યાલો ખાલી કરતા કહ્યુ

'ના સાહેબ, એમ ન ચાલે આજે મારી વતી આ બીજો એકજ પ્યાલો લવો પડશે " મહાદેવ બીજો પ્યાલો ભરી આપતા કહ્યુ

" મહાદેવ, તારો પ્રેમ કઇ અજબ છે ના પાડુ તો તને માઠુ લાગશે, હશે લાવ ત્યારે, તારી ખાતર આ એકજ પ્યાલો પીઉ છુ !" એમ કહેતોજ તે બીજો પ્યાલો પણ ગટગટાવી ગયો અને પછી બોલ્યો 'બોલ મહાદેવ, હવ તુ શુ કહેતો હતો ?"

ચુનીલાલ, શુ કહુ ? આ ઘરમા હવે તમારૂ કોઇ માનતુ જ નથી જોયુ ના તે દિવસે એક ત્રણ બદામની મુકાતાએ આપના

નવા નોકરને રજા આપવાની હિમત કરી શુ આ તમો ઓછુ અપમાન સમજો છો ' સાહેબ, આતો શરૂઆત છે હજુ હાથમાથી બાજી છટકી નથી જો શરૂઆતમાજ ચેતી જશો તો જીતશો નહિ તો પાછળથી પસ્તાવુ પડશે એ દિવસ પછી મુકતા અને મોતીલાલ તમને પણ ઘરમાથી કાઢી મુકશે માટે ચેતો—હજુ ચેતો—સમજ્યા ”

“ અરે એ મોતીલાલના શા ભાર છે, મને એની શી પરવા છે, એની મારા ઘરમા શી કીમત છે ” ચુનીલાલ શરાબની સહજ ખુમારીમા બોલ્યો

“ સાહેબ, તમને એની કિમત ભલે ન હોય પરતુ સવિતામાને તો એમનીજ કિમત છે એતો એમના સિવાય બીજા કોઇને દેખતાજ નથી જો ઘરમા આપનુ ચલણ હોય તો મને આવવાની મનાઇ હોય' મુક્તાએ નવા નોકરને રજા આપી અને મોતીલાલે મને ઘરમા આવવાની મનાઇ કરી ” મહારેન્દ્રે ચુનીલાલને ઉશ્કેરવાની શરૂઆત કરી

‘ મોતીલાલ કોણુ છે' ઘર મારૂ છે. તુ એનુ શુ કામ માને છે' ” ચુનીલાલે સહજ ઉશ્કેરાટમા કહ્યુ

“ ન માનુ તો શુ કરૂ, પેલો હરિસિહ મારી પાછળ પડયો છે મને પકડવાને તે પડછાયાની માફક મારી પાછળજ ફરે છે જોયુના તે દિવસે આમલીવાળા તળાવ પાસેના આપણા ગુપ્ત સ્થાનમા પણ તે પહોચી ગયો હતો, આ સઘળુ કારસ્થાન એ મોતીલાલનુજ હતુ હુ તમારી પાસ આવુ છુ અને મારે તમારી સાથે સ્નેહ છે એ તે જોઇ શકતો નથી, એટલે તે હરિસિહને ખબર આપી મને પકડાવવાનો કોશીષ કરી રહ્યો છે પરતુ એમા તે ફાવી શકે તેમ નથી કારણ કે મે હરિસિહ જેવા કૈકની આખોમા ધુળ નાખી છે હરિસિહ તમારો

મિત્ર છતા મોતીલાલના ભભેરવાથી તમારા છિદ્રો જોવા જ્યા જ્યા તમો જાઓ છો ત્યા તમારી પાછળ આવે છે, આટલુ છતા સવિતાબા મોતીલાલ અને હરિસિહ કહે તેટલાજ પગલા ભરે છે મુકતા પણ એમને અનુકુળ છે હુ આપના જીવને આરામ આપવા કાઇ કોઇ વખતે અહીં આવુ છુ, એ મુકતા મારફત મોતીલાલના જાણવામા આવી ગયુ છે અને આજે મે એમ પણ સાભળ્યુ છે કે મનાએ મગી ટેલીફોન દ્વારા હરિસિહને અહી બોલાવલ છે આજે સર્વનો ઇરાદો તમને ગીધુમન્દર મોકલવાનો અને મને વગર ભાડાની કોટડીને સ્વાધીન કરવાનો છે આમ થયુ એટલે સવિતા અને મોતીલાલ નથી કહેતો પાપ એની મેળે ફુટશે " મહાદેવ વાતમા મોણ નાખવા માડયુ

"મહાદેવ, શુ એટલી હદ સુધી વાત પહોચી છે ? બસ, આજને આજ એ સર્વને એક એક લાત મારી માગ વરમાથી બહાર કાઢીશ શુ હું નામર્દ છુ ? મહાદેવ, લાવ લાવ શૌર્ય અને સામર્થ્ય અર્પનાર એક શરાબનો બીજો પણ પ્યાલો આપ "

આજ્ઞા મળતા મહાદેવે બોટલમાથી ગ્લાસ ભરી તે ચુનીલાલને આપવા હાથ લબાવ્યો, એટલામા કોઇનો પગરવ સભળાયો મહાદેવ ગમ કયો તે કપિત સ્વરે ચુનીલાલને ઉદ્દેશીને બોલ્યો "સાહેબ, સવિતા અને મુકતા અહી આવતાં હોય એમ જણાય છે, તેઓ મને અહીં જોશે તો મારા બાર વાગી જશે, હું નાહક માર્યો જઇશ હરિસિહ આવ્યો હશે તો નાસવાનો લાગ નહિ મળશે અને હુ પકડાઇ જઇશ "

" મહાદેવ, યાર ગા માટે ગભરાય છે" " હરિસિંહના શા ભાગ છે કે તે મારી સમક્ષ તને પકડી શકે લાવ, એક પ્યાલો દારૂનો મારે માટે ભરી લાવ, જલદી કર–લાવ–ઝટ કર ચુનીલાલે નિશામાજ કહ્યુ

મહાદેવથી ના કહેવાઇ નહી, તેણે ભરેલો પ્યાલો ચુનીલાલના હાથમા આપ્યો અને બરાબર એજ સમયે મુક્તા અને સવિતા ત્યા આવીને ઉભા રહ્યા મહાદેવ એકી દ્રષ્ટિએ તેઓના સામે જોઇ રહ્યા, ચુનીલાલ આપેલો પ્યાલો ગટગટાવી ગયો, સવિતાથી આ દેખાવ ન જોઇ શકાયો તે સક્રોધ ડોળા ધુરકાવતી મહાદેવ તરફ ફરીને બોલી લુચ્ચા, નીચ, બદમાસ, તુ હજુ પણ મારા નાથનો પીછો છોડતો નથી અરેરે! મારા સસારની ધુળધાણી કરનાર ખાટકી તને જરા પણ પ્રભુનો ડર નથી"

"ચુપકર સવિતા એક અક્ષર પણ ન બોલ, બન્ને ત્યાજ ઉભા રહો હુ આ દારૂ પીઉ છુ તે તમો બન્ને હસતે મોઢે જોયા કરો, મહાદેવ એક પ્યાલો તુ લે અને બીજો મને આપ' શુદ્ધિ ભુલેલા શરાબી પતિએ પત્નિને ઠપકો આપતા કહ્યુ

"નાથ, આ શુ કરો છો! જરા તો શરમ રાખો! આ બહુ ખોટુ થાય છે આ ચાડાળની સોબતથી "

'સવિતા ખબરદાર, જો મારા મિત્રના સબધમા એક પણ કડુ શબ્દ બોલીશ તો લાત મારીને ઘરમાથી બહાર કાઢી મુકીશ આ તારો ચુડો ભાગી નાખીશ—એમ કહેતાજ તેણે સવિતાનુ કાડુ પકડ્યુ અને તે મહાદેવના હાથમા આપતો બોલ્યો–મહાદેવ તુ મારો ભાઇ છે, સવિતાના હાથમાનો ચુડો ભાગી નાખ, મહાદેવ ઉઠ તને

મારા સમ છે તુ મારો વહાલો દોસ્ત છે યાર તુ સવિતાના હાથમાંનો ચુડો ભાગ–ઉંડ–ભાગ–ભાગ મહાદેવ ચુડો ભાગ–એ–મારા ગગીના–યાર મારા હૈયાના હાર–તુ તો ખરો દિલદાર–ભાગ ચુડો સવિતાનો ચુડો ભાગ–તુ મારો ભાઇ છે–તુ મારો બાપ છે–તુ મારો સસરો છે–તુ મારો દેવ છે–તુ તો મારો પરમાત્મા છે–પરમાત્મા–તુ જ મારો દારૂ ઉડ પ્યારા વાર કેમ કરે છે સવિતાનો ચુડો ભાગ-મુક્તાના માથાનો ચોટલો કાપ અને પછી મારૂ જનોઇ કાપ લે લ આ કાપી નાખ લે આ મારૂ જનેઇ" નગમના નિશામા ચુનીલાલે જેમ તેમ બકવા માડ્યુ, તેને આ વખતે પોતાના શરીરનુ પણ ભાન નહોતુ ગદમાસ મહાદેવે આ તકનો લાભ લીધા તેણે સવિતાના શરીર પરના તમામ દાગીના ઉતારી લઇ પોતાના ખીસામા સેરવી દીધા અને પછી તેણીનુ કાંડુ પકડી હાથમાની ચુડી ખેચવા લાગ્યો, સવિતા અત્યંત આક્રંદ કરતી મહાદેવને વિનવવા લાગી પરંતુ એ નીચને તેની દયા ન આવી ચુનીલાલ શરાબના નિશામા એક કોચપર પડ્યો પડ્યો આ દ્રશ્ય જોઇ રહ્યો હતો, સતિ દ્રૌપદીના ભર સભામા પાંડવોની સમક્ષ દુશાસન જાણે વસ્ત્ર ખેચતો હોય એવા અનુકંપા ઉપજાવનારો એ દેખાવ હતો મુક્તા સવિતાની એ સ્થિતિ જોઇ અત્યંત આક્રંદ કરતી અને મહાદેવને વિનવતી ગદગદિત સ્વરે બોલી, મહાદેવ, મહાદેવ, આ શો અત્યાચાર! આ તુ શુ કરે છે! જરા વિચાર કર, આ તારૂ કર્મ જીવતા નર્કવાસ ભોગવવા જેવુ છે

'સાભળ્યુ સાહેબ મુક્તા તમારા ઘરને નર્કવાસ કહે છે." કોચ પર બેશુદ્ધ પડેલા ચુનીલાલને પંપાળતો મહાદેવ બોલ્યો

"લુચ્ચી, મારા ઘરને નર્કવાસ કહેનાર કામિની, જા–મારા ઘર માંથી ચાલીજા–સવિતા તુ પણ જા મારે કોઇ નુ કામ નથી

મારૂ ઘર ખાલી કરો ઉઠો જાઓ લથડીયા ખાતા ખાતા કોચ પરથી ઉઠી ચુનીલાલે બન્નેને ધક્કા મારી ખસેડના કહ્યુ

"માના ચાલો, આ ઘરમા હવે પાણી પીવા પણ થોભવુ વ્યાજબી નથી. ચાલો મારી માથે ચાલો

"મુક્તા, મારી તો ખરી કસોટી પ્રભુએ શરૂ કરી છે શુ આવી સ્થિતિમા મારાથી ઘર છોડીને જવાય, એમના સુખમા હુ ભાગીદાર બની મે એમની સાથે સુખ ભોગવ્યુ, હવે દુખ ભોગવવા નો વારો આવ્યો એટલે શુ મારે ઘર છોડવુ' પતિને દુખમા મુકી પલાયન કરવુ! એ તો કુલટાનુ કામ છે નહિ, મુકતા મારાથી એ નહિ બને જેમના પ્રતાપે સુખ ભોગવ્યુ તેમના પ્રતાપે દુખ ભોગવવાનુ આવ ત્યારે નાસી જનાર સ્ત્રી ખાનદાનનુ ફરજદ નજ ગણાય મારો દેશ પાતિવ્રત્યને માટે પ્રસિદ્ધ છે,, મારાથી એ પ્રસિદ્ધિને ઝાખપતો નજ લગાડાય. મરણ મળે તો શુ થયુ' પ્રાણપતિના પગલા આગળ મરણ એજ સ્ત્રીઓના કૈલાસવાસ છે"

"મહાદેવ શુ જોઇ રહ્યો છે' તને મ મારા સમ દીધા છે ભાગ–આ–સવિતાનો ચુડો–ભાગ બન્ને હાથના ચુડા ફોડ–લે આ લાકડી કર ચુડાના કડકા–લથડીયા ખાતા અને કોચ પર પોતાની જગા લેતા ચુનીલાલે–લાકડી મહાદેવના હાથમા આપી

મહાદેવે સવિતાનુ કાડુ પકડી ચુડી ખેંચવા માડી, મુકતાએ વચ્ચે પડી મહાદેવને અટકાવવા ઘણો પ્રયત્ન કર્યો, પરતુ તેમા તે બિચારી નિષ્ફળ નીવડી તે રડના રડતા બોલી ઓ પ્રભુ તુ કયા છો મારી માતાની આ દશા તુ કેમ જોઇ રહ્યો છે, દ્રૌપદીના ચીર ખેંચતા

તુ દોડી ગયા હતો, ઓ ! ભકતવત્સલ દીનદયાળ, પ્રભુ એક પાપી દુષ્ટના હાથે સાધ્વી સવિતાના સૌભાગ્ય અલકારોનુ હરણ થાય છે? ઓ દ્વારકાધીશ દોડ, મોતીલાલ, હરિસિહ, તમે કયા છો! આવો આવો, આ પાપીના હાથથી સવિતાને બચાવો

ખબરદાર, જો એક તસુ પણ આગળ વધી તો ગરદનજ ઉડાવી દઇશ એ મોતીલાલ કે હરિસિહનુ નામ ઉચારીશ તો જીભજ કાપી લઇશ, સમ જી' ઇ–ઇ " ચુનીલાલે નિગામાજ કોચ પરથી ઉઠી મુકતાને ધકો મારતા કહ્યુ

"માતા આ અમર્યાદિત સ્થાનનો ત્યાગ કરો મારી સાથે આવો" મુક્તાએ રડતા રડતા સવિતાનુ કાડુ પકડી પોતાની સાથે આવવાનો આગ્રહ કરતા કહ્યુ

"મુકતા, આ ઘરમાથી મને કયા જવાનુ કહે છે' હુ કયાં જાઉ' '

"આપના પિતાને ત્યા અથવા આ નર્કવાસની બહાર કોઇ પણ ઠેકાણે" મુકતા એ કહ્યુ "

'બહેન, આ નર્ક' જ્યા આ પુજ્ય પગલાનો વાસ છે તે નર્ક! બહેન તુ ભણેલી ડાહી વિચારશીલ અને ઠરેલ મનની છતા આ શુ બોલે છે? અરે! જ્યા આ પુણ્ય પગલા હશે ત્યાજ મારૂ સ્વર્ગ ત્યાજ મારૂ વૈકુઠ, અને ત્યાજ મારો કૈલાસ આ દેવ પગલાં વગર મારે કોઇ પણ ઠેકાણે ભલે તે મોટા રાજમહેલમા અગર ઇદ્રાપુરીમા રહેવાનુ થાય તો પણ મને તો તે નર્ક સમાનજ થશે આ મારા દેવ જ્યા વસે ત્યાંજ મારે તો દેવદ્વાર અને મદિર છે ચૌદ ચોકડીના રાજ્યમા

ગણી થઇ રહેવા કરતા, દુર્દૈવની દાસી થઇને પતિના પગલા આગળ દુ,ખમા દિવસ કાઢવા એજ મને પસદ છે એજ મારો ધર્મ છે આ પવિત્ર પગલામાજ મારૂ સર્વસ્વ છે, આ પગલાની પુજા કરીને મારૂ આખુ આયુષ્ય દુ ખમા ગાળવામાજ મારૂ સુખ છે, એમ કહેતાજ સવિતા પતિના ચરણો પર શીર મુકી રડતી રડતી પતિને આજીજી કરવા લાગી પરતુ શરાબના નિશામા ભાન ભુલેલા ચુનીલાલે તેણીને પદાઘાતથી દુર ખસેડી અને મહારાજને તેની ચુડી ખેચી કાઢવાની પુન આજ્ઞા કરી ચુનીલાલના આ વર્તનથી મુકતાએ સવિતાને ફરીને પણ સમજાવવાનો પ્રય ન કરવા માડ્યો

"માતા, અત્યારે મારા પિતા બિલકુલ ભાન વગરના બની ગયા છે, મારૂ કહેવુ માનો તો એકાદ બે દિવસ માટે આ ઘરનો ત્યાગ કરો, જેને તમો પુણ્ય પગલા માનો છો તે પુણ્ય પગલાનો થોડા સમયને માટે મોહ છોડો માતા માની જાઓ, હુ તમારી દુશ્મન નથી મારી ખાતર નહિ તો આ નાના બચ્ચાની ખાતર મારૂ કહેવુ માની જાઓ"

"મારા બચ્ચાની સભાળ હજાર હાથવાળો પોતેજ કરશે, મે તેનાજ સ્વાધીનમા એને સોપેલો છે મારી ફરજ પતિની સેવામા સમા એલી છે મારાથી એ મોહ નહિ છોડાય, આ પગલામાજ મારૂ આયુષ્ય છે આ પગલાજ મારૂ સર્વસ્વ છે, સમજી" મુકતાના મતનુ ખડન કરતા સવિતાએ જવાબ આપ્યો અને પછી ચુનીલાલ તરફ ફરીને બોલી, નાથ, આપે મને લાત મારી પણ હુ તેમા ચર્ણ સ્પર્શ થવાનુ પુણ્ય માનુ છુ, મને આપથી દુર ન કરો હુ આ પગલા મુકી દુર જવાની

નથી, મારો જીવ આ પગલા પાસેજ રહેશે અને જશે આપ કહેશો તેવી રીતે રહેવા હુ કબુલ છુ, મારા ઉપર દયા કરો "

"જો તારે અહીં રહેવુ હોય તો પેલા હરામખોર મોતીલાલનુ નામ લેતી નહિ, એમનુ મ્હો પણ જોતી નહિ, એ લુચ્ચા પાસેથી કે આ મુક્તા પાસેથી એક પૈસો પણ મારા ઘરમા લાવતી નહિ, એ બધુ જો તને કબુલ હોય તો તુ મારી સાથે રહે, હુ મારા મનમા આવશે તેમ વર્તીશ આ મારા મિત્રને હમેશા હુ મારી પાસેજ રાખીશ સમજી" દારૂના ઘેનમા પણ માધવની મનિતાના કરૂણ કલ્પાનથી ચુની લાલનુ હૃદય પીગળી ગયુ, ને મહાદેવને એક બાજુ ખસેડી કોચ પરથી ઉભો થયો અને લથડીયા ખાતો સવિતાની નજીક આવી બોલ્યો! જો તને મારૂ કહેવુ કબુલ હોય તો સોગદ લે જલદી કર વાર કરીશ તો ન–હિ ચા–આ–આ–લે

"આપને જેમા સુખ થશે તેવી રીતે હુ વર્તીશ, વળી સોગન લેવાથી જો આપને સુખ હોય તો હુ સોગન લઉછુ કે આ જીદગીમા હુ દુખ વેઠીશ, મહેનત મજુરી કરીશ પણ મુક્તા કે મોતીલાલ એક કોડી સરખી પણ હુ મારા ઘરમા નહિ લાવુ મોતીલાલ, મુક્તા કે હરિસિહનો પૈસા આજથી મારે શીવનિર્માલ્ય છે" સવિતાએ આખમા અશ્રુ લાવી સોગન લેતા કહ્યુ

"માતા, માતા, આ શુ! તમે કાઇ ઘેલા તો નથી થયા, રોજ અન્નના અભાવે ફાકા પડવાની દશા છે, ત્યા આવા સોગન તમે કેમ લીધા એક દગલબાજ દારૂડીયાની"

"ખબરદાર મુક્તા આવા શબ્દો મારા સાભળતા હુ તને નહિ ઉચ્ચારવા દઉ પતિના સમક્ષમા આવા શબ્દો મુગે મોઢે સાભળવા

તે પતિવ્રતાને ન શોભે, બાપ, ભાઇ, મામા, માસી, સર્વ આ જગ તમા કોઇ નથી પતિવ્રતાને પતિ સિવાય કોઇ સગુ જ હોતુ નથી, તે બાપની છોકરી નથી, ભાઇની બ્હેન નથી, છોકરાની મા નથી, તે તો ફકત પ્રભુએ કરેલા અને વિધિએ આપેલા પતિની પત્નિ છે મુક્તા છોકરીના લગ્નનો સમારભ મા બાપને આનદ આપે છે પરતુ છોકરીના મા બાપે તો તે છોકરીની ઉત્તર ક્રિયાજ સમજવી જોઇએ જ્યારે કન્યાદાન વખતે મારા પિતાએ આ પવિત્ર હાથ ઉપર પાણી મુકયુ, તેજ વખતે મારા પિતાએ મારૂ શ્રાધ સરાવ્યુ કન્યા દાનનુ પાણી એ છોકરીના નામે તિલાજલીજ સમજવી"

"સવિતા, હજુ એ ચબાબલી કેમ ઉભી છે? એને બહાર કાઢી મુક, એ કુલટાનુ મારા ઘરમા કામ નથી, એને કહે કે તે પોતા ની મરજીમા આવે ત્યા ચાલી જાય, ચુનીલાલે બેશુદ્ધ હાલતમાજ મુક્તાને પોતાનુ મકાન છોડી જવાની સુચના કરતા સવિતાને ઉદ્દેશીને કહ્યુ પતિની આ આજ્ઞા સાભળી સવિતાને આકાશ તુટી પડવા જેવુ લાગ્યુ પરતુ પતિની આજ્ઞાનુ પાલન કરવાનો પોતાનો ધર્મ સમજી તેમજ લીધેલા સોગનનુ સ્મરણ કરી સવિતા મુકતા તરફ ફરીને ગદ ગદિત સ્વરે બોલી "મુક્તા સાભળ્યુ ના—મારા પતિની આજ્ઞાનો પડઘો તારા કાન પર અથડાયોના? બેટા જા, મારા માટેની માયા મમતા છોડી અહીથી ચાલી જા, મે તારૂ પુત્રીવત્ પાલન કર્યુ છે, તે મને માતૃવત્ માન આપ્યુ છે, તને અહીથી જવાનુ કહેતા—આ અવિવેક કરતા મને દુખ થાય છે પણ શુ કરૂ મારો ધર્મ મારે બજાવવોજ જોઇએ જા બહેન જા, મોતીલાલના શરણમા જા, મારા ઘરમા આવો પ્રકાર શરૂ થયા પછી તારા જેવી નિર્દોષની ઇજત સાચવવી એ બહુ કઠણ કામ છે"

"માતા, મારી આબરૂની વાત કરો છો પણ તમારૂ શુ" સવિતાને બોલતી અટકાવી મુકતાએ રડતા રડતા વચ્ચેજ કહ્યુ

"આ પવિત્ર વૃક્ષની શીતળ છાયા હોય ત્યા મારી ઇજ્જત સહિ સલામત છે જા, બહેન મારી ચિતા તજીદે " સવિતાએ આખમા આસુ સારતા કહ્યુ.

"પરતુ માતા આટલી મોડી રાત્રે હુ કયા જઇશ! કોનો આશ્રય લઇશ"

'ગમે ત્યા જા પ ણ એ એ ક = અ અ ચ ચાલી જા આ આ " ચુનીલાલે લથડીયા ખાતા અને મુકતાને આગળી વતી રસ્તો બતાવતા કહ્યુ

"હા નહિ તો ધક્કો મારી બહાર કાઢવી પડશે " મહાદેવ ચુનીલાલના મતને અનુમોદન આપતા કહ્યુ

નિરૂપાય બનેલી મુકતા અશ્રુ ભર્યાં નેત્રે સવિતાના સામુ જોઇ રહી, તેણીની દયાઈ સ્થિતિ જોઇ સવિતાને ઘણુ લાગી આવ્યુ તેણી એ માત્ર હાથના ઇશારાથી મુકતાને મકાન છોડી જવાને જણાવ્યુ, તેનો કઠ રૂ ધાઇ ગયેલો હોવાથી તેણીનાથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ નિરાશ હતાશ બનેલી મુકતાએ એ મકાનનો ત્યાગ કર્યો તેને જવાને બહુવાર થઇ નહિ હોય એટલામા હરિસિહે બારીમાથી કુદી એ ઓરડામા પ્રવેશ કર્યો. મહાદેવ ગભરાયો તે નાસવાનો લાગ શોધવા લાગ્યો, ચાલાક હરિસિહ ચેતી ગયો તેણે પોતાના ખીસામાથી

નિવાન્તર બહાર કાઢી અને બરાબર મહાદેવના સામે તાકી પરંતુ હરિસિંહ પોતાનુ કાર્ય પુરૂ કરે તે પહેલા બારીમાંથી બે હાથો બહાર નીકળ્યા અને હરિસિંહની ગરદનની આસપાસ ફરી વળ્યા—હરિસિંહનુ ગરદન દબાની તેને આગળ વધતો અટકાવ્યો મહાદેવ આ તકનો લાભ લીધો અને જેવી રીતે તે દાખલ થયો હતો તેવીજ રીતે ત્યાથી પસાર થઇ ગયો

---

# પ્રકરણ ૨૦ મું.

## શયતાનોની સોબતનુ પરિણામ

મહાદેવના ચાલી જવા પછી કેટલીક વારે હરિસિંહ મહામુશીબતે બદમાસના સકંજામાથી છુટો થયો, બારીમાથી જોયુ તો થોડા સમય પુર્વે જોયેલા આકારો નાસતા જણાયા, એક પળનો પણ વિલંબ નહિ કરતા હરિસિંહ બારીમાથી કુદી પડયો અને નાસતા આકારોની પુઠ પકડી કેટલેક દુર જવા પછી એ દોડતા આકારો પૈકી એકને હરિસિંહે બાથમા લઇ લીધો અને પોતાના ખીસામાથી હાથકડી બહાર કાઢી તેના હાથમા પહેરાવી દીધી ઓરડામા સર્વત્ર અંધકાર ફેલાએલો હોવાથી એ આકારને ઓળખવા માટે હરિસિંહે પોકેટ લેમ્પની ચાપ દાબી, તેના પ્રકાશમા જોયુ તો તે અજબ થયો. કારણ કે પકડાએલો આકાર મોતીલાલ હતો, તેનાથી કેટલેક દુર એક નાના દરવાજા પાસે મુકતા ગમગીન ચહેરે ઉભેલી હતી આથી હરિસિંહના આશ્ચર્યનો પાર રહ્યો નહી, થોડા સમય પુર્વે જોયેલા બે આકારો તે

મોતીલાલ અને મુક્તાજ હોવા જોઇએ એમ હરિસિંહે અનુમાન કરી લીધુ મુકતા અને મોતીલાલને નિર્દોષ માનના હરિસિંહને હવ અનેક નકાઓ થવા લાગી રૂબી થીએટર પાસે મહાદેવની સાથે મોતીલાલને જોયો હતો અને તે રતિલાલના મકાનમા અટકયો હતો એટલે રતિલાલની સલાહથી તે અહી આવ્યો હોય તો એમા કાઇ શક નથી મારી ગરદનની આસપાસ ફેલાયલા હાથો પણ એનાજ હોય એમ લાગે છે મુકના તેની મદદગાર હોની જોઇએ, એવા વિચારે તે આગળ વધ્યો અને મુકતાને પણ મોતીલાલની માફક પરહેજ કરવા તેણે પોતાના ખીસામાથી એક બીજી પણ હાથકડી બહાર કાઢી પરતુ મુકતા પાસે જઇ પહોચે તે પહેલા તેણી ત્યાથી અદ્રસ્ય થઇ ગઇ, હરિસિંહનો શક વધ્યો, મોતીલાલ પણ નાસી ન જાય, એટના માટે ત્વરિત તે મોતીલાલ જે સ્થળે ઉભો હતો ત્યા આવ્યો મોતીલાલ પોતાના હાથમા હાથકડી જોઇ જાણે આશ્ચર્યમા ગરકાવ થઇ ગયો હોય એમ તેના ભાવ પરથી જણાતુ હતુ. તેની આ સ્થિતિ જોઇ હરિસિંહ બોલ્યો "કેમ, મોતીલાલ શુ વિચાર કરો છો? તમારી મદદગાર અત્યારે તો આમાથી છટકી ગઇ છે પરતુ તે કરાચીમાથી છટકી જઇ શકે તેમ નથી, આવતી કાલેજ હુ તેને પકડી પાડીશ"

"કોણ હરિસિંહ! તમે અહી કયાથી? પેલો પિશાચ શુ છટકી ગયો? શુ આ હાથકડી એજ બદમાસ મારા હાથમા નાખતો ગયો!"

"પિશાચ નહિ, પણ પિશાચણી કહો મોતીલાલ અત્યાર સુધી હુ તમારા બહારના નિર્દોષ દેખાવ પર લોભાયો હતો મુકતાની ચાલાકી ભરી વાતોમા ઠગાયો હતો, પરતુ આજે મારી આખે જોયેલા દ્રશ્યથી મને ખાત્રી થઇ છે કે આણદલાલનુ ખુન કરવામા મુકતા"

'સમજ્યો હરિસિંહ, હું બરાબર સમજ્યો બિચારી નિર્દોષ અનાથ બાલિકાને તમો નાહક સતાવો છો સાભળો હરિસિંહ મેંજ મારા ભાઇનું ખુન કર્યું છે, મેંજ તેને વિષ પાયું છે, હું જ તેનો ખુની છું મને પકડો કેદ કરો, વૃથા બિચારી મુક્તાને ના સતાવો મોતીલાલ હરિસિંહને પગે પડયો, તેની આંખમાંથી અશ્રુ બિંદુઓ ટપ કવા લાગ્યા, હરિસિંહ આ બનાવથી દંગજ થઇ ગયો દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરતા તેને જણાયું કે પોતે કરેલું અનુમાન ખોટું છે, મુક્તા અને મોતીલાલ બન્ને નિર્દોષ છે, મુક્તાની ખોટી રીતે ખરાબી ન થાય એવા શુભ ઉદ્દેશથીજ મોતીલાલ આમ બોલે છે વાસ્તવમાં તે નિર્દોષ છે અહા કેવો શુદ્ધ પ્રેમ! મુક્તા તું કેવી ભાગ્યશાળી! ખરેખર આવા પ્રેમને ધન્ય છે, એક વાર હરિસિંહને એવો પણ વિચાર આવ્યો કે વખતે મોતીલાલ કહેછે તે કદાચ ખરૂ પણ હોય, પરંતુ બીજીજ પળે એ વિચાર બદલાઇ ગયો તેને ખાત્રી થઇ ગઇ કે મોતીલાલ નિર્દોષ છે મુક્તા તરફના શુદ્ધ પ્રેમનુંજ એ પરિણામ છે, તેણે હસતા હસતા મોતીલાલના હાથમાંથી હાથકડી કાઢતા પુછયું મોતીલાલ શું આ સઘળું તમે ખરૂ કહો છો? શું ખરેખર તમે દોષિત છો?"

આ વખતે મોતીલાલનું શરીર કંપતું હતું, અનેક પ્રકારની ચિંતા થયા કરતી હતી, મુક્તાનું રક્ષણ કરવાનો કોઇપણ ઉપાય હાથ નહિ લાગવાથી પોતેજ એ દોષ માથે ઓઢી લેવાને તૈયાર થયો હતો તે બોલ્યો "જી હા, હું દોષિત છું,"

"મોતીલાલ, ત્યારે તમે તે આજ સુધી કેમ ન કહ્યું"

'કહેવાનો ઇરાદો નહોતો."

"ત્યારે અત્યારે વિચાર કેમ થયો?"

'એક નિર્દોષને નાહક હેરાન થતી જોઇને '"

'ત્યારે હવે તમારા સિવાય બીજા તો સઘળા નિર્દોષ છેના'" હરિસિંહે વિચીત્ર પ્રશ્ન કર્યો "

"હા"

હરિસિંહને મોતીલાલના એકરારપર બિલકુલ વિશ્વાસ આવ્યો નહિ, તેણે ધાર્યું કે આ સઘળુ મુકતાની નિર્દોષતા જાહેર કરવા માટેજ થાય છે હરિસિંહના ગુચવાડાનો પાર રહ્યો નહી, ખરૂ શુ એ જાણવુ તેને મુશ્કેલ થઇ પડયુ મોતીલાલને છુટો મુકવો કે કેમ એ પણ તેને વિચાર થયો, થોડીવાર તે વિચારમાજ ઉભો રહ્યો, કેટલીકવારે કાંઇ વિચાર આવતા તે બહાર જવાના ઇરાદાથી બે પગલા પાછળ હઠયો, પરંતુ તેને તેમ કરતો અટકાવવાને મોતીલાલે કહ્યુ હરિસિંહ કયા ચાલ્યા' શુ તમોને મારા બોલવાપર ભરોસો નથી?

"નહિ, બિલકુલ નહિ"

'ખેર તમે વિશ્વાસ નહિ કરો, તો પછી હુ પોતે જાતેજ પોલીસમા જઇ સઘળુ કબુલ કરી દઇશ"

"તમો પોલીસ સ્ટેશનમા જઇ આ સઘળુ જુઠુ કહેશો, એમ પણ મને વિશ્વાસ નથી '

"જુઠુ નહિ, હરિસિંહ હુ સત્યજ કહુ છું મેજ એ ખુન કર્યું છે, તમો નાહક બિચારી મુકતા પર શક લઇ જાઓ છો, હુ તેનો સ્વભાવ સારી રીતે જાણુ છુ તે બિચારી નિર્દોષ છે. નિર્દોષને

દુખ દેવાથી તમોને શુ લાભ થશે? હરિસિહ, જો તમો એ બિચારી નિર્દોષને ફસાવશો તો હુ તેમને છોડાવીશ મેજ ખુન કર્યું છે એમ કબુલ કરીશ હુ સત્યજ કહુ છુ કે એ ખુન મેજ કર્યું છે મુક્તા બિચારી નિર્દોષ છે તેણીને નાહક હેરાન નહિ કરો, હુ તમારે પગે પડુ છુ મનેજ પકડો મોતીલાલની આખમાંથી આસુ પડવા લાગ્યા, તેનો કંઠ રુધાઇ ગયો હરિસિહથી આ દ્રશ્ય જોઇ શકાયુ નહિ, શુદ્ધ પ્રેમના ઉમળકાની શક્તિએ હરિસિહના પર સચોટ અસર કરી, તે મોતીલાલને ઉદ્દેશીને બોલ્યો, મોતીલાલ, મુક્તાને માટે તમે કાઇપણ ચિંતા નહિ કરો મુક્તાને હવે હુ નિર્દોષજ માનુ છુ અને જેવી તે છે તેવાજ તમે પણ નિર્દોષ છો મોતીલાલ એવી જુઠી વાતો પોલીસમા જાહેર ન કરતા એમ કરવાથી અમોએ અત્યાર સુધી કરેલી તપાસ પર પાણી ફરી જશે ખરો ખુની બચી જશે અને નાહક તમારા પર આફતનુ વાદળ તુટી પડશે તમો મુક્તાને અત્યત ચાહો છો, એ હુ બરાબર સમજી રાક્યો છુ, અને એથીજ તમને ભલામણ કરૂ છુ કે જો તમે મુક્તાનુ શુભ ઇચ્છતા હો, તો તમો આવુ સાહસ કરતા ના. હુ ટુક સમયમાજ સર્વ પતો મેળવી લઇશ કિનારે આવતુ વહાણ ડુબાડવાની કોશીષ ના કરતા, તમારૂ કે મુક્તાનુ કાઇપણ અનિષ્ટ ન થાય એવો સઘળો બદોબસ્ત હુ કરીશ"

મોતીલાલ આથી ઘણો ખુશી થયો, અને હરિસિહના બન્ને હાથ પકડી કહેવા લાગ્યો "હરિસિહ કૃપા કરી મુક્તાને બચાવી લો, તે બિચારી બીલકુલ નિર્દોષ છે"

"મોતીલાલ, તમો તેની કાઇ પણ ચિતા નહિ કરો હુ તમારી પાસે પ્રતિજ્ઞા કરૂ છુ કે કદાચ મુક્તા દોષિત પણ ઠરે તો પણ હુ તેને બચાવી લઇશ

પ્રભુ તમારૂ ભલુ કરે ' મોતીલાલ એટલુ જ માત્ર બોલી શકયો તના આખમાથી અશ્રુ બિદુઓ મગવા માડયા

ગભરાઓ નહિ, મોતીલાલ પ્રાણુને પણુ હૂ મારી પ્રતિજ્ઞા પાળીશ હા પણુ મોતીલાલ, તમો અહી શા માટે આવ્યા હતા''

હરિસિહ એ હુ પોતે પણુ જાણુતો નથી"

'એ કેમ મનાય ' હરિસિહ ફાટી આખે ઘડી ભર મોતીલાલની સામે જોઇ રહ્યો અચાનક એક બારીમાથી ચળકતી બે આખોએ હરિસિહની આખોને સ્થિર કરી દીધી, આખો ઘેરાવા લાગી તે બેશુદ્ધ થવાની અણીપર હતો એટલામા 'સાવધાન હરિસિહ, ભાન મા આવ" એમ કહેતી એક સ્ત્રીએ હાથમા બતી લઇ તે ઓરડામા પ્રવેશ કર્યો હરિસિહ સાવધ થયો બતીના પ્રકાશમા જોયુ તો મરીયમ સામે ઉભેલી જણાઇ

'કેમ હરિસિહ, મોતીલાલ અહી શી રીતે આવ્યો એ હવે તને સમજાયુ' કેટલીકવારે મરીયમે હરિસિહને ઉદ્દેશીને કહ્યુ '

'નહિ મરીયમ, હજુ મારાથી એ નથી સમજાયુ " હરિસિહે કહ્યુ "

"હરિસિહ, હમણુા જે આખો તારી આખો સામે મળી હતી અને જેના પ્રભાવે તારા જેવો એક ચાલાક પણુ બેશુદ્ધ થવાની અણી પર હતો, તેજ આખોનો પ્રભાવ મોતીલાલને અહી ખેચી લાવ્યો હતો. આવ, એ આખોવાળા આકારને હુ તને પ્રત્યક્ષ બતાવુ " એમ કહી મરીયમે એક બારી ખોલી અને ગ્યાસની બતી નીચે ઉભેલા એક માણુસ

તરફ આગળી કરી તે બોલી જો હરિસિંહ પેલો બતી નીચે જે માણસ ઉભેલો છે તેને તુ ઓળખે છે ?"

"હા બરાબર ઓળખુ છુ એ ડોકટર રતિલાલ તો ન હોય?"

"હા, એજ છે ચપળા મુકતાને ઉપાડી ગઇ, રતિલાલ મોતી લાલને માટેજ બોલ્યો હતો તારાપર મેસમેરીઝમ કરી મોતીલાલને અહીથી ઉપાડી જવાનો તેનો ઇરાદો હતો પરતુ તેમા તે ફાવી શક્યો નથી."

"ત્યારે શુ થોડા સમય પુર્વે આ ઓરડામા મે જે બે આકારો જોયા હતા તે રતીલાલ અને ચપળાજ હતા?"

"હા, તને ભુલાવામા નાખવા માટે મોતીલાલ અને મુકતાન સામે ધરનાર એ પિશાચ પિતા પુત્રીજ હતા, હરિસિંહ, જે વખતે તારી એ પિશાચ પિતા પુત્રીનો તમે પીછો લીધો હતો તે વખતે હુ પણ તમારી પાછળજ હતી"

"શુ તુ પણ મારી પાછળજ હતી? મરીયમ તુ અહી શા માટે આવી હતી?"

"જોકે ઘેરથી તો હુ તમને મળવા અને ચાળીશ નબરવાળા મકાનમાથી મેળવેલી વસ્તુ હુ તમને આપવા માટેજ નીકળી હતી, પરતુ રસ્તામા મારી સોબતણ પેથી ભીલણ સ્ત્રીએ આપેલા ભયકર ખબરો સાભળી હુ અહી આવી"

'તેણીએ શુ કહ્યુ હતુ?" હરિસિંહે આશ્ચર્ય પામતા પુછ્યુ

" એજ કે, ચુનીલાલના મકાનની બાજુના એક ખડિયરમા આજે કાળીદાસ અને મહાદેવનુ કામળ કાઢી નાખવાનો દુષ્ટ વિચાર એ પિતા પુત્રીએ કર્યો છે "

' શુ રતિલાલ એવો ભયકર માણુમ છે ? "

" હા, તેની ભયકરતાનો પૂરાવો આ બાજુના ઓરડામા મોજુદ છે " એમ કહી મરીયમે તે ઓરડો ખોલ્યો, હરિસિહે બતીના પ્રકાશમા જોયુ તો એક બાજુ કાળીદાસ શબવત પડેલો હતો અને બીજી બાજુ મહાદેવ અત્યત ભયકર દશામા આળોટતો હતો. તેનો ચહેરો એવો તો બેડોળ બની ગયો હતો કે તેને ઓળખવો એ ઘણુજ મુશ્કેલ હતુ હરિસિહ જરા નજીક ગયો અને કાળીદાસના શબને તપાસ્યુ, કાળીદાસના મુઠી વાળેલા હાથમા કાગળ જેવુ કાઇ જણાયુ, હરિસિહે આસ્તે રહીને તે ખેચી લીધુ અને પછી મહાદેવ તરફ વળ્યો અને જોયુ તો તેનામા કાઇક જીવન હોય એમ જણાયુ, કેટલીકવારે તે મરીયમને ઉદ્દેશીને બોલ્યો મરીયમ, આ બન્નેના ઉપર પ્રાણહારક વિષનોજ પ્રયોગ કરવામા આવ્યો હોય એમ જણાય છે "

"હા, તમારૂ એ અનુમાન ખરૂ છે, હરિસિહ, કાળીદાસને સુધારવા તમે ઘણો પ્રયત્ન કર્યો, શરાબ અને એવા બીજા વ્યસનો તો તેણે તમારા ભયથી છોડી દીધા પરતુ તેની વિષય વાસ્છના પ્રબળ હતી. ચપળાના કૃત્રિમ પ્રેમમા તે મુગ્ધ બન્યો હતો ચપળા એ એવકુફને ખોટી લાલચો આપી તેના હાથે ઘણા ક્રૂર કામો કરાવતી હતી જોકે તે તમારાથી ડરતો હતો તો પણ ચપળાના પ્રેમમા અધ હતો, સકારામ તેનીજ સહાયતાથી પકડાયો છે, અને મુક્તાને પણ

તેજ મદદ કરી રહ્યો છે, એટલુજ નહિ પરતુ એ પિશાચોના ભય-
કરપીણ કામો કાળીદાસ દ્વારાજ તમારા જાણવામા આવે છે, એ ગ
વહેમ એ પિતા પુત્રીના હૃદયમા ડસી ગયો હતો એથી એ કાળીનામ
નો અત લાવવા ચપળએ તેને અહી બોલાવ્યો હેય એમ તે બન્ને
વચ્ચે ચાલતી વાતચીત પરથી અનુમાન થતુ હતુ જે વખતે તમે
બારીની આડમા ઉભા રહી ચુનીલાલના ઓરડામા ચાલતો બનાવ
જોઈ રહ્યા હતા તે વખતે ચપળા અને કાળીદાસ આ ઓરડામા
પ્રેમની વાતો કરી રહ્યા હતા, રતિનાલ તમારાથી કેટલેક દૂર છુપાઇને
ઉભો હતો કાળીદાસ પિશાચી પ્રેમના પરિસિમાએ પહોચ્યા પછી,
ચપળાએ પ્રાણહારક વિષની શીશી તેના આગળ ધરી બસ, એ વિષ
નાસિકા દ્વારા મસ્તકમા પ્રવેશતાની સાથેજ કાળીદાસે પ્રાણ છોડી
દીધો આ સઘળુ જોક હુ દૂરથી જોઇ રહી હતી કાળીદાસને એ
પિશાચણીના હાથથી છોડાવવની મારી ઇચ્છા હતી, પરતુ અદર
દાખલ થવાનો માર્ગ હુ જાણતી નહોતી એટલે એ પાપ અનેચ્છાએ
પણ મે બહાર ઉભા રહી જોયા કર્યુ કેટલીકવારે કોણ જાણે કયે
રસ્તેથી તે બહાર આવી અને રતિલાલ જે સ્થળે ઉભો હતો તે સ્થળે
ગઇ પિતા પુત્રીએ કાઇક વાતો કરી હુ ધારૂ છુ કે તે વખતે તમો
બહાર નીકળવાની તૈયારીમાજ હશો અને એ પિશાચ તમારી પાછળજ
ઉભો હશે, થોડીજ વારમા મહાદેવ આ સામે દેખાતી દીવાલમ થી બહાર
નીકળ્યો અને તેના નીકળવા પછી દીવાલ પુર્વવત હતી તે જગ્યાએ
જોડાઇ ગઇ મહાદેવ બહાર નીકળ્યો તેવીજ ચપળાએ પોતાની પાસે
છુપાવેલી એક શીશી બહાર કાઢી અને મહાદેવના માથાપર મારી,
તેમાનુ પ્રવાહી મહાદેવના મોઢાપર ફેલાતા તે બેશુદ્ધ બની પૃથ્વીપર
ઢળી પડયા ચપળા ત્વરિત ગતિથી ચાલી ગઇ, તેના જવા પછી ઓર

ડાને મે ધર્યા મારો જોયો તો દરવાજો ખુલો થયો હુ ધારૂ છુ, કે ચપળા બહાર નીકળતી વખતે એ દરવાજો ખુલો કરી ગઇ હશે હુ હુ દરવાજામા પ્રવેશ કરૂ તે પહેલા રતિલાલને મે દોડતો આવતો જોયો, હુ દરવાજાની આડમા છુપાઇ ગઇ, રતિલાલની પાછળ તમે પણ હતા ઓરડાના અધકારમા તમે બન્ને કયા ગયા એ કાઇ જણાયુ નહિ આથી હુ ચપળા કયા જાય છે એ જાણવા તેની પાછળ દોડી, બહાર જઇ જોયુ તો મુકતાને બેશુદ્ધ હાલતમા માથે લઇ એક ગાડીમા પસાર થતી મે તેણીને જોઇ હુ અદર આવી તે વખતે તમા મોતીલાલની સાથે રકઝક કરી રહ્યા હતા અને એ ચળકતી આખો તમારી સામે જોઇ રહી હતી મોતીલાલ અહીં કેવી રીતે અને કયારે આવ્યા એ હુ જાણતી નથી, તોપણ રતિલાલજ તેને મેસમેરીઝમ કરી અહી લાવ્યો હોય તો એમા કાઇ આશ્ચર્ય નથી ”

“મરીયમ કદાચ તારૂ ધારવુ ખરૂ પણ હોય, એમ કહી હરિસિંહે કાળીદાસના હાથમાથી મેળવેલો પત્ર ખોલ્યો વાચ્યો વાચ તાજ તે સમજી ગયો કે મોતીલાલ પાસે રતિલાલે લખાવેલુ એ પ્રતિજ્ઞા પત્રજ હતુ તે મરીયમના હાથમા આપતા બોલ્યો મરીયમ તુ કહેતી હતી તેજ આ પ્રતિજ્ઞા પત્ર તો ના હોય ’

‘હા,એજ એ પ્રતિજ્ઞા પત્ર છે કેમ મોતીલાલ, આ અક્ષરો તમારાજ છે ના” મરીયમે તે વાચ્યા પછી હરિસિંહને જવાબ આપતા અને એ પત્ર મોતીલાલના હાથમા મુકતા કહ્યુ

“હા, આ પ્રતિજ્ઞા પત્રને પુરવાર કરવા માટે, એક ચીઠી પણ પિતા પુત્રીએ મારી પાસેથી લીધી છે, મારી ઇચ્છા ન છતા એ પાપી

ચપળાના લગ્ન મારી સાથે કરવા માગે છે હરિસિંહ મને એ આફત માંથી છોડાવા, એ પિશાચોના હાથથી બચાવો " મોતીલાલ આંખમાં આંસુ લાવતા બોલ્યો

"ગભરાઓ નહિ, મોતીલાલ, તમારી એ વીંટી પણ મારા હાથમાં આવી ગઇ છે, એટલુંજ નહી પરંતુ મુકતાના નામનું આણંદ લાલે બનાવેલું વીલ પણ મારા હાથમાં આવી ગયું છે હવે એ પાપી તમને કોઇ પણ રીતે સતાવી શકે તેમ નથી કારણ કે હવે એવું એક પણ સાધન એમની પાસે નથી " મરીયમે મોતીલાલને ધીરજ આપતા કહ્યું

'હે શું! આણંદલાલનું ખરૂં વીલ તમારા હાથમાં આવ્યું છે' હરિસિંહે આશ્ચર્ય પામતા પુછ્યું

'હા, એમ કહી ચાલીમ નગર વાળા મકાનમાં ચપળા સાથે ચાલેલો પ્રસંગ સવિસ્તર કહી સંભળાવ્યો અને ચપળા પાસેથી મેળવેલી વીંટી અને આણંદલાલનું ખરૂં વીલ હરિસિંહના હાથમાં મુકયું આથી હરિસિંહના આનંદનો પાર રહ્યો નહીં તે મરીયમની પ્રશંસા કરતો બોલ્યો, બહેન મારા કાર્યમાં મદદ કરી તે મારા પર જે ઉપકાર કર્યો છે તેનો બદલો હું આ જીંદગીમાં વાળી શકું તેમ નથી મરીયમ, આણંદલાલના ખરા ખુનીનો પતો મેળવવા હવે મુશ્કેલ નથી ચપળા અને રતિલાલ કદાચ આણંદલાલના ખુની નહિ હોય તો પણ તેમાં એ બન્ને પિતા પુત્રીનો હાથ છે, એ તો નિર્વીવાદ છે

'હરિસિંહ તમારૂં અનુમાન ખરૂં છે, તો પણ ઉતાવળ કર વાથી કાંઇ વળવાનું નથી કારણ કે કોઇપણ જાતના ચોકસ પુરાવા

વગર કોઇને દોષિત ઠગવવામા સાહસ છે, મહાદેવ સઘળુ જાણતો હોવા જોઇએ, તેની પાસેથી આપણે કેટલુંક મેળવી શકીશુ હાલ તરત તેને પોલીસ ચોકીપર લઇ જવાની કાંઇ જરૂર નથી, તમો કાળીદાસના શબની વ્યવસ્થા કરો એટલામા હું મહાદેવને મારા મકાન પર લઇ જાઉં છુ '

"સબુર મરીયમ, હુ પણ તારી સાથેજ આવુ છું" એમ કહે તોજ હરિસિંહ મોતીલાલ અને મરીયમને ત્યાજ રહેવા દઇ બહાર નીકળ્યો અને પોલીસની સહાય મેળવવા સીસોટી વગાડી, થોડીજ વારમા બે ચાર સીપાઇઓ દોડી આવ્યા જેમાના એકને બે ગાડીઓ લઇ આવવાનો હુકમ આપી બાકીના પોલીસો સાથે પોતે અંદર આવ્યો અને કાળીદાસના શબને પોલીસ ચોકી પર લઇ જવાની સુચના કરી બેશુદ્ધ પડેલા મહાદેવને ગાડીમા મુકવા ભલામણ કરી પોતે, મોતીલાલ અને મરીયમ બહાર નીકળ્યા. કેટલીક વારે બે ગાડીઓ આવી પહોચી જેમાની એકમા મહાદેવને લઇ હરિસિંહ મોતીલાલ અને મરીયમની સાથે તેણીના મકાન પર જવા નીકળ્યો, તેના જવા પછી પોલીસોએ કાળીદાસના શબને લઇ પોલીસ ચોકીનો રસ્તો લીધો

# પ્રકરણ ૨૧ મું

## પાતકી પતિ પત્નિનો એકરાર અને અંત

જે વખતે ગાડી મરીયમના ઘર પાસે પહોંચી તે વખતે એક માણસ હરિસિંહની રાહ જોતો ઉભો હતો. સુજ્ઞ વાચક ! આ માણસ બીજો કોઇ નહિ પરંતુ આપણો પુર્વપરિચિત બખ્તાવરખાનજ હતો. વંસદાસ અને ઉમેદમલની સલાહથી સુંદરરાયને તેણે પોતાની સાથે રાખેલો હતો એ આપણે આગલા પ્રકરણમાં વાંચી ગયા છીએ. સુંદરરાયની કેટલીક હકીકત જાણ્યા પછી હરિસિંહને એ સબંધી સુચના કરવાના ઇરાદાથી પોલીસ ચોકી પર ગયો હતો પરંતુ કાળીદાસના શબને લઇ જનાર પોલીસો દ્વારા હરિસિંહ મરીયમના મકાન પર હોવાના ખબર મળવાથી તે અહીં આવ્યો હતો. હરિસિંહને જોતાંજ તે બોલી ઉઠયો " હરિસિંહ હું તમારા માટેજ અહીં આવેલો છું, મારે તમારી સાથે કેટલીક વાતચીત કરવાની છે " એમ કહી હરિસિંહનો હાથ પકડી તે એક બાજુ લઇ ગયો અને ત્યાં કેટલીક વાતચીત કરી. શું વાતચીત કરી તે કાંઇ સમજાયું નહિ પરંતુ બખ્તાવરની વાત સાંભળી હરિસિંહ ખુશી થયેલો જણાયો અને બોલ્યો બખ્તાવર તેં આપેલી ખબર માટે હું તારો ઉપકાર માનું છું અને અહીંનું કામ પતાવી હું જલદીથી તારે ત્યાં આવું છું પણ ... એમ કહી તેણે બખ્તાવરના કાનમાં કાંઇક કહ્યું બખ્તાવરે જવાબમાં ડોકું ધુણાવ્યું અને ત્યાંથી ચાલતો થયો. હરિસિંહ ગાડી તરફ ફર્યો, જોયું તો મરીયમ અને મોતીલાલ ગાડીમાંથી મહાદેવને ઉપાડી અંદર લઇ જતા હતા,

તેનાથી કટલેક દુર એક આકાર પણ તેની પાછળ ચાલતો હતો એ આકાર બીજો કોઇ નહિ પરંતુ બુરખાવાળીજ હતી હુસન પણ તેની પાછળ રમત કરતો ચાલતો નજરે પડયો હરિસિંહને અનેક શંકાઓ થવા લાગી, ઉતાવળે પગલે પાછળ જઇ એ બુરખાવાળી કોણ છે તે જાણી લેવાની હરિસિંહને ઇચ્છા થઇ પરંતુ તે ત્યાં જઇ પહોંચે તે પહેલા બુરખાવાળી અંદર ચાલી ગઇ હરિસિંહ નિરાશ થયો તો પણ આજે મરીયમ પાસેથી એ બુરખાવાળીનો ભેદ કોઇ પણ પ્રકારે જાણી લેવાનો હરિસિંહે મનમાંજ નિશ્ચય કરી લીધો કેટલીક વારે મરીયમ અને મોતીલાલ બહાર આવ્યા, હરિસિંહને વિચાર મગ્ન ઉભેલો જોઇ મરીયમ તેનો હેતુ સમજી ગઇ ને હસતા હસતા બોલી, હરિસિંહ શા વિચાર ચાલે છે ' પેલી બુરખાવાળીનો ભેદ જાણવાની તમારી ઇચ્છા હોય એમ લાગે છે '

મનુષ્યના ચહેરા પરથી તેના મનનો ભાવ જાણી જનાર ચાલાક મરીયમના આ શબ્દો સાંભળી હરિસિંહ અજબ થયો તે ઘડીભર આશ્ચર્ય ચકિત ભાવે એકી ટસ મરીયમની સામ જોઇ રહ્યો અને પછી બોલ્યો " હા બહેન તમારૂં અનુમાન ખરૂં છે '

' વારૂ ઠીક છે મહાદેવ પાસેથી કેટલીક હકીકત મેળવ્યા પછી આજે હું એ બુરખાવાળી સાથે તમને ઓળખાણ કરાવીશ, અત્યારે તો અંદર ચાલો મહાદેવ શુદ્ધિમાં આવ્યો છે તેની પાસેથી આપણને ઘણું જાણવાનું છે " "હા ચાલો " એમ કહેતાજ હરિસિંહે મરીયમની સાથે ઓરડામાં પ્રવેશ કર્યો અને જ્યાં મહાદેવને સુવાડવામાં આવ્યો હતો ત્યાં આવ્યા મહાદેવ પગલાનો અવાજ સાંભળી ચમકયો

તેને બારણા સામે નજર કરી તો મરીયમ અને હરિસિહને આવતા જોયા, હરિસિહને જોતાજ મહાદેવને ક્રોધ ચડયો તે મરીયમ તરફ વક્ર દ્રષ્ટિ કરી બોલ્યો, આ વળી કોણ છે? તેને અહી શા માટે લાવી

"એ હરિસિહ છે મરીયમે કહ્યુ '

'એતો હુ પણ જાણુ છુ પણ તેને અહીં આવવાનુ શુ પ્રયોજન છે? મારે તેની સાથે કાઇ કામ નથી"

'ગભરા નહિ, મહાદેવ, જેને તારી આવી સ્થિતિ કરી છે તેનુ વૈર તુ હવે કોઇપણ રીતે લઇ શકે તેમ નથી, એટલે એ કામ હરિસિંહ મારફત થઇ શકે તેમ છે તુ સઘળી વાત ખુલાસાથી કર અને પછી જોકે હરિસિહ તારા વૈરનો બદલો કેવી રીતે લે છે"

મરીયમના એ શબ્દો સાભળી મહાદેવ કાઇક ખુશ થયેલો જણાયો હા તમે ખરૂ કહો છો પણ મને હરિસિહનો ભય લાગે છે, કારણ કે ખુલાસો કરવામા મારા પોતાના છિદ્રો પણ ખુલા થાય તેમ છ"

"મહાદેવ તારા કેટલાક છિદ્રો તો મારા જાણુવામાજ છે, તો પણ બોલ તારા હુ સઘળા ગુન્હા માફ કરીશ" હરિસિહે કહ્યુ

'મહાદેવ હજુ પણ હરિસિહને ખુલાસો આપવાને તૈયાર ન હોતો પરતુ લાચાર સ્થિતિમા તેનાથી તેમ થઇ શકે તેમ નહેતુ, ને નિશ્વાસ નાખતો બોલ્યો "શુ કહુ હરિસિહ, તમારી પાસેથી મહામુશીબતે નાશી હુ ચુનીલાલના મકાનની બાજુવાળા ખડીએરમા આવ્યો તે વખતે એક સ્ત્રી મારી રાહ જોઇ ત્યાં ઉભી હતી, મને જોતાજ તેણીએ મારા બને હાથો ઘણાજ જોરથી પકડયા

હરિસિહ હુ ગમે તેવા પહેલવાન છ્તા તે સ્ત્રીના હાથમાથી માગ હાથો છોડાવી શક્યો નહીં જ્યારે હાથ છોડાવવામા હુ નાસીપાસ થયો ત્યારે મે તેણીને એક લાત મારી, તેની ચાટ તેણીને બરાબર લાગી તો પણુ તે ઘણીજ હિમતવાળી હતી, તેણીએજ લદી પોતાની ચોળીમા છુપાવેલી એક નાની શીશી બહાર કાઢી અને માગ મોઢા પર ફેંકી મારા કપાળ સાથે અથડાતાજ તે શીશીના ચુરેચુરા થઇ ગયા, તેમા એક જાતનુ વિષ ભરેલુ હતુ તે મારા મોઢા પર ઢોળાયુ અને તેને લીધે મારી આ દશા થઇ હુ બેહોશ થઇ જમીનપર ઢળી પડયો જ્યારે મને શુદ્ધિ આવી ત્યારે મે બિચારી મરીયમને મા । પાસે ઉભેલી જોઇ તેને મારી દયા આવી અને મને બહારથી અ ૨ લઇ આવી '

" મહાદેવ, એ સ્ત્રી કોણુ હતી '' હરિસિહે સઘળુ સાભળી લીધા પછી પ્રશ્ન કર્યો

' તે હુ નહિ કહુ, તમે જાણો છો તેજ સ્ત્રી છે પહેલા તેનુ નામ તમેજ કહો પછી હુ કહીશ " મહાદેવ પ્રત્યુતર આપતા કહ્યુ

" હુ ધારૂ છુ કે તે ચપળા છે તે દિવસે તે તેણીના પાસેથી ત્રણુસો રૂપિયા લીધા હતા તેનુ તેણીએ વૈર લીધુ " હરિસિહે કહ્યુ

' તમારી કલ્પના ખરી છે પણુ એ તમે શી રીતે જાણ્યુ ? ત્રણુસો રૂપિયા લીધા તે વખતે માત્ર હુ અને ચપળા એજ હતા "

' હા એ તારૂ માનવુ ખરૂ છે પણ મરીયમ તે વખતે ત્યા હાજર હતી તેણે સઘળુ જોયુ હતુ આ પણુ મહાદેવ, જે દિવસે

આણુદલાલનુ ખુન થયુ અને મોતીલાલ સાથે તુ ત્યા આવ્યો તે દિવસે તપાસ પુરી થવા પહેલા તુ આણુદલાલના મકાનમાથી નાસી શા માટે ગયો ?”

“આણુદલાલના ખુનના સબધમા હુ પણ ગુન્હેગાર હતો ”

‘હે શુ, એ ખુનના સબધમા તુ પણ ખુનીનો ભાગીદાર હતો’

‘એ મને ના પુછો સમજો કે હુ સઘળુ જાણુ છુ ”

‘ત્યારે સઘળો ખુલાસો કરી દેવામા તને હરકત શુ છે’’

‘જેણે એ ખુન કર્યુ છે, તેનો મને ભય છે”

“હરિસિહના આશ્રય તળે તુ નિર્ભય છે,”

“તમારા જેવા બળવાન પાસે પણ તેનોજ વિજય છે, એ હુ બરાબર જોઇ શકુ છુ અને એથીજ હુ તેનુ નામ આપતા અટકુ છુ

“જેણે કાળીદાસનુ ખુન કર્યુ છે એનો આણુદલાલનો ખુની નથી”

‘તે હુ શુ જાણુ મહાદેવ બેપરવાઇથી જવાબ આપ્યો ’

“ખેર મહાદેવ, ત્યારે તુ એટલુ કહી શકીશ કે કાળીદાસનુ ખુન કરવામા ખુનીનો શુ હેતુ હતો’’ આડકતરી રીતે આણુદલાલના ખુનીનો પતો મેળવવાનો હરિસિહે પ્રયત્ન કરવા માડયો

“હરિસિહ તમે મને નાહક સતાવો છો કાળીદાસ જેવા કૃતઘ્નીના ક્રૂર કર્મો તમારા ધ્યાનમા હોવા છતા મને બનાવો છો શુ આણુદલાલનુ ખુન થયુ તે રાત્રે કાળીદાસને તમે ચુનીલાલના મકાન પાસે નહી જોયો હતો”

"એટલે શુ તુ એમ કહેવા માગે છે કે ચુનીલાલના મકાનમા થયેલુ ખુન કાળીદાસેજ કર્યુ હતુ?"

'નહિ, કાળીદાસ કોઇનુ ખુન કરે તેવા નીચ નહોતો પરતુ વિષય લપટે જાણી જોઇને ખુનીને જવા દીધી હતી"

'હે! શુ લવાનુ ખુન કરનાર પણ સ્ત્રીજ હતી? અને કાળીદાસે તેણીને જાણી જોઇને જવા દીધી હતી? આશ્ચર્ય મહાદેવ આતો હુ કાઇ નવુજ સાભળુ છુ'

"હરિસિહ, એમા આશ્ચર્ય પામવા જેવુ કાઇજ નથી કાળીદાસ એ ખુની સ્ત્રીના પ્યારમા હતો જોકે એ ખુની સ્ત્રી તો કાળીદાસ દ્વારા પોતાનો સ્વાર્થ સાધ્ય કરવા માટેજ તેને ચાહતી હતી પરતુ કાળીદાસ તો તેણીને મેળવવામા પોતાનુ સર્વસ્વ ગુમાવવા તૈયાર હતો પિશાચણીના કૃત્રિમ પ્રેમમા અધ બનેલો કાળીદાસ પોતાની ભવિષ્યમા થનારી પત્નિને કોઇ પણ રીતે પોલીસના હાથમા સોપવાને તૈયાર નહોતો."

'મહાદેવ, તારી વાતો પરથી સ્પષ્ટ સમજાય છે, કે તુ આણુ દલાલના ખરા ખુનીને જાણે છે, છતા છુપાવ છે. જો સાચુ કહીશ તો સુખી થાઇશ, અને છુપાવીશ તો પસ્તાઇશ" હરિસિહે સહજ ક્રોધમા કહ્યુ

"હરિસિહ, હવે મારે વિશેષ પસ્તાવા જેવુ શુ છે? મારા પાપની સજા મને બરાબર મળી ચુકી છે આનાથી વધારે દુખી મને તમે શુ કરવાના હતા, મારો પ્રાણ લેશો એજ ના ? ચો તેતો હુ આપવાને તૈયારજ છુ" મહાદેવ પોતાના નિશ્ચયને વળગી રહી બોલ્યો

"મહાદેવનો નિશ્ચય ફેરવવો મુશ્કેલ જણાયાથી હરિસિંહે મગી યમના સામે જોયુ, મરીયમ હરિસિંહનો ભાવ જાણી ગઇ ને મહાદેવ તરફ ફરીને બોલી

"મહાદેવ, જો તુ ખરેખરો ખુલાસો નહિ કરે તો બિચારા નિર્દોષ નાહક માર્યા જશે હમણા તુ મોતની અણીપર છે, તે કરેલા પાપનુ પ્રાયશ્ચિત નિર્દોષને નાહક રીબાવતા બચાવવાથી થઇ શકશે વળી હરિસિંહ તને અભય આપે છે, તો પછી ખુલાસો કરવામા શુ હરકત છે?"

"મરીયમ બહેન મારાથી વિશેષ બોલી શકાતુ નથી, તમારા અત્યાગ્રહથી બળાત્કારે પણ મે સઘળુ કહ્યુ છે આણદલાલનુ ખુન કરનાર એક સ્ત્રી છે, એ હુ તમને કહુ તે પહેલા તમો સમજી ગયા છો આનાથી વિશેષ ખુલાસો તમે મારી પાસેથી નહિ મેળવી શકો મને ન સતાવો મને અત્યન્ત વ્યથા થાય છે."

" તુ કહે છે તે સ્ત્રી મુકતા તો નથી?" મરીયમે પુછ્યુ

" નહિ, નહિ, ઓ મરીયમ બહેન એ નિર્દોષ પુતળીને નાહક ના રીબાવતા તેણી બિનકુલ નિર્દોષ છે એ બિચારીને કષ્ટ આપવામા કાઇ કચાશ રહી નથી, મે પાપીઆએજ તે બિચારીને સતાવી છે, દુખી કરી છે તેણીનો મારા પર અત્યત ઉપકાર છતા અનેક પ્રકારે મેજ તેણીને રીબાવી છે, તેણીને મહાન સકટમા નાખવા મે અનેક પાપો કરેલા છે, તેણીને ચુનીલાલના આશ્રયમાથી છોડાવવા મારે હાથે અનેક કુકર્મો થયા છે ચુનીલાલને શરાબી બનાવી બિચારી સવિતાને સકટમા નાખનાર અને ગુલાબને બદમાસોના હાથમા સોપનાર પણ હુજ છુ.

આ સઘળા પાપો મે એ બિચારી મુક્તાને સ કટમા નાખવા માટેજ કર્યા હતા મરીયમ બહેન, શુ કહુ મારા કુકર્મોનો પસ્તાવો કરતા મને કપારી આવે છે આણુદલાલનુ ખુન થયુ તે રાત્ર તમાના નિર્દોષ બચ્ચા પર ગાડી ચલાવવાનો હુકમ આપનાર શેઠની બાજુમાજ હુ બેઠો હતો, જો એ ઉદાર દીલના કોચમેને માલિકના હુકમનો અનાદાર ન કર્યો હોત તો આ પાપીઆએ તમારા નિર્દોષ બચ્ચા પર જરુર ગાડી ચલાવી હોત એ બદમાસના પાપ કર્મોમા મે આટલો બધો ભાગ લીધલો હોવા છતા તેમના તરફથી મને આ ફળ મળશે એવુ મે સ્વપ્ને પણ ધાર્યુ નહોતુ ”

“ મહાદેવ, જ્યારે તને એ બદમાસ પર આટલો બધો તિરસ્કાર આવે છે ત્યારે તેનુ નામ આપવામા તને શુ હરકત છે ? ” હરિસિંહે કહ્યુ.

“હરિસિહ, તમે સઘળુ જાણી ગયા હો છતા મને હેરાન કરો છો મે મારી સર્વ હકીકત કહી છે—પરોક્ષ રીતે તમે પણ જાણી છે, તેનુ તારણ કરતા તમને આણુદલાલના ખરા ખુનીનો પત્તો જલદીથી મળી શકશે હવે મારાથી બોલાતુ નથી, કૃપા કરી મને વધારે હેરાન ન કરો

“ખેર જ્યારે નામ આપવાની તારી ઇચ્છાજ નથી ત્યાર મારે એ સબધી કાઇ પુછવુજ નથી તે પણ તારે મારા એક પ્રશ્ન નો જવાબ આપવોજ પડશે”

“શુ ’ મહાદેવ પુછ્યુ

“મહીરના ભાઉનુ ખુન કરનાર અને પેલી કુમારીકાની લાસને પેટીમા છુપાવનાર બદમાસો કોણ હતા ’ શુ જેને મે પકડયા છે, એજ એ ખરા ખુનીઓ છે

'હા, એજ ખરા ખુનીઓ છે હરિસિંહ કરીમબક્ષ નામના એક શખ્સ પર એ સઘળો ગુન્હો ઢોળી પાડવા અમારો ઇરાદો હતો તેમા અમો નિષ્ફળ ગયા કારણ કે તે અહીંથી નાસી ગયો એ નિર્દોષ હતો એ તમારા જાણવામા પણ આવી ગયુ છે એટલે એ સબધી વિશેષ સવાલો જવાબો કરી મને નાહક દુખી શા માટે કરો છો"

" મને મારે હવે એ સબધી વિશેષ કાંઇ પણ જાણવુ નથી હા પણ મહાદેવ, મે સાભળ્યુ છે કે તે તારી સ્ત્રી કેસરને અવળે માર્ગે દોરી તેણીનો ભવ બગાડયો છે એ વાત શુ ખરી છે ' "

" હા, તમોએ સાભળેલી સર્વ હકીકત ખરી છે મને વધારે ન શરમાવો હુજ સર્વ અનર્થનુ મુળ છુ મને કેસરની હકીકત સાભરી સહુજ લાગી આવે છે ખરેખર હરિસિહ મેજ તેણીનો ભવ બગાડયો છે વિષય વિષનો સ્વાદ મેજ તેણીને ચખાડયો, અવળે રસ્તે મેજ તેણીને દોરી અને આખર વખોડી પણ મેજ "

" કેસરનો રતિલાલ સાથે કાઇ સબધ હતો ' ' હરિસિંહે મહાદેવને બોલતો અટકાવી વચ્ચેજ એ પ્રશ્ન કર્યો

" ઘણોજ, અને હરિસિહ બિચારા નિર્દોષ સુદરાયને ફસાવનાર પણ '

' હા ખરૂ છે ખરૂ છે હરિસિહ એ નિર્દોષને ફસાવનાર, મુક્તાને સમુદ્રમા ફેકનાર અને કરીમબક્ષને રીબાવનાર કાળી નાગણ હુજ છુ "

પરિચિત સ્વર સાભળી મહાદેવ ચમકયો કપ્યો, ભયભિત થયો પોતાનામા શક્તિ ન હોવા છતા બળાત્કારે તેણે પોતાનુ માથુ ઉચ્યુ

કર્યું જે તરફથી અવાજ આવતો હતો તે તરફ દ્રષ્ટિ ફેરવી તો બાજુમા પડેલી ચટાઇ પર એક સ્ત્રી સુતેલી જણાઇ તેના આખા શરીર પર માખીઓ ગણગણાટ કરી રહી હતી ઘડી ભર માહાદેવ તેણીના સામે એકી ટસે જોઇ રહ્યો, કેટલીક વારે કાઇ સ્મૃતિ આવતા તે બોલી ઉઠ્યો હે કોણ કેસર! તારી આ દશા!"

"શુ આ કેસર છે' હરિસિહ મોતીલાલ મરીયમ વગેરેના મોઢામાથી એકી સાથે એ ઉદગારો નીકળી ગયા

'હા, હુજ પાપિણી કેસર છુ મને અહી જોતા તમો સર્વને આશ્ચર્ય લાગે એ સ્વાભાવિક છે, જોકે મારી કર્મ કથા બહુ લાબી છે અને તે સવિસ્તર સભળાવવા જેટલી મારામા શકિત નથી. તોપણ એક નિર્દોષના બચાવ ખાતર તે કહ્યા સિવાય પણ છુટકો નથી" એમ કહી તેણીએ પોતે સુદરરાયને કવી રીતે ફસાવ્યો, મુકતાને સમુદ્રમા ફેકી, પોતે કરાચીમાથી કેવી રીતે નાઠી, અને હૈદ્રાબાદમાથી પોતાના કુકર્મોના પરિણામે કરીમબક્ષની સહાયતાથી કેવી રીતે મુકિત મેળવી તેમજ કરીમબક્ષને નિરાશ કર્યા પછી પોતાના નાકનુ નિકદન કેવી રીતે થયુ, એ વિગેરે ટુકામા સમજાવી વધારામા તેણે ઉમેર્યુ કે મગર પારની હોસ્પિટલમા આશ્રય મળ્યા પછી મહાદેવે મારામા મુકેલા સસ્કારો ને લઇ હુ મારી વૃતિઓને કાબુમા રાખી શકી નહિ, અને એક કોઢીયાના પ્યારમા હુ ફસાઇ પડી પરિણામે આ રકત પીતના ભયકર દર્દનો ભોગ થઇ પડી મારા કુકર્મોની હોસ્પિટલના રક્ષકને ખબર પડતા બીજાઓ મારા ભોગ ન થઇ પડે, એવા હેતુથી મને બહાર કાઢી મુકી, ભયકર દરદથી પીડાતી હુ ત્યા વસતા યવન લોકોની પાસે ટુકડાઓ માગી મારો નિર્વાહ ચલાવવા લાગી, પ્રતિદીન પીડા

ઓછી થવાને બદલે વધતીજ ગઇ, આખરે મરામા ચાલવાની શકિતનો પણ લોપ થયો, શરીરમાથી દુર્ગંધ નીકળવા લાગી હરિમિહ સમય જતા હુ એવી દશામા આવી પડી કે શરીરમાથી નીકળતી દુર્ગંધને લીધે મને કોઇ પોતાની પાસે પણ ઉભુ રહેવા દેતુ નહીં આથી મને ખાવાના સામા પડવા લાગ્યા આવી સ્થિતિમા હુ વાર વાર મોતનીજ યાચના કરતી હતી પરતુ મારા એવા ના કુર કર્મો હતા કે કાળ પણ મારાથી દુર નાસતો હતો હવે મને મારા પાપોનો પશ્ચાતાપ થવા લાગ્યો મરના પહેલા પોલીસો પાસે મારા ગુન્હાઓ કબુલ કરી, મારા હાથે ફસાએલા નિર્દોષ પ્રાણીઓને બચાવવાનો મે નિશ્ચય કીધો, કરાચીમા ચાલીને આવવા જેટલી મારામા શકિત નહિ છતા હુ મગરપીરથી નીકળી અને ભુખનુ દુખ તેમજ આ ભયકર દરદની પીડા ભોગવતી હુ પાચ દિવસે અહી આવી અને કુદરતેજ મને મરીયમના મકાન પાસે લાવી મુકી કરીમબક્ષના સુખનુ સત્યાનાશ વાળનાર, હુજ પાપિણી છના, મારા દોષો તરફ નહિ જોતા તેના ઉદાર દીલના પુત્ર હુસેને મારો ઘણાજ પ્રેમથી સત્કાર કર્યો પ્રથમ તો આ બુરખાવાળીએ હુસેનને મારો સત્કાર કરતા અટકાવ્યો,

"કેમકે ત્યા બેઠેલી બુરખાવાળી તરફ આગળી કરતા કહ્યુ' હરિમિહ આમ કરવામા એ બુરખાવાળીનો સહજ પણ દોષ નહોતો કારણ કે તેણી મારા ક્રૂર કર્મો બરાબર જાણતી હતી, તેનીજ મદદથી મે મુકતાને સમુદ્રમા ફેકી હતી અને એવા બીજા કરપીણ કામો કર્યા હતા એટલે તેણી મારા જેવી દુરાચરણીને આ સ્થળે રહેવા દેવામા નારાજ હોય એમા કાઇ નવાઇ નથી"

'શુ એ બુરખાવાળી પણ તારા કાર્યમા સામેલ હતી ?' હરિસિહે ફ્રેમરને બોલતી અટકાવી વચ્ચેજ એ પ્રશ્ન કર્યો

'હા, પ્રથમ તો હુ તેણીને ઓળખી શકી નહોતી પરંતુ જ્યારે મે તેણીનો ચહેરો જોયો ત્યારે મારી એ પુર્વ પરિચિતા સોબતણુ ગુલાબને મે ઓળખી લીધી

"હે શુ ! બુરખાવાળી એજ ગુલાબ છે ?' હરિસિહે આશ્ચર્ય ચકિત ભાવે મરીયમ તરફ દ્રષ્ટિ કરી પુછ્યુ

"હા, હરિસિહ એજ ગુલાબ છે, તેણી મહાદેવ અને રતિલાલના સઘળા કારસ્થાનો જાણતી હોવાથી, તેણીને એ રાક્ષસો જીવતી જુએ તો તેણીની જીદગી ફરીને પણ ભયમા આવી પડે તેમ હતુ વળી આણદલાલના ખુનમા પણ એ બદમાસોનો હાથ છે, એવી તેણીને શકા હતી, તેના સઘળા ગુપ્ત સ્થાનો તે જાણતી હતી, પરતુ છુપા વેશમાજ તેણી ત્યા જઇ શકે તેમ હોવાથી અદ્યાપી એ છુપા વેશમાજ રહી છે તેણીએ જે જે બાતમીઓ મેળવી છે, તે સર્વ મે તમોને જણાવી છે, હરિસિહ, અત્યાર સુધી આપણુને જે કાઇ સરળતા મળી છે, તે એ બુરખાવાળી ગુલાબનેજ આભારી છે, જ્યા સુધી આણદલાલના ખરા ખુનીનો પતો લાગી ન જાય ત્યા સુધી છુપા રહેવા ગુલાબની ઇચ્છા હતી, પરતુ આજે એ સઘળો ભેદ ખુલી ગયો કે એટલે હવે વધુ સમય છુપા રહેવાની કાઇ જરૂર નથી' એમ કહી તેણીએ પાસે બેઠેલી ગુલાબના મોઢા પરથી બુરખો દુર કર્યો, ગુલાબે હસ્તે મુખે હરિસિહના સામે જોયુ હરિસિહ પણ આબલીવાળા તળાવ પર તેણીએ આપેલી મદદ અને એ સિવાય મરીયમ દ્વારા

મળેલી કેટલીક 'ાતમીઓનો ખ્યાલ કરી, ગુલાબની મનમાજ પ્રસશા કરતો ઘડીભર તેણીના સામે જોઇ રહ્યો થોડીવાર શાતિ પ્રસરી રહી કેટલીકવારે શાતિ ા ભગ કરતી કેસર બોલી હરિસિહ ગુલાબની ગમે તેટલી આના કાની છતા હુસેને મારૂ સ્વાગત કરવાની શરૂઆત કરી, તે મને અદર લઇ આવ્યો, તેને મારી આ સ્થિતિ પર જરા પણ સુગ આવી નહિ, મારા શરીરમાથી નીકળતી દુર્ગધની પણ તેણે પરવા કરી નહિ એ નિર્દોષ હુસેને સ્વહસ્તે મારા રક્ત પરૂને સાફ કર્યા મને પોતાના હાથથી જમાડી અને આ સ્થળે સુવાડી એ ઉદાર દીનના બાળકનુ એ વર્તન જોઇ મને મારા કર્મોનો જે પશ્ચાતાપ થયો તેનુ વર્ણન શબ્દોમા થઇ શકે તેમ નથી હવે મારા મરણની ઘડીઓ ગણાય છે, મહાદેવની સ્થિતિ પણ એનીજ જણાય છે, એટલે અમો જીવીએ છીએ ત્યા સુધી એ નિર્દોષના બચાવ માટે જોઇતા સાધનો જે અમારી પાસેથી મેળવવા જેવા હોય તે મેળવી લેવાના હુ તમોને પ્રાર્થના કરૂ છુ એટલુ બોલી કેસર ચુપ રહી થોડીવાર શાન્તિ પ્રસરી રહી

'કેસર, તારા એકરાર પછી હવ કાઇ વિશેષ જાણવા જેવુ રહ્યુ નથી, તારા કરપીણ કામો, અત્યત તિરસ્કારને પાત્ર હોવા છતા છેલ્લી ઘડીએ તે તારા ગુન્હાઓ કબુલ કરવાની જે તક લીધી છે, તે ઘણીજ પ્રશસા પાત્ર છે, કરેલા કર્મોનો પશ્ચાતાપ એજ પાપો નુ પ્રાયશ્ચિત છે, કેટલીકવારે હરિસિહ શાતિનો ભગ કરતો બોલ્યો

'કેમ, મહાદેવ હવે તારે કાઇ કહેવુ છે? કેટલીક વારે મરીયમે મહાદેવને ઉદ્દેશીને કહ્યુ

શુ કહુ મરીયમ, કહેવાનુ સઘળુ કહી દીધુ છે અને તમે પણ જાણી લીધુ છે, તો પણ ચુનીલાલના સબધમા થોડુ કહેવાની

મારી ઇચ્છાછે, એ નિર્દોષને મે નાહક ફસાવ્યો છે અત્યારે તેની આર્થીક સ્થિતિ ઘણીજ નબળી છે, સવિતાગૌરીના નાગીના તેણીના પિતા તરફથી મળેલી રોકડ રકમ સર્વ તે ગુમાવી બેઠી છે અત્યારે અનાજ લેવા માટે એક દમડી પણ તેની પાસે નથી એ સર્વ સાગ જાણવામા છતા આજે મે ડોકટર ગતિલાલના ભભેરવાથી ચુનીલાલન મગજમા એવુ ઠસાવી દીધુ કે સવિતાગૌરી પાસે પૈસા છે, પરંતુ તે ડ્રુપાવ છે હરિસિંહ ચુનીલાલનો મારા પર સંપુર્ણ વિશ્વાસ હોવાથી એ વાત તેણે ખરી માની છે, એટલે એ દા ડીઓ આવેશમા વિચારી સવિતા પર કાઇ સંકટ ન લાવે તેની સંભાળ રાખજે અને બીજી પણ એક બાબત હા મારાથી હવ બોલાતુ નથી પણ કહ્યા સિવાય છુટ કો નથી બોલતા બોલતા મહાદેવ થકી ગયો થોડી વ ર વિશ્રતિ લેવા પછી તે બોલ્યો હરિસિંહ મને લાગે છે કે આજે મારો અંતિમ દિવસ છે એટલે હુ મારા મને પાપો તમને કહી દઉ આ ભલી મર્ગાયમના પતિને બમ નહિ કહુ હરિસિંહ તમને એકનાનેજ કહીશ, એમ કહી તેણે હરિસિંહને નજીક બોલાવ્યો અને ધીમેથી તેના કાનમા કેટલીક વાતા કરી મહાદેવની આ વાત સાભળ્યા પછી હરિસિંહનો ચહેરો ક્રોધથી લાલચોળ થઇ ગયો, તે કાઇ બોલવા જતો હતો, પરંતુ મહાદેવ તેમ કરતો અટકાવી બોલ્યો હરિસિંહ મારા દોષો તરફ જોવાનો આ સમય નથી હવે તો હુ જ નાનો અ ણી પર છુ સઘ ળાનો બચાવ ક રજો બસ મારાથી હવે બોલાતુ ન થી મહીર વાળા બદમાસો નો. કેસ ખલાસ થયા પછી સવિતાને કે ઇ નિ ર ભ ય સ્થા. આ । પહોચ્યા આ ડ જો

મહાદેવથી વધારે બોલી શકાયું નહિ તેણે પોતાની આંખો બંધ કરી દીધી, મરીયમે તેના મોઢા પર કપડું ઢાંકી દીધું, કેસરે પણ પોતાના મોઢા પર બેઠેલી માખીઓ દુર કરી પોતે પહેરેલી જર્જરિત સાડીથી મોઢું છુપાવી દીધું બન્નેની દયાજનક સ્થિતિ જોઇ, થોડો સમય આરામ લેવા દેવાના ઉદ્દેશથી સર્વ બહાર નીકળ્યા

પ્રિય વાચક જોયું, પોતાની સ્ત્રીની કમાઇ ખાનાર પતિની આખરે શું દશા થાય છે? અરેરે! એટલું છતાં પણ એવા નીચ કૃત્ય કરનારા નારકીઓ ક્યાં સમજે છે? એ પાપીઆઓને એટલું પણ જ્ઞાન હોતું નથી કે લોકો આપણી નિંદા કરે છે, બાપદાદાની ઉજ્વળ કીર્તિ પર પાણી ફરી વળે છે, અરેરે! એટલું જ્ઞાન હોય તો આવા ઉદ્યમી શહેરમાં એવા જથાબંધ નિર્લજ્જે નકટા થઇ કેમ ફરી શકે? આવા અઘોર પાપથી તમો રૌ રૌ નર્કના અધિકારી થાઓ છો એવું એ પાપીઆઓને કોણ કહી શકે? એમ કહેવાની હિંમત પણ શી રીતે થાય? કારણ કે એમ કહેનારો બિચારો કુટાઇ જાય, જ્યારે એ પાપીઆઓની પાયમાલી થાય છે ત્યારે પસ્તાય છે, રીબાય છે, અને અનાજના ટુકડા માટે જ્યાં ત્યાં અથડાય છે, આખરે જ્યારે મહાદેવ જેવા હાલ થાય છે, ત્યારેજ સમજાય છે, કે અધર્મનું ફળ કેવું છે, પ્રભુ મારા ભારત વાસીઓને આવા નીચ લોકોથી બચાવ

થોડો વખત વિત્યા બાદ બહાર ઉભેલા હરિસિંહ, મરીયમ, મોતીલાલ, ગુલાબ, વગેરે અંદર ગયા અને અંદર જઇ જોયું તો મહાદેવ અને કેસરના નશ્વર દેહ ભુમી પર આળોટતા જણાયા, બન્નેના પ્રાણ પરમાત્માની હજુર પહોંચી ગયા હતા સર્વ આશ્ચર્ય ચકિત મુદ્રાએ એ તરફ જોઇ રહ્યા

કેટલીક વારે પુખ્ત વિચાર કરી હરિસિંહે મરીયમના ઘરની આસપાસ ફરતા પોલીસો પૈકી એકને અંદર બોલાવ્યો, અને તેને કાંઇ કહી તે ત્વરિત બહાર નીકળ્યો, અને હરિસિંહ પોતાનો રીપોર્ટ લખવા બેઠા, થોડીજ વારમા પોલીસ ઇન્સપેકટરે બે ચાર પોલીસો સાથે એ ઓરડામા પ્રવેશ કર્યો, હરિસિંહે પોતાનો લેખીત હેવાલ તેની આગળ મુકયો અને કેટલીક મસલત કર્યા પછી કેમર અને મહાદેવનુ કોઇ સગુ ન હોવાથી બન્નેના શબનો સરકાર કરવાનો પોલીસોને હુકમ આપ્યો, ત્યાથી બન્ને જણા પોલીસ ચોકી પર ગયા ત્યાં કાળીદાસના શબને તપાસ્યુ અને હરિસિંહની સલાહ મુજબ તેની પણ વ્યવસ્થા કરવાની આજ્ઞા આપી હરિસિંહ હવે બખ્તાવરખાનના મકાન તરફ જવા નીકળ્યો અને મોતીલાલ ગુનામ સાથે ચુનીલાલના મકાન તરફ વળ્યો

# પ્રકરણ ૨૨ મું.

## મુહરરાય શયતાનોના સપાટામાં

રાત્રિના અગીયાર વાગવાનો વખત છે, ચારે દિશામા ચદ્રનો શીતળ પ્રકાશ પથરાઇ રહ્યો છે ચારે દિશામા નિસ્તબ્ધતા જણાય છે, સર્વ પ્રાણીઓ સન્તાપહારિણી નિદ્રાના કોમળ પાલામા સુવાની તૈયારી કરી રહ્યા છે ચકોર પક્ષી એકચિત્તે માત્ર ચદ્રના કિરણોમાથી ઝરતુ અમૃતપાન કરી રહ્યા છે ચદ્રના સ્નિગ્ધ કિરણોમાથી પડતી રજત ધારા વડે આસપાસના મકાનો સફેદ રગે રગાઇ જઇ પોતાની શોભામા વધારો કરી રહ્યા છે, ઠેર ઠેર

આવલી ગ્યાસની બત્તીઓ પણ પોતાના પ્રકાશથી રસ્તાને દેદિપ્યમાન બનાવી રહી છે, મિધ મદ્રાસા પાસેના નાના બગીચાનો દેખાવ ઘણોજ રમણિય દેખાય છે, આ સમયે તેમાના સુંદર વૃક્ષો પૈકી ગુંદીનું એક મહાન વૃક્ષ મોટા વીસ્તારથી બહારના રસ્તાપર પોતાની શ્યામ છાયામાં ત્રણ વ્યક્તિઓને છુપાવી રહયુ કે આ ત્રણ વ્યક્તિઓ શા વિચારમા ગુંથાએલી છે તે જરા તપાસીએ

"ભાઇ ગજબ થયો! આ બખ્તાવરખાન તો હરિસિંહનો મિત્ર થાય છે," તે ત્રણમાની એક વ્યક્તિએ કહ્યું

હે! શુ ખરૂ કહો છો'' બીજી વ્યક્તિએ કંઇક આશ્ચર્ય ચકિત મુદ્રાએ પ્રશ્ન કર્યો

"હા, તે ખરૂ છે પણ મે તેને સમજાવ્યુ હોવાથી તે આપણી હાજરીની વાત હરિસિંહને નહિજ કરે" ત્રીજાએ જવાબ આપ્યો

"પણ ભાઇ પછી એમ ન થાય કે હું મારી'—તેનાથી વધારે બોલી શકાયુ નહિ કારણ કે સામેથી આવતા બે આકારોએ તેનુ ધ્યાન ખેચ્યુ તે ચમક્યો, કંપ્યો, ભયભિત થઇ ગયો અને બે પગલા પાછળ હડયો તેની આ સ્થિતિ જોઇ પેલી બે વ્યક્તિઓ પણ ગભરાઇ ગઇ, કેમ શુ છે' આટલા ગભરાઓ છો શા માટે' ધીરજ રાખો જરૂર તેને તમે મળી શકશો"

"થઇ ચુકયુ, ભાઇ હવે હુ એને કયાથી મળી શકુ' જુઓ, સામેથી જેનો ભય છે, તેજ આવતો જણાય છે, પહેલાએ ભયભિત મુદ્રાએ સામે આવતા બે આકારો તરફ આંગળી બતાવતા કહ્યું

'હે' બન્ને વ્યક્તિઓએ પાછુ વાળી જોયુ આવનાર ખરેખર હરિસિહજ હતો, નાસવાનો એક પણ રસ્તો નહોતો કારણ કે બખ્તા વરખાન પણ તેની સાથેજ હતો

"ભાઇ આજ તમારો વિશ્વાસુ માણસ કે' બીજાએ ત્રીજાને કહ્યુ

"ભાઇ બખ્તાવરખાન આ રીત દગો દેશે એવુ મે સ્વપ્ને પણ ધાર્યુ નહોતુ" ત્રીજાએ કહ્યુ

'પણ હવે આપણે અહીંથી નાસવુ જોઇએ, જુઓ તે નજીક આવી પહોચ્યો. ત્રીજાએ નાસવાની સુચના કરી

'પણ નાસીને જવુ ક્યા' જેના આશ્રય તળે મને રાખ્યો છે તે પણ તેની સાથેજ છે, હવે તો જે થાય તે થવાદો કારણ કે તેમ કરવાથી તે વધારે શકમંદ થશે, હવે તો તેને અહી આવવાદો, તે શુ કહેવા માગે છે તે જાણવા દો, અને મારા કર્મનો યોગ્ય બદલો મને મળવા દો પહેલાએ તે બન્નેને તેમ કરતા અટકાવીને કહ્યુ

"તમારા કર્મોનો યોગ્ય બદલો તમને અવશ્ય મળશે, પણ અત્યારે તો તમારે મારી સાથે ચાલવુ પડશે" હરિસિહ તેના છેલ્લા પ્રશ્નનો જવાબ આપતો છેક નજીક આવી પહોચ્યો

'હાય આખરે હુ ફસી ગયો હરિસિહ હુ ખાત્રીથી કહુ છુ કે મે આણુંદલાલની ચોરી કીધીજ નથી, મને નિર્દોષને નાહક દુખી ન કરો"

'ગભરાઓ નહિ સુદરરાય તમોને મારી ક્યારની મળી ગઇછે મારા આગમનનુ કારણ કાઇ જુદુજ છે ' હરિસિહ ગભરાયલા સુદર રાયને શાન્ત કરવા માડ્યો

"હરિસિંહ તમારા આગમનનુ કારણ હુ બબાબર જાણુ છુ તમે મને પકડવાજ આવના છો," સુદરરાયે કહ્યુ

સુજ્ઞ વાચકો સમજી ગયા હશે કે આ ત્રણ વ્યકિતઓ તે ધરમ દાસ, ઉમેદમલ અને સુદરરાયજ હતા ધરમદાસે બખ્તાવરખાનને સઘળુ ગાડીમાજ સમજાવ્યુ હતુ અને સુદરરાય નિર્દોષ છતા તેને ચોક્સ કારણોથી ગુપ્ત રાખવાને પણ જણાવ્યુ હતુ. બખ્તાવરખાને જાણી લીધુ કે જે ગુન્હા માટે સુદરરાયને ગુપ્ત રાખવામા આવ્યો છે, તે માટે તો તે ક્યારનો નિર્દોષ જાહેર થઇ ચુકયો છે, તો પછી એ બિચારાને તેની નિરાધાર પુત્રીથી વિમુખ શા માટે રહેવા દેવા જોઇએ માટે હરિસિંહને તેની હાજરી જણાવી તેનાજ હાથે સુદરરાયના તેની પુત્રી સાથે મેળાપ કરાવુ આવા વિચારથી તે આપણે આગલા પ્રકરણમા વાચી ગયા તેમ મરીયમને ઘેર હરિસિંહને મળ્યો અને સઘળુ સમજાવ્યુ હરિસિંહ સુદરરાયની અચાનક થયેલી હાજરીથી ઘણોજ ખુશી થયો, કારણ કે તે જાણતો હતો કે આણદલાલના બનાવલા વિષના સબધમા જેટલુ મુકતા જાણે છે તેના કરતા સુદરરાય વિશેષ જાણે છે આણદ લાલના મકાનમાથી મળી આવેલા કાગપેટના ટુકડાની ઉપર લોહીનાજ ડાઘ છે. કે કોઇ અન્ય વસ્તુના' તેની ખાત્રી કરવા હરિસિંહ કોઇ હુશી યાર ડોકટરની શોધમા હતો એટલામા અચાનક આ અનુભવીના આગ મનના શુભ સમાચાર મળ્યા તે ખુશી થયો અને મરીયમને ત્યાથી બખ્તા વરખાનને ઘરે જઇ તેને સાથે ઉતાવળો અહીં આવી પહોચ્યો, પરતુ અહીં તો પરિણામ ઉલટુ આવ્યુ સુદરરાયને સમજાવવો ભારે થઇ પડયો સુદરરાયના વધતા જતા સશયને દુર કરવા હરિસિંહે પ્રયત્ન કરવા માડયો તે બોલ્યો,

"સુંદરરાય'—

'નહિ, નહિ, ઓ હરિસિંહ, હું તમારે પગે પડું છું મને માફ કરો હું નિર્દોષ છું સુંદરરાયે હરિસિંહને તેને અટકાવી વચ્ચેજ આજીજી કરતા કહ્યું

"પણ"—

"સમજ્યો હરિસિંહ તમો તમારી ફરજ માટે કહો છો, અને તમારી ફરજ અદા કરો, હું આ રહ્યો પકડો, કેદ કરો પણ મને મારી વહાલી પુત્રી ઓહ' મારી નિરાધાર પુત્રીને એક વખત મળવા દો હું એટલા માટેજ અહીં આવ્યો છું અરે! તેનો નિર્દોષ ચહેરો મને એકવાર જોવા દો, બતાવો, બતાવો, તે ક્યાં છે હરિસિંહ શું તમે તેણીને કેદ કરી છે, હાય જો એમજ હોય તો મને પણ ત્યાં લઈ જાઓ," સુંદરરાયથી રડી જવાયું' ઉમેદમલ અને ધરમ નામનું હૃદય પણ દ્રવિત થયું હરિસિંહથી આ દૃશ્ય ન જોવાયું. બન્ના સરખાને ધરમનાસ પાસેથી સાંભળેલી સર્વ હકીકત હરિસિંહને કહી સમજાવી હતી, એટલે કેસરજ સઘળા કારણનું મૂળ છે, તેણીએજ સુંદરરાયને કૃત્રિમ હાવભાવથી લોભાવી આણંદરાયની રૂપિયા દશ હજારની રકમ ઉચાપત કરી હતી સુંદરરાય તેણીના કટાક્ષથી વિંધાયો હતો ખરો, પરંતુ અત્યાચારમાં જોડાયો નહોતો તેને પોતાનું એક પત્નિવ્રત અદ્યાપિ પર્યંત નીભાવ્યું હતું એ સઘળું હરિસિંહના જાણવામાં આવી ગયું હતું તે સુંદરરાયની મનમાંજ પ્રશંસા કરવા લાગ્યો, આણંદલાલે સુંદરરાયની જે તારીફ કરી હતી અને તેના તરફ જે ઉદારતા બતાવી હતી, તેનું સ્મરણ થયું, સુંદરરાય તે સર્વને યોગ્ય હતો એમ હરિસિંહને હવે જણાયું

"અરે, પણ પહેલા મારૂ સાભળી તો લ્યો, કેટલીકવારે હરિસિહે કહ્યુ

"શુ સાભળુ, હરિસિહ તમારા આગમનનુ કારણ હુ જાણી ગયો છુ તમે મને આણુદલાલના —

"નહી સુદરરાય, ગભરાઓ નહિ, શાન્ત થાઓ, હુ તમને પકડવા નહિ પણ મળવા આવ્યો છુ, બખ્તાવરખાને મને સઘળુ સમજાવ્યુ છે તમે નિર્દોષ છો, એમ મને બરાબર જણાયુ છે હરિસિહે સુદરરાયને બોલતો અટકાવી વચમાજ કહ્યુ

હરિસિહના શબ્દોથી સુદરરાયને કાઇક શાન્તિ વળી તો પણ પોલીસો પોતાના શિકારને પકડવા પહેલા એવીજ યુકિતઓ કરે છે, એ નબળા વિચારે સુદરરાયના હૃદયમા ઘર કરેલુ હોવાથી તેને વિશ્વાસ આવ્યો નહિ તે બોલ્યો, હરિસિહ શા માટે ઉડાવો છો ? ગરીબને શા માટે મનાવો છો ? ભલે તમે તમારી ફરજ સુખેથી બજાવો પણ એક વાર મને મારી પુત્રીને તો બતાવો અરે! ઘણા દિવસના વિયોગી પિતાને એ નિર્દોષ પુતળીના દર્શન તો કરાવો હરિસિહ, દયા કરો હુ તમારો ઉપકાર જીદગી સુધી નહિ ભુલુ સુદરરાયની આખમાથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો

"સુદરરાય, જો મારી હાજરીજ તમારા દુ ખનુ કારણ હોય તો હુ અહીંથી ચાલ્યો જાઉ' હરિસિહે આખરે કટાળી જઇ કહ્યું

'સુદરરરાય તમે પહેલા હરિસિહનુ કહેવુ તો સાભળી લ્યો, પછી તમારે જોઇએ તેવી કલ્પના કરજો' બખ્તાવરખાને સુદરરાયને સમજાવવાનો પ્રયત્ન કરવા માડયો

"કહો, ભાઇ જે કહેવુ હોય તે સુખેથી કહો હુ સાભળવા તૈયાર છુ" સુન્દરરાયે સજળ નેત્રે કહ્યુ

ત્યારે પહેલુ તો એકે તમો નિર્દોષ છો, તેનુ આ પ્રમાણ પત્ર જુઓ, અને પછી બાકીનુ સાભળો" એમ કહેતાજ હરિસિહે આણદ લાલે આપેલુ રાજીનામુ અને સુન્દરરાયના સબધનુ ઉતમ સર્ટીફીકેટ તેના હાથમા આપ્યા, સુદરરાયે તે વાચ્યા, તેમા આણદલાલે સુદરરાય ની ઘણીજ તારીફ કરેલી હતી વાચતાજ સુન્દરરાયની આખમાથી હર્ષાશ્રુ સરી પડયા અહો, મારા પરોપકારી શેઠનો મારા પર કેટલો ઉપકાર પ્રભુ એ પરોપકારી આત્માને જ્યા હોય ત્યા શાન્તિ આપો

"કેમ, સુદરરાય, હવ તો ખાત્રી થઇ ના? હરિસિહે કહ્યુ

'હા, પણ હરિસિહ આટલુ છતા તમે મને ધમકી આપનારો પત્ર શા માટે લખ્યો હતો' સુન્દરરાયે હરિસિહને પુર્વની વાતનુ સ્મરણ કરાવતા કહ્યુ

"સુન્દરરાય એ પત્ર બનાવટી હતો, મારા હાથે તે લખાએલોજ નહોતો, મને તો લાગે છે કે એ પણ પેલી કુલટાનુજ કાવતરુ હશે'

'હાય હુ કેવા નિર્ભાગી' મારા શેઠના અતિમ દર્શન કરવા' પણ હુ ન પામ્યો! મે નાસવામા કેટલુ સાહસ કર્યુ હરિસિહ હવે હુ ખરેખરો પસ્તાઉં છું"

"સુન્દરરાય, હવે એ ગઇ ગુજરીને વિસરી જાઓ, ચાલો અદર ચાલો મારે એ સબધનીજ કેટલીક વાતો તમારી સાથે કરવાની છે।

"પણ હરિસિહ, પહેલા મને કહો કે મારી મુક્તા કયા છે' જેનુ ચિત પુત્રીમાજ લાગેલુ છે, એવા સુદરરાયે પુન એજ પ્રશ્ન કર્યો,

તમારી પુત્રી નિર્ભય સ્થાનમા અને સુખી છે, આણદલાલ પોતાની મર્વ સપતિ પણ તેણીનેજ આપેલી છે

'ઓહ, શુ ખરૂ કહો છો' અરેરે! હુ કેવો અભાગી' ક્ષણીક સુખની સ્વલ્પ આશાથી સસારની મિથ્યા મોહ જાળમા, અરે કહોને ? નર્કની ખાણમા અથડાયો, નિર્લજ નારીના નેત્ર કટાક્ષથી વિધાયો ચવાયો, અને આખરે તેણીનાજ ફદામા ફસાયો દશ હજાર જેવી ગજાવર રકમ મારા હાથેથી આપવા લોભાયો, અરે આપી ચુકયો એટલુ છતા એ પરોપકારી શેઠનો મારા પર અનહદ ઉપકાર થયો, અપકારનો બદલો ઉપકારથીજ મળ્યો પોતાના સગા ભાઇનો હક રદ કરી એક સાવારણ અરે નિમકહરામ નોકરની પુત્રીને એ હક આપ્યો અહાહા, એ પરોપકારી શેઠનો મારાપર કેટલો ઉપકાર' પણ—

"સમજ્યો, સુદરરાય તમે મોતીલાલ માટે કહો છો પણ મોતીલાલ એ મિલકત મુકતાને મળે તેમાજ ખુશી છે" હરિસિહે વચમાજ કહ્યુ

"એ તો ઘણુજ આશ્ચર્ય'"

"એમા આશ્ચર્ય જેવુ કઇજ નથી પ્રસગ આવતા તમને સઘળુ સમજાશે હરિસિહે મર્મમાજ કહ્યુ

સુદરરાય હરિસિહનો હેતુ સમજી ગયો તે ખુશી થતો બોલ્યો હરિસિહ જો તમારી કલ્પના ખરી હોય તો મારા જેવો ભાગ્યશાળી બીજો કોઇ નહિ"

'તે ખરૂજ છે પણ એ મઘળુ હાલ તરત તમે નહિ જાણી શકો કારણ કે થોડો સમય તમારે ગુપ્ત રહેવુ પડશે"

'તેનુ કારણુ?"

"કારણુ એજ કે તમારા દુશ્મનોની સખ્યા અહી વધારે છે હરિમિહે કહ્યુ

"હરિમિહ તમારી ભુન થાય છે, અહી મારો કોઇ દુશ્મનજ નથી"

"હુ ધારૂ છુ કે તમે ભોળા છો, જેને તમે પોતાનો ગણો છો, એજ તમારો દુશ્મન છે"

'તે કોણુ?"

"ડોક્ટર ગતિલાન"

"હે એ વળી શુ?"

"તે તમોને આગળ જતા જણાશે, મારા ભાગ્યે તેઓ તમને મરેલાજ ધારે છે, અને હુ પણુ અત્યાર સુધી તો એમજ માનતો હતો મારા સાભળવામા આવ્યુ છે કે તમારી હૈયાતીની કાઇક છૂપી ખબર ચપળાને મળી ગઇ છે તેથી તેણીએ તમારો પતો મેળવી આપ નારને માટે મોટુ ઇનામ જાહેર કરેલુ છે, અને તેમા તેણીનો તમારૂ અનિષ્ટ કરવાનોજ હેતુ સમાએલો છે, આજકાલ ગતિલાન ડોક્ટરની આ શહેરમા ઘણીજ રાડ પડે છે,તે ઘણોજ ભયકર માણુસ છે અને તમારા જેવો ભોળો માણુસ તો તેમનો કાચો શિકાર છે માટે તેના પજામા ન સપડાઇ જાઓ એટલા માટે તમારે ગુપ્ત રહેવુ પડશે અને તે પણુ અહીં બખ્તાવરખાન પાસેજ"

"એ તો તમે વળી કાઇ નવુજ સભળાવ્યુ

'નવુ નહિ પણુ જુનુ છે માત્ર તમારી નિર્દોષ દ્રષ્ટિથીજ નવુ જણાય છે એ પિતા પુત્રી મુળથીજ તમારા વિરોધી છે'

માટે જો તમો તમારૂ, મુક્તાનુ અને મોતીલાલનુ ભલુ ચાહતા હો, આણુદલાલનો ખરો ખુની જલદી પકડાય એમ ઇચ્છતા હો, તો મારી સલાહ માની થોડા સમય માટે અહીજ ગુપ્ત વાસ રાખો" હરિસિંહે ટુકામા સઘળુ સમજાવી દીધુ

'હુ તમારી સલાહને માન આપુ છુ પણ હરિસિહ, મને સત્ય કહો તમને મારી નિર્દોષ પુત્રી પરનો શક નથીના?"

"નહીં, બિલકુલ નહી હા જે દિવસે આણુદલાલનુ ખુન થયુ તે દિવસે તેણી આણુદલાલના રસાયનવાળા ઓરડામાથી મળી આવી હતી અને તેથી મને તેણીના પર શક ગયા હતો પરતુ પાછળથી કરેલી તપાસના પરિણામે તેણી મને નિર્દોષ જણાઇ છે" હરિસિહે કહ્યુ

"તમારો ઉપકાર થયો હવે મને શાન્તિ વળી" હરિસિહ, "મુક્તા તમારી પુત્રીજ છે, તેને સચાવજો" સુદરરાયે હરિસિહને ભલામણ કરતા કહ્યુ

'નિશ્ચિત રહો તેણીને માટે હુ મારાથી બનતુ કરૂ છુ, અને કરીશ, હવે ચાલો આપણે અંદર બેસીએ કારણ કે મારે તમારી કેટલીક સલાહ લેવાની છે"

"મારી સલાહ?' સુદરરાયે આશ્ચર્યતાથી પુછ્યુ

"હા, તમે અદર ચાલો ત્યા તમોને સઘળુ જણાશે" હરિસિહે કહ્યુ

"પાચે જણા અદર ગયા, અને બખ્તાવરખાનના રૂમમા દાખલ થયા યોગ્ય સ્થાને સર્વના બેસવા પછી હરિસિહે પુછ્યુ, સુંદરરાય

મે માભળ્યુ છે, અને મુક્તાએ પણ મને કહ્યુ છેકે તમો પણ આણદ લાલના તમામ વિષો ઉપયોગ સારી રીતે જાણો છો

"હા, એ ખરૂ છે" સુદરરાયે જવાબ આપ્યો

"વારૂ ત્યારે કહી શકશો કે આ ડાઘ શાનો છે" એમ કહેતાજ હરિસિહે આણદલાલના મકાનમાથી લીધેલો પેલો કારપેટનો ટુકડો તેની પાસે મુકયો અને તે જોવા માટે એક યત્ર પણ તેની સાથે મુકી દીધુ

સુદરરાય ને કારપેટનો ટુકડો ઉપાડયો અને યત્ર વડે તે પરનો ડાઘ તપાસવા લાગ્યો કેટલીક બારીક તપાસ કર્યા પછી તેણે હરિસિહને કહ્યુ, હરિસિહ, આ કારપેટપર પડેલા ડાઘ લોહીના જેવા દેખાય છે ખરા પણ તે લોહીના તો નથી પરતુ પ્રાણહારક વિષના છે

સુદરરાય હજુ પણ પેલો કારપેટનો ટુકડો તપાસવામા નિમગ્ન થયેલો હતો તે એકાએક બોલી ઉઠયો આશ્ચર્ય! હરિસિહ, આ ડાઘની બરાબર પાસેજ એક સ્ત્રીના પગલાનુ નિશાન જણાય છે"

"હે શુ સત્ય કહો છો?"

"હા, જુઓ તે આ રહ્યુ" એમ કહેતાજ સુદરરાયે તે યત્ર અને કપડુ હરિસિહના હાથમા આપ્યુ, હરિસિહે બારીક નજરે બરાબર તપાસ્યુ સુદરરાયનુ કહેવુ તેને ખરૂ લાગ્યુ તે ઘણોજ ખુશી થયો અને સુદરરાયની મનમાજ પ્રશસા કરવા લાગ્યો

"કેમ જોયુ હરિસિહ, બરાબર માફ જણાય છે ના"

'હા, સુદરરાય, આજે તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે, અને તમારો મેળાપ થયો આજે તમે મને મહાત કર્યો છે, ભલ ભલા ડિટેકટીવો જે તપાસ ન કરી શકે તેવી તપાસ તમે આજે કરી છે

'હરિસિહ, ખોટી તારીફ કરી મને શરમાવો નહિ તમારા જેવા બાહોશ ડિટેકટીવ પાસે મારા જેવા અનત શુ હિસાબમા

'નહિ સુદરરાય, તમારી વિચિક્ષણ બુદ્ધિએ મારી આખો પર પડેલો પડદો દુર કર્યો છે, હવ હુ આણદલાલના ખરા ખુનીનો પતો જલદી મેળવી શકીશ, વારુ હવ હુ રજા લઇશ તમોને ફરી ન મળુ ત્યા સુધી તમો આ સ્થાન છોડશો નહિ ' એમ કહેતાજ હરિસિહ બહાર નીકળ્યો ધરમદાસ, ઉમેદમલ, બખ્તાવરખાન વગેરે પણ તેની પાછળ ચાલ્યા સુદરરાય એકલો પડયો, સર્વના જવા પછી કેટ લીક વારે બખ્તાવરખાનની સામેની કોટડીમાથી એક માણસ બહાર નીકળ્યો અને સુદરરાયના રૂમમા ગયો સુદરરાય એ માણસને જોતાજ ચમકયો, કપ્યો, ભયભિત થયો ઘડીભર તે આવનાર સામે જોઇ રહ્યો આવનારની દ્રષ્ટિ પણ તેના સામે સ્થિર થઇ, થોડીજવારમા સુદર રાયની આખો ઘેરાવા લાગી, તેવીજ સ્થિતિમા આવનારે સુદરરાયને પોતાની પાછળ ચાલવાની ઇશારત કરી, વિના આનાકાનીએ તે તેની પાછળ ચાલવા લાગ્યો, જે દરવાજા પાસે હરિસિહ વગેરે ઉભા હતા તેનાથી થોડે દુર આવેલા એક બીજા દરવાજા પાસે આવનારે અગા ઉથી એક ગાડી ઉભી રાખેલી હતી, તેમા સુદરરાયને બેસવાની ઇશારત કરી પોતે પણ તેની બાજુમા ચઢી બેઠો આ વખતે હરિસિહ જોકે

પાસે ઉભાલાઓની સાથે વાતચીતમા રોકાએલો હતો, તોપણ તેની દ્રષ્ટિ ચારે તરફ ફરતી હતી, ગાડીમા બેસનાર કોચમેનને ગાડી ચલાવવાનો હુકમ આપે તે પહેલા હરિસિહનુ તે તરફ ધ્યાન ખેંચાયુ તેને શક પડયો તે ઉતાવળે આગળ વધ્યો પરતુ તે ત્યા જઇ પહોચે તે પહેલા ગાડી ઉપડી હરિસિહનો શક વધ્યો તે થોડે દુર ઉભેલી એક વિકટોરીયામા ચઢી બેઠો અને કોચ મેનને આગળ જતી ગાડીની પાછળ ચલાવવાનો હુકમ આપ્યો ધરમદાસ, ઉમેદમલ, મખ્નાનખાન વગેરે હરિસિહના આ વર્તનથી અજબ થયા પરતુ એ અજાયબી બહુજ થોડો સમય રહી કારણકે સર્વએ અદર જઇ જોયુ તો સુદર રાય નહોતો હવેજ તેઓને સમજાયુ કે હરિસિહે સુદરરાયને ઉપાડી જનારનોજ પિછો લીધા હતો.

સુજ્ઞ વાચક, હરિસિહ સુદરરાયને પકડી જનારનો પતો મેળવી લાવે એટલા સમયમા આવો આપણે ચપળાના હાથમા સપડાએલી મુક્તાની શોધમા જઇએ



# પ્રકરણ ૨૩ મું

## પિતા પુત્રીનો અચાનક મેળાપ અને છુટકારો

ચપળાના હાથમા ફસાએલી મુકતા જ્યારે શુદ્ધિમા આવી ત્યારે તેણે જોયુ કે તે એક અધારી કોટડીમા ભાગી તુટી નાની ખાટલી પર પડી છે, તેણીએ આસપાસ કોટડીમા નજર ફેરવી પરતુ અધારામા તે કાઇ જોઇ શકી નહિ, તેથી તે ગભરાઇ, જે મુકતાને આણદલાલના વિશાળ ઓરડામા કોઇ દિવસ ભય લાગ્યો નહોતો, તેજ મુકતા આ નાની કોટડીમા ભય પામી તેનાથી એક જબરી ચીસ પડાઇ ગઇ, તેનો પડઘોજ માત્ર તેને સભળાયો અરે કોઇ બચાવો! આ નિરાધાર અબળાની વહારે ધાઓ, તેને મોટેથી બગાડા પાડવા માડયા પરતુ કાઇ જવાબ મળ્યો નહિ, મુકતાએ બુમો પાડવી ચાલુ રાખી આખર તેને નીચે મુજબ જવાબ મળ્યો

'ચુપ રહે તારી સહાયતા કરે એવુ અહી કોઇ નથી"

"હુ કયા છુ તે તો કૃપા કરી જણાવો"

"યમદ્વારમા"

"હાય! એ શુ મારા પ્રશ્નનો જવાબ છે"

"હા, એજ તારા પ્રશ્નનો જવાબ છે, હવ તુ અહીંથી તારી આ જીદગીમા છુટવા પામશે નહિ'

શુ, મારો છુટકારો કોઇપણ રીતે થઇ શકે તેમ નથી? કેટલીક વારે મુકતાએ ગદગદિત સ્વરે કહ્યુ

'હા એક સરતે થઇ શકે તેમ છે

"તે સરત શુ છે'

આણુદલાલનુ ખુન તેજ કર્યુ છે એમ જો તુ પોલીસો પાસે કબુલ કરે તોજ તુ અહીંથી છુટી શકે બહાર ઉભેલા પિશાચે કહ્યુ

'પણ જુઠુ મારાથી કેમ કહેવાય' ભાઇ, હુ પ્રતિજ્ઞા પુર્વક કહુ છુ કે હુ નિર્દોષ છુ"

'ખેર ત્યારે ઓરડામા સડયા કર"

'હાય, હાય, તમોને જરા પણ દયા આવતી નથી? અરે મારી સ્થિતિ તરફ તો ખ્યાલ કરો, મને બચાવો, હુ તમારે લાગુ છુ" મુકતાએ કરગરીને કહ્યુ

"શુ તારે આ દુખમાથી બચવુ છે '

'હા, બચવાની કોને ઇચ્છા ન હોય? ભાઇ દયા કર મને કોઇ પણ રીતે બચાવ '

"તારા બચાવ માટે મે હમણા કહ્યો તે એકજ રસ્તો છે

"ખેર જો એમજ છે, તો હુ એ રીતે બચવા નથી માગતી, ભલે મારૂ ગમે તે થાઓ, ગમે તેટલુ કષ્ટ પડે, પરતુ હુ જુઠુ કદી નહિ બોલુ ભલે હવે તારી ઇચ્છામા આવ તેમ કર પણ હુ આ અધકારમા ગુગળાઇ જાઉ છુ કૃપા કરી માત્ર થોડીજ મિનિટ મને આ ઓરડામાથી બહાર કાઢ"

'નહિ તે નહિજ બનશે"

"પણ ભાઇ આમ કરવાથી તમને લાભ શુ છે'"

"તેનો જવાબ આપવા હુ બધાએલો નથી"

" પણ હુ નિર્દોષ છતા મને શા માટે પજવે છે' કૃપા કરી એક વખત દરવાજો ખોલ હુ અંદર ગુગળાઇ મરુ છુ મને હવે જરા બહારની હવા લેવા દે"

"એમકે દરવાજો ખોલતાજ તારે અહીંથી નાશી જવુ છે, કેમ' અરે લુચ્ચી, હુ કાઇ તારા જેવો બેવકુફ નથી, સમજી' બહાર બેઠેલા પુરૂષે જવાબ આપ્યો

"અહા' ભાઇ, તમે કેવા વિચાર કરો છો' હુ એક અબળા જાતી પુરૂષના પંજામાથી શી રીતે છટકી શકુ'

"એ સઘળી ચાલાકી તારી પાસેજ રહેવાદે અગર જો તુ છુટ વાની આશા રાખતીજ હોય તો મે કહયુ તે સઘળુ કબુલ કર"

મુકતા ચુપ રહી બહારના પગલાના અવાજ પરથી તેણીએ જાણી લીંધુ કે બહાર ઉભેલો માણસ ત્યાથી ચાલ્યો ગયો છે તે અનેક પ્રકારની કલ્પના કરતી પોતાની તુટેલી ખાટલી પર પડી એટલામા બહાર કોઇ બે માણસોને વાતચીત કરતા સાભળ્યા મુકતાની વિચાર માળા તુટી પડી તે મનમાજ વિચાર કરવા લાગી કે એ બે મનુષ્યો કોણ હશે? અહીં શા માટે આવ્યા હશે' મુકતા પોતાની ઓરડીના કમાડ પાસે આવી અને શાન્તિથી સાભળવા લાગી ધીમે ધીમે આવનારાઓ ના પગલાનો અવાજ વધારે સ્પષ્ટતાથી સભળાવા લગ્યો, ઓરડીનુ બારણુ ખુલ્લી ગયુ, મુકતા દુર ખસી ગઇ અને ધીમે રહી નીચે બેસી ગઇ ઘોર અંધકારમા બે મનુષ્યોની પ્રતિ છાયા તેણીના જોવામા આવી થોડીવાર પછી તે બન્ને મનુષ્યો ત્યા કોઇ એક વસ્તુ રાખીને ચુપકીથી ચાલ્યા ગયા ફરીને ઓરડીના દ્વાર બંધ થઇ ગયા

મુક્તાની તરંગમાળા તુટી પડી તેના મનમા થતા ચિત્ર વિચિત્ર તરંગોનો અંત આવ્યો નજરે જોએલા દ્રશ્યથી એ સઘળુ નિમગ્ન થઇ ગયુ હવે તેને એ મનુષ્યો શી વસ્તુ નાખી ગયા છે તે જોવા ઉત્કંઠા થઇ, તે બેઠી હતી ત્યાથી ઉઠી અને તેઓ જ્યા તે વસ્તુને નાખી ગયા હતા ત્યા હાથ ફેરવીને ખોળવા લાગી તે વસ્તુનો સ્પર્શ થતાજ તેનુ કોમળ હૃદય ધડક ધડક કંપવા લાગ્યુ તેને સ્પર્શ થતાજ મુક્તાને જ્ઞાન થયુ કે તે કોઇ નિજીવ મનુષ્યનુ શરીર હતુ' એટલામા એક દિર્ઘ નિશ્વાસના વાયુનો તેના હસ્તમા આઘાત થયો કારાગ્રહ વાસીની મુક્તા કુતુહલ અને સંદેહ પુર્ણ થઇ ગઇ તે પતિત શરીરને ઉદ્દેશીને કહેવા લાગી તમે કોણ છો? શુ તમે પણ મારી પેઠે અહી કેદ થયા છો આનો જવાબ ફક્ત તેના દિર્ઘ નિશ્વાસેજ આપ્યો તે મનુષ્યના કંઠમાથી એક પણ શબ્દ સાભળવામા આવ્યો નહિ ત્યારે મુક્તા ફરીને બોલાવવા લાગી તમે ગમે તે હો પણ તમારી દુર્દશા જોતા એજ નિશ્ચય થાય છે કે તમે પણ મારી પેઠે સંકટમાજ પડેલા છો આ નિર્દય નારકીઓના કેદખાનામા હુ અને તમે એક સમાન સ્થિતિમા પડેલા છીએ જો કાઇ હરકત ન હોય તો મને તમારો પરિચય આપો હુ તમારી કર્મકથા સાભળવાને બહુજ અધીરી બની ગઇ છુ"

તે દીર્ઘ નિશ્વાસે મુક્તાના પ્રશ્નનો કાઇ પણ જવાબ આપ્યો નહિ, તેની સત્ય સ્થિતિ અજ્ઞાત હોવાને લીધે મુક્તા પણ નિરાશ થઇને ચુપ બેસી રહી ચિંતા રૂપી સહસ્ત્રવધિ વૃશ્ચિકના દંશની વેદનાથી હૃદયમા તે અત્યંત આકુળ વ્યાકુળ થવા લાગી

મુક્તાના નેત્ર સમક્ષ મહાનિદ્રાની અનંત શય્યા પાથરેલી હતી તથાપિ ચિંતા રૂપિ વૃશ્ચિકોના દંશની વેદનાનો વિનાશ કરવાના હેતુથી

તે નિદ્રાદેવીનુ આવાહન કરવા લાગી, પરંતુ તેની એ ચેષ્ટા વ્યર્થ હતી મુક્તા જાણતી નહતી કે મૃત્યુની છાયામથી રાચા અને અશ્રુધાર પુર્ણ નેત્રો તે નિદ્રાદેવીનુ પ્રકૃત આસન થઇ શકતુ નથી ધીમે ધીમે એક પછી એક એમ અનુક્રમે તેના મનમા સુખની સ્મૃતિ અને સુખની આશાઓનો ઉભન થવા લાગ્યો છતા પણ આપણે તો તેની તે સુખ સ્મૃતિને દીપકની શાખાની અને આશાઓને સ્વપ્નની ઉપમા આપીશુ મુક્તાનુ હૃદય વ્યાકુળતા રૂપી વન્હિની ભયકર જ્વાળાના સ્પર્શથી ભડભડ બળવા લાગ્યુ મોતીલાલનુ સ્મરણ તેને થઇ આવ્યુ હૃદયમા દુખના આવેશમા તેણીનાથી બોલી જવાયુ શુ મુક્તા તુ મોતીલાનથી વિમુખ થઇશ' મોતીલાન તને તજી દેશે' શુ ચપળાને ઓહ, આવા, અરે ઓ નિર્દય મનુષ્ય આવો' હવ વિન મ ના માટે કરો છો' મારાથી એ સહન નહિ થાય , બસ આ ક્ષણેજ મારા શરીરના બે વિભાગ કરી નાખો મારા પ્રિયને બીજાનો થયેલો જોવા કરતા મારે માટે મરણુ સહસ્ત્રગણુ ઉત્તમ છે, મુક્તાના નેત્રો ઉષ્ણ અને ક્ષાર નીરથી ભરાઇ આવ્યા તે રોવા લાગી

"ગભરા નહિ, શાત થા, પ્રભુ સર્વ સારૂ કરશે એજ અનાથોનો નાથ મારી અને તારો બન્નેની વાહારે ચડશે, એકાએક સ્વપ્ન મિશ્રીત કોઇ પુરૂષના કંઠનો ધ્વનિ મુક્તાના કર્ણોમા આવીને અથડાયો

મુક્તા ચમકી, તેણીએ રડવુ છોડી દીધુ આશ્ચર્ય, ભય, ચિતા અને ઉદ્વેગે એકત્ર થઇને તેણીને ચેતનહીન બનાવી દીધી

"તમે કોણ છો' અને કયા છો' આ અંધકારમાં કાંઇ જણાતું નથી શું પહેલાં તમેજ મારા શરીરને સ્પર્શ કર્યો હતો? પહેલો પ્રશ્ન શું તમેજ પુછયો હતો' પુનઃ અવાજ આવ્યો

"હે, આ શું' આ તો કોઇ પરિચિત સ્વર સંભળાયો અરે! આ તે ભ્રાંતિ કે સ્વપ્ન? મુક્તાના આ માનસિક પ્રશ્નનો ઉત્તર મળી શક્યો નહિ કેટલીકવાર સુધી શાન્તિ પ્રસરી રહી

"આગથી વધારે બોલી શકાતું નથી મને સખ્ત બંધનોથી બાંધવામાં આવ્યો છે, તમે જે હો તે પાસે આવો અને મને આ બંધનથી મુક્ત કરો, હું તમારો ઉપકાર નહિ ભુલું' ફરીથી એજ ધ્વની સંભળાયો

'અરે, આ તો એજ જેને હમણાં મે નિર્જીવ મનુષ્ય ધાર્યો હતો તેજ બોલતો જણાય છે'

એકદમ મુક્તા પોતાના સ્થાન પરથી ઉઠી, ભિષણ અંધકારમાં પણ તેણીએ તે મનુષ્યને શોધી કાઢયો પોતાના કોમળ હસ્ત તેના પર ફેરવ્યા તેણીએ જોયું કે પાપીઓએ તે બિચારાને સખ્ત બંધનોથી બાંધી લીધેલો છે, પોતાની પાસે કાંઇ પણ સાધનો નહિ છતાં ધીમે ધીમે દોરડા છોડી તે પુરૂષને બંધન મુક્ત કર્યો

ખરેખર સ્ત્રી એ જગતમાં દયાનો અવતાર છે-શાંતિની દેવી છે કૃપાનો સાગર છે સ્ત્રી જાતીનું હ્રદય દયાથી શુન્ય હોત તો આખું વિશ્વ જીવ શુન્યજ હોત આજે સ્ત્રી જાતિના હ્રદયમાં દયા ના હોત તો શું આ પુરૂષનું બંધન છુટી શકત? સ્ત્રી એ દયાનો અવતાર છે,

અમ્રતનો ભંડાર છે, પણ એ મંગળ સદ્ગુણ હોય ત્યાંજ હોય છે, ચપળા જેના કાળી નાગણ તો ઉલટી દંશ દેનારજ નીવડે છે.

તે પુરૂષને સખ્ત બંધ બાંધ્યા હતા તેથી તેના હાડ સજડ થઇ ગયા હતા, ધીમે ધીમે તે બેઠો થયો તેણે ઉંચે જોયું, સર્વત્ર અંધકાર જેવું જણાયું દુઃખના ડુંગર તળે દબાએલો માણસ તત્કાળ જોઇ શકતો નથી, તેનું માથું ચકર ચકર ફરતું હતું તેને આશ્ચર્ય થયું બીક લાગી પણ શરીરે બળવાન અને બુદ્ધિવાન હોવાથી ધૈર્ય રાખ્યું તે બોલ્યો તું કોણ છે? મને અહીં શા માટે લાવી છે? શા માટે મને કેદી બનાવ્યો છે, પોતાના પર ફરેલા કોમળ હસ્ત પરથી તે પુરૂષે તે સ્ત્રી હોવી જોઇએ એવું અનુમાન કરી કહ્યું

મુક્તા આ શબ્દો સાંભળતાંજ સ્તબ્ધ બની ગઇ તે બોલી ભાઇ મને પણ કાંઇ ખબર નથી, હું એટલુંજ કહી શકું છું કે જેમ તમે કેદી બની આવ્યા છો તેજ પ્રમાણે હું પણ અહીં કેદી છું, આ મકાન કોનું છે, એ સુધ્ધાં પણ હું જાણતી નથી પણ કહો તમે કોણ છો? આ અંધકારમાં જોકે કાંઇ જોઇ શકાતું નથી, તોપણ મને લાગે છે કે હું તમને ઓળખું છું, આપણે દીર્ઘકાળ સાથે રહ્યા હોઇએ એમ તમારા અવાજ પરથી જણાય છે, તમારો પરિચિત અવાજ મને એક વસ્તુનું સ્મરણ કરાવે છે કહો જલદી કહો મને કંઇ થઇ જાય છે તમે મારા પિતા 'મુક્તાથી રડી જવાયું

તે પુરૂષને પણ કાંઇક પુર્વની સ્મૃતિ થઇ તે કોમળ કંઠ સ્વર તેનો ચિરકાળનો પરિચિત હોય એવો તેને ભાસ થયો તેણે એકાએક ગભરાઇને પોકાર કર્યો તું આમ રડે છે શામાટે પુત્રી તું આ અભાગી વૃદ્ધના નેત્રોનો પ્રકાશ "મુક્તા" તો ન હોય?

મુક્તાએ એ શબ્દો સાભળ્યા દીર્ઘ મુદ્દતથી મુક્તાએ એ કંઠ સ્વર સાભળ્યો નહોતો આજે પિતા પ્રમાણે મને પુત્રી કહીને કોણે બોલાવી એવા સાહજિક પ્રશ્ન તેના મનમા ઉદ્દભવ્યો એ અત્યત આક્રંદ કરીને કહેવા લાગી કોણ, કોણ મારા પિતા' ઓહ! આ હુ શુ સાભળુ છુ' ખરૂ કહો, આ સ્વપ્ન તો નથી"

"નહિ, નહિ, ઓ મુક્તા આ સ્વપ્ન નહિ પણ ખરૂ છે જે હુ તારો અભાગી પિતા પાપી સુદરરાયજ છુ તને નિરાધાર દશામા કાઢી જનાર અને આખર આ ની અધમ દશાએ પહોચાડનાર હુ જ તારો પાપી પિતા છુ, હુ પણ તારી માફકજ કોઇ પાપીના હાથે ફસાયો છુ આવ, આવ, મારી વહાલી પુત્રી એકવાર મને ભેટ તારા વિયોગે તલપી રહેલા અને દગ્ધ થએલા આ હૃદયને તારા સ્પર્શથી શાન્ત કર"

પિતાનો અવાજ મુકતાએ હવે બરાબર ઓળખ્યા ને બોલી ઉઠી "ઓહ' કોણ મારા પિતા, ઓ વિભુ! કેવા ન ધારેલો મેળાપ! પિતા, પિતા, મને બચાવો, એમ કહેતાજ મુકતા પોતાના પિતાના ગળે વળગી પડી હર્ષાશ્રુથી સુદરરાયના ખભાને ભીંજવી મુકયો.

"ગભરા નહિ, બેટા શાન્ત થા, પહેલા મને કહે કે તુ અહીં કેવી રીતે આવી' તારી આ દશા કોણે કરી' આ મકાન કોનુ છે'" સુદરરાયે ગળગળિત સ્વરે પુછ્યુ

મુકતામા પુછાએલા પ્રશ્નનો જવાબ આપવાની શક્તિ હતી નહિ. આજે એક વર્ષે પિતના પ્રેમ પુર્ણ અકમા સુખે બેસવાનો અલભ્ય પ્રસગ પાછો પ્રાપ્ત થયો હતો અને ત્રણે વખતે મન ભરીને

રોવાનો અવસર તેને મળ્યો હતો, એટલ સુદરરાયના પ્રશ્નનો કશો પણ ઉત્તર ન આપતા તે બની શકે તેટલુ રૂદનજ કરવા લાગી સુદર રાયે પણ પોતાનુ હૃદય ખાલી કરવા માડયુ

એકાએક દ્વાર ઉઘડયુ એક સ્ત્રીએ તે ઓરડામા પ્રવેશ કર્યો તેની હાથમા બતી હતી તેના પ્રકાશમા તેણીએ જોયુ કે ત્યા એક વૃદ્ધ અને એક કુમારિકા એક એકને ગળે વળગી રૂદન કરી રહ્યા છે ત સ્ત્રીએ કાઇ પણ પ્રકારનો પ્રશ્ન પુછયા વિના કેટલીકવાર સુધી સ્થિર દ્રષ્ટિથી તે બન્નેના મુખનુ અવલોકન કયુ એક અદભુત અને અજ્ઞાન હૃદયવેગ મહાકષ્ટ પુર્વક તેની બુદ્ધિને દબાવવા લાગ્યો તેણે એક વાર કાઇક પુછવાનો પ્રયત્ન કર્યો પણ શબ્દો કઠ પર્યંત આવીને અટકી પડયા, મુખમાથી બહાર નીકળી શકયા નહિ, તેણીએ હાથમા પકડેલી ચળકતી છરી નીચે પડી ગઇ તેનો ખનનન કરતો અવાજ બહાર ઉભેલા એક માણુસે સાભળ્યો, તે એકદમ ત્યા દોડી આવ્યો

“કેમ કાર્ય સપુર્ણ થયુ કે? તે આવનાર પુરૂષે પેલી સ્ત્રીને પ્રશ્ન કર્યો, પણ એટલામાજ તેની દ્રષ્ટિ પેલા બન્ને પિતા પુત્રી પર પડી, તે ડોળા ધુરકાવતો એકદમ પેલી સ્ત્રી તરફ ફરીને બોલ્યો વિશ્વાસઘાતિની નીચનારી, શુ મે તને આટલા માટેજ અહી મોકલી હતી કે આખરે તે તારૂ ધાર્યુ કર્યુ મને મારા શત્રુઓ પાસે ખુલ્લો પાડયો, ફિકર નહિ હવ હુજ એ મારા કટકોનો નાશ કરીશ પણ પહેલા તુ તો તારા કર્મનો બદલો લેતીજા નીચ, નીમકહરામ તને તો ભયકરમા ભયકર શિક્ષા થવી જોઇએ પણ મને તેટલો સમય નથી, મારા બચાવ માટે મારે હજુ ઘણુ કરવાનુ છે, એટલા માટે જે છરીથી તને

અહીં ખુન કરવા મોકલી હતી તેજ છરીથી તારો નાશ કરૂ છુ કારણ કે હવ તુ પણ મારા માર્ગમા કટક સમાન છે, "એમ કહેતાજ તેણે તે છરી પેલી સ્ત્રીની છાતીમા ભોકી દીધી

"હાય, આખરે મારી બેદરીથી ખાયમા હુજ પડી, ને જમીન પર ઢળી પડી, મુક્તાએ તે અવાજ બરાબર ઓળખ્યો, તે એકાકળી પિતાની ગરદન છોડી પેલી સ્ત્રીનુ શબ પડયુ હતુ ત્યા ગઇ તેને જોતાજ તે બોલી ઉઠી" અરે આતા ગુલાબની

'હા, હા એજ ગુલાબની માનીતી ભીલણુ સ્ત્રી છે મુક્તા જો તુ પણ તારૂ ભલુ ચાહતી હોય, જીવનની આશા રાખતી હોય, તો મે કહ્યુ તે કબુલ કર"

સુન્દરરાય કે જે આ સઘળા દેખાવથી દિગમુઢ બની સઘળુ શાન્ત મુદ્રાએ સાભળ્યા કરતો હતો તે પેલા પુરૂષના ચહેરા સામુ જતાજ પોકારી ઉઠ્યો, "કોણ રતિલાલ"

"હા રતિલાલ' ને પુરૂષે ભવા ચઢાવી જવાબ આપ્યો.

શુ, તમેજ મારી મુક્તાને કેદ કરી છે' અરે એ નિર્દોષ બાળા ની તમેજ આ દશા કરી છે"

"હા' હા, અને તને પણ હુજ અહીં લાવ્યો છુ રતિલાલે જવાબ આપ્યો

"પણ રતિલાલ અમે તમારૂ શુ બગાડયુ છે, યાદ કરો તમારી પુર્વ સ્થિતિનુ સ્મરણ કરો રતિલાલ, જે વખતે—

"બસ, કરો, મારે તમારી એ વાતો નથી સાભળવી રતિલાલે સુન્દરરાયને બોલતો અટકાવીને વચમાજ કહ્યુ

'પણ અમને આમ દુખી કરવાથી તમોને શુ લાભ થવાનો છે"

'તે જણાવવાને હુ બધાએલો નથી, બસ વિશેષ બકવાદ છોડી દો, હુ તમારૂ કાઇ પણ સાભળવા માગતો નથી "

"ત્યારે શુ તમો અમારો પ્રાણ લેવાના નિશ્ચયથીજ અહીં આવેના છો' શુ અમે કોઇ પણ રીતે બચી શકીએ તેમ નથી"

'હા તમે એક શરતે બચી શકો છો, તમારા બન્નેના બચાવનુ ઔષધ મુકતા પાસે છે' રતિલાલે મુકતા તરફ આગળી બતાવતા કહ્યુ.

"શુ" સુન્દરરાયે દયામણી મુદ્રાએ રતિલાલને પ્રશ્ન કર્યો

"તેણી માત્ર એટલુજ કહે કે આણન્દલાલનુ ખુન મે કર્યુ છે" રતિલાલે જવાબ આપ્યો

"ઓહ, રતિલાલ આ શુ કહો છો' મારી નિર્દોષ પુત્રી એવુ નીચ કામ કદી કરેજ નહિ' સુન્દરરાયે ગળગળિત સ્વરે કહ્યુ

"નહિ, નહિ, એ ખુન મે કરેલુજ નથી, હુ એવુ જુઠુ કદી પણ કહીશ નહિ મારો પ્રાણ લેવાની તારી ઇચ્છાજ હોય તો ભલે, મારો પ્રાણ સુખેથી લે હુ તૈયાર છુ પણ હુ નિર્દોષ છતા મરણના ભયથી ગુન્હો કબુલ કરી, અસત્ય બોલુ એ મારાથી નહિ બને' મુકતા એ સહજ ક્રોધમા કહ્યુ

"મુક્તા હઠીલી મુક્તા, પસ્તાઇશ આખરે આ તારા વયોવૃદ્ધ પિતાનો પણ પ્રાણ ખોઇશ" રતિલાલે કહ્યુ

"જા, જા, પાપીયા તુ શુ પ્રાણ લેતો હતો જેનુ હજાર હાથવાળો રક્ષણ કરનાર છે તેનુ તારાથી શુ અનિષ્ટ થનાર છે? એજ અનત કોટી, બ્રહ્માડના નાથનો અમને આધાર છે તારી અહીં કોને દરકાર છે' મુક્તાએ પુર્ણ જોસમા કહ્યુ,

"એમ છે, જાઉ છુ એ તારો હજાર હાથવાળો તારૂ કેવી રીતે રક્ષણ કરેછે" એમ કહેતાજ રતિલાલે મુક્તાનુ કાડુ પકડી લીધુ

'દયા, દયા, ઓ રતિલાલ દયા મારી નિર્દોષ પુત્રીને ના માર તેને બદલે મારો પ્રાણ લે—' સુદરરાયે રડતા રડતા રતિલાલના ચરણો પકડી લીધા

"નહિ નહિ, તેમ નહિ બનશે, મુક્તાનુ જીવન એજ મારા દુ ખનુ કારણ છે,'

"નહિ નહિ, ઓ નિર્દય એ નિર્દોષને ના મારતો, અરે એ બિચારી ગરીબ ગાયને ના સહાર તો જો, જો તેણી કપે છે અરે થથરે છે તારા હાથમા પકડેલી છરી જોઇ ચમકે છે દયા કર, ક્ષમા કર તેને બદલે મારો સહાર કર

'સુદરરાય તારો પણ તેની સાથેજ સહાર થનાર છે, તારૂ જીવન પણ આજેજ પુરૂ થનાર છે"

" ભલે, ભલે, આ અભાગી તો તે માટે તૈયાર છે, પણ રતિલાલ આ મારી નિર્દોષ બાળકીને બચાવ, હુ તારે પગે પડુ છુ

તારી ચપળા તેનીજ આ મુકતાને સમજ. બચાવ, બચાવ, ઓ ગતિલાલ માગી આ નિર્દોષ પુત્રીને બચાવ, જો તુ કહેતો હોય તો ચાલ પોલીસો પાસે હુજ કહુ કે આણુ દલાલનુ ખુન મેજ કર્યું છે"

"નહિ પોલીસો એ કદાપી માનશેજ નહિ મુકતાએજ એ કબુલ કરવુ પડશે'

"પાપીયા ખુની, તેજ મારા પાલક પિતાનુ ખુન કર્યું છે, તુજ ખરો ખુની છે અને તે આરોપ મારા પર ઢોળી પાડવાનો પ્રયત્ન કરે છે,, પણ સમજે છે આ મુકતા કદી પણ તારા આવા ભયથી ડરીને એવુ અસત્ય બોલશે નહિ જા તારાથી થાય તે કરીલે મારા પિતા તારી શરમ રાખી તારી સામે થવાની મહજ પણ કોશીષ કરતા નથી એથી તુ અમોને દબાવે છે, પણ યાદ રાખ તુ એક છે અને અમો પિતા પુત્રી બે છીએ તારો ટોટો માત્ર એક ક્ષણમાજ પીસી નાખીશુ" મુકતાએ ક્રોધમા કહ્યુ

"ગતિલાલ અત્યાર સુધી તો મે માત્ર તને કરગરીને કહ્યુ છે, પણ હવ લાચારી સાથે મારે તેમજ કરવુ પડશે, હજુ પણ સમજ અને અહીંથી પાછો ફર, અમોને અહીંથી મુકત કર, નહિતો પરિણામ સારૂ નહિ આવશે, મુકતાના જુમાએ સુદરરાયના શુર ચડાવ્યુ

"જા, જા, તારાથી શુ થનાર છે, તને મહાત કરતા તો ફકત આટલીજ વાર છે, એમ કહેતાજ સુદરરાયને એક એવાતો જોરથી ધક્કો માર્યો કે તે બેશુદ્ધ થઇ જમીન પર ઢળી પડયો પછી તે મુકતા તરફ ફર્યો અને બોલ્યો 'બોલ તારે જીવવુ છે કે મરવુ છે'"

પાપીયા તારી તાકાત નથી કે તુ મારો વાંકો વાળ પણ કરી શકે, હુ નિર્દોષ છુ અને સત્ય ઉપર છુ એટલે સત્યનો બેલી સર્વેશ્વર મારી સહાયતા કરવા હમણાજ આવી પહોચશે અને મને બચાવશે"

"ઓહ, એમ છે, વારૂ જોઉ છુ એ તારો સર્વેશ્વર હવ તને કવી રીતે છોડાવ છે, એમ કહેતાજ તેણે મુકતાનો ચોટલો પકડી નીચે ફેકી દીધી, મુકતાથી એક ચીસ પડાઇ ગઇ, હજુ તો રતિલાલ મુકતાના હૃદયમા પેલી છરી ભોકવા હાથ ઉચા કરે છે, એટલામાજ 'ખબરદાર પાપી હવે તુ પુરેપુરો સપડાયો છે, નિર્દોષ અબળાને સતાવનાર તુ આણદલાલના ખુની તરીકે પકડાયો ', એમ કહેતાજ પાછળથી કોઇએ તેના હાથમાથી છરી ઝુટાવી લીધી હથિયાર હીન બનેલા રતિલાલે પાછુ વાળી જોયુ તો હરિસિહ હતો તેની સાથે ચાર પાચ પોલીસોને જોતાજ તે એવી ચાલાકીથી ત્યાથી દોડયો કે હરિસિહ ગમે તેવો ચાલાક છતા તેને પકડી શકયો નહિ પોલીસોએ તેની પુઠ પકડી પણ તે બહાર નીકળ્યા પછી કોણ જાણે કયા ગુમ થઇ ગયો પોલીસો નિરાશ થયા અને પાછા ફર્યા હરિસિહ બેશુદ્ધ બનેલા પિતા પુત્રી પાસે આવ્યો કેટલીકવારે સુદરરાય શુદ્ધિમા આવ્યો અને પોકારી ઉઠયો "રતિલાલ દયા કર' મારી પુત્રીને બચાવ

"ના, ગભરાઓ, રતિલાલ તો કયારનો અહીંથી નાશી ગયો હવ તમે નિર્ભય છો ચાલો મારી સાથે આવો" હરિસિહે સુદરરાયને શાત્વન આપતા કહ્યુ

'ઓહ, કોણ? હરિસિહ' તમો અહી કયાથી' શુ અમારા બચાવ માટે પરમેશ્વરેજ તમને અહી મોકલ્યા' મુકતા હરિસિહનો અવાજ સાભળતાજ એકદમ બેઠી થઇ અને બોલી ઉઠી ઓહ! કોણ હરિસિહ?"

"હા, બહેન સત્યનો હમેશા જયજ થાયછે, તમો નિર્દોષ છો'.

"હરિસિંહ જોયુ ના? આણંદલાલનો ખુની ડોક્ટર રતિલાલજ છે, અને મને ખુની ઠરાવવા કોશીષ કરતો હતો, મુકતાએ હરિસિંહને બોલતો અટકાવી વચમાજ કહ્યુ,

"હા, મે સત્રણુ સાભળ્યુ છે રતિલાલજ આણંદલાલનો ખુની છે એ જાણ્યુ છે પણ ચાલો હવે આપણે અહી વધારે વખત થોભવુ વ્યાજબી નથી ત્રેણ ગયા પછી આપણે પરસ્પરની હકીકત જાણી લઇશુ

"સઘળા ત્યાથી બહાર નીકળ્યા અને મરીયમના ઘર તરફ વળ્યા મુદરરાવની તબીયત બરાબર નહિ હોવાથી તેને ત્યા આરામ લેવા કહી હરિસિંહ, મુક્તા અને ગુનાબ ચુનિલાલના ઘર તરફ ગયા

# પ્રકરણ ૨૪ મું.

## શરાબીની ખાના ખરાબી

દારૂનો એકજ પ્યાલો ચુનીલાલના ઝળકતા ભવિષ્યનુ ચુનીલાલના ધર્મનુ કર્મનુ–ગ્રહ સુખનુ સત્યાનાશ વાળવા પુરતો થઇ પડયો ઇદ્રિયોને ઉન્મત બનાવનાર દેવને રાક્ષસ બનાવનાર દારૂના એકજ પ્યાલે ચુનીલાલને પાયમાલ કરી નાખ્યો, શરાબી દોસ્તોની સોબતમા તેણે પોતાનુ પુર્વ સચિત દ્રવ્ય ખલાસ કરી દીધુ એટલુજ નહિ પરતુ સવિતાગૌરીના પિતા તરફથી સ્ત્રી ધન તરીકે મળેલી રકમ પણ તેણે ખલાસ કરી હતી અત્યારે તે એવી કફોડી હાલતમા હતો કે તેને અનાજ મેળવવાના

, પણ સાસા પડના હતા તેની પાસે એવી એક પણ ચીજ નહોતી કે તે વહેચીને અનાજ લાવે, મહાદેવ ચુનીલાલને પાયમાલ કરવાનો નિશ્ચય કરી ચુકયો હતો, અને એ રતિલાલના જાણવામા હતુ એટલા મા પુરૂ તે સવિતાની મુગ્ધતામા લલચાયો હતો એટલે સવિતાને વિશેષ સકટમા નાખી તેણીને પોતાના શરણમા લઇ ઉપકારની લાલચમા લલચાવી તેના શિયળનો ભગ કરવાનો રતિલાલે નિશ્ચય કર્યો હતો અને તેમ કરવા માટે તેણે ચુનીલાલ સાથે પોતાનો સબધ જાળવી રાખ્યો હતો એટલુજ નહિ પરતુ તે ચુનીલાલને કોઇ કોઇ વખતે નાણાની મદદ આપી, ઉપકારના બોજા તળે દબાવતો જતો હતો, તે સાથે સવિતા પાસે હજુ કાંઈ નાણા છે અને એ તેણીએ પોતાના બાળક માટે છુપાવ્યા છે એવો વહેમ મહાદેવ દ્વારા ચુનીલાલના મગજમા ઠસાવ્યો હતો ચુનીલાલ મુશ્કેલીમા હતો, અનાજ મેળવવા માટે પણ મુશ્કેલીઓ નડતી પડતી હતી, અને એ સઘળુ સવિતા જાણતી હતી છતા, તેણીએ પોતાના બાળક માટે પૈસો છુપાવ્યો છે, અને નાણા નથી એમ જણાવી આજ સુધી મને મનાવ્યો છે એવા વિચારથી વ્હેમાએલા ચુનીલાલે આજે કોઇપણ રીતે સવિતા પાસેથી પૈસા મેળવવાનો નિશ્ચય કર્યો હતો સવિતા નિર્દોષ હતી, તેણીની પાસે પૈસા નહોતા, એ વાત ખરી હતી પરતુ વ્હેમનુ ઔષધ નથી જોકે સવિતા પતિના આ વિચારથી અજાણ હતી તો પણ તે શુદ્ધ ચારિત્રા હતી તણીનુ હૃદય કોણ જાણે શાથી ડખતુ હતુ એકાએક તેની જમણી આખ ફરકી તેણીએ તેને અપશુકન માન્યુ ને મનમાજ બબડી

"આજે મારી જમણી આખ ક્યારની ફરકે છે કોણ જાણે ભાવિમા હજુ શુ શુ લખ્યુ છે' એ મુના મહાદેવના કાવા દાવાથી

હુ તો કટાળી ગઇ, હવે તો ઇશ્વર આબરૂ ભેર મરણુ આપે તો સારૂ આ દારૂએ મારા સસારની કેવી બુરી દશા કરી નાખી આજે નાથની મુદ્રા કઇ બહુ ગુસ્સામા દેખાય છે કોણુ જાણે શુ કારણ છ

'કારણતુ પુછે છે ? રડા, તારા શ્રાપથી મારો મિત્ર મહાદેવ જખમી થયો, મરી ગયો-તેજ એને મારી નાખ્યો-કમજાત ખુની તુ મારૂ પણુ ખુન કરે એવી છે, રાડ બોલ, તે મહાદેવને માર્યો કે નહિ? દાદર પરથી શરાબના નિશામા લથડયા ખાતો ચુનીલાલ નીચે ઉતરતા ઉતરતા વચ્ચેજ બોલી ઉઠયો

"નાથ, આ શુ? તમને કોઇએ ભભેયા છે '

"હા, હુ નાનુ બચ્ચુ છુ ના એટલે મને કાઇ ભભેરે પરતુ રડા, પેલા મોતીલાલના ભભેરવાથી છુપાવી રાખેલા ઘરેણા લાવ મારે દારૂ પીવો છે, લાવ એ બધા ઘરેણા કાઢ, જલદી કર, લાવ ઝટ કર ચુનીલાલે સવિતાને બોલતી અટકાવી, વચ્ચેજ કર્યુ તે દારૂના નિશામા એટલો તો લાસ બનેલો હતો કે તેને પોતાના શરીરનુ પણુ ભાન નહોતુ સાધવી સવિતાએ તેનો હાથ પકડી નીચે કોચ પર બેસાડવાનો પ્રયત્ન કર્યો પરતુ તે શરાબીએ તેણીનો હાથ તરછોડી નાખ્યો અને બોલ્યો "બસ, લાવ એ દાગીના લાવ પૈસા લાવ મારે દારૂ પીવો છે?

'નાથ, મારી પાસે તો એક ફુટી બદામ પણ નથી, મે કોઇ પણુ ચીજ આપનાથી સતાડીજ નથી" સવિતાએ કાલાવાલા કરતા કહ્યુ

"નિર્લજ્જ જુઠુ ન બોલ તારા પાપનો ઘડો ભરાઇ ચુકયો છે હુ જાણુ છુ કે તે થોડા ઘરેણા આ તારા નાના બચ્ચા માટે છુપાવી

રાખ્યા છે, રડા મારા કરતા તને આ છોકરો વધારે વહાલો છે, કેમ? ઢાગી, ધુતારી, જા, લઇ આવ, આજે હુ તને છોડવાનો નથી લાવ વરેણા લાવ" ચુનીલાલે બેભાન અવસ્થામા સવિતાને ધક્કો મારતા કહ્યુ ચુનીલાલના આ વર્તનથી બિચારી સવિતા ગભરાઇ ગઇ, તેણી રડતા રડતા બોલી નાથ, મે કઇ નથી સતાડયુ મારી પાસે કાઇ નથી' સવિતાના આ શબ્દો સાભળતાજ ચુનીલાલનો મિજાજ હાથથી ગયો તે સવિતાને જોરથી ધક્કો મારતા બોલ્યો "હજુ જુઠુ, રડા જ્યા સુધી આ છોકરો જીવે છે, ત્યા સુધી તુ માનવાનીજ નથી. આ છોકરોજ મારો દુશ્મન છે, એ મારો છોકરો નથી તારા જાર કર્મનુ એ પરિણામ છે આ છોકરો તો પેલા મોતીલાલનોજ છે, મને મહાદેવ તારા દરેક કર્મો કહી દીધા છે"

"અરેર ! આવુ શુ બોલો છો નાથ

'બદમાસ, જો રડી તો મારીજ નાખીશ, તારા પૈસા લાવ, દાગીના લાવ લાવે છે કે નહિ' બોલ, જલદી બોલ, રડીને ઢોગ કરે છે કેમ એમ કહેતાજ બીજી પણ બે ચાર લાતો મારી લીધી આટલુ છતા સવિતા પતિ આગળથી એક પગલુ પણ ખસી નહિ પતિ બેભાન અવસ્થામા નીચે પડી ન જાય તેની સભાળ રાખતી તેનીપાસેજ ઉભી રહી બોલી નાથ મારી પાસે કાઇ નથી"

'એમ કે, તુ એમ નહિ માને કેમ ' આ તારા છોકરાને માટે તે સતાડયા છે, કેમ' છોકરોજ મારો દુશ્મન છે, મારો વરી છે હુ વરીને જીવવા નહિ દઉ એમ કહેતાજ તેણે ઝોળીમાથી છોકરાને ઉપાડી લીધો અને જમીન પર પટકવા ઉંચે ઉપાડયો, સવિતાએ તેના બન્ને

હાથ પકડી તેને તેમ કરતો અટકાવ્યો ઓ પ્રભુ' હવે શુ થશે ? મારા પ્યારા બાળકને હુ શી રીતે બચાવુ નાથ' હુ તમારે પગે પડુ છુ આવુ ન કરો મારા એકના એક બાળકને ન મારો "

"જા, દુષ્ટા દુર થા મારા માટે પૈસા નહિ અને આ છોકરા માટે સતાડી મુક્યા કેમ? આજે હુ એ છોકરાની બેરી વલે કરૂ છુ તે જો એમ કહેતાજ તેણે બાળકને જમીન પર ફેકયો આક્રદ કરતી સવિતા આગળ વધી અને બાળકને અધરથી ઝીલી જમીન પર પડતો બચાવી લીધો ચુનીલાલનો પીતો ઉછળી ગયો તેણે બાજુમા પડેલી એક મોટી લાકડી ઉપાડી સવિતાના માથામા ખુબ જોરથી મારી, સવિતાના હાથમાથી બાળક ભોય પર પડી ગયુ અને સવિતા બેશુદ્ધ થઇ જમીન પર ઢળી પડી એટલુ છતા રાગમના ઝિગામા શુદ્ધ ભુલેલા ચુનીલાલે એક બીજો પ્રહાર પોતાના બાળકના માથા પર કરવાને લાકડી ઉપાડી અને જેવા તે બાળકના માથા પર પ્રહાર કરવા જાય છે, તેવોજ પાછળથી મોતીલાલે આવી તના હાથમાથી લાકડી ઝુટાવી લીધી, ચુનીલાલને ધક્કો મારી એક કોચ પર બેસાડી દાધો અફસોસ' ચુનીલાલ આ તમે શુ કર્યુ ?—અરે ઓ ઘાતકી દારૂની લ્હેરમા તુ તારા બાળકનુ ખુન કરવા તૈયાર થયો સવિતાને જખમી કરી અરે ઓ કર્મચાડાળ તને આ ઘાતકી કૃત્ય કરતા જરા પણ વિચાર ન આવ્યો ? અરે બાળહત્યા અને સ્ત્રીહત્યા કરવા તત્પર થયો, તારા વોરગમા દારૂ ઠાસવા માટે તે આ સતિના માથા પર કારી ઘા કર્યો ઓ પાપી, તને આ દુનિયામા જીવતો રહેવા દેવો એ પણ પાપ છે, દારૂ જેના ઘરમા પેસે છે તેનુ તો તે સત્યાનાશજ વાળે છે, ચુનીલાલ મોતીલાલને કાઇ પણ જવાબ આપે તે

પહેલા હારસિંહે મુક્તા અને ગુલાબ સાથે ત્યા પ્રવેશ કર્યો, તેને જોતાજ મોતીલાલ બોલી ઉઠયો 'હરિસિહ દીલને ચીરી નાખે તેવા આ દેખાવ જુઓ, મહાદેવે કહયુ તેજ વખતે જો આપણે અહીં આવ્યા હોત તો આપણે આ દારૂડીયાના હાથથી સાગી બહેન અને આ નિર્દોષ બાળકને બચાવી શકત, આ હરામ ખોર દારૂડીઆએ સવિતા બહેનના માથા ઉપર જખમ કર્યો છે, અને પોતાના બાળકનુ ખુન કરવા તૈયાર થયો છે, આ બદમાસને પકડો એના હાથમા હાથકડી નાખી એને જેલમા બેસાડો આ પાપીને તેના પાપી કૃત્ય માટે સખતમા સખત સજા કરો હરિસિહ મિત્ર ભાવને વિસરી જાઓ આ નીચને સુધારવા તમોએ ઘણો પ્રયત્ન કર્યો પરંતુ ન જ સુધર્યો દારૂમા એણે સર્વસ્વ ખોયુ, નોકરી ખાઇ, સગા ખોયા અરે આ નિરાધાર મુક્તાને કાળી રાત્રે ઘરમાથી બહાર કાઢી, આખરે આ સતિને મરણ પથારીએ નાખી આ કેળના ગર્ભ જેવા કુમળા બાળકનુ ખુન કરવા તૈયાર થયો છે આ અધમને વગર વિલબે પકડો વાર ન કરો એ મહા પાપી છે"

"મોતીલાલ શાન્ત થાઓ, એકદમ ગુસ્સે ન થાઓ પહેલા સવિતા બહેનને પુછવા દો ખરી હકીકત જાણવા દો, જુઓ એ શુદ્ધિમા આવતા જાય છે, મુક્તા અંદરથી થોડુ પાણી લાવી સવિતાના જખમ પર છાટ મુક્તા અંદર ગઇ અને થોડીજ વારમા એક લોટામા પાણી લઇ આવી અને થોડે થોડે તેના જખમ પર છાટવા લાગી કેટલીક વારે સવિતાએ પાસુ બદલ્યુ 'સવિતા સવિતા હરિસિંહે બે ચાર બુમો પાડી બોલાવવાનો પ્રયત્ન કરવા માડયો

"હરિસિંહ જરા થોભો ઉતાવળ ન કરો એ હજુ બરાબર શુદ્ધિમા નથી આવ્યા એમને ઝોળુ આવી ગયુ છે, હરિસિંહને બોલતો અટકાવી મુક્તાએ વચ્ચેજ કહ્યુ

"મુક્તા, તુ ઝોળાની શી વાત કરે છે' આ અધમ રાક્ષસ આ સાધ્વીના માથા પર વા કર્યા છે હરિસિંહ, એને પકડો કેદ કરો, મોતીલાલે આવેશમાજ કહ્યુ,

'મોતીલાલ, આ શુ ' જે થવાનુ હતુ તે થઇ ગયુ હવે કઇ થયુ ના થવાનુ છે' મુક્તાએ મોતીલાલને શાન્ત પાડતા કહ્યુ

'મુક્તા, તુ આ બદમાસનો બચાવ કરવા માગે છે કેમ ! એનો બચાવ કરવા એ મહા પાપ છે, સમજી' આ દારૂડીઆએ તેની પાસે લોકોના દળણા દળાવ્યા અને તેની મજુરીના પૈસાથી દારુ મગાવી પોતાની ઇચ્છાને તૃપ્ત કરી સાધવી સવિતાને ભુખી રાખીને અધમુઇ કરી નાખી હાય! હરિસિંહ તમને શુ કહુ ' એના દુ ખની વાત કહેતા મારૂ અત કરણ ચીરાઇ જાય છે" મોતીલાલની આખમાથી એક બે અશ્રુ બિદુઓ સરી પડયા અને ત સવિતાના ભાન અંગ પર પડયા તેણીએ આખો ખોલી સામે મોતીલાલને ઉભેલો જોયો, તેને ઇશારાથી નજીક બોલાવી, તે ધીમેથી બોલી મોતીલાલ ભાઇ, તમે કયારે આવ્યા' એ કયા ગયા' એમની તબીયત જરા નરમ રહે છે ભાઇ, એ કયારના જમ્યા નથી,ઉઠો કકડા રોટલો ખાઓ અને એમને પણ ખવડાવો '

"સવિતા બહેન એ હરામખોરને તો હુ હવે રોટલો નહિ પણ બીજોજ સ્વાદ ચખાડુ છુ એ બદમાસ તમારી આ દશા કરી છતા તમે તેની આટલી બધી ચિતા કરો છો' જુઓ આ હરિસિંહ આવ્યા છે, તેને તમો ખરેખરી હકીકત જણાવો"

"સવિતાએ જોયુ કે સ્વામીનુ કૃત્ય મોતીલાલ અને ત્યા ઉભેલા સર્વના જાણવામા આવી ગયુ છે ગમે તેવા તોપણ તે મારા સ્વામી છે મારી ગમે તે સ્થિતિ કરવાનો તેમને સંપુર્ણ હક છે, પ્રભુ મારા સ્વામીની આબરૂ અને શરીર સાચવવાનુ મારાથી બની શકે એવાજ શબ્દો તુ મારી પાસેથી કહેવડાવજે, મારે જુઠુ બોલવુ પડશે તો હર કત નહિ, મારા સ્વામીના સુખને માટે એ પાપ કરવા પણ હુ તૈયાર છુ તેણી મનમાજ બબડી અને ઘડીભર આખો બંધ કરી પડી રહી થોડીવાર શાંતિ પ્રસરી રહી

"સવિતા તમને શુ થયુ છે? આ છોકરાના કપાળ પર લોહીનો ડાઘ કેમ થયો છે?" કટલીકવાર હરિસિંહે શાંતિનો ભંગ કરતા કહયુ

"હરિસિંહ, મે હમણા એક વ્રત કર્યુ છે, તેમા મને છ દિવસથી અપવાસ છે હુ છોકરાને લઇને આ નિસરણીથી નીચે આવતી હતી એટલામા મને ચકકર આવ્યા અને હુ પડી ગઇ મારો બાજુ આ પત્થર હતો તેના પર પડયો। સવિતાએ કહયુ '

' ત્યારે આ લાકડીને લોહી શી રીતે લાગ્યુ" હરિસિંહને કાંઇ વિચાર આવતા એ વિચિત્ર પ્રશ્ન કર્યો

"મારા માથામાથી લોહી નીકળ્યુ એથી મારા હાથ ખરડાયા અને આ લાકડી પકડીને હુ ઉઠવા જતી હતી એટલે લાકડીને લોહી લાગ્યુ," સવિતાએ ખુલાસો કર્યો

"સવિતા, આ સર્વ તમે સાચુ કહો છો કે કોઇનો બચાવ કરવાની કોશીષ કરો છો" હરિસિંહે પુછ્યુ

"નહિ, હુ સાચુજ કહુ છુ, હુ જુઠુ નથી બોલતી હરિસિંહ આ સત્ય માનજો મારાથી વધારે નથી બોલાતુ' સવિતાએ ટુંકામાજ પતાવ્યુ

"મોતીલાલ, હવ હુ શુ કરૂ ' ન્યાયનુ શસ્ત્ર ગમે તેટનુ તિક્ષણ હોય તોપણ આવી પવિત્ર પતિવ્રતાની ઢાલ જેનો બચાવ કર તને આચ પણુ ન આવી શકે' સવિતાનો જવાબ સાભળી હરિસિંહે મોતીલાલને ઉદ્દેશીને કહયુ

" શાબાશ, સવિતા બહેન શાબાશ, બહેન તમને ધન્ય છે તમારા જેવી પતિ ભક્ત આર્યાઓ હજુ આ પુણ્ય ભુમીમા વાસો કરે છ તેથીજ ભરતખડને આર્યાવર્ત એ નામ શોભે છે ' મોતીલાલ સવિતાની પ્રશસા કરતા બબડયો

"મોતીલાલ મારી પાસે આવો તમે મારા માનેલા ભાઇ છો, હુ હવ મરવા પડી છુ તમારી બહેનને હવ એક વચન નહિ આપો' મરતી વખતની બહેનની માગણી નહિ સ્વીકારો " સવિતાએ મોતી લાલને ઉદ્દેશીને કહયુ

બોલો બ્હેન, તમો જે કહેશો તે કરવા હુ તૈયાર છુ' મોતી-લાલે જવાબ આપ્યો

"મોતીલાલ, તમો મારા પર જેવો પ્રેમ રાખતા આવ્યા છો તેવોજ પ્રેમ તમે મારી પાછળ એમના ઉપર રાખજો ભાઇ એમનો સ્વભાવ જરા તીખો છે, મારા મરણ પછી એમના ચિતને શાન્ત કરનાર કોઇ નથી, આ મારૂ રત્ન હુ હવે તમારે સ્વાધિન કરીને જાઉ છુ હરિસિહ, આ તમારા સ્નેહીના સર્વ અપરાધ મારી ખાતર

જતા કરજો, તમે એમના ઉપર પ્રેમ કરજો, એમને માચવજો

"સાભળ, ઓ દારૂડીયા સાભળ આની સાધ્વી સ્ત્રીના તેં આ હાલ કર્યાં? બ્હેન આ હરામખોરની તો બુરી દશા કરવાનો મારો ઇરાદો છે, પણ શુ કરૂ તમે વચ્ચે પડો છો ભલે બ્હેન, હુ તમારા કહ્યા પ્રમાણે વર્તીશ, તમારા જીવને સતોષ થાય એવી રીતે વર્તન કરવા હુ મારાથી બનતુ કરીશ. મોતીલાલે ચુનીલાલને ઠપકો આપતા અને સવિતાને જવાબ આપતા કહ્યુ

"ભાઇ, તમે હવે એમનો ગુસ્સો શાન્ત કરો, મારા મરણ પછી તમે અને હરિસિહ સિવાય એમનુ કોઇ નથી મારી નજર આગળજ તમે એમનુ મન મનાવી, મારી પાછળ એમની સભાળ લેજો, મને વચન આપો ભાઇ, મારો જીવ ગભરાય છે' બોલતા, બોલતા થાકી જવાથી સવિતા શાન્ત રહી, હરિસિહ અને મોતીલાલે સવિતાની ઇચ્છા મુજબ વચન આપ્યા, આ સઘળુ દ્રશ્ય દુરથી જોતા ચુનીલાલનો નિશો ઉતારી ગયો, સવિતાની સદ્ગુણતાએ તેના પર સજડ અસર કરી, તેને પારાવાર પશ્ચાતાપ થવા લાગ્યો, આખમા આસુ સારતો તે બોલ્યો સવિતા સવિતા, તુ મનુષ્ય પણ દેવી છે બસ, મારી આખો હવે ઉઘડી ગઇ છે, મગજમાનો અધકાર દુર થયો છે'

"સાભળ્યુ કે? જરા આમ આવોનો? પતિના તરફ આખો ફેરવી સવિતાએ ચુનીલાલને પોતાની પાસે બોલાવતા કહ્યુ, ચુનીલાલ શરમાતો, ધીમે પગલે નીચી મુડીએ તેની પાસે ગયો, અત્યારે તેનો

નિશો બિલકુલ ઉતરી ગયો હતો, તે શોકના પારાવાર સમુદ્રમા ડુબી ગયો હતો, ધીમે રહી તે સવિતાની પાસે તેણીનુ માથુ ખોળામા લઇ બેઠો, સવિતા પોતાના પવિત્ર હાથો તેના માથા પર પપાળના બોલી ભુખ બહુ લાગી હશે થોડુ ખાઇ લોને નહીંતો પીત ચડશે "

સવિતાના એ શબ્દો સાભળી ચુનીલાલની આખમાથી અ આ સરવા માડયા તે ગદગદિત સ્વરે બોલ્યો, સવિના આ દારૂડીયા બદમાસની હવ તુ ફિકર શા માટે કરે છે' તારા જેવી સતીની આ દશા કરનારને તુ શુ કામ વિનવે છે' તને મરણ પથારીયે નાખનારને માટે આટલી બધી કાળજી શા માટે રાખે છે? હુ અધમ છુ પાપી છુ, ખુની છુ, બોલતા બોલતા તેનો કઠ રૂધાઇ ગયો

"નાથ, આવુ બોલીને આપના જીવને શા માટે સતાપ કરો છો' મને આપે આપની માની ત્યારે આપે માગ પર સતા ચલાવી હુ આપની હતી ત્યારે આપે મને શિક્ષા કરીને નાથ, એનો પશ્ચાતાપ ન કરો, હવે હુ તો જાઉ છુ મારા આ બાળકને સભાળજો પ્રાણ નાથ, હજુ પણ એ છોડવાનો નિશ્ચય નહિ કરો સવિતાએ પતિને શિખા મણ આપતા કહ્યુ

"સવિતા, હવ મરતી વખતે મિથ્યા આશા શુ કામ રાખે છે' હુ દારૂને છોડુ તો પણ મને હવ શુ સુખ મળવાનુ છે? હુ પણ તારી પાછળજ આવુ છુ' એમ કહી ટેબલ પર પડેલા દારૂના ગ્લાસ મા મહાદેવ તરફથી મળેલી પ્રાણહારક વિષની શીશીમાથી બે ત્રણ ટીપા રેડયા મુક્તાએ તે દુરથી જોયુ તે ઉભી હતી ત્યાથી એકદમ દોડતી ગઇ, અને ચુનીલાલના હાથમાથી એ ગ્લાસ ઝુટાવી લીધો અને બોલી પિતા આ શુ' મારી માતાને કદાચ આગમ પણ થઇ જાય "

' રહેવા દો નાથ, આત્મઘાતનુ મહા પાપ વહોરી ન લો " સવિતા માત્ર એટલુજ બોલી શકી તેણીનામા બિલકુલ શક્તિ રહી નહોતી, તે બેશુદ્ધ થઇ ગઇ

"મુક્તા શા માટે અટકાવે છે? આ દારૂએ મારા આ સમારની ખાના ખરાબી કરી, રાગબના નિશામા મે મારા સ્નેહીને શત્રુ માન્યા હરિસિંહ જેવાને મે ગેરઇન્સાફ આપ્યો અરેરે! તારા પુણ્ય પગલાથી પ્રાપ્ત થયેના પુત્ર રત્નને પણ મે મારા હાથથી મારી નાખવાના વિચારો કર્યા. અફસોસ! મહાદેવ તે દારૂ દવા તરીકે મને માત્ર એકજ પ્યાલો આપ્યો હતો, એ એકજ પ્યાલાએ મારા કુટુબનો નાશ કર્યો દારૂ દવા તરીકે કે શોખ માટે દારૂ કરતા પહેલાજ મનુષ્યે તેનો ત્યાગ કરવો જોઇએ. મુક્તા, તે અને આ માખીએ મને ઘણો સમજાવ્યો હતો પરતુ મારા દુર્ભાગ્યે તે વખતે મને અવળો માર્ગ સતાવ્યો હતો આ દારૂએ મારા જેવા હજારો કુટુબોની ખાના ખરાબી કરી હશે, લેવા દે, લેવા દે, રાગબની ખાના ખરાબીનો ઘડો મારા જીવનના અતથી જન સમાજને લેવા દે, દારૂના વ્યસને એક વરના ત્રણ જણાનો ભોગ લીધો એમ જગતને જોવા દે એમ કહેતાજ તેણે મુક્તાના હાથમાથી પ્યાલો લઇ લીધો પરતુ જેવો તે મોઢે માડવા જાય છે, તરતજ હરિસિહે તેના હાથ પર આઘાત કરી પ્યાલાને જમીન પર પટકી નાખ્યો સવિતાને મીલીલ હોસ્પીતાલમા લઇ જવામા આવી અને ચુનીલાલને મોતીલાલ પોતાની સાથે લઇ ગયો

# પ્રકરણ ૨૫ મું.

## પાપીઓનો અંત.

"દરેક સ્થળેથી નાસીપાસ થયેલો રતિલાલ હવે ગભરાયો, પોતાના બચાવ માટે એક પણ રસ્તો ન રહ્યો, ત્યારે તે આણંદલાલના મકાન તરફ ફર્યો, જે વખતે તેણે એ મકાનમા પ્રવેશ કર્યો ને વખતે ચપળા આણંદલાલના રસાયનવાળા ઓરડામા આસપાસની વસ્તુઓનુ નિરક્ષણ કરતી ઉભી હતી, પરંતુ રતિલાલની તેણીના પર નજર પડી નહિ, તે પરબારો રસાયનવાળા ઓરડામા ગયો, પોતાના પિતાને અચાનક અહીં આવેલા જોઇ પહેલા તો ચપળા જરા ગભરાઇ, પણ પછી હિંમત રાખી તે પણ તેની પાછળ ગઇ, ને શુ કરે છે, શા માટે અહીં આવ્યા છે એ જાણવાની ઇચ્છાથી ચપળા એવી તો ચુપકીથી અંદર દાખલ થઇ કે તેના પગરવનો સહજ અવાજ પણ રતિલાલના સાભળવામા આવ્યો નહિ,

રતિલાલ પોતાના કાર્યમા એટલો તો મશગુલ થયેલો હતો કે પોતાની આસપાસ શુ બને છે, તેનુ પણ તેને બિલકુલ ભાન નહોતુ ચપળા આસ્તે આસ્તે ઠેક તેની પાસે ગઇ ત્યારે પણ રતિલાલનુ ધ્યાન તેના તરફ ન ખેચાયુ, તે તો પોતાના ધ્યાનમાજ મશગુલ હતો, લગભગ એક કલાક એવી રીતે પસાર થઇ ગયો રતિલાલ હજુ પણ ત્યાજ ઉભો હતો, થોડીવાર પછી તેણે એક કાગળ કબાટમાથી બહાર કાઢયો અને ટેબલ પર બેસી લખવા માડયો ચપળા પણ તેની નજીક પહોચી અને તે શુ લખે છે, તે જોવા લાગી કેટલુક લખ્યા પછી

એકાએક ચપળા ચમકી, ને બોલી ઉઠી બાપુ આ શુ કરો છો' પત્ર કોના પર લખો છો"

ચપળાના આ પ્રશ્નથી ડાક્ટર ગભરાયો, તેણે પાછુ વાળી જોયુ તો તેણીને પોતાની નજીક ઉભેલી જોઇ તેથી તેને ભય લાગ્યો છેલ્લો ઉપાય પણ હાથથી ગયો એવો ભાસ થયો, તેનુ શરીર કપવા લાગ્યુ, તે થરથરતે અવાજે બોલ્યો ચપળા તુ અહીં કયારે આવી?"

"મને અહીં આવ્યે ઘણા વખત થયો, પણ બાપુ આ તમે શુ લખો છો"

"એ જાણવાની તારે કાંઇ જરૂર નથી, એટલુ કહેતાજ ડોકટરે ચપળા તરફ તિક્ષ્ણ નજર ફેકી તેણીને બેશુદ્ધ બનાવવા મેસ્મેરીઝમનો પ્રયોગ શરૂ કરવા લાગ્યો પણ ચાલાક ચપળા પોતાના બાપની વતણુક બરાબર જાણતી હોવાથી તેની અસર પોતાના ઉપર નહિ થવા દેતા શુદ્ધિમા રહી બોલી 'પણ બાપુ એથી મારૂ સર્વ નાશ થાય છે, આતો તમે સઘળો આરોપ મારા પર ઢોળી પાડવાની કોશીષ કરો છો, પિતા નિર્દય ન થાઓ મારા બચાવનો પણ કાઇક ઉપાય કરો

'તારા બચાવનો કાંઇ પણ ઉપાય રહયો નથી કારણ કે મશ્કરો ભેદ ખુલી ગયો છે આણદલાલનુ ખુન કરનાર તુજ છે

"પણ એ ખુન કરવાની પ્રેરણા કરાવનાર કોણ' તમેજ કે બીજો કોઇ' વિચારો વિચારો, પિતા આ તમે અન્યાય કરો છો પાપ તમે કરો છો અને દોષ મારા પર ઢોળો છો મને જો પહેલેથીજ ખબર હોત તો હુ બિચારા નિર્દોષોના જાન લેવામા અને રજાડવામા

આવા પાપી કૃત્યો કરવામા તમારી સાથે ભાગ ન લેત પિતા એ અધમ કૃત્ય કરનાર પાપી પિતા તમારા પર પરમાત્માનો કોપ થજો તમારો રૌ રૌ નર્કમા વાસ હજો

"ચુપ કર પાપીણી આ વખતે પિતા પુત્રીનો સબધ નહિ રહે જા. દૂર થ તારૂ કાળુ કર

હા કાળુ કરીને પણ એ સ્વાર્થી પિતા

'બસ, મે તને એક વખત કહ્યુ કે અહીંથી ચાલી જા, રતિલાલે ઉભા થઇ ચપળાને ધક્કો મારી દુર ખસેડી

'હા જાઉ છુ પણ યાદ રાખજો કે તમારૂ કદી પણ શ્રેય થવાનુ નથી, તમારા આત્માને કયાય પણ શાતિ મળનાર નથી ચપળાની હૈયાતી હશે, ત્યા સુધી તો તમે કશો બચાવ કરી શકનાર નથી અરેરે આજ સુધી મે તમારે ખાતર કેવા કેવા નીચ કૃત્યો કર્યા મોતીલાલ અને મુક્તા જેવા શુદ્ધ પ્રેમીઓને પરસ્પર વિરોધ કરાવવા એ પાપી પિતા મે તમારેજ ખાતર ન કરવાના કામો કર્યા અફસોસ! પૈસાની લાલચે એ પિશાચ પિતા તમે બિચારા આણદલાલનુ ખુન કરાવ્યુ મુક્તાને નિરાધાર બનાવી કાળીનાગનુ અકાળ મૃત્યુ કરાવ્યુ ઓહ, હુ તમારા કેટલાક પાપોનુ સ્મરણ કરાવુ ' ધિકકાર હજો તમારા કામ પર અને લ્યાનત હજો તમારા નામ પર આવા કટાકટીના સમયે જો હુ બેસી રહુ મારા બચાવ માટે કાઇ પણ ન કરૂ તો મારા જેવી મુર્ખ બીજી કોણ' હમણાજ જાઉ છુ અને સઘળી હકીકત હરિસિહને જણાવી દઉ છુ જ્યારે તમો મારા પિતા છતા અને પોતે દોષિત છતા મનેજ ફસાવવાની કોશીષ કરો છો ત્યારે હુ પણ હવે શા માટે તમારા

દોષો છુપાવુ' હુ પણ માનાથી બનતુ કરીશ અને મારા બચાવ માટે હુ તમારા કરતા કેટલુ વધારે કરી શકુ છુ તે પણ બતાવી આપીશ એમ કહેતાજ ડોકટરના જવાબની કાઇ' પણ અપેક્ષા કર્યા વગર ચપળા ત્યાથી ચાલી ગઇ, જે વખતે ચપળા રસ્તા પર પહોચી, તે વખતે એક માણસ બહાર ઉભેલો હતો, તે પણ ધીમે ધીમે ચપળાની પાછળ ચાલવા લાગ્યો ચપળા આડુ અવળુ જોયા વગર ચાલી જતી હતી કેટલીક વારે તે પોતાના મકાન પર પહોચી, તેણીના મકાનમા દાખલ થવા પછી પાછળ ચાલનાર માણસે પોતાના ખીસામાથી એક કાગળ બહાર કાઢયો

થોડો વરસાદ પડવાને લીધે રસ્તામા કાદવ થઇ ગયો હતો, ને કાદવમા ચપળાના પગના નિશાન પડી રહ્યા હતા, તે પેલા કાગળના નિશાન સાથે મેળવ્યા તો જણાયુ કે કાગળ પરનુ અને કાદવમા પડેલુ બન્ને એકજ પગનુ નિશાન છે, તે ખુશી થયો, તરતજ પેલો કાગળ બધ કરી પોતાના ખીસામા નાખી દીધો

સુજ્ઞ વાચકોને જણાવવાની જરૂર નથી કે ચપળાની પાછળ ચાલનાર તે હરિસિહજ હતો

હરિસિહને વિશેષ તપાસ કરવા જેવુ હવે કાઇ રહ્યુ નહોતુ તે હવે ચપળાની રાહ જોતો આમ તેમ ફરવા લાગ્યો કેટલીક વારે ચપળા બહાર આવી, હરિસિહે તરતજ સીસોટી વગાડી ચપળા સીસોટીનો અવાજ સાભળતાજ ચમકી તેણીએ પાછુ વાળી જોયુ તો હરિસિહ જણાયો તે ગભરાઇ ગઇ. નાસવાની કોશીષ કરતી હતી પણ એટલામા આસપાસથી પોલીસોએ દોડી આવી તેણીને ઘેરી લીધી

"ચપળા તે મને ઘણુ કષ્ટ આપ્યુ છે, તેજ આણુદલાલનુ ખુન કર્યુ છે, હવે તુ કોઇ પણુ રીતે મારા હાથથી છટકી શકશે નહિ જો તારૂ ભલુ ચાહતી હોય તો સર્વ સાચુ કહી દે" કેટલીકવારે હરિસિંહે ચપળાને કહ્યું

ચપળા કાંઇ પણુ બોલી શકી નહિ તે સમજી ગઇ કે હવે મારૂ અહીં કાંઇ પણુ ચાલી શકશે નહિ તે ગળગળિત સ્વરે બોલી હરિસિંહ હવે જ્યારે પકડાઇજ ગઇ છુ ત્યારે ખરેખર કહુ છુ કે આણુ દલાલનુ ખુન મેજ કર્યુ છે'

"શા માટે"

'પૈસાની લાલચ માટે અમો જાણુતા હતા કે આણુદલાલ પાસે ઘણો પૈસો છે, અને એ પણુ અમારાથી અજાણ્યુ નહોતુ કે મુક્તા એકલીજ એ મિલકતની માલિક છે, મારા પિતાએ પોતાના મેસ્મેરીઝમના બળે મોતીલાલને વશ કરી લીધો અને તેની પાસે મારી સાથે લગ્ન કરવાનુ એક પ્રતિજ્ઞા પત્ર લખાવી લીધુ, એમ કરવામા મારા પિતાનો હેતુ એ હતો કે જો મોતીલાલ કોઇ પણુ રીતે આણુદલાલની મિલકતનો માલિક થાય તો એ સઘળી દોલતની ભોક્તા હુજ થાઉ મુક્તાનો હક રદ કરવાના હેતુથી મારા પિતાએ એક બીજુ વિલ મોતીલાલના નામ પર આણુદલાલ પાસેથી લખાવી લીધુ હતુ તેમા પણુ મારા પિતાએ મેસમેરીઝમનોજ ઉપયોગ કર્યો હતો અને મુક્તાના નામ પર થયેલુ વિલ હુ આણુદલાલનુ ખુન થયુ તેજ દિવસે ચોરી લાવી હતી—'

ખુન તે એકલીએજ કર્યુ હતુ હરિસિંહે કેટલીક વારે કાંઇ વિચાર આવતા એ પ્રશ્ન કર્યો

"નહિ મકારામ પણ મારી સાથે મામેલ હતો અને મહાદેવ મારૂ કૃત્ય જાણતે હતો અમો અમારૂ કામ પુરૂ કરીએ ત્યા સુવી ચોકી કરવા તેને મહાર ઉભો રાખેલો હતો' ચપળાએ કહ્યુ

અને તારો પિતા હરિસિહે પુછ્યુ

'અરે! આ મઘળા અધર્મનુ મુળ મારો પાપી પિતાજ છે"

'આણુદલાલનુ ખુન શુ શયનગારવાળા ઓરડામાજ કરવામા આવ્યુ હતુ?"

'નહિ, તેનુ ખુન તો તેના ગુપ્ત ઓરડાની પાછળ આવલા ખડિયરમા તેના પ્રાણઘાતક વિધથીજ કરવામા આવ્યુ હતુ પ્રથમ કલોરોફોમની અમરથી તેને બેશુદ્ધ બનાવી એવીજ સ્થિતિમા તેને ખડિયરમા લઇ ગયા હતા અને ખુન કર્યા પછી પાછળથી તેને શયનગાર વાળા ઓરડામા લઇ જવામા આવ્યો હતો, અને તમને ભુલાવામા નાખવા માટે ચીમનીના ટુકડા વગેરે ત્યા ફેકવામા આવ્યુ હતુ" ચપળાએ ખુલાસો કરતા કહ્યુ

'મોતીલાલને ટેલીફોન કોણે કીધો હતો? ટેલીફોન કર્યો તે વખતે મહાદેવ કયા હતો,' હરિસિહે બીજો પ્રશ્ન કર્યો

"ટેલીફોન મેજ કીધો હતો, અને મહાદેવને અમોએ અમારૂ કામ ખલાસ થયા પછી, તરતજ ગાડીમા મોતીલાલને ત્યા મોકલાવી દીધેલો હોવાથી હુ ધારૂ છુ કે તે ટેલીફોન થયો તે વખતે મોતીલાલ પાસે પહોચી ગયો હશે'

"વારૂ, આણુદલાલના ગુપ્ત ઓરડાનો ભેદ તમારા જાણવામા કયાથી આવ્યો?"

"એ ભેદ જાણવા માટે મારા પાપી પિતાએ બિચારા નિર્દોષ સુદરરાય પર મેસમેરીઝમ ચલાવ્યો અને તેને બેશુદ્ધ બનાવી તેવીજ હાલતમા તેની પાસેથી એ ભેદ જાણી લીધો" ચપળાએ કહ્યુ

"શુ સુદરરાય પાસેથી હજારની નોટો તેજ લીધી હતી

'નહિ, એ ચોરી કુલટા કેસર કીધી હતી

"અચ્છે, ત્યારે એમાથી એક નોટ ડાગારામ પાસે ક્યાથી આવી'

ચપળાએ વિચાર્યું કે જ્યારે હવે હુ પકડાઇજ ગઇ છુ અને પાપનો ઘડો ફુટયોજ છે,' ત્યારે હવે અસત્ય બોલવામા લાભ પણ શુ છે એમ ધારી તેણીએ અથથી ઇતિ સુધી મન વૃતાત હરિસિહને જણાવી દીધો અને વધારામા જણાવ્યુ કે આણદલાલનુ ખુન થયુ તેજ રાત્રે ચુનીલાલના મકાનમા લધાનુ તેમજ હુસેનખાનનુ ખુન પણ મારા પાપી પિતાએ મારા હાથેજ કરાવ્યુ હતુ

"એટલે શુ તુ આણદલાલનુ ખુન કરી ચુનીલાલના મકાન પર ગઇ હતી' અને તારો પાપી પિતા પણ ત્યાજ હતો?'

'હા, હરિસિહ, ચુનીલાલના મકાનમા થએના ખુનોમા મારો પિતા પણ ભાગીદાર હતો જે વખતે આ બન્ને ખુનો કરી હુ લોહી મા તરબોળ થયેલા ખુની ખજર સાથે બહાર આવી, તે વખતે કાળીદાસ બહાર ઉભેલો હતો, તેણે મને પકડી પરતુ મારા એકજ કટાક્ષ બાણે તે વીધાયો, અને મારા પ્રેમમા અધ બનેલા કાળીદાસે મને મેળવવાની આશામા ત્યાથી જવા દીધી હાય હરિસિહ! શુ કહુ કાળીદાસ મને ચાહતો હતો તેનો મારા પર અપુર્વ પ્રેમ હતો, એટલુ

છતા તે મારા પાપી કૃત્યો જાણવા ઉપરાત તમારો સાગ્રીત હતો, એટલે મારા પિતાને તેમજ મને એ કટક સમાન ખુચતો હતો મારા પાપી પિતાની સલાહથી મે પાપિણીએ એ પુણ્યાત્માનો ચુનીલાલના મકાનની બાજુના ખડિયરમા મારા હાથેજ વધ કીધો,–તેનો પ્રાણ લીધો. મહાદેવની પણ એજ દશા કરી મારો પાપી પિતા આ કટકો દૂર થવા પછી, પોતાને નિર્ભય સમજતો હતો, અને મોતીલાલ સાથે મારા લગ્ન કરી આણદલાલની મિલકત પચાવી જવાની તૈયારીમા હતો એટલામા મહાદેવ અને કમરે કરેલો એકરાર મરીયમના મકાનની પાછળ છુપાઇને તેણે સાભળ્યો, એથી તે ગભરાયો, અને હવે મુક્તા નેજ આણદલાલના ખુની તરીકે રજુ કરવાના નિશ્ચય પર તે આવ્યો મુક્તાને કેદી બનાવી તણીનાજ મુખે પોતે આણદલાલની ખુની છુ, એમ કહેવરાવવાના ઘણા પ્રયત્નો કર્યા પણ તેમા તે નિષ્ફળ થયો, અચાનક સુદરરાયની ભાળ મળી, તેને પણ પકડી મુક્તાની સાથેજ કેદ કર્યો ફરીથી મુક્તાને સમજાવવા માડી પરતુ જ્યારે તેણી એકની બે થઇ નહિ ત્યારે મારો પાપી પિતા તેના જાન પર આવ્યો પરતુ તે પોતાનુ કામ પુરૂ કરે તે પહેલા તમે ત્યા આવી તેને તેમ કરતો અટકાવ્યો, અને એ નિર્દોષ પિતા પુત્રીનો પ્રાણ બચાવ્યો '

"પરતુ ચપળા, સુદરરાય સિધ મદ્રાસામા છે, એવી માહીતિ તારા પિતાને કોણે આપી?" હરિસિહે એક વિચિત્ર પ્રશ્ન કર્યો

"હરિસિહ, તમો તો જાણો છો કે સુદરરાયને શોધી આપ નાર, અથવા તે સબધી ખબર લાવનાર માટે મે મોટુ ઇનામ જાહેર કરેલુ હતુ, તે જાહેર ખબર બખ્તાવરખાનના કલાસમા ભણતા એક વિદ્યાર્થીના વાચવામા આવી, જો કે તેને રહેવાની કોટડી જુદી

હતી તોપણ તે ઘણુ ખરૂ બખ્તાવરખાનની સાથેજ રહેતો હતો સુદરરાયના સબધની કેટલીક હકીકત, તેના જાણવામા આવી ગઇ હતી એથી ઇનામ મેળવવાની લાલચે, ના ૪૦ના મકાનની તપાસ કરતો તે મારી પાસે આવ્યો અને સુદરરાયની સઘળી હકીકત, મને જણાવી મે મારા પિતાને કહી અને તે તરતજ ત્યા ગયા, જે વખતે તમો સુદરરાય સાથે વાતચીત કરી રહ્યા હતા તે વખતે મારા પિતા સામેની કોટડીમાજ બેઠા હતા,અને જ્યારે તમો સર્વ સુદરરાયને એકલો મુકી બહાર ગયા ત્યારે મારા પિતાએ એ તકનો લાભ લીધો અને સુદરરાય પર મેસમેરીઝમ કરી તેને બહાર ઉભી રાખેલી ગાડીમા અહીં લઇ આવ્યા, પછીની સર્વ હકીકત તો તમો જાણો છો"

"ચપળા તમો પિતા પુત્રીએ કરેલા પાપોની, તમોને શી શિક્ષા થશે એ તુ જાણે છે'

"મારા સુખના દિવસો વિતી ગયા, હવે મને કાઇ ભય નથી, પરતુ આ સઘળા કૃત્યોનુ મુળ, મારા પિતા છે એ પાપી પિતાએ પોતાના સ્વાર્થને માટે અનેકના લોહી પીધા છે, સોનેરી ટોળીના સરદાર બની બિચારા અનેક ગરીબોના ગળા કીધા છે, ઓહ! શુ કહુ આણદલાલનુ ખુન મારી પાસે કરાવી, આરોપ બિચારી નિર્દોષ મુક્તા પર ચડાવવા, તેણે અનેક કાવત્રા કીધા છે, જેમાના કેટલાક તમે દ્રષ્ટિએ પણ દીઠા છે એટલુ જના એ પાપી અત્યારે પોતાના પ્રાણ બચાવવાની ફિકર કરતો આણદલાલના મકાનમા બેઠો છે, મારી ગમે તે દશા થાય તેની મને દરકાર નથી પરતુ એ પાપી જીવતો હશે તો બિચારા સત્યના સગી મુક્તા, મોતીલાલ વગેરેને એ પાપી કષ્ટ આપશે સતાવશે કારણ કે એ મારો સ્વાર્થી પિતા ઘણોજ નીચ અને પાપી

છે એ અધર્મીના હાથે પ્રાણહારક વિષ જેવા અમુલ્ય ઔષધનો અને મેસમેરીઝમ જેવી મહાન ગુપ્ત વિદ્યાનો અવળે રસ્તે ઉપયોગ થયો છે, તેવા પિશાચને પણ ભયંકરમાં ભયંકર શિક્ષા થવીજ જોઇએ

"તે પણ થશે, એમ કહી હરિસિંહે ચપળાને લઇ જવાનો સિપાઇઓને હુકમ આપ્યો અને પોતે આણંદલાલના મકાન તરફ વળ્યો રસ્તાનવાળા ઓરડામાં પ્રવેશ કરતાં દુરથી જણાયું કે રતિલાલ આરામ ચેર પર બેસી, કાંઇ પુસ્તક વાંચે છે એક ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય હરિસિંહે રતિલાલને મુશ્કેટાટ બાંધી લીધો પરંતુ તપાસ કરતાં તેને માલુમ પડયું કે તેણે આત્મહત્યા કરી છે, હરિસિંહે તરતજ સીસોટી વગાડી એટલે બે ચાર પોલીસો દોડી આવ્યા, તેઓને રતિલાલના શબની સંભાળ રાખવાનું કહી પોતે બહાર નીકળ્યો અને પોલીસ સ્ટેશન પર ગયો ત્યાં સઘળો રીપોર્ટ તૈયાર કરી પોતાના ઉપરી અમલદાર પાસે રજુ કર્યો, ડોકટરને બોલાવવામાં આવ્યો, અને રતિલાલના અંગોની ચિકિત્સા કરવામાં આવી પ્રાણહારક વિષથીજ રતિલાલનું મૃત્યુ થયું છે, એવું પુરવાર થયા પછી હુકમ મળતાં રતિલાલના શબને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો, ચપળા પણ હવાલતમાં જવા પછી ઘણો સમય જીવી નહિ, તેની પાસે પણ તેવુંજ વિષ હતું તેના વડે તેણીએ પણ આત્મહત્યા કરી

"આખા શહેરમાં લોકોના જાણવામાં આવ્યું કે ચપળાએ આણંદલાલનું ખુન કર્યું, આણંદલાલ જેવા બળિષ્ટ માણસનું એક બાળિકા શી રીતે ખુન કરી શકે, એવી શંકાથી કેટલાકોએ એ વાત માની નહિ પરંતુ જ્યારે ચપળાને પકડવામાં આવી અને હવાલતમાં

તેણીએ વિષ ખાઇ આત્મહત્યા કરી, ત્યારેજ લોકોએ ચપળાને દોષિત માની અને તેની સર્વ કોઇ નિંદા કરવા લાગ્યા.

"મગીયમ, ધરમદાસ, ઉમેદમલ બખ્તાવરખાન, સુન્દરરાય, મુક્તા મોતીલાલ ગુલાબ, વગેરેને રતિલાલ પકડાયાના અને સ્વધામ પહોચી જવાના ખુશ ખબર મળ્યા ત્યારે તેઓ ઘણાજ ખુશી થયા મુકતાને આ ખબર સાંભળી જે આનંદ થયો તેનુ વર્ણન કરવાને આ લેખિની અશકત છે આનંદમા સર્વની રાત્રિ પસાર થઇ



# ઉપસંહાર

"બીજે દિવસે હરિસિંહે આણંદલાલનુ ખરૂ વિલ કોર્ટમા રજુ કર્યું અને સઘળી સાબીતીઓ માથે તે મિલકત મુકતાનીજ છે, એમ જણાવ્યુ કોર્ટે કેટલોક પુખ્ત વિચાર કર્યા પછી હરિસિંહની ઇચ્છા મુજબ તે મિલકત મુકતાનેજ અપાવી એક દિવસે ધરમદાસ ઉમેદ મલ, શાન્તા, મુકતા, મોતીલાલ, વગેરે આપ્ત જનનુ ટોળુ આનંદ મગ્ન થતુ બેઠુ હતુ ત્યા હરિસિંહ આવી પહોચ્યો, અને મુકતાના લગ્ન કરી નાખવાની સુચના કરી, શાન્તાએ હરિસિંહના મતને અનુમોદન આપ્યુ પરંતુ મુકતાએ જણાવ્યુ કે "હુ મોતીલાલનેજ મારા માલિક માની બેઠી છું તેના સિવાય આ દુનિયામા હુ સર્વ પુરૂષોને મારા ભાઇ અને પિતા સમાન જોઉ છુ પરંતુ હુ ખુની છુ એટલે મોતી લાલ મારી સાથે લગ્ન કરવાનુ કેમ પસંદ કરશે'

મુકતા, આ તુ શુ કહે છે, મે તને ખુની છે એમ કયારે કહ્યુ છે" મોતીલાલે મુકતાના એ જવાબથી આશ્ચર્ય પામતા પ્રશ્ન કર્યો

'જ્યારે તમે મને ખુની ધારતા નહોતા ત્યારે એવી મતલબની એક ચીઠી તમે લખીને બોક્સમા શા માટે મુકી હતી' કદાચ તમે મારૂ કહેવુ નહિ માનો પરંતુ હરિસિંહે એ ચીઠી જોઇ હતી, કેમ ખરૂ ના હરિસિંહ' મુકતાએ હસતા, હસતા, કહયુ

"એ વખતે હુ ડોકટર રતિલાલના હાથમા હતો, શુ કર્યું તેનુ મને કાઇ પણ ભાન નહોતુ.' મોતીલાલે શરમાઇ જઇ જવાબ આપ્યો

આ વખતે તમે કોના હાથમા હો" મુક્તાએ એક વિચીત્ર પ્રશ્ન કર્યો

'તારા" મોતીલાલે જવાબ આપ્યો

'લગ્ન થયા પછી વળી એમ ન કહેતા કે હુ તારા હાથમા હતો, એથી મને ખબર નથી કે મે તારી સાથે લગ્ન કર્યું છે કે નહિ'

"ત્યા બેઠેલા સર્વને મુક્તાના આ બોલો સાભળી હસવુ આવ્યુ હરિસિહ જરા આગળ ગયો અને હસતા હસતા બોલ્યો, 'મુક્તા, તમે બન્ને નિર્દોષ છો, મોતીલાલે મે જે કાઇ કહ્યુ છે તને બચાવવા માટે જે કાઇ કર્યું છે, તે પરથી મને ખાત્રી થઇ ગઇ છે કે મોતીલાલ તને ઘણાજ પ્રેમથી ચાહે છે, વળી મે સાભળ્યુ છે કે તમારા બન્નેનો સબધ આણદલાલની હયાતીમાજ થઇ ગયો છે. અને તારા પિતા સુદરરાય પણ આ બાબતમા ઘણાજ ખુશી છે, માત્ર તમારા બન્નેના હૃદય જાણવાની તેમની ઇચ્છા હતી તે આજે પુરી થઇ છે મુક્તા, તુ ભાગ્યશાળી ખરી હો, મોતીલાલ જેવો સોભાગ્ય રક્ષક મગાવવા ઉપરાત આણદલાલની મિલકતની પણ ઉતરાધિકારીણી થઇ વળી શેઠ ઉમેદમલ તરફથી કેટલીક રકમ મળશે તે તો જુદી" ધરમદાસે વચમાજ કહ્યુ,

"એટલે"' મુક્તાએ આશ્ચર્ય ચકિત ભાવ પુછ્યુ

"એટલે એમ કે તમને કન્યાદાન આપવાનુ ઉમેદમલે પોતાને માથે લીધુ છે, તારા પિતાએ તેના પર ઘણા ઉપકારો કર્યા છે, એટલે સુદરરાયની અનેચ્છા છતા પોતાની મિલકતનો કેટલોક હિસ્સો તેણે સુદરરાયને આપવાનો નિશ્ચય કર્યો છે" ધરમદાસે જવાબ આપતા કહ્યુ

"મારા પિતા પ્રતિ તમારા એ પ્રેમ માટે હુ તમારી રૂણી છુ પરતુ મારા પાળક પિતા મારા માટે ઘણુ મુકી ગયા છે, એટલે જે રકમ તમો મને અથવા મારા પિતાને આપવા ધારો છો તે રકમ નો ઉપયોગ હુ કહુ તે સ્થળે થાય, એમ હુ ઇચ્છુ છુ" મુક્તાએ કાઇક પુખ્ત વિચાર કર્યા પછી કહ્યુ

"ભલે જો તારી એવીજ ઇચ્છા હશે તો એમ કરીશુ પરતુ મુક્તા જો મોતીલાલ સાથે લગ્ન કરવામા તને કાઇ વાધો ન હોય તો આ અઠવાડીયામાજ તમારા લગ્ન નકી કરવાની અમારી ઇચ્છા છે" ધરમદાસે કહયુ

'મુક્તા ચુપ રહી, તેણી મોતીલાલને પુર્ણ પ્યારથી ચાહતી હતી મોતીલાલની સાથે પોતાના લગ્ન થશે, એ જાણી તેણી ઘણીજ ખુશી થઇ

મુક્તાને ચુપ રહેલી જોઇ મોતીલાલ સાથે તેણીના લગ્ન થાય તેમા તે ખુશી છે, એમ સર્વેએ માની લીધુ, ઉમેદમલે સુદરરાયની મજુરી મેળવી મોટા સમારભથી મુક્તાના મોતીલાલ સાથે લગ્ન કર્યા અને તેમા સારી જેવી રકમ મુક્તા કહે તે સ્થળે આપવાને કાઢી ધરમ દાસે પણ દશ હજાર રૂપિયાની રોકડ રકમ તેમા ઉમેરી અસહ્ય દુખ યાતના ભોગવ્યા પછી આખરે પ્રેમી જોડુ એકત્ર થયુ

મહીરના ખુનીઓના કેસમા કરીમબક્ષ નિર્દોષ ઠર્યો, મહાદેવ પણ મરીયમનો પતિ નિર્દોષ હોવાનુ હરિસિહને જણાવ્યુ હતુ એટલે

હવે તેની નિર્દોષતા વિશે વધારે જાણવાનુ કાંઇ રહ્યુ નહોતુ આથી ગુલાએ કરીમબક્ષને જે સ્થળે મોકલાવેલો હતો ત્યાથી બોલાવી લેવામા આવ્યો ઉમેદમલે કરીમબક્ષને માફી આપી એટલુજ નહિ પરંતુ મુકતા માટે મરીયમે ઉઠાવેલા પરિશ્રમ બદલ મારૂ ઇનામ આપી સતાષ્યો હરિસિંહે કરીમબક્ષને પોલીસ ખાતામા જોડી દીધો મુકતાએ પણ મરીયમને સારી જેવી રકમ આપી તેણીના કામની કદર કરી આ રીતે ઉદાર દીલના સ્નેહીઓની છાયા નીચે મરીયમ અને કરીમબક્ષ પોતાના દિવસો આનંદથી નિર્ગમન કરવા લાગ્યા

મહાદેવ જેવા દુષ્ટ દોસ્તોની સોબતથી શરાબી બનેલા ચુનીલાલને શરાબથી થયેલી ખાના ખરાબી પછી પારાવાર પશ્ચાતાપ થયો તેણે શરાબ પીવો છોડી દીધો હતો સવિતાને હોસ્પીટલમા લઇ ગયા પછી તેનો ઘા જો કે રૂઝાઇ ગયો હતો તો પણ તેની શારિરિક સ્થિતિ ઘણીજ નબળી હોવાથી, મુક્તા અને મોતીલાલની દેખરેખ હેઠળ અત્રેના નાડી પરીક્ષક અને જુનામા જુના રોગોને જડમુળથી નાબુદ કરવાના કામમા પ્રસિદ્ધિ પામેલા વૈદ્યરાજ હરિલાલ ભીમજીની સતત ચાલુ રહેલી સારવાર પછી કેટલેક દિવસે તેણીનુ શરીર સુધરી ગયુ ચુનીલાલ પૈસે ટકે પાયમાલ થઇ ગયો હતો, તેમજ સવિતાએ મુકતા કે મોતીલાલ પાસેથી કાંઇ પણ મદદ નહિ લેવાની ચુનીલાલ સમક્ષ પ્રતિજ્ઞા કરેલી હતી, એ સર્વ મુક્તાના જાણવામા હતુ, એટલે તેણીએ એ પરોપકારી દંપતિને સુખી કરવાના ઇરાદાથી ઉમેદમલ અને ધરમદાસ પાસે એકત્ર થયેલી સર્વ રકમ સવિતાગૌરીને સોપવા પ્રાર્થના કરી

ચુનીનાલે નેમજ સવિતાગૌરીએ એ રકમ નહિ લેવા ઘણો આગ્રહ કર્યો પરંતુ શાતાના સ્ત્રી હઠ આગળ તેઓનુ કશુ ચાલ્યુ નહિ, નિરૂપાયે તે રકમ સ્વીકારવી પડી મુક્તાને સવિતાના બાળક ઉપર અતિશય પ્રેમ હોવાથી તે તેણીનાથી એક પળ પણ છુટો રહે એ તેણીને ગમતુ નહોતુ આથી ચુનીલાલને આગ્રહ પુર્વક પોતાની સાથેજ રહેવા જણાવ્યુ ચુનીલાલ તે સ્વીકાર્યું, અત્યારે તે મવ હવાખ દર પર આવેલા આણંદલાલના બગલામા આનદ પ્રમોદ કરતા સાથેજ રહે છે ઉમેદ મલે હૈદ્રાબાદ છોડી દીધુ તે પણ હવ કરાચીમાજ રહે છે, શાન્તા અને મુક્તા સાથે રહી આનદમા દિવસો પસાર કરે છે પ્રમગોપાત ધરમદાસ પણ સહકુટુબ આવી જાય છે,

મુકતાનો ગમે તેટલો આગ્રહ છતા ગુલાબે એક પાઈ પણ લીધી નહિ તેણીએ સવિતા અને મુક્તાની પુર્વવત્ સેવા કરવાનુજ પસંદ કર્યું

કરીમબક્ષને નોકરી મળ્યા પછી મરીયમે પોતાનો ધંધા છોડી દીધા તેનો બાળક હુસેન ઘણુ ખરૂ ગુલાબની સાથે મુક્તાને ત્યાજ રહેતો હતો, મુક્તા, સવિતા વગેરેનો પણ હુસેન પર સ્નેહ બધાઇ ગયેલો હોવાથી તેઓ તેને મરીયમ પાસે જવા દેતાજ નહિ, આથી બાકીની જીદગી પ્રભુ ભજનમા ગાળવાની મરીયમની ઇચ્છા છતા, તેણી તેમ કરી શકી નહિ સ્નેહી સજ્જનોનો સમાગમ તે છોડી શકી નહિ હમેશા તેણી ત્યા જતી અને બે ચાર દીવસ રહેતી

"કેટલોક સમય વ્યતિત થયા પછી સુદરરાય, મોતીલાલ અને મુક્તાની રજા મેળવી સન્યાસી થયો અને પોતાની જીદગીનુ સાર્થક

ર્યું, આ રીતે જેવુ જેનુ કામ તેવુ તેને ફળ મળ્યુ મોતીલાલે પોતા ને મળેલી મીલકતમાથી કેટલોક હિસ્સો હરિસિહને આપ્યો, પહેના તા હારેસિંહે તે લેવાને સાફ ના પાડી પરતુ જ્યારે મુક્તાએ આગ્રહ કર્યો ત્યારે તેણે તે સ્વીકાર્યો અત્યારે તેના પગારમા પણ વધારો થયો છે અને આખા કરાચી શહેરમા તેનુ નામ પકાય છે

પ્રિય વાચક? અહી આપણો પ્રસગ પુરો થાય છે વળી અન્ય પ્રસગે હયાતી હશે તો ફરીને સેવક તમારી સેવામા હાજર થશે

॥ अस्तु. ॥

શાંતિ ! શાંતિ ! ! શાંતિ ! ! !

—સમાપ્ત—

પોતાને વૈદ્યરાજ કહેવડાવવા
ખોટાં બણગાં ફુંકી લોકોને લલચાવવા તેના કરતાં
આયુર્વેદના અનુભવ સિદ્ધ પ્રયોગોથી
ગમે તેવાં ભયંકર દરદોને નાબુદ કરી લોકોને રીઝવવા
એજ

# પિયુષપાણી ઔષધાલયનો મુદ્રાલેખ છે.

અને એથીજ અમો

હરસ, મસા, કંઠમાળ, નાસુર, જલંધર, અને ભગંદર, જેવા
ભયંકર દર્દોના ભોગ થયેલા દરદીઓને

## પિયુષ પાણી ઔષધાલયમાં વૈદ્યરાજ
## હરિલાલ ભીમજીની

એક વખત મુલાકાત લેવાની ખાસ ભલામણ કરીએ છીએ તેમના હાથે સીંધ અને પંજાબના ઘણા દરદીઓને આરામ થવાના ઘણા દાખલા અમે અમારી નજરે જોયા છે, એટલુજ નહી પરંતુ તેમના એ પ્રશંસનીય કાર્યની પ્રશંસા કરતા હજારો સર્ટીફીકેટો તેની પાસે મોજુદ છે

કોઇ પણ જાતના દરદો તેમજ હિસ્ટ્રીયા અને અર્ધાંગ વાયુનો રામબાણ ઇલાજ મેળવવો હોય તો લખો અથવા મળો,

## વૈદ્યરાજ હરિલાલ ભીમજી
પિયુષ પાણી ઔષધાલય
નાનકવાડા—કરાચી

# અગાઉથી ગ્રાહક બની આશ્રય આપનાર

## સદ્ગ્રહસ્થોનાં મુબારક નામો

૩૧ એક સખી ગ્રહસ્થ
૨૫ શેઠ ગોકળદાસ આસુએન્ડસન્સ
૨૦ ,, ભીમજી લખમશી
૨૦ ત્રિવેદી જયશંકર અંદરજી
૧૧ શેઠ અમરચંદ માધવજી
૧૦ ,, વાલજી લખમીદાસ
૧૦ , હીરાનંદ વરશીમલ
૧૦ , જીવજી જાદવજી
૧૦ ,, હીરજી તુલસીદાસ
૧૦ ,, જે બી હીરાનંદ
૧૦ ,, રવજી ઝવેરચંદ
૧૦ ,, ત્રિભોવનદાસ કું
૧૦ ,, જેઠા દેવજી
૧૦ ,, હાજી જેઠાભાઈ ગોકળ
૧૦ ,, મામદ હાજી રેમતુલા
૧૦ ,, અબદુલરેહમાન મામદઅલી
૧૦ ,, સુનીયાન ગાનામ
૧૦ ,, વૈદ્યરાજ હરિલાલ ભીમજી
૧૦ શેઠ ફતેચંદ આત્મારામ
૧૦ , અમરસી દયાળજીની કું

૧૫ શેઠ મહાશંકર કરૂણાશંકર દ્વિવેદી મારફત
૫ ,, સોરાબજી એચ રુસ્તમજી હા લધારામભાઈ
૫ ,, જાનુ હુસન
૫ ,, આસનમલ ત્રીકમદાસ
૫ ,, કરસનદાસ ભવાનજી
૫ ,, જીવણદાસ ભવાનજી
૫ , શેઠ સુખલાલ લાલજી
૫ ,, મયાશંકર પિતાંબર
૫ , જીવણદાસ ગોવિંદજી
૫ , સાલેમામદ ઉમર ડોસલ
૫ ,, વલભદાસ ઉમરશી
૫ ,, અહમદ અબ્દુલા
૫ ,, શાવલાલ ચાંડુમલ
૫ , ગીરધારીદાસ રાધાકીશનદાસ
૫ , જસરાજ કલ્યાણજી
૫ ,, ગોકુમલ ડોસાગલ
૫ ,, ધરમદાસ થાવરદાસ
૫ , માધવજી થાવર

૧૦ શેઠ કેસવજી વીરજી
૫ ,, મેસર્સ ડુગરશી લવજીની કુ
૫ ,, શેઠ ડી સી હકીમ
૫ ,, પ્રધાનદાસ મનુભવ
૫ ,, ગોકળરામ નીશરામ મુકાદમ
૫ ,, મોહનલાલ દેવજી
૫ ,, સુંદરદાસ વલ્લભદાસ
૫ ,, કેવળરામ
૫ ,, નસરવાનજી ની શ્રા. કું
૫ , એન. એમ ભંડારી
૫ ,, પરમાનંદ ખીયારામ
૫ ,, મણીલાલ શામજી
૫ ,, માધવદાસ તોલારામ
હા તુલસીદાસ
૫ ,, હાજી હબીબ પીરમામદ
૪ ,, હેમરાજ કાનજી
૩ ,, પ્રેમચંદ હેમચંદ
૩ ,, ભીમજી માલજી
૩ ,, અલીમામદ અભા
૩ ,, રજબઅલી ઝીણા
૩ , લક્ષમજી ગોવીંદજી
૩ ,, વેગમલ્લ જેરામદાસ
૨ ,, કાસમ નામોરી
૨ ,, ગોરધનદાસ કાળીદાસ
૨ ,, રણછોડ રૂગનાથ

૨ શેઠ ટોપણદાસ વેરસીમલ
૨ ,, જગજીવનદાસ પ્રધાન
૨ ,, તાનબ હાસમ એન્ડ સન્સ
૨ , શાબાન મોહીબ
૨ , હાસમ અલાદીન
૨ ,, કરસનદાસ ઠાકરશી
૨ ખુશચંદ દામોદરદાસ
૨ , કેશવલાલ મુળજી
૨ ,, હાજી લતીફઅલી
૨ ,, મામદ રેમુ માવજી
૨ , હુમેની મામુ
૧ , રેમતુલા લુતફઅલી
૧ સોની અરજણ કાનજી
૧ મીસ્ત્રી કાનજી દેવકરણ
૧ ,, નારણજી મોગરજી
૧ સોની અમૃતલાલ ગોપાલજી
૧ , ખુશાલદાસ ત્રીકમદાસ
૧ શેઠ ગોરધનદાસ ઠાકરશી વડેરા
૧ જોશી દલપતરામ દેવશંકર
૧ ખોજા પોપટ તેજાણી
૧ શેઠ ભુપતરાય કાળીદાસ યાજ્ઞિક
૧ ,, જગજીવન આણંદજી ગણાત્રા
૧ ,, જેઠાલાલ ઝવેર
૧ ,, દેવશંકર મનુ
૧ ,, વીરજી મોહનલાલ

૧ શેઠ જીવણુરામ કાનજી
૧ ,, ગીરજાશંકર રામેશ્વર શુકલ
૧ ,, અમૃતલાલ જગજીવન શાહ
૧ ,, મગનલાલ હરજીવન શુકલ
૧ ,, દાનશી ગોપાળજી
૧ ,, રતનશી મુળજી
૧ ,, મોરારજી કાનજી
૧ ,, કેવળરામ ટેકચંદ
૧ ,, પ્રાગજી રતનશી
૧ ,, પ્રાગજી દયાળ
૧ ,, ઇનાક ઇસ્માલની કું
૧ ,, રામજી પેથાભાઇ
૧ ,, ખોજા ઇસાભાઇ મુસા
૧ ,, મામદ ઇસ્માઇલ રેમતુલા
૧ ,, છગનલાલ મોહનલાલ
૧ ,, ત્રીકમભાઇ છગનલાલ
૧ ,, ગૌરીશંકર સુંદરજી
૧ ,, પ્રભુદાસ
૧ ,, મથુરાદાસ રવજી
૧ ,, વેલજી મેઘજી
૧ શેઠ રતનશી લવજી
૧ શેઠ સુંદરજી જેઠાભાઇ
૧ ,, અલીમામદની કું
૧ ,, વશરામ રાઘવજી
૧ ,, શીવજી કરસનજી
૧ ,, હાજી સૈયદ આગા શુસ્તરી
૧ ,, ચાપશી વશરામ
૧ ,, લાલજી દામજી
૧ ,, અબ્દુલ લતીફ અબ્દલા
૧ ,, અબ્દુલઅલી શેખ ઇસાજી
૧ ,, પી એમ બલમારા
૧ ,, કાનજી ઉદેશી મેશરી
૧ ,, તૈયબઅલી મુસાજી
૧ ,, એમદઅલી યુસુફઅલી રાવળપીંડીવાળા
૧ ,, અમૃતલાલ શંકરજી
૧ ,, ગુલામહુસેન ઇભરામજી હકીમજી
૧ ,, શ્રાનકશા દાદાભાઇ
૧ ,, રતનશી રાજા
૧ સાધુ કેશવલાલ કાળીદાસ નિંબાર્ક
૧ ,, દેવજી છગનલાલ

"તરૂણ-સાગર" પ્રેસ

કેમ્પબેલ સ્ટ્રીટ

કરાચી